નવેમ્બર, ૨૦૧૪

પાવન હૃદય

# દૂત

મૂળ સામયિકની સ્થાપનાઃ ૧૯૧૧
વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/-





# પુનિત ક્રૂસ દેવાલય – ભૂમેલ (અમદાવાદ ધર્મપ્રાંત)

## "પાણી ભડભડતી આગને બુઝાવે છે, દાન પાપને ભૂંસી નાખે છે."

ખ્રિસ્તમાં વ્હાલાં શ્રદ્ધાળુ ભાઈ-બહેનો...

ગુજરાતમાં શુભસંદેશની ઘોષણા કરનાર પુણ્યશ્લોક ફાધર મેન્યુલ ગોમ્સ જેવા મિશનરીઓનાં પ્રથમ પાવન પગલાં ભૂમેલ (વડતાલ ધર્મવિભાગ)માં પણ પડ્યાં હતાં. તેમના પ્રતાપે ભૂમેલમાંથી અનેક યુવક-યુવતીઓએ સંન્યસ્ત જીવન સ્વીકારી, શુભસંદેશ ખાતર જીવન સમર્પણ કર્યું છે. એ જ ગામમાં વર્ષોથી જર્જરિત આર. સી. મિશન શાળાના મકાનમાં ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવે છે.

પુનિત ક્રોસના આશ્રયમાં આધ્યાત્મિકતા તરફ પ્રયાણ સાધતા ગ્રામજનો હવે 'પુનિત ક્રોસ દેવાલય'ની ઝંખના કરે છે, તે ઉચિત છે. કેવળ ગામલોકો કે માત્ર ધર્મવિભાગની ઉદારતાથી જ આ ભગીરથ કાર્ય અશક્ય છે ત્યારે સૌ શ્રદ્ધાળુઓ આગળ અમે દાન માટે ખાસ અપીલ કરીએ છીએ.

આપની ઉદારતાની સખાવત માટે ગામલોકો હરહંમેશ આપના ઋણી રહેશે. નિત્ય આપના હેતુઓ માટે પ્રાર્થના કરતા રહેશે. દાન માટે લંબાવેલો હાથ, આપ ઉદારતાથી છલકાવી દેશો એજ અપેક્ષા.

આપના દાનનો ઈશ્વર હજારગણો બદલો વાળી આપે એજ અમારી પ્રાર્થના.
આપને અનુકૂળ હોય તો દાનની રકમ સીધા બેંક એકાઉન્ટમાં જમા કરવા આપને વિનંતી.
સિન્ડિકેટ બેંક ભૂમેલ, પુનિત ક્રોસ દેવાલય ભૂમેલ (A/C ૭૧૧૩૨૦૧૦૦૧૬૨૬૮)
અથવા નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધવા વિનંતી.

- મેકવાન કાન્તિભાઈ રણછોડભાઈ મો. ૭૬૦૦૦ ૪૯૬૩૫
- પરમાર સંજયકુમાર સિરીલભાઈ મો. ૯૯૧૩૫ ૫૭૪૮૭
- મેકવાન રોહિતભાઈ મંગળભાઈ મો. ૯૯૭૯૧ ૬૫૬૬૨
- ફાધર માર્ટીન વડતાલ ધર્મવિભાગ મો. ૯૯૯૮૧ ૩૩૧૯૯


પુનિત ક્રોસ દેવાલય
ક્રિશ્ચિયન સ્ટ્રીટ, ભૂમેલ - ૩૮૭૩૭૦
તા. નડિયાદ જિ. ખેડા

"દાન કરનારને પ્રભુ સમૃદ્ધ રાખે છે. તેનો બદલો ઈશ્વરના રાજ્યમાં મળે છે."

પધારો અમારે આંગણે... વડતાલ ધામમાં... હાર્દિક નિમંત્રણ...

# ઈસુના પૂજ્ય હૃદયની ૧૭મી સામૂહિક યાત્રા

“મારી ધૂંસરી ઉઠાવો, મારા શિષ્ય થાઓ, કારણ હું હૃદયનો રાંક અને નમ્ર છું.” (માથ્થી ૧૧:૨૯)



**: નવસંધ્યા ભક્તિ :**

તા. ૩૧/૧૦/૨૦૧૪ થી ૦૮/૧૧/૨૦૧૪

રોજ સાંજે ૫.૩૦ કલાકે

**: પર્વ દિન :** ૯ નવેમ્બર ૨૦૧૪, રવિવાર

સવારે ૯.૦૦ કલાકે ભવ્ય સરઘસ

(વડતાલ ચોકડીથી કેથોલિક ચર્ચ સુધી)

**: પરમયજ્ઞ :** સવારે ૧૦.૦૦ કલાકે


(માનનીય બિશપ થોમસ મેકવાનના વરદ્ હસ્તે)

નોંધ : ખ્રિસ્તયજ્ઞ પછી સ્નેહ ભોજનની વ્યવસ્થા કરેલી છે.

---

## અગ્નેલ બાબાની ૮૭મી પુણ્યતિથિ ૨૦ નવેમ્બર, ૨૦૧૪

## વડતાલ તાબામાં ઉજવણી તા. ૨૩/૧૧/૨૦૧૪, રવિવાર



નોવેનાની ભક્તિ : તા. ૨૦, ૨૧, ૨૨ (સાંજના ૫.૩૦ કલાકે)

વિશેષ પરમયજ્ઞ : તા. ૨૩/૧૧/૨૦૧૪ (બપોરે ૩.૦૦ કલાકે)

વ્હાલા અગ્નેલ ભક્તો,

ચાલુ સાલે અગ્નેલબાબાની ૮૭મી પુણ્યતિથિ તા. ૨૦/૧૧/૨૦૧૪ને ગુરુવારના રોજ આવે છે. જાહેર રજા ન હોવાને કારણે અગ્નેલ ભક્તો ભક્તિમાં ભાગ ન લઈ શકે, પરંતુ સૌ ભક્તો સાથે મળી ૮૭મી પુણ્યતિથિ ઊજવી શકીએ એ હેતુથી તા. ૨૩/૧૧/૨૦૧૪ને રવિવારના રોજ બપોરના ૩.૦૦ કલાકે નોવેના ભક્તિ તથા પરમયજ્ઞ દ્વારા ઉજવણી કરવાનું આયોજન કરેલ છે. સૌ ભક્તોને આ ઉજવણીમાં ભાગ લેવા હાર્દિક આમંત્રણ.

લિ. ફાધરો, સિસ્ટરો, સર્વ શ્રદ્ધાળુઓ,

અગ્નેલ ધામ, કેથોલિક ચર્ચ, વડતાલ




# હાર્દિક અભિનંદન

## "ગુજરાતી કેથલિક સમાજનું ગૌરવ"

## મેકવાન જેનીશ જોકીન



કેનેડાની અલગ-અલગ યુનિવર્સિટીઓએ સાથે મળીને બનાવેલ કેનેડીયન યુનિવર્સિટી એપ્લીકેશન સેન્ટર અમદાવાદ શહેર ખાતે સને ૨૦૧૩માં ખોલવામાં આવેલ. તેઓ દ્વારા થતી સુયોગ્ય પસંદગીમાં ચિ. જેનીશને "માસ્ટર ઓફ ઈલેક્ટ્રીકલ એન્જીનીયરિંગ" માટે વિન્ડસર યુનિવર્સિટી, કેનેડામાં પ્રથમ પ્રયત્ને જ પ્રવેશ પ્રાપ્ત થયેલ. પોતાની એકાગ્રતા, અથાગ પુરુષાર્થ અને ઉચ્ચ ભણતરની ધગશને પ્રતાપે ચિ.જેનીશે સર્વ પ્રથમ ગુજરાતી કેથલિક તરીકે પ્રથમ પ્રયત્ને ૭૭.૪૨% સાથે સફળતા પ્રાપ્ત કરીને કુંટુંબનું તેમજ ગુજરાતી કેથલિક સમાજનું ગૌરવ વધારેલ છે. ચિ. જેનીશની આ જવલંત સફળતા માટે ઈશ્વરપિતાનો હૃદયના ઉંડાણથી આભાર માનીએ છીએ તથા હર્ષની લાગણી સાથે ગર્વ અનુભવતા અમો સૌ તને કોટિકોટિ અભિનંદન પાઠવીએ છીએ.

**સર્વ શક્તિમાન પરમેશ્વરપિતા તને હંમેશા આવી જ જવલંત સફળતા અપાવે એવી અમારી પ્રાર્થના અને શુભેચ્છા...**

**મેકવાન જયોત્સના જોકીન**
**મેકવાન જોકીન જોસેફ**

**મેકવાન નીતિ હિમાંશુ**
**મેકવાન હિમાંશુ જોસેફ**

**તથા એરોન - એલેન**

**૬, શ્યામ-તુલસી એપાર્ટમેન્ટ, મણિનગર પૂર્વ, અમદાવાદ - ૮**
**મો. ૯૫૧૦૭૭૩૭૨૧**

**Publisher's Name**

**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**

Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**

**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**

**Anand Press**
P.B. No. 95,
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**

**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રી:**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી:**
જસવંત મેકવાન (મો: ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રી:**
શૈલેષ ક્રિસ્ટી (મો: ૯૪૨૭૦ ૦૪૦૦૨)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેશ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
ફાધર રત્નાસ્વામી

**જાહેરાત અને પ્રસાર**
ઈલોમીના એ. મહિડા

**લવાજમ:** બિનલ પી. મેકવાન

**ટાઈપ સેટિંગ:** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈન:** વિજય મેકવાન

અંક: ૧૧ વર્ષ: ૨૦૧૪

પાવન હૃદય **દૂત**

# અનુક્રમણિકા

**તંત્રીની કલમે**

શ્રદ્ધાપર્વ ✧ જસવંત મેકવાન ૭

**કાવ્યધારા (સંપાદક: ડો. સિલાસ પટેલિયા)** ૧૦

કલ્પેશ સોલંકી 'કલ્પ ✧ બાસીલ મેકવાન "શૈલ" ✧ ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન ✧ સૂર્યકાન્ત ડી. પરમાર ✧ સિલાસ પટેલિયા

**તમારો પત્ર** ૧૧

દક્ષા સંઘવી ✧ ફ્રાન્સિસ ડાયર્સા ✧ વિક્ટર મેકવાન ✧ સિ. અલ્કા પરમાર ઈગ્નાસ કે. પરમાર ✧ બ્ર. સેમ્યુલ ક્રિશ્ચિયન ✧ સંજય વાઘેલા

**લેખો**

એકલતા એટલે ઈશ્વર માટેની ઝંખના ✧ બ્રધર લિયો સ્ટિફન એ. ૧૪
રતનનું જતન ✧ કલ્પેશ સોલંકી 'કલ્પ' ૧૬
એક સમર્પિત આયખું ✧ સિ. રેશ્મા મેન્યુઅલ મેકવાન ૧૯
'ઘેર ઘેર બાઈબલ સત્સંગ પરિવાર' ✧ ફાધર એન્ડ્રુ સિલ્વેરા એસ.જે. ૨૦
અંતર ઝૂરતું એવું... ✧ સ્વ. રમેશ વાઘેલા ૨૪
મૃત્યુ એટલે મહોત્સવ ✧ ઈન્દુ રાવ ૨૬
જીવનનું પ્રવેશદ્વાર ✧ ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે. ૨૮

**કિશોરમિત્ર (સંપાદક: રાજેશ ક્રિશ્ચિયન)** ૨૯-૩૨

નવેમ્બર-ડિસેમ્બર મહિનાના શાસ્ત્રપાઠો ✧ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી ૩૩
સંત કુરિયાકોસ ચાવરા ✧ દક્ષા સંઘવી ૩૬
સંત સિસ્ટર યુફ્રેસિયા ✧ રાજેશ ક્રિશ્ચિયન ૩૭
દીવાથી દીવો પ્રગટે ✧ શૈલેષ ક્રિસ્ટી ૩૯
રાજાધિરાજ – ઈસુ ખ્રિસ્ત ✧ અનિલ વાઘેલા ૪૨
આહ્વાન : પરંપરાઓ અને શ્રદ્ધા ✧ સંકલન: સહતંત્રી ૪૪

**પંખીની પાંખે (સંપાદક: શૈલેષ ક્રિસ્ટી )** ૫૩


**આવરણ:** આગમનઋતુનો પ્રથમ રવિવાર, 'દૂત' શતાબ્દી પર્વ પછી, 'દૂત રવિવાર' તરીકે ઉજવીએ છીએ. ગુજરાતી ધર્મસભામાં 'દૂત'નું પ્રદાન નોંધપાત્ર છે. સાંપ્રત કામમાં 'દૂત' ધર્મસભા માટે દીવાદાંડીરૂપ બને એ સહિયારી જવાબદારી નિભાવીએ.

આ અંકમાં અને કિશોરમિત્રમાં લીધેલ ફોટોગ્રાફ્સ સૌજન્ય: ગુગલ




"માંદગી અને મૃત્યુ, ઈન્કાર કરવા યોગ્ય વિષય નથી, ઈસુનો હાજરીમાં પડકારરૂપ વાસ્તવિકતા છે."

## ગુજરાતના કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કેથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કેથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.


### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ,
આણંદ - ૩૮૮ ૦૦૧

### કાર્યાલયનો સમયઃ

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847**
**http://www.gspbooks.in/periodicals.php**
**e-mail : phdoot@gmail.com**

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૪૫૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### જાહેરખબરના દર

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૯,૫૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૯,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૬,૦૦૦ |
| અર્ધુ પેજ | : | રૂા. ૩,૦૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૧,૫૦૦ |
| ટચુકડી | : | રૂા. ૫૦૦ |

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧
**Ph. (Office) : (02692) 241578 / 240161**
**Mob. 94084 20847 e-mail : phdoot@gmail.com**

# તંત્રીની કલમે...






# શ્રદ્ધાપર્વ

'તમે તમારાં સ્વજનો માટે, સ્વ માટે કેવું મૃત્યુ પસંદ કરો છો? કેવા મૃત્યુની અપેક્ષા રાખો છો?' મારો પ્રશ્ન ઘણાંને ચોંકાવનારો લાગશે? પરંતુ એક હિન્દી લેખક પ્રભાકરે આવો પ્રશ્ન પોતાના મિત્રને પૂછ્યો હતો. તેમાંથી ત્રણેક મિત્રના જવાબમાં કદાચ આપણો જવાબ આવી શકે ખરો.

એકનો જવાબ હતો, 'મારો આ દીકરો હાલમાં પાંચમા ધોરણમાં ભણે છે, ગ્રેજ્યુએટ બની, પરીક્ષા પાસ કરી કલેક્ટર બની જાય ત્યાર પછી મરણ આવે તો...' બીજાનો જવાબ હતો, 'મારી એક નાની દુકાન છે કરિયાણાની. વિચારું છું કે એક દિવસ હું એક મોટા મોલનો માલિક બની જાઉં અને બાદમાં...' ત્રીજો કહેવા લાગ્યો, 'છેલ્લી બે ચૂંટણીમાં હું હારતો આવ્યો છું. હવે પછીની, ના તેના પછીની, અરે ત્યાર પછીની ચૂંટણીમાં હું જીતી જાઉં અને પછી વિધાનસભાનો સભ્ય બની જાઉં... તક મળે તો મંત્રી નહીં તો વડાપ્રધાન... પછી જે થવું હોય તે થાય, પણ ત્યાં સુધી તો બંદાને જીવવું છે.'

વાસ્તવિકતા એ છે કે, આપણે મૃત્યુને અશુભ માનીને અથવા આ પ્રશ્નને નકામો ગણીને, જીવનની દોડધામમાં ક્યારે પણ આ અંગે વિચાર્યું નથી! આ પ્રશ્ન આવશ્યક, મહત્ત્વપૂર્ણ અને શુભ છે. પેલા ત્રણ મિત્રની અપેક્ષા પ્રમાણે જ બનશે તેની કોઈ ખાતરી ખરી? આપણું જીવન અનિશ્ચિત છે, નિશ્ચિત છે-મૃત્યુ! તેના વિશે કેટલાક વિચારવાનું સાહસ પણ કરી શકતા નથી. અનિશ્ચિત બાબતો પર વિચાર કરવાનું આપણી બુદ્ધિમત્તાને અનુકૂળ છે, નિશ્ચિત મૃત્યુ અંગે વિચારવાનું કેટલાકને અનહદ પ્રતિકૂળ છે.

મનપસંદ મૃત્યુ મળે તે પણ અનિશ્ચિત છે, પરંતુ તેના વિશે વિચારવું, ચિંતન-મનન કરવું વાજબી છે, ઉચિત છે. પ્રભાકરજીએ પ્રશ્ન કર્યો હતોઃ આકાશમાંથી તારા તોડવાની અપેક્ષામાં, આંબા પરથી કેરી ઉતારવાનું આયોજન કરનાર બુદ્ધિશાળી નથી શું?

માનવજગતનો ઈતિહાસ સાક્ષી પૂરે છે કે, અગણિત લોકોએ મૃત્યુની વાસ્તવિકતા સ્વીકારી, તેનો હસતા મુખે સ્વીકાર કર્યો છે. વતન માટે કે ધર્મ માટે જાન કુરબાન કરનારાની યાદી લાંબી થઈ જાય. એ સાથે સ્વજનના મૃત્યુને પણ સાહજિકપણે સ્વીકારી, રાબેતા મુજબ જીવન જીવનારાનાં ઉદાહરણ પણ અસંખ્ય મળી આવે.

મુગલ સલ્તનતનો સિતારો આસમાનમાં ચમકતો હતો ત્યારે જ ઈ.સ. ૧૬૩૧માં શાહજહાંના જીવનમાં એક ઘટના બની. બાદશાહની ત્રીજી પત્ની મુમતાઝ મહલ, એક પર્સિયન રાજકુમારી, તેમના ૧૪મા બાળકને જન્મ આપતાં મૃત્યુ પામી. શાહજહાં આઘાતમાં સરી પડ્યો. મુમતાઝ મહલ પ્રત્યેના પ્રેમને આકાર આપતાં ૧૬૩૨માં તાજમહેલનું નિર્માણકાર્ય શરૂ કર્યું અને ૧૬૪૮માં પૂર્ણ કર્યું. પત્નીના મૃત્યુના વિરહપ્રેમે ઈસ્લામ સ્થાપત્યનું આભૂષણ અને ભારતના ગૌરવ-ઓળખ સમા 'તાજ'નું નિર્માણ થયું.

વારાણસીની મણિકર્ણિકા-મનુનાં લગ્ન ઝાંસીના રાજા ગંગાધર રાવ સાથે ૧૮૪૨માં થયાં હતાં, જ્યાં તેઓ લક્ષ્મીબાઈ તરીકે ઓળખાયાં. પુત્ર દામોદર રાવ, ચાર મહિનાની નાની ઉંમરે જ મૃત્યુ પામ્યો. રાજાએ પોતાના પિત્રાઈ ભાઈના પુત્ર આનંદ રાવને દત્તકપુત્ર તરીકે સ્વીકાર્યો. ૧૮૫૩માં રાજાના મૃત્યુ પછી બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ઝાંસીનું રાજ્ય હડપ કર્યું.

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને રાજ્યની પ્રજાએ અંગ્રેજો સામે માથું ઉંચક્યું, ભારે જાનહાનિ થઈ. પીઠ પર પુત્રને લઈ, બાદલ ઘોડા પર સવાર થઈ, રાણીએ કિલ્લો છોડ્યો. અકસ્માતે ઘોડાનું મૃત્યુ થયું. સાથીદારોના સહયોગથી રાણી ભાગવામાં સફળ બની, પણ અંતે યુદ્ધભૂમિમાં વીરગતિ પામી. યોદ્ધાના પરિવેશમાં આખા શરીરે ગંભીર રીતે જખ્મી રાણી, મૃત્યુ પહેલાં હર્મિતને અંગ્રેજો પાર્થિવદેહનો કબજો લે તે પહેલાં જ અગ્નિદાહ માટે આદેશ કરી ગયાં. 'રાણી લક્ષ્મીબાઈ નમણી, સુંદર અને હોંશિયાર હતી. તત્કાલીન ભારતના નેતાઓમાં મહત્તમ આક્રમક હતી' એવું વિધાન તેની અંત્યોષ્ઠિને નજર જોનાર હુગ રોઝે કર્યું હતું.

૧૮૭૮માં 'હિસ્ટરી ઓફ ધ ઈન્ડિયન મ્યુટિની'માં કોલોનેલ માલ્લેલને નોંધ્યું છેઃ 'અંગ્રેજોએ રાણી પર જે પણ દોષારોપણ કર્યું હોય તો પણ, અંગ્રેજોના અન્યાય સામેની લડતમાં રાણી

મર્દાનગીપૂર્વક લડી અને કુરબાન થઈ ગઈ, એમ દેશવાસીઓ હંમેશાં યાદ રાખશે.'

મહાન ગ્રીક ફિલસૂફ અને સત્યાગ્રહી સોક્રેટિસે, દેશમાં સક્રાન્તિ કાળમાં જેલની કોટડીમાં મોતને નીડરતાથી સામેથી સ્વીકાર્યું હતું. દેશદ્રોહના કથિત આરોપસર બંદીવાન સોક્રેટિસને, જેલમાંથી ભગાડી મૂકવા તેના શિષ્યો તૈયાર હતા, કાબેલ હતા, પરંતુ પોતાની વિચારધારાને અનુમોદન આપવા, શિષ્યો અને દેશવાસીઓને ઉત્તમ પદાર્થપાઠ આપવા માટે જ જેલમાંથી ભાગવાને બદલે તેમણે ઝેર પી લીધાં હતાં.

૧૯૬૫થી ભારતને પોતાની કર્મભૂમિ બનાવનાર ઓસ્ટ્રેલિયન પાદરી રેવ. ગ્રેહામ સ્ટેઈન્સે, ઓરિસ્સામાં બારિપાડામાં રક્તપિત્તિયાની સેવાની ધૂણી ધખાવી હતી. હોસ્પિટલના સંચાલન ઉપરાંત 'ઈવેન્જલિકલ મિશનરી સોસાયટી'ના સેક્રેટરી કમ ટ્રેઝરરનો કાર્યભાર સંભાળતા મિશનરી મનોહરપુરા (જિ.કેઓનઝાર)માં જાન્યુઆરી, ૧૯૯૯માં ધર્મજાગૃતિ શિબિરમાં ગયા હતા. શિબિરના વિશ્રાંતિકાળમાં તેઓ તેમના બન્ને દીકરા ફિલીપ (ઉ. ૯ વર્ષ) અને તિમોથી (ઉ. ૭ વર્ષ) જીપકારમાં સૂઈ રહ્યા હતા ત્યારે લાગ જોઈને ઘાતકી ટોળાએ જીપ પર પેટ્રેલ છાંટી આગ ચાંપી. આંખના પલકારામાં સેવાનિષ્ઠ ગ્રેહામ, કુમાળાં ફૂલ જેવા દીકરા બળીને ભડથું થઈ ગયા. વિશ્વમાં અરેરાટી ફેલાઈ ગઈ. ગ્રેહામે ખ્રિસ્તના સાચા સૈનિકની અદાથી, પોતાના વ્હાલસોયા દીકરાઓ સાથે કુરબાની આપી.

તત્કાલીન વડાપ્રધાનશ્રી બાજપાયી અને મુખ્યમંત્રી પટનાયકે શહીદનાં વિધવા ગ્લેઈડ અને પુત્રી એસ્તર (ઉ.૧૩ વર્ષ)ને સાંત્વના પાઠવી, સઘન તપાસ માટે આદેશ આપ્યો. સિડની (ઓસ્ટ્રેલિયા) માં પણ ભક્તિસભા મળી અને બનાવને વખોડી કાઢ્યો. ત્રણેય શહીદોની અંતિમયાત્રા પૂરા સન્માન સાથે સંપન્ન થઈ. ખરી પડેલાં આગળાં અને હથેળીઓ વગરના રક્તપિત્તિયાઓ ગ્રેહામના અંતિમ સન્માનમાં હાથનાં કાંડા વડે અનરાધાર આંસું રોકવાનો વ્યર્થ પ્રયત્ન કરી રહ્યાનું દૃશ્ય હૃદયદ્રાવક હતું.

આ સંજોગોમાં ગ્લેઈડનું સ્વસ્થતાપૂર્વકનું નિવેદન, "મારા પતિની હત્યા કરનારાઓને માફ કરવામાં આવે. ઈશ્વર બાળકો આપે છે અને તે લઈ છે. મને પ્રભુએ સ્ટેઈન જેવા સેવાનિષ્ઠ પતિ આપ્યા હતા. તેમની સાથે જીવન ગાળતાં ગાળતાં અને લોકોની સેવા કરવાની તક મળી હતી. જીવનમાં સેવાની તક અને આદર્શ પતિ આપવા બદલ હું પ્રભુનો આાભર માનું છું." ખ્રિસ્તના એક અનુયાયી તરીકે ગૌરવપ્રદ છે. પતિની શહાદત પછી પણ પત્નીએ ભારતમાં જ રહીને પતિના સેવાકાર્યને ચાલુ રાખવાનો સંકલ્પ કર્યો એ જ છે પુનરુત્થાન પામેલા ઈસુની સાક્ષી.

બાઈબલના જૂના કરારમાં એક પુણ્યશાળી પુરુષ યોબના માથે એક પછી એક દુઃખ ઉતરી આવે છે ત્યારે તેનો પ્રત્યુત્તર- 'હું ખાલી હાથે આવ્યો હતો, માતાના ગર્ભમાંથી જન્મ્યો ત્યારે, અને જ્યાંથી આવ્યો ત્યાં પાછો જવાનો પણ ખાલી હાથે. ભગવાને આપ્યું અને ભગવાને પાછું લઈ લીધું. જે કાંઈ ગુજાર્યું છે, તે ભગવાનની ઈચ્છાથી ગુજાર્યું છે. ભગવાનનું ભલું થજો.' (યોબ ૧:૨૧) પરમાત્માના સંતાનને છાજે તેવો છે. નવા કરારમાં પોતાની ધરપકડની આગલી રાતે જૈતુન પહાડ પર એકાંતમાં ભગવાન ઈસુ પ્રાર્થે છે.

'હે પિતા, જો તમારી ઈચ્છા હોય તો મારી આગળથી આ પ્યાલો લઈ લો, તેમ છતાં મારી નહિ પણ તમારી જ ઈચ્છા પૂર્ણ થાઓ.' ક્રોસ પરથી ઈસુ, પરમપિતાને પ્રાર્થે છેઃ "હે પિતા, આ લોકોને માફ કર, પોતે શું કરે છે એનું એમને ભાન નથી." (લૂક ૨૩:૩૪) અહીં ઈસુની પરમપિતા પરની અખૂટ શ્રદ્ધા અને મૃત્યુનો સ્વીકાર બન્ને પ્રત્યક્ષ થાય છે.

શાહજહાંએ પત્નીના મૃત્યુ સમયે અને પછી સ્વસ્થતા ધારણ કરી 'તાજમહેલ'નું નિર્માણ કર્યું. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ દીકરા અને પતિના મૃત્યુનો વિરહભાવ કોરાણે મૂકી અન્યાય સામેના યુદ્ધમાં ઝંપલાવ્યું. ગ્લેઈડે પતિ અને દીકરાઓ ગુમાવ્યા પછી પણ, હત્યારાઓને માફી આપી, પતિનું આદરેલું કામ પૂર્ણ કરવાનો દૃઢ સંકલ્પ જાહેર કર્યો. જૂના કરારના યોબે સંપતિ અને સંતતિ ગુમાવ્યા પછી પણ પરમાત્માનો આભાર માન્યો ઈસુએ મુક્તિયોજના પાર પાડવા, ક્રોસનું મૃત્યુ સ્વીકાર્યું.

માનવજીવનના વિવિધ પ્રસંગો-ઘટનાઓ પ્રમાણેની પરંપરાઓ જે તે પ્રજા, દેશકાળ પ્રમાણે ઉદ્ભવી હોય છે એ સનાતન સત્ય આપણને સમજાય તો જૂની-બિનજરૂરી રીવાજોનો સરળતાથી ત્યાગ કરવામાં આસક્તિ હોય ખરી? કોઈપણ રીવાજનો ખુદ પાલન કરતાં પહેલાં કે અન્યોને તેના પાલનમાં પ્રોત્સાહન આપતાં પહેલાં તેની સચ્ચાઈ અને ભલાઈ અંગે બુદ્ધિપૂર્વક વિચાર કરવો જરૂરી છે. 'મજહબી રિવાજોંકી પરખ'માં કિશોરલાલ મશરૂવાળાએ ધર્મ-પરંપરાના વાજબીપણા માટે 'સમદૃષ્ટિ'ને પ્રથમ કસોટી ગણાવી છે. ઊંચનીચનો કે છૂઆછૂતનો ભેદ ઉભો કરનાર ધર્મ-પરંપરા 'સત્યમ્, શિવમ્, સુદરમ્' હોય શકે ખરી? પાણીનો ધર્મ તરસ મટાડવાનો છે તેને બદલે તે જીવલેણ બને તો તે ઝેર કહેવાય. કઈ પરંપરાના આચરણમાં ધર્મ છે, અધર્મ છે તે શોધવાનું કામ પ્રત્યેક ઈન્સાનનું છે. ખ્રિસ્તનો પોતાના જીવન આધાર તરીકે અંગીકાર કરનાર વિશ્વનો કોઈપણ માનવી પોતાની સંસ્કૃતિ-પરંપરાઓ પ્રમાણે, શ્રદ્ધાની અભિવ્યક્તિ કરે તે ઉચિત ગણાય, સિવાય કે તે વ્યક્તિ-સમુદાયને નુકસાનકર્તા ન હોય!

ભગવાન ઈસુ મુક્તિદાતા તરીકે ક્રૂસારોહણની વાત શિષ્યો આગળ કરી હતીઃ "માનવપુત્રે પુષ્કળ દુઃખો વેઠવાં જોઈએ; પ્રજાના આગેવાનો, મુખ્ય પુરોહિતો અને શાસ્ત્રીઓના હાથે તેનો અસ્વીકાર થવો જોઈએ, તેને વધેરાઈ જવાનું છે, અને ત્રીજે દિવસે સજીવન થવાનું છે." (માર્ક ૮:૩૧) ત્યારે શિષ્યો ખૂબ ખિન્ન થયા હતા, તેમની વાણી સાંભળી ડરના માર્યા કેટલાક તેમને છોડીને જતા રહ્યા તો પીતરે મૃત્યુની આગાહી વિશે અફસોસ કર્યો ત્યારે પીતરને ઠપકો આપતાં કહ્યું હતું 'દૂર હઠ સેતાન તું દુનિયાદારીની દૃષ્ટિએ જુએ છે, ઈશ્વરની દૃષ્ટિએ જોતો નથી. ' (માર્ક ૮:૩૩) અહીં ઈસુ-પીતરના સંવાદમાં, ઈસુ ઈશ્વરપુત્ર હોવાથી પોતાના મૃત્યુની આગાહી કરી શકે છે, સાથે શિષ્યોને પણ પોતાના મૃત્યુના સમયે સ્વસ્થતા ધારણ કરવા તૈયાર કરે છે, પીતરના દુન્યવી વિચારો અંગે ઠપકો કરે છે.

એટલે સ્વના મૃત્યુની વાત આવે ત્યારે આપણે ઢાંકપિછોડો કરીએ, 'એવું અશુભ ન બોલશો' કહીને અથવા સ્વજનના મૃત્યુ ટાણે સર્વસ્વ લૂંટાઈ ગયું હોય એમ હતાશ બની જઈએ કે શ્રદ્ધાને જોખમકારક, ગેરવાજબી નમૂનારૂપ આચરણ કરીએ ત્યારે ઈસુનો આપણા માટેનો આવો જ ઠપકો હોઈ શકે ને? એટલે હવે આપણા વ્યક્તિગત જીવનમાં અને સામાજિક વ્યવહારમાં પણ ઈસુની શિખામણ વ્યક્ત થવી જોઈએ, એજ છે સાચું ખ્રિસ્તાનુંકરણ. ક્યારેક આપણી શ્રદ્ધાની પરિપક્વતા અને પરંપરાઓના વાજબીપણા વિશે વિચારવું રહ્યું. મૃત્યુને શ્રદ્ધાપર્વ બનાવવું રહ્યું.

શાહજહાં કે ઝાંસીની રાણીની સ્વસ્થતા-પરાક્રમ માટેનું આધારબળ પત્નીપ્રેમ/પ્રજાવત્સલતા હોઈ શકે, પણ ભગવાન ઈસુનો અંગીકાર-સ્વીકાર કરનાર માટે તો મૃત્યુ અંગેની વિચારધારા અને પરંપરાઓ કેટલી ઉન્નત-ઉર્ધ્વગામી હોવી જોઈએ, તે વિશે આપણે મનન-ચિંતન-સંશોધન કરવું અને તે પ્રમાણે વર્તન-વ્યવહાર કરવાં જોઈએ.

ઉનાળામાં ઠેર ઠેર શેરડીના રસના સાંચા જોવા મળે છે. સાંઠામાંથી રસ કાઢવા, સાંચાવાળો મહત્તમ પ્રયાસ કરે છે, એટલે સુધી કે સોટા જેવો સાંઠો, સાંચામાંથી બહાર પડે ત્યારે તેનો તારેતાર, ચૂર ચૂર થઈ ગયો હોય પણ બીજી બાજુ મજાનો શેરડી રસ અનેકને લિજ્જત આપે છે, એમ જીવનના સાંચામાં રસાયેલી આપણી શ્રદ્ધા સ્વને અને બીજાને લિજ્જત-આનંદ આપનારી હોવી જોઈએ.

આપણા વડાધર્મગુરુ ફ્રાન્સિસ પહેલાએ ટવિટ કરતાં કહ્યું હતું : 'ચહેરા પર સ્મિત ન ફરકે એવા ખ્રિસ્તીની હું કલ્પના કરી શકતો નથી. આપણે આનંદમય શ્રદ્ધાના સાક્ષી બનવું જોઈએ.' એટલે પુનરુત્થાનની આશામાં, વિશ્વનિયંતા પરમેશ્વર પરની શ્રદ્ધાના પ્રકાશમાં સ્વયમ્ અને સ્વજનના મૃત્યુ સમયે અને પછીના સમયે આપણો વ્યવહાર, ખ્રિસ્તના અનુયાયી તરીકે ગૌરવ આપે-અપાવે તેવો હોવો જોઈએ. આ સંદર્ભમાં કેટલાક પ્રશ્નો આપણે, આપણી જાતને કરી અવલોકન-મંથન કરીએ એ જરૂરી હશે.

- પરમેશ્વર પર આપણો ભરોસો કેટલો ઊંડો છે?
- આ ભરોસો-શ્રદ્ધા આપણા જીવન, જીવનતરાહ, પડકારોમાં કેવી રીતે અભિવ્યક્ત થાય છે?
- આપણામાં જે સર્વોત્તમ છે, તેને છતું કરવામાં મદદરૂપ બને છે?
- સમગ્ર માનવજાત એક જ પરમેશ્વર-સર્જકનાં સંતાન છે તેવી ભાવના સ્વીકારવા-સબળ કરવા આપણી શ્રદ્ધા આપણને પ્રેરે છે? પ્રોત્સાહન આપે છે?
- પરમેશ્વરના ડરમાં, 'ધર્મભીરુ' તરીકે જીવતા કયા કયા લોકોના પરિચયમાં આપણે છીએ?

આપણી ધર્મશ્રદ્ધા, જીવનની કોઈપણ સુખદ કે દુ:ખદ પરિસ્થિતિમાં ઉચિત ધર્મપરાયણ જીવન માટે ઉદ્દીપક બને ત્યારે મૃત્યુ, આપણી શ્રદ્ધાને પ્રગટ કરનાર શ્રદ્ધાપર્વ બની રહેશે.

— જસવંત મેકવાન

Email : jasvantmacwan@ymail.com

**હાર્દિક આમંત્રણ... 'દૂત' વાર્ષિક સંમેલન... પધારો...**

'દૂત'ને હરહમેશાં પોતાના પ્રદાન દ્વારા જીવંત રાખનાર સૌનો આભાર. હવે પછીના 'દૂત'ને વધારે અસરકારક બનાવવાના હેતુસર ***૨૦૦૯થી આજદિન સુધીના કવિ/લેખક/પત્રલેખક/અહેવાલ લેખક અને વર્તમાન સ્વયંસેવકોને વાર્ષિક સંમેલનમાં પધારવા નિમંત્રણ.***

**'દૂત' વાર્ષિક સંમેલન**
૨૩ નવેમ્બર ૨૦૧૪, રવિવાર
સવારે ૦૮.૩૦ થી બપોરે ૦૩.૩૦ સુધી

**ખ્રિસ્તયજ્ઞ**
સવારે ૦૮.૩૦ કલાકે
સેંટ ઝેવિયર્સ ચર્ચ, ગામડી

**સંમેલન**
સવારે ૦૯.૩૦ થી સાંજે ૦૩.૩૦
કમ્યુનિટી હોલ, ગામડી-આણંદ

★★★

રજિસ્ટ્રેશન/ચા-નાસ્તો સવારે ૦૯.૩૦

**પ્રથમ બેઠક:** સવારે : ૧૦.૦૦ કલાકે

**ભોજન :** બપોરે ૧૨.૩૦ કલાકે

**બીજી બેઠક:** બપોરે ૦૧.૩૦ કલાકે

સ્વયંસેવકો અને અન્ય સર્જકો માટે
ભોજન પછીની બેઠક અલગ રહેશે.
પરિચય-આવકાર-સૂચન-માર્ગદર્શન-ચા-વિદાય

*નિમંત્રક : ગુજરાત સાહિત્ય પ્રકાશ*

**'દૂત'ના વર્તમાન સ્વયંસેવકો માટે અગત્યની સૂચના**

ઓળખકાર્ડ તૈયાર કરવા માટે, નામ, સરનામું, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર, જન્મતારીખ, ઈ-મેઈલ, બ્લડગ્રુપ, પાસપોર્ટ સાઈઝના બે ફોટા સાથે લાવવાં જરૂરી છે, જેના આધારે આપને માટે ઓળખકાર્ડ બનાવી શકાય.

નોંધ : ૧) આપના આગમનની જાણ 'દૂત'ના ટેલિફોન નંબર (૦૨૬૯૨૦) ૨૪૧૫૭૮ અથવા મોબાઈલ નંબર ૯૪૦૮૪ ૨૦૮૪૭ પર કરવા વિનંતી.

૨) ગયા વર્ષે થોડા ઘણાં સ્વયંસેવકોએ જ ઉપરોપ્ત માહિતી આપી હતી, જેમાંથી કેટલીક બાબતો અધૂરી છે, એટલે અવશ્ય લાવશો.

***૩૦મી નવેમ્બર, ૨૦૧૪ 'દૂત' રવિવાર***
**હાર્દિક શુભેચ્છાઓ. આપ પણ 'દૂત'ના પ્રેષિતિકકાર્યમાં ઉમળકાભેર જોડાશો એજ અપેક્ષા.**

**— ગુજરાત સાહિત્ય પ્રકાશ**

પાવન હૃદય
**દૂત**

# કાવ્યધારા



## આપણામાં હોય છે

વેદનાનું કોઈ લશ્કર આપણામાં હોય છે,
અર્થ એનો એજ, ઘડતર આપણામાં હોય છે.

સાંજ પડતાં જો આંખ ભીંજાઈ જશે આપણી,
વાત સાચી માન, અવસર આપણામાં હશે.

આ તરફ હું, એ તરફ તું, કેટલાં વર્ષો થયાં!
રોજ મળવાનું કારણેય, આપણામાં હોય છે.

બંધ આંખે હું તને જોયા કરું છું એટલે,
આંખ ખૂલે તોય ત્યાં રણ, આપણામાં હોય છે.

હાથ છૂટે તો બધાં ભૂલાં પડે છે બાળકો,
માન તું આભાર, ઈશ્વર આપણામાં હોય છે.

ફૂલ જેવું ફૂલ પણ કરમાઈ જશે આપણામાં,
જાત તારી ખોલ, ઝરમર, આપણામાં હોય છે.

— કલ્પેશ સોલંકી 'કલ્પ'

## નીકળે

ચહેરા અજનબી મારગ અજાણ્યા,
એમાં ક્યાંક કો'ક અમારુંય નીકળે.

ધૂળિયા મારગ પર ચાલ્યાં પગલાં,
એમાં કો'ક પગલું તમારુંય નીકળે.

આહ, આંસુ, વિરહ અને એકલતા...
આ દર્દ કદાચ સહિયારું ય નીકળે!

ખરી પડ્યું એક ફૂલ છોડ પરથી,
થયું : પોતાનું કો'ક પરાયું ય નીકળે.

કશ્તી ના ડૂબાડશો કિનારે 'શૈલ';
મધદરિયે ક્યાંક બંદરબારું ય નીકળે.

— બાસીલ મેકવાન 'શૈલ'

## હવે હું....

આ શ્વાસને જોઈએ છે
હવે ખુલ્લી હવાની મોકળાશ!
ને —
હું તો છું ચાર દીવાલોમાં કેદ!
મારા પલંગ પાસે આવીને
મને હમણાંજ ડોક્ટર પૂછી ગયા:
'કેમ છો? સારું છે ને?'...
....ને વીંધાયેલ છાતીવાળો હું
હવે કઈ રીતે સાબિત કરું; 'મને સારું છે,
મને નથી દર્દ દિલે - મસ્તિકે!'
કોણ જાણે —
ક્યાં ગયો મારો એ સમય?
જ્યાં મેઘધનુષ બની ઊગતો'તો,
મયૂર પિચ્છની ટીલડીમાં રમતો'તો,
કૂણી કૂણી કૂંપળે હસોતો'તો
પુષ્પે પુષ્પે પરિમલિત થૈ પમરતો'તો!
ઘનઘોર વાદળમાં કેદ વર્ષાજલ જેવો
હવે અહીં હું....

— ફ્રેડરિક બી. ક્રિશ્ચિયન

## એક કાવ્ય

ભીંત ફાડીને ઊગતો પીપળો જોયો હશે તમે,
છાતી ફાડીને ઊગતો ગુલમહોર જોયો છે તમે?

પ્રણયના ફાગમાં રમમાણ પ્રેમી જોયા હશે તમે,
વિરહમાં ઝૂરતા પ્રેમીની હાલત જોઈ છે તમે?

ખડક પર બનતાં ઘર જોયા હશે તમે
રેતી પર બનતાં ઘર જોયા છે તમે?

મોટા મોટા મહેલો ઘણાં જોયા હશે,
ઝૂંપડી જેવી શાંતિ જોઈ છે એમાં?

વર્ષોમાં ઘૂઘવતી નદી જોઈ હશે તમે,
ગ્રીષ્મમાં પાણી માટે તલસતી જોઈ છે તમે?

— સૂર્યકાન્ત ડી. પરમાર


## કબ્રસ્તાનમાં....

(૨જી નવે, - સર્વસદ્‌ગતની સ્મૃતિનો દિન)

કબ્રસ્તાનની કબરે કબરે
ઝળહળે મીણબત્તીઓ
જાણે કબરતળે દટાયેલ માટીનું
શ્રદ્ધાતેજ ઝળહળે....
કબરે કબરે પુષ્પોની શોભા,
ને એ શોભાતળે માટીની મહેંક,
મહેંક એ પ્રસરે સર્વત્ર,
જાણે વહે સંદેશ જીવનના સારનો!
સર્વ સ્વજનો
થયાં છે ભેળાં કબ્રસ્તાને,
મૃત સ્વજનનો અર્પવા સ્મરણાંજલિ!
દિન ઢળતાં, સર્વ થશે વિખૂટા,
ને ફરી થઈ જશે કબ્રસ્તાન સૂનું,
ને આકાશ તળે
શ્રદ્ધાનો મહિમા ગાતી મીણબત્તીઓય
જશે બુઝાઈ...
પુષ્પોની સુગંધે ય ઓસરી જશે!
એ વેળા —

આખુંય કબ્રસ્તાન ગાતું હશે
ઈસુના પુનરુત્થાનનું ગીત...
જે હશે આપણો આધાર!

— સિલાસ પટેલિયા



# તમારો પત્ર



**(૧)**

પહેલી જ વાર 'દૂત' સામાયિક હાથમાં આવ્યું ઓગસ્ટ, ૨૦૧૪નું અને તેનો પહેલો જ ધર્મગુરુ હેરી પિન્ટો દ્વારા લખાયેલો લેખ 'ઘડતર... સતત' વાંચતાં ખૂબ ખુશી થઈ. લેખમાંથી છતી થતી તેમની નિખાલસતા, આત્મનિરીક્ષણ તથા ટુ ધ પોઇન્ટ વાત સ્પર્શી ગઇ. આપણે એકબીજાના પૂરક બનવાને બદલે ટીકા કરી વાતનું વતેસર કેવી રીતે કરીએ છીએ તે ખ્યાલ આવ્યો. લેખ બે ત્રણ વાર વાંચ્યો.

તરતજ હાથમાં લીધું સપ્ટેબર, ૧૪નું સામાયિક તેનો છેલ્લો લેખ વાંચ્યો. 'ફાધર વર્ગીસ પોલના હસ્તે લખાયેલ 'હયાતીની પ્રથમ ક્ષણથી...' વસ્તીવધારા અંગેની ભ્રામક માન્યતાઓને પડકારી તેમણે તે કેવી રીતે આર્શીવાદ રૂપ છે તે સચોટ રીતે દર્શાવ્યું છે. આ તલસ્પર્શી લખાણ બદલ તેમનો અચૂક આભાર માનવો જ રહ્યો. તંત્રીશ્રી આવા ઉમદા લેખ પ્રસ્તુત કરવા બદલ આપને આ હૈયું સલામ કરી રહ્યું છે. અંતરમાંથી અવાજ આવી રહ્યો છે. આ સામાયિક વાંચાવા જેવું તો ખરું જ.

— દક્ષા સંઘવી (અમદાવાદ)

**(૨)**

રસોઇ સ્પર્ધામાં મોટે ભાગે સ્પર્ધકો પોતાની ફાવટવાળી વાનગી બનાવતા હોય છે. જુદી જુદી વાનગી વચ્ચે અને એ પણ ફાવટ મુજબ હોઈ સ્પર્ધા શબ્દ ખોટો લાગે. ખરેખર તો એક જ વાનગી પર અનેક હાથની કરામત અજમાવવામાં આવે તો જ ખરું હીર બહાર આવે. સપ્ટેબર-૨૦૧૪નો પાવન હૃદય 'દૂત' કંઇક આવો જ લાગ્યો.

આખાયે શિક્ષણ જગતમાં વિહાર કરાવી ગયો. આવો ઉત્તમ વિચાર આહ્‌વાનરૂપે સર્જકો અને તે દ્વારા વાચકો સુધી પહોંચાડવા બદલ સહતંત્રીનજ આભાર સહ અભિનંદન (જોકે અહીં સ્પર્ધા ન હતી એ સ્પષ્ટતા કરી લઉ).

પ્રત્યેક લેખ વાંચવાનું શરૂ કરતાં વચ્ચે અટકાય જ નહીં તેવો રહ્યો. 'શિક્ષણ સમાજ ઘડે' ફાધર જેમ્સ બી. ડાભીની કલમ એટલી કલાત્મકતાથી વિષયમાં ફરી છે કે જાણે લેખ નહીં શિક્ષિત સમાજનું શિલ્પ જ તૈયાર થઈ ગયું છે. એક, ગુજરાત વિદ્યાદીપના ડીન તો બીજી તરફ નડીઆદની ખ્યાતનામ શાળાના આચાર્યશ્રી ફાધર રોકી પિન્ટોના શબ્દોમાં અનુભવનો અર્ક પમાય છે. મુક્તિ માટે શિક્ષણની પ્રા. ડો. રોમાન ભાટિયાની વાત કે હસમુખ વાઘેલાએ રજૂ કરેલ 'સ્વ જ ભાગ્યવિધાતા' સહીત, કિરીટ પ્રવાસીએ કરાવેલી ભારતનાં પ્રથમ શિક્ષિકા સાવિત્રીબાઈ ફૂલેની ઓળખ પણ સમયોચિત્ત રહી. આ ઉપરાંત આહ્‌વાન અંતર્ગત ભાઈશ્રી સંજય વાઘેલા, રજનીકાંત રાઠોડ, મહેન્દ્રભાઈ પરમાર, પારૂલ રાઠોડ, નરોત્તમ તૃષિત, પીયૂષ પરમાર, જયંત સુતરિયા અને શૈલેષ રોઠડના વિચારો એક જ વાનગીના જુદા-જુદા (રસા) સ્વાદ જેવો આનંદ આપી ગયા.

સપ્ટેબર માસની પાંચમી તારીખનું બીજું માહાત્મ્ય એટલે મધર થેરેસા. ગુરુબંધુ અનિલ ક્રિસ્ટીએ આ સંદર્ભે મધરનાં નામની નહીં પણ કામની ઓળખ કરાવી છે. મહેનતકશ લેખ માહિતીનો પુંજ બની રહ્યો. ગમે તેટલા વિશેષણો ઓછાં પડે એવાં વિદ્વાન ફાધર વર્ગીસ પોલની કલમ પણ આ સંદર્ભે જ હયાતીના હાર્દને સમજાવી ગઇ.

તંત્રી લેખ માટે તો મને એક જ ઉપમા મળે છે - 'મોરના માથે કલગી'. તંત્રીશ્રીના વિધિવત્ રીતે ભૂતપૂર્વ પણ અવિધિસરની રૂએ આજીવન શિષ્યને ન્યાયે નજીકના પરિચયથી કહું તો હવે તેઓ દશરથની આયુની નજીક જ છે. વટવૃક્ષની આટલી આયુ-ઊંચાઈએ પહોંચ્યા પછી જ આવો મીઠો ઉપદેશ (દૃષ્ટિ) આપી શકાય. શિષ્યને નાતે ગુરુના વખાણ કરું છું એમ નથી, પણ સમાજની નાડ પારખું આ વ્યક્તિને થોડા ઘણા ઓળખું ચોક્કસ છું. (બની જાય બધાંચે જો દશરથ અને શ્રવણ, ના રહે પછી ક્યાંય અહંકારનો રાવણ).

શિક્ષકદિન સિવાય મધર થેરેસા, મા મરિયમ જન્મજયંતી અને વિશ્વ ઓઝોન દિન સુધીની રસલ્હાણ તંત્રીશ્રીની સજાગતા જ દર્શાવે છે. તેમાં ઇન્ટરનેશનલ સિનિયર સિટીઝન ડે એ તો કમાલ કરી દીધી છે, એ કહેવુ જ રહ્યું. આટલેથી વાત અટકતી નથી. પરંતુ બે ગુજરાતી ફાધરોનો પરિચય અને સુવર્ણજયંતી વિજેતાઓને લાઘવતાની કલમથી જે રીતે મઢી લીધા તે તંત્રીશ્રીના કાર્યનું મજબૂત જમા પાસું જ લેખાય.

કિશોરમિત્રનો તો હું કિશોરકાળ જ મિત્ર છું. પણ હવે તો તે રૂપે-રંગે-જ્ઞાને એવો તો વિકસ્યો છે કે અબાલવૃદ્ધ સર્વનો મિત્ર બની ગયો છે. આ બાબતે ભાઈશ્રી રાજેશ ક્રિશ્ચિયનને અભિનંદન. છેલ્લે... છેલ્લે... શિક્ષણ વિષયક આહ્‌વાને જેવી રસલ્હાણ કરાવી છે, તેવી જ નવેમ્બર ૨૦૧૪ના અંકમાં મળશે તેવી આશા.

— ફ્રાન્સિસ ડાયર્સા (નડીઆદ)

**(૩)**

'દૂત' સપ્ટેમ્બર, ૨૦૧૪માં પેજ ૧૫ ઉપર સહતંત્રીશ્રીની જાહેરાત એક પ્રમાણે, હવેથી 'દૂત'માં આગામી બીજા મહિનાની ધર્મસભા અને વૈશ્વિક દૃષ્ટિએ અગત્યની ત્વારિખ, પ્રકાશિત થશે... જે ખૂબજ જરૂરી અને આવકારવા જેવી બાબત છે. અભિનંદન.

જાહેરાત : ૭ના અનુસંધાનમાં, મારું માનવું છે કે, કેટલીક ઉપયોગી માહિતી, જ્ઞાન અને સમજણ આપતા લેખો, પત્રો કે સમાચારો, અન્ય મેગેજીનોમાં છપાયા હોય તો પણ, 'દૂત'માં છપાય, એમાં કશો વાંધો ના હોવો જોઈએ. ઉદાહરણ તરીકે તાજેતરમાં, 'દૂત' સપ્ટેમ્બર, ૨૦૧૪માં પેજ ૩૨ ઉપર ડો. સુરેન્દ્ર આસ્થાવાદીનો લેખ, 'શાંતિ ઉતારો નાથ' છપાયો છે. જેમાં, 'દૂત'ના વાચકો માટે ઘણી સારી માહિતી રજૂ કરવામાં આવી છે. લેખક તેમજ તંત્રીશ્રીને અભિનંદન. પરંતુ, આ જ લેખ, "ઈરાકના વર્ગ વિગ્રહે વિશ્વને હચમચાવેલું છે." મથાળા હેઠળ 'ગુજરાતી ક્રિશ્ચિયન્સ'ના ઓગસ્ટ, ૨૦૧૪ના અંકમાં પેજ ૨૫ ઉપર પ્રકાશીત થઈ ચૂક્યો છે, જેથી અન્ય પંથ અને મેગેજીનના ખ્રિસ્તી વાચકોને પણ ઉપયોગી માહિતી મળી છે. ફાધર વર્ગીસ પોલ અને ફાધર વિલ્યમ 'રિશ્તા'ના ઘણા લેખો ગુજરાતના સમગ્ર ખ્રિસ્તી સમુદાય માટે વાંચવા લાયક હોય છે.

આ મારું એક નમ્ર સૂચન માત્ર છે, કોઈપણ વ્યક્તિ, વાચક, લેખક કે તંત્રીશ્રીની ભૂલ-દોષ બતાવવાનો આશય નથી જ નથી.

'દૂત'ના વિચારશીલ વાચકો કોઈપણ પૂર્વગ્રહ વગર અન્ય ખ્રિસ્તી પંથના મેગેજીનો અને બાઈબલનું નિયમિત વાચન કરે તે ખૂબજ જરૂરી છે. 'દૂત'ની ઉત્તરોત્તર પ્રગતિ જોઈ આનંદ થાય છે. 'દૂત'ની નવી ટીમને અભિનંદન અને આભાર.

— વિક્ટર મેકવાન (અમેરિકા)

**(૪)**

સપ્ટેમ્બર માસનો 'દૂત' શૈક્ષણિક મૂલ્યોને દર્શાવતો તથા ભાવિ પેઢીને શિક્ષણ વિષયક આમુખ પરિવર્તનનું ધરખમ ભાથુ પીરસી જાય છે. જે બંને પક્ષે શિક્ષકો તથા વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ સાધવામાં અત્યંત એવું ઉપયોગી જ્ઞાન પૂરું પાડે છે. એથી વિશેષ, સાવિત્રીબાઈ ફૂલે કે જે ભારતનાં સૌ પ્રથમ શિક્ષિકાનું માન મેળવી જાય છે અને સાથે સાથે સર્વને માટે એક સંદેશ આપી જાય છે કે શિક્ષણ આડે આવતી કોઈપણ સમસ્યાઓનો પડકાર ઝીલીને શિક્ષણની જલતી જ્યોતને જલાવી રાખવા ખુદ પોતે પણ પડકારરૂપ જીવન આચરણ આચરવું પડે છે.

'હયાતીની પ્રથમ ક્ષણથી' લેખમાં ફાધર વર્ગીસ પોલે, બાળ જીવનનો મહિમા, ઘણાં એવાં ઉત્તમ કોટિનાં ઉદાહરણો ટાંકીને સચોટ શબ્દોમાં વર્ણવે છે.

ઓક્ટોબર માસમાં પવિત્ર ગુલાબમાળાની ભક્તિનો મહિમા શ્રી થોમસ પરેરાએ સુપેરે વર્ણવ્યો છે, જે માતા મરિયમની ભક્તિમાં (રોસાળનું) પવિત્ર ગુલાબમાળાનું રટણ કરવા પ્રેરે છે. અંતે સર્વે લેખકશ્રીઓનો ફોટા સહિત પરિચય બાબત, વાચકની દૃષ્ટિએ લેખને સમજવામાં તથા લેખ લખનાર ટૂંકો પરિચય ઘણો જ મદદરૂપ નીવડશે. સર્વે લેખકશ્રીને અભિનંદન.

— સિસ્ટર અલકા આર. પરમાર (વાઘોડિયા)

**(૫)**

ઓક્ટોબર - ૧૪ 'દૂત' હાથમાં આવતાં હર્ષની લાગણી જન્મી. પાનાં ઉથલાવતાં સમગ્ર પ્રત્યેક વિભાગ માનસપટલ પર અવનવા ચિત્ર ઉપસાવતા ગયા. સમગ્ર 'દૂત'નું એક બેઠકે સળંગ વાંચન કર્યું. મારા અવિરત તરંગોનું પ્રતિબિંબ પાડનારા લેખો જીવતર ઘડનારા લાગ્યા.

ભાવિના અકળ કોયડાનો ઉકેલ માટે કેટલાક સિદ્ધાંતો અસ્તિત્ત્વમાં છે જે કદાચ બીજે નહીં પણ આપણા 'દૂત'માંથી અવશ્ય મળી રહે છે. આ બધો પ્રભાવ આપણી, આપણા પરિવારની પ્રાર્થના ઉપર અવલંબે છે તંત્રીશ્રીનો અંતકરણથી આભાર માનું છું. 'પરિવારની પ્રાર્થના' બદલ...

ખરેખર સર્વાંગી - લોકપ્રિય માસિક 'દૂત'ને આપ સૌ ધ્રુવ તારાની માફક ઝગમગતું રાખવા જે નિષ્ઠાપૂર્વક, શ્રદ્ધાથી, પ્રાર્થનામય મહેનત કરો છો, યોગદાન આપો છો એ આપણા કેથલિક ધર્મજનોની પ્રશંસનીય બાબત છે.

ઈશ્વરે માનવને આખા વિશ્વમાં શાંતિ, સમૃદ્ધિ સ્થાપવાનું કામ સોંપ્યુ છે. માનવીના ઊંડાણમાં એકબીજા પ્રત્યે દયાની ભાવના પ્રગટવી જોઈએ નહિ કે હિંસાની. પ્રેમ ખ્રિસ્તી ધર્મનો મુખ્ય પાયો છે અને પ્રેમ જ ઈશ્વર છે એમાં કોઈ શરત નથી હોતી. શાંતિ સ્થાપવાનો એકમાત્ર રસ્તોએ પ્રેમનો રસ્તો છે. બ્રધર જોન પાઉલ લોબો એસ. જે.ના લેખ બદલ ખૂબખૂબ આભાર.

છેલ્લે માનવનું સર્જન એ પરમેશ્વરના માનવજાત માટેના અસીમ પ્રેમનું ધોતક છે અને માનવજીવન એ માનવજાતને ઈશ્વરનું અમૂલ્ય નજરાણુ છે એટલે ઈશ્વરના મહિમા ખાતર ફરજ બજાવવી, અર્થ સમજાવતો સાયમન ફિલીપનો લેખ અતિસુંદર લાગ્યો. આભાર.

— ઈગ્નાસ કે. પરમાર (ખડગોધરા)

**(૬)**

ઓક્ટોબર ૨૦૧૪નાં 'દૂત'માં નીચે જણાવેલ ત્રણેક લેખકોના લેખે કંઈક અભિપ્રાય દેવા પ્રેરણા થઈ.

જેની અસ્ખિલીત વાણીમાં સમજણ સાગના સોટા હોય છે. તેવા એટલે આપણા સહતંત્રી મિ. શૈલેષ ક્રિસ્ટી, તેમનો 'ભેટ પ્રભુની માવજત માબાપ' લેખ આજના સાંપ્રત સમયમાં ખરા મોકે એરણ પર ઘણ દેવાય તેવો લેખ છે. જમાનો બદલાયો છે, ખોરાક બદલાયો છે, વિચારોની દિશા અને દશા બેઉં બદલાયાં છે. માવતર

અવઢવમાં છે ત્યારે દેવે દીધેલ અણમોલ ભેટની કેમ કેમ માવજત કરવી તે પર અનેરું શિક્ષણ દેવાયું છે. સર તમને ધન્યવાદ.

વિદ્વાન સન્નારી સરુપ ધ્રુવનો લેખ વિકાસ કોના માટે? કોના ભોગે? આ લેખ ખરે જ 'Eye Opener" છે. એ યોજનાને કારણે સિત્તેર ગામનાં રહેવાસીઓ બે ઘર થાય. વળી સ્ટેચ્યુને ગોઠવવા ગરુડેશ્વર વિયર બંધાય ને તેના લીધે વળી પાછા અગિયાર ગામોના લોક વિસ્થાપિત થાય. મૂક જનતાની નબળી નસને દબાવી. યોજના પાર પાડવાની યોજના. જે પાછું ઓછું હોય તેમ સહેલાણીઓ માટે વિહારધામ બને. ને પેલા ૭૦+૧૧ મળી ૮૧ ગામના લોક વિસ્થાપિત બને. તો આ પૂતળાં દર્શને કોઈ લાલ ઝંડી બતાવનાર છે ખરું? એ સંવેદનાઓને પાવન હૃદય દૂતના માધ્યમે લેખિકા લઈ આવ્યાં છે. એ છેવાડાના નાગરિકને ય બેઠો કરે તો વાતુ લખી જે અતિ આભારી કામ દીધુ છે ત્યારે લેખિકા અને 'દૂત'ને મારા ઝાઝા જુહાર.

'શુભસંદેશનો પ્રસાર અને પડકાર', ફાધર વિનાયક જાદવના લેખમાં પરિવાર, સમાજ, ધર્મસભાના પાયાની ઈંટો છે, જેને લક્ષમાં લઈ ધાર્મિક કે સામાજિક સમસ્યાના સંદર્ભે શું કરી શકાય તે માટે કાર્યવાહક માર્ગદર્શિકા ઘડી. શુભસંદેશના પ્રસારના ધ્યેયને વરવાની યોજના વિસ્તૃત રીતે મૂકી છે ધર્મસભાનું એક્ય કુટુંબ ને કુટુંબમાં સંતાન ઈશ્વર ચીંધેલ માર્ગે વિશ્વમાં કેવી રીતે જીવી શકે તે તેમજ તેના શ્રેષ્ઠ ઘડતરમાં માવતરની માવજત એજ ઈશ્વરીય હાકલ છે એમ મારુંય માનવું છે. આવું અનેરું શિક્ષણ આ લેખે ફાધર યાદવે મૂકી છે. કુટુંબ અને મંડળીને માટે જે તે દસ્તાવેજોથી લઈ ધર્મસભા સમક્ષ મૂકાયેલા સૂચનોનું શિક્ષણ એ ઈશ્વર જોવા માંગતા ડાઘ અને કરચલી વગરના ધર્મસંઘનું ચિત્ર છે. અંતઃકરણપૂર્વક આભાર.

— બ્રધર સેમ્યુલ ક્રિશ્ચિયન (ગોધરા)

**(૭)**

માહે ઓક્ટોબરનો અંક વાંચ્યો. પરિવારના વડાની પ્રાર્થના ગમી. તંત્રીશ્રીને અભિનંદન. પરિવારો સમક્ષ ઊભા થયેલ પડકારો અંતર્ગત માનદ્ તંત્રીશ્રીનો લેખ ગમ્યો. અમદાવાદ ધર્મપ્રાંતમાં પારિવારિક પ્રશ્નો અંતર્ગત ઉભી થયેલ કૌટુંબિક સમસ્યાઓમાં આપશ્રી વ્યક્તિગત રીતે સામેલ થઈ કંઈક અંશે ભાગ ભજવશો તો ગમશે. સહતંત્રી દ્વારા આલેખાયેલ લેખ નવ કૌટુંબિક જીવન શરૂ કરતાં દંપતીઓને સાદર અર્પણ. માહિતી ખૂબ જ રસપ્રદ રહી. સ્વરૂપ ધ્રુવનો 'સ્ટેચ્યુ ઓફ યુનિટી સંદર્ભે કેટલાંક પ્રશ્નો' ચોટદાર રહ્યા. વિકાસ અંગેની સાચી માહિતીથી વાકેફ થવાયું. જે જરૂરી અને ઉત્તમ લાગ્યું. સ્નેહલત્તા ભાટિયાનો 'ગાંધી સંદેશ' મુલાકાત લેખ દ્વારા ગાંધીજી હજી પણ આપણી વચ્ચે જીવંત છે તેનો અહેસાસ થયો.

ઓક્ટોબરના અંકમાં સવિશેષ ધ્યાનાકર્ષક લેખ ફાધર અરસકુમારનો રહ્યો. હાલનો યુવાવર્ગ અને ધર્મથી કેમ વિમુખ થઈ રહ્યો છે, તે તેમણે તેમની કલમ દ્વારા વર્ણવી બતાવ્યું. યુવાનોનો પક્ષ લેવા બદલ ફાધરને અભિનંદન. તેમના મતાનુસાર આપણા ખ્રિસ્તીધર્મમાં જ સાચી ધાર્મિકતા અને સાચા ધર્મમાં વર્તાતી ખોટ ઉડીને આંખે વળગી. દાદા-દાદી, મિત્રો, પપ્પા-મમ્મી, શિક્ષકો અને અંતે ફાધર - સિસ્ટર સુદ્ધાં વાણી અને વર્તનમાં અંતર રાખીને ચાલે છે, જે યુવાનોને સવિશેષ ખટકે છે. ફાધરને નીડરતાથી લેખનકાર્ય કરવા બદલ અભિનંદન.

હાલમાં આપણી સંસ્થાઓમાં કર્મચારીઓ સાથે શોષણના પ્રશ્નો વધી રહ્યા છે. ઘણી જગ્યાએ આપણી સંસ્થાઓમાં ભરતીના ઓથા હેઠળ ભ્રષ્ટાચાર આચરી ખાસ્સી મોટી રકમ પડાવી લેવામાં આવે છે. હદ તો ત્યારે થાય છે કે, જ્યારે તેને 'ડોનેશન'નું સુંવાળું નામ આપી દેવામાં આવે છે. સંન્યસ્ત વર્ગ જ જો યુવાનો સમક્ષ આવો આદર્શ પૂરો પાડશે તો નવયુવાનોનો પ્રેરણા ક્યાંથી મળશે? સંન્યસ્ત જીવનમાં જોડાવાની સ્ફૂરણા ક્યાંથી પ્રાપ્ત થશે? ફાધરો-સિસ્ટરો જો સારો અને ઉત્તમ નમૂનો પૂરો પાડશે તો ચોક્કસ તા. ૦૩-૧૧-૨૦૧૪ના હાકલ સંમેલનમાં 'સેંટ જોસેફ સેમિનરી' ખાતે વગર જાહેરાતે નવયુવાનો ઉમટી પડશે. ચોક્કસ આ દિશામાં સાથે મળી કંઈક નક્કર વિચારવું જ રહ્યું. તો જ ફાધરનો લેખ સાર્થક નીવડશે. ફાધર અરસકુમારને પોતાના વિચારો નિર્ભયતાથી વ્યક્ત કરવા બદલ ફરીથી હૃદયાભિનંદન.

— સંજય વાઘેલા (નડીઆદ)

**કવિ/લેખકોને હાર્દિક નિમંત્રણ**

**જાન્યુઆરી ૨૦૧૫ની ત્વારિખ મહત્ત્વના દિવસો**

૦૬ - માર્ગસુરક્ષા સપ્તાહ આરંભ
૧૦ - યુનોદિન
૧૨ - યુવાદિન / વિવેકાનંદ જન્મજયંતી
૧૪ - ઉત્તરાયણ
૨૫ - રાષ્ટ્રીય પ્રવાસનદિન
૨૬ - પ્રજાસત્તાકદિન
૨૯ - યુનિસેફદિન
૩૦ - ગાંધી નિર્વાણદિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો**

૦૧ - નવું વર્ષ / ઈશજનેતા માતા મરિયમ
૦૩ - સંત કુરિયાકોસ એલિયાસ ચાવરા
૦૪ - પ્રભુ પ્રકાશનું પર્વ
૧૧ - ઈસુના સ્નાનસંસ્કારનું પર્વ
૨૪ - સેલ્સના સંત ફ્રાન્સિસ
૨૫ - સંત પાઉલનો હૃદયપલટો
૩૧ - સંત જોન બોસ્કો

# એકલતા એટલે ઈશ્વર માટેની ઝંખના

## (નવેમ્બર મહિનાનો પ્રાર્થનાનો હેતુ)

✍ બ્રધર લિયો સ્ટિફન. એ.

**એકલતાથી પીડાતા લોકોને ઈશ્વરના સામીપ્યનો અને ભાઈભાંડુઓના ટેકાનો અનુભવ થાય.**

આપણે વ્યસ્ત દુનિયામાં જીવીએ છીએ. આ દુનિયામાં સતત કાંઈ હિલચાલ થતી હોય છે. સવારથી માંડીને સાંજ સુધી ઘણી બધી ઘટનાઓ આપણને જોવા મળે છે અને ઘણું બધું સાંભળવા પણ મળે છે. જનસંપર્ક ખૂબ જ વેગવાન અને આસન થઈ ગયો છે. બેઠાં બેઠાં જ કોઈપણ જગ્યાથી દુનિયામાં કોઈ પણ જગ્યાએ ઈન્ટરનેટ કે ફોન દ્વારા આપણે તુરંત કોઈનો સંપર્ક કરી શકીએ છીએ. આપણા ઓરડામાં બેઠાં બેઠાં જર્મનીના કોઈક સંબંધી સાથે કે ચીન દેશની કોઈ અજાણી વ્યક્તિની જોડે રમત પણ રમી શકીએ છીએ, અથવા વિડીયો ચેટ કરી શકીએ છીએ. એટલું જ નહીં. ફેસબૂક કે વોટસએપ (WhatsApp) દ્વારા રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય મિત્રો પણ બનાવી શકીએ છીએ. પણ જીવનની વક્રતા એવી છે કે આપણી સાથે જ અને આસપાસ વસતા ઘણા લોકો, જેવા કે આપણા સહકાર્યકરો, ઓફિસમાં કામ કરનારાઓ, કુટુંબના સભ્યો અને આપણી દેખરેખ હેઠળ રહેતાં વડીલો ઘણીવાર એકલતા અનુભવે છે.

આપણામાં હંમેશા બીજાને પ્રેમ કરવાની ઝંખના હોય છે, એ તો માનવસહજ છે. જ્યારે પણ આપણને મમતા, પ્રેમ, ભાઈચારો વગેરે મળતાં નથી ત્યારે આપણે નિરાશ થઈને એકલતા અનુભવીએ છીએ.

**એકલતાનાં કારણો :**

એકલતા રાતોરાત વિકસતી નથી. બલ્કે, જીવનમાં બનેલી હરેક ઘટનાની સાથે સાથે એકલતા વિકસે છે. એટલે, એકલતા વ્યક્તિત્વ પર અસર કરે છે. ઘણીવાર આપણામાં રહેલાં આંતરિક પરિબળો આપણને વિખુટાપણા તરફ દોરી જાય છે. કેટલાક લોકો, તેમના બાળપણના અનુભવ અને ઘરના વાતાવરણને લીધે એકલા પડી જાય છે. ખોવાયેલા દીકરાની જેમ આપણે પણ ઈશ્વર પાસેથી દૂર જઈને છીએ. (લૂક ૧૫:૧૧-૧૪) ઉદાહરણ તરીકે કડક મા-બાપ સાથે રહેતાં બાળકો, વાત્સલ્ય કે કુણી લાગણી વગરના કુટુંબમાં રહેતાં બાળકો કે યુવાનો, શરમાળ સ્વભાવને કારણે બીજાની સાથે સંબંધ રાખી શકતાં નથી. આવી વ્યક્તિઓ પરસ્પર યોગ્ય સંબંધો વિકસાવવામાં નબળી પડે છે. સામાજિક સંબંધોની ઊણપની તેમનાં વ્યક્તિગત જીવન ઉપર ખૂબજ ઊંડી અસર પડે છે. તેથી અપરિણીત, છૂટાછેડા લીધેલાં યુગલો, આધાર વગરના વડીલો, ખોટા માર્ગે ચઢેલા યુવાનો, વિધુરો અને વિધવાઓની સમસ્યા વધતી જાય છે. તેના કારણે આ ઉપરોક્ત જૂથના લોકો દારૂ, મદ્યપાન, તમાકુ, ચરસ, ડ્રગ્સ, ટી.વી, મોબાઈલ કે બીજી કોઈ ખરાબ ટેવોના વ્યસની બની શકે છે. એમ તેઓ સતત એકલતાનો શિકાર બની જાય છે. એકલતાથી દૂર રહેવા માટે આપણે યોગ્ય રસ્તો શોધવો જોઈએ.

**એકલતામાંથી આધ્યાત્મિક એકાંતપણા તરફ વળવું :**

એકલતા એટલે ઈશ્વરથી અને બીજા માનવોથી વિખુટા પડી જવું. એકલતા ભયજનક સ્થિતિમાં આપણને ડુબાડે છે. જો આપણે એકલતામાં પ્રભુને સ્વીકારીએ તો ઈશ્વર આપણને સાથ આપે છે ને આપણું જીવન આનંદમય બનાવે છે. એકલતામાં આપણે એકલાં પડી જઈએ છીએ પણ આધ્યાત્મિક એકાંતવાસમાં ઈશ્વરની હાજરીનો અનુભવ કરીએ છીએ. એટલે ઈસુ અવારનવાર એકાંતમાં પ્રાર્થના કરવા જતા હતા એવું આપણને શુભસંદેશમાં વાંચવા મળે છે. (માર્ક ૧:૩૫; ૧૪:૩૫; લૂક ૬:૧૨).

જૂના અને નવા કરારમાં ઘણી વ્યક્તિઓએ એકાંતમાં ઈશ્વરનો અનુભવ કર્યો છે એવું જાણવા મળે છે. એકાંતમાં આપણે દુનિયા ઉપર પરાવલંબી હોતા નથી. પરંતુ ઈશ્વરની સાથે સંબંધમાં બાંધીએ છીએ. આપણી જાતને પરમેશ્વરના ચરણે સંપૂર્ણપણે સમર્પિત કરીએ ત્યારે જાખ્ખીની જેમ આપણમાં પણ નવી શક્તિ, આશા અને ધગશ ઉત્પન્ન થાય છે. જેથી પ્રભુ ઈસુ આપણને કહી શકે કે આજે આ ઘરનો ઉદ્ધાર થયો છે (લૂક ૧૯:૯). ઈશ્વર આપણને નવી જવાબદારી સોંપે છે. હોરબ પર્વત પર એકાંતમાં મોશે અને ઈશ્વરની મુલાકાતમાં ઈસ્રાયેલનો ઉદ્ધાર કરવા માટે ઈશ્વરે મોશેને પસંદ કર્યો. મોશે એકાંતમાં હોય છે ત્યારે ઈશ્વર, 'હું તારી સાથે છું' (મહાપ્રસ્થાન ૩:૧૨) એમ કહીને હિંમત આપે છે. એવી રીતે એલિયા પોતાનું જીવન બચાવવા માટે (રણમાં) એકાંત જગ્યાએ ચાલ્યો જાય છે. (૧ રાજા ૧૯:૪) ત્યારે પણ ઈશ્વર તેની સાથે છે એનો અનુભવ કરે છે. તેથી રણમાં કાગડાને આજ્ઞા કરીને એલીયાને તે ખવડાવે છે (૧ રાજા ૧૭:૪). એલિયા એકાંતમાં ઈશ્વરની સમીપતાનો અનુભવ કર્યા પછી હોરબ પર્વત પર જઈને પ્રભુનાં દર્શન કરે છે.

ઈસુને હંમેશા એકાંતમાં પોતાના પિતાને મળવાની ઈચ્છા હતી. પોતાની છેલ્લી ઘડીએ હંમેશની ટેવ મુજબ જૈતુન પહાડ ઉપર પ્રાર્થના કરવા ગયા (લૂક ૨૨:૩૯) એ ઘડીએ ઈસુ તીવ્ર વેદના અનુભવતા હતા (લૂક ૨૨:૪૪) ત્યારે સ્વર્ગના દેવદૂતે તેમને દર્શન દીધાં. હા, આપણે ઈશ્વરનાં સંતાન છીએ. તેથી તે આપણને મુશ્કેલીઓમાં એકલા છોડતા નથી બલ્કે તે હંમેશા આપણી સાથે રહે છે, ફક્ત આપણે તેમને ઓળખી શકતા નથી. ઈશ્વર સિવાય આપણને કોણ શાંતિ આપી શકે? આ દુનિયા આપણને તૃપ્ત ના કરી શકે. એકલતા ઈશ્વરની સજા નથી. પરંતુ આપણામાં રહેલી ઈશ્વરને મળવાની ઝંખના પૂરી પાડવાની તક છે.

**એકાંતપણું આપણા હૃદયને પ્રેમથી ભરીને સંબંધો બનાવે છે :**

ઘણાં વર્ષો પહેલા મારા દાદાજી લ્યુકેમિયાની બીમારીથી (Leukemia) પીડાતા હતા. તેમનાં મૃત્યુ પહેલાંના એક અઠવાડિયા દરમિયાન તેમની આંખોમાં એક વિશિષ્ટ તેજ જોવા મળ્યું હતું. એવી તેમની આંખો મેં ક્યારેય જોઈ નહોતી. આ છેલ્લા દિવસોમાં તેઓ જેમને મળતા તે સર્વને સુંદર સ્મિત આપીને ખડખડાટ હસતા હતા. આ જોઈને મને ઘણું આશ્ચર્ય થતું. થોડા સમય પછી મને લાગ્યું કે, કદાચ આ દુનિયામાંથી વિદાય લેતાં પહેલાં, તેમણે પોતાની જાતને સભાનતાથી એવી તો તૈયાર કરી કે તેમનું એકલવાયાપણું દૂર થઈ ગયું અને તેઓ હસતા મોઢે મૃત્યુ પામ્યા.

ઈશ્વરે આપણને તેમના પ્રતિમૂર્તિરૂપે બનાવ્યા છે (ઉત્પત્તિ ૧:૨૭) અને આપણે બધા પ્રકાશનાં સંતાનો છીએ. (૧ થેસ્સલો ૫:૫). જેથી આપણાથી ઈશ્વરથી દૂર રહી શકાય નહીં. એકલતા એ ઈશ્વર, પડોશ અને ખુદ આપણી પોતાની સાથેના સંબંધને બાંધવામાં મદદ કરે છે. એટલે એકલતા આપણને મળેલી એક તક છે. એકલતા ઈશ્વરના સામીપ્યનો અને ભાઈભાંડુઓના ટેકાનો અનુભવ કરવાની તક આપે છે. એકલતાના કારણે જ આપણને, મિત્રતા, લગ્નજીવન, કૌટુંબિક જીવન અને અન્ય સંબંધોનું મહત્ત્વ સમજાય છે. એકલતા આપણને અન્યની સુંદરતાની પ્રશંસા કરવાની એક નવી દૃષ્ટિ આપે છે. માનવ સંબંધોની ઝંખનાને લીધે આપણે એકબીજા સાથે હળીમળીને રહી શકીએ છે. એટલે આપણે ભાઈભાંડુઓના ટેકાનો અનુભવ કરી શકીએ છીએ.

આ લેખને અસીસીના સંત ફ્રાન્સિસના શબ્દો સાથે પૂર્ણ કરવા ઈચ્છું છું.
વેરઝેર ત્યાં તારો પ્રેમ વહાવું, અન્યાય જોઈ, તારો ન્યાય પ્રસારું,
કુશંકાઓ શ્રદ્ધાદીપથી બાળું, હોય હતાશા ત્યાં આશા પ્રગટાવું,
એવું દે વરદાન. ●


આશિષ ક્રિશ્ચિયન અને રિચર્ડસન મેકવાન પ્રસ્તુત કરે છે
નોન સ્ટોપ ખ્રિસ્તી ગરબા

**આંગણિયા સજાવો**

**સૌ પ્રથમવાર ૩૨ ગાયકો, ૨૦ વાંજિંત્રો અને ૪૭ ગરબા એક સાથે ૧ ખ્રિસ્તી આલ્બમમાં એ પણ ૭૫ મિનીટ નોનસ્ટોપ...!!**



સંકલન :
**આશિષ ક્રિશ્ચિયન**
(ગાયક, ગીતકાર અને સ્વરકાર)



સંગીત :
**રિચર્ડસન મેકવાન**
(ઓકટેવ રેકોર્ડીંગ સ્ટુડિયો)

**નવેમ્બરથી દરેક જાણીતા બુક-સ્ટોલ્સ પર ઉપલબ્ધ**

**સી.ડી. માટે સંપર્ક :**
**આશિષ ક્રિશ્ચિયનઃ ૯૮૯૮૨ ૧૨૪૫૮, ૯૬૬૨૫ ૨૪૨૫૮**



**કિરણભાઈ** ૯૭૨૫૮ ૧૯૨૬૩
**કમલેશભાઈ** ૯૭૨૫૨ ૭૦૮૦૪

**જય પ્રભુ કેટરર્સ**

**લગ્ન તથા બર્થ ડે નો ઓર્ડર લેવામાં આવશે.**

**ગુજરાતી, પંજાબી, ચાઈનીશ**
**કાઠીયાવાડી, સાઉથ ઈન્ડિયન**
**ઓર્ડર ઘરઆંગણે બનાવી આપવામાં આવશે.**

**ખ્રિસ્તી મહોલ્લો, સ્વામી નારાયણ મંદિર બાજુ, લાંભવેલ**

# રતનનું જતન

✍ કલ્પેશ સોલંકી 'કલ્પ'

*યુવા ગઝલકાર, વાર્તાકાર અને સાહિત્યકાર તથા પેરામેડિકલ સ્ટાફ, શૈશવ ચિલ્ડ્રન હોસ્પિટલ, અમદાવાદ*

બાળકો, માતા પિતા અને દેશનું ભવિષ્ય છે અને ભવિષ્યને મજબૂત બનાવવા માટે રતનનું જતન કરવું જ રહ્યું. બાળકને પૌષ્ટિક આહાર, યોગ્ય કેળવણી અને સારા શિક્ષણની સાથે સાથે તેની શારીરિક અને માનસિક તંદુરસ્તી એટલી જ અતિમહત્ત્વની બાબત છે.

પાંચેક વર્ષથી નાની ઉંમરનું બાળક બીમાર પડે અને હોસ્પિટલમાં દાખલ કરવું પડે ત્યારે બાળક અને માબાપ બંનેની સ્થિતિ દયનીય અને કફોડી બની જાય છે. પોતાને શું થાય છે તે કહેવામાં બાળક અસમર્થ છે. એનું કરૂણાસભર રૂદન માબાપને પરેશાન કરી નાંખે છે. બાળક રમકડાં ફેંકી દે, ખાવાનું ટાળે, સતત રડ્યા કરે, તાવ આવે, ઉલટી થાય, ઉબકા આવે, શ્વાસ વધારે ચાલે, ખેંચ આવે અને ઘણું બધું... બાળકને અસહ્ય - પારાવાર પીડા અને સામે લાચાર માબાપ, ક્યારેક નાસીપાસ થઈ જાય આ બધાથી આપણે બાળકને સુરક્ષિત રાખી શકીએ, સમયસર રસીકરણ અપનાવીને. રસી(વેક્સીન) આપવાથી બાળકને ભવિષ્યમાં થતાં રોગ સાથે રક્ષણ પૂરું પાડી શકીએ, પાણી પહેલાં પાળ બાંધી શકીએ.

રસીકરણ એટલે બાળકનો 'બોડીગાર્ડ' એ આજનાં જાગૃત મમ્મીપપ્પાને રસીકરણ વિષે તો સામાન્ય ખ્યાલ હશે જ કે જે રોગ સામે રસી મૂકવામાં આવે છે, રોગ સામે સુરક્ષાકવચ પૂરું પાડે છે અને કદાચ એ રોગ થાય તો જીવલેણ સાબિત નથી થતો. રોગપ્રતિકારક રસી મૂકાવ્યા પછી રોગ સામે રક્ષણ આપતી નથી પરંતુ શરીરને ભવિષ્યમાં આવનાર રોગ સામે લડવા જાગૃત કરે છે. આપણા શરીરમાં જન્મની સાથે જ રોગપ્રતિકારક શક્તિ (ઈમ્યુનિટી) ની વ્યવસ્થા પ્રભુએ કરેલી છે. પણ, આ રોગપ્રતિકારક શક્તિને પૂરેપૂરી જાગૃત કરવાનું કામ આ રસી કરે છે. તો આવી જ રસીની સામાન્ય જાણકારી આપણે મેળવીએ.

**B.C.G. (બી.સી.જી.):** સામન્ય રીતે નવજાત શિશુને પહેલી રસીની શરૂઆત, જન્મના બીજા દિવસે કરવામાં આવે છે. નવજાત શિશુનું વજન બરાબર હોય અને એને બીજી કોઈ શારીરિક તકલીફ ના જણાતી હોય તેવાં બાળકોને જન્મ પછી બી.સી.જી. અને ઓરલ પોલિયોની રસી આપવામાં આવે છે. બી.સી.જી.ની રસી ટી.બી.(ક્ષય) રોગ સામે રક્ષણ આપે છે. આ રસી બાળકના જન્મના બીજા દિવસથી ત્રણ મહિના સુધી મૂકી શકાય. સામાન્ય સંજોગોમાં આ રસી જન્મના પંદરેક દિવસમાં મૂકવામાં આવે છે અથવા તો મુકાવી દેવાની સલાહ આપવામાં આવે છે. બી.સી.જી.નું ઈંજેક્શન નવજાત બાળકને ડાબા ખભાની બહાર ચામડીના પડની (Intra Dermal) વચ્ચે મૂકવામાં આવે છે. રસી મૂકાવ્યા બાદ એ ભાગમાં સોજો આવે છે અને એકાદ બે કલાકમાં આપોઆપ ઓછો થઈ જાય છે. ચોથા અઠવાડિયે ત્યાં ફરી ગાંઠ ઉપસી આવે છે. સમય જતાં આ ગાંઠ ફોલ્લીમાં રૂપાંતરિત થઈ ફૂટી તેમાંથી પરૂ બહાર આવે છે અને પાંચ કે છ દિવસમાં તે રૂઝાઈ જાય છે અને ત્યાં ચાંદા જેવું કાયમી નિશાન રહી જાય છે. બી.સી.જીની રસી મૂકાવ્યા બાદ ત્યાં આવતો સોજો, ગાંઠ કે ફોલ્લી ઉપર દવા ના લગાવવી જોઈએ. ભાગ્યે જ કોઈ કિસ્સામાં બાળકની બગલ કે ખભા ઉપર ગાંઠ ઉપસી આવે તો ડોક્ટરનો સંપર્ક કરવો. બી.સી.જી.ની સાથે અપાતાં પોલિયોનાં બે ટીપાંથી શિશુને થતાં પોલિયોમાઈલીટીસ (બાળલકવા) નામના રોગ સામે રક્ષણ આપે છે. પોલિયો પીવડાવ્યાની પંદરેક મિનિટ બાદ બાળકને સ્તનપાન કરાવી શકાય છે. પોલિયો નાબૂદી માટે ભારત સરકારની સાથે સાથે ગુજરાત સરકાર પણ "પલ્સ પોલિયો" ઝુંબેશ ચલાવે છે. પલ્સ પોલિયોનો કાર્યક્રમ ડિસેમ્બર, જાન્યુઆરીની આસપાસ યોજવામાં આવે છે. બાળકની ઉંમર ૦ થી ૫ વર્ષ સુધી હોય એવા બાળકોને પોલિયોનાં ટીંપાં પીવડાવાં જોઈએ. અત્યારે ઓરલ પોલિયોની સાથે ઈન્જેકટેબલ પોલિયો પણ આપવામાં આવે છે. (આઈ.પી.વી.) એ સિવાય બીજી બધી રસી નિયમિત મૂકેલી હોય તો પણ, વધારાનાં પોલિયોનાં બે ટીંપાં આપવાં જોઈએ. બાળકને સામાન્ય તાવ, ખાંસી, શરદી હોય તો પણ આ રસી આપી શકાય.

**હેપેટાઈટીસ - બી:** હેપેટાઈટીસ ઝેરી કમળોની રસી બાળકને જન્મ પછી શક્ય હોય એટલી વહેલી મૂકવી જોઈએ. જે યકૃતના ચેપી રોગ સામે રક્ષણ આપે છે. આ રોગ વાઈરસના ચેપથી થાય છે. આપણાં દેશમાં ૩% થી ૬% લોકોને કમળાના બી વિષાણુને કારણે યકૃતની બીમારી છે. જેના કારણે આજીવન ચેપ, લીવર કેન્સર અને લીવર ફેલ્યર થઈ શકે છે. આ રસીના ત્રણ ડોઝ હોય છે.

**DPT – ત્રિગુણી:** નામ પ્રમાણે આ રસી એક સાથે ત્રણ રોગ સામે રક્ષણ આપે છે. D-ડિફ્થી'અરિયા (Diptheria), P-ઊંટાટિયું (Pertusis), T-ધનૂર (Tetanus).

આ રસી બાળકને દોઢ, અઢી અને સાડા ત્રણ માસની ઉંમરે, એમ એક એક મહિનાના અંતરે આપી શકાય. ડી.પી.ટી.ની સાથે પોલિયાનાં ટીંપાં પણ પીવડાવવામાં આવે છે. રસી મૂકાવ્યા બાદ બાળકને તે જગ્યાએ બે કે ત્રણ દિવસ દુઃખાવો રહે છે, તાવ આવે, સોંજો આવે, ઘણીવાર ત્યાં ગાઠ થાય. દુખાવા અને તાવને કારણે બાળકનું રડવાનું વધી જાય તો ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

**HIB–એચ.આઈ.બી.:** જન્મથી લઈ પાંચ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને એચ. ઈન્ફ્લ્યુએન્ઝા નામના બેક્ટરીયાથી ઘણા ગંભીર

રોગ થાય છે. મેનિન્જા'ઈટિસ (મગજ ઉપરની અંતરત્વચાના સોજાનું દરદ) જેવા રોગનું નામ પહેલાં આવે. સિવાય બીજા રોગોમાં ન્યુમોનિયા, સાંધાનો ચેપ, સ્વરપેટીનો ચેપ, હૃદયના આવરણ ઉપરનો ચેપ અને લોહીમાં એ ચેપ ફેલાય છે. આવા ગંભીર પ્રકારના રોગ સામે રક્ષણ મેળવવા હિબની (હિમોફિલસ ઈન્ફ્લ્યુએન્ઝા ટાઈપ-બી)ની રસી મૂકવામાં આવે છે. જે ઈંજેક્શનરૂપે મૂકવામાં આવે છે.

**ORAL ROTAVIRUS – ઓરલ રોટા વાઈરસઃ** જન્મથી લઈને છ મહિના સુધીનાં બાળકોને મોં વાટે પીવડાવવામાં આવતી રસી છે ને જેના બે કે ત્રણ ડોઝ હોય છે. તે બાળકને રોટા વાઈરસથી થતા ઝાડા સામે રક્ષણ પુરું પાડે છે. નવજાત શિશુઓમાં ઝાડા ને ડિહાઈડ્રેશનનું કારણ સામાન્ય હોય છે. ભારતમાં પાંચ લાખથી પણ વધારે આ રોગ માટે હોસ્પિટલમાં દાખલ થનારાં નવજાત શિશુની સંખ્યા છે અને આ રોગને કારણે વર્ષમાં દોઢ લાખ બાળમૃત્યુ નોંધાયાં છે. આ રોગનાં લક્ષણોમાં સતત પાણી જેવા ઝાડા થવા, ઉલ્ટી થવી, બાળકનું રડવાનું વધી જવું અને ઘણા કિસ્સાઓમાં બાળકના શરીરમાંથી પાણી ઘટી જવું અને બાળકને તાત્કાલિક દાખલ કરવું પડે છે. સમયસર સારવાર ના મળે એવા કેસમાં બાળકનું મૃત્યુ પણ થાય છે.

**PNEUMOCOCCAL CONJUGATE –**

**ન્યુમોકોકલ કોન્ઝ્યુગેટઃ** ન્યુમોકોકલ નામનાં જીવાણું સાધારણ રીતે ૨૦% થી ૨૫% ન્યુમોનિયા, ૩૦% થી ૫૦% ઓટાય'ટીસ મિડિયા (કાનમાંથી પરૂ આવવું) અને ઘણાંખરા મગજના તાવના દર્દીઓમાં કારણભૂત હોય છે. પાંચ વર્ષ અને એમાંય બે વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોમાં આ રોગનું જોખમ વધારે હોય છે. આ રસી ઈંજેક્શન દ્વારા મૂકી શકાય છે.

**MEASLES – ઓરીની રસીઃ** નવ મહિનાની ઉંમરે આ રસી ઈંજેક્શનથી ચામડીની નીચે મુકાય છે. જે ઓરીના રોગ સામે રક્ષણ આપે છે. આ ગંભીર અને ચેપી રોગ છે. જે ૨૦% કિસ્સાઓમાં આ રોગ વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરે છે. જેમાં કાનમાં ચેપ અથવા ન્યુમોનિયા થઈ શકે છે. એક વખત ઓરી નીકળી ગઈ હોય તો પણ આ રસી મૂકાવવી જોઈએ.

**MMR – એમ.એમ.આર.:** બાળકોમાં સામાન્ય એવા ત્રણ ચેપી રોગો ઓરી (Measles), ગાલપાચોળિયું (Mumps), (નૂરબીબી-જર્મનઓરી) (Rubelaa). આ ઓરી મૂકવાની યોગ્ય ઉંમર ૧૫ થી ૧૮ માસની છે. છતાં બાકી રહી ગઈ હોય તો અપાવી જોઈએ. આ રસી ઈંજેક્શન દ્વારા મૂકાય છે.

**VERICELLA – અછબડાની રસીઃ** આ રસી બાળકને એક વર્ષની ઉંમર એટલે કે બારમા મહિને અને જો ચૂકી ગયા હોય તો બાર વર્ષની ઉંમર પહેલાં મૂકાવી જોઈએ. અછબડાનો રોગ આમ તો સામાન્ય ગણાય છતાંયે રોગ એટલે રોગ. એની આડઅસરના કારણે દર્દીને એન્સેફેલાટીસ (મગજનો સોજો) જેવી ભયાનક બીમારીને નોંતરી શકે છે. અછબડાનો ચેપી રોગ વેરીસેલા ઝોસ્ટર નામના વાઈરસથી શરીરમાં ફેલાય છે, જેમાં આખા શરીરે ચકામાં અને ફોલ્લીઓ ઉપસી આવે છે. ઘણાં દર્દીઓમાં અછબડાને કારણે ન્યુમોનિયા કે મગજનો સોજો જેવી બીમારી થવાની શક્યતાઓ નકારી ના શકાય. લગભગ દરેક વ્યક્તિને જીવનકાળ દરમ્યાન એકવાર આ રોગ થાય છે. પણ, રસી અપાવવાથી ચિકનપોક્સ અને હેર્પેસ (Herpes)થી બચી શકાય છે. આ રસીના નવા નિયમ પ્રમાણે બે ડોઝ આપવાના હોય છે. પહેલો ડોઝ એક વર્ષની ઉંમરે અને બીજો પાંચ વર્ષે.

**હેપેટાઈટીસ-એ (સાદા કમળાની રસી):** એક વર્ષની ઉંમરે આ રસીનો પહેલો ડોઝ અને દોઢ વર્ષની ઉંમરે એટલે કે પહેલા ડોઝના છ મહિના પછી બીજો ડોઝ આપી શકાય છે. તેની કોઈ ચિંતાજનક આડઅસર હોતી નથી. આ રસી લિવરના ચેપી રોગ સામે કવચ આપે છે. આ રોગ ખોરાક અથવા પાણી દ્વારા ફેલાતા વાઈરસનો રોગ છે. જે મોં વાટે શરીરમાં પ્રવેશે છે અને લિવરને લક્ષ્ય બનાવી નુકસાન પહોંચાડે છે. આ રોગ વકરી જાય તેવી હાલતમાં કમળામાંથી, કમળીમાં પરિણમે છે. ત્યારે દર્દીની હાલત ગંભીર થઈ જાય છે. આ રોગનાં અન્ય લક્ષણોમાં ઊલટીઓ થવી, પેટમાં દુખાવો થવો, ભૂખ ઓછી લાગવી વગેરે છે. ઘણીવાર આ રોગમાં બાળકને હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર આપવી પડે છે.

**TYPHOID – ટાઈફોઈડઃ** ટાઈફોઈડ નામના રોગથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. ટાઈફોઈડનાં બેક્ટેરિયા પાણી અને ખોરાક દ્વારા શરીરમાં પ્રવેશે છે. આ રસી અપાવવાની યોગ્ય ઉંમર બે વર્ષની છે. ત્યારબાદ દર ત્રણ વર્ષે ફરી મૂકવાની હોય છે. ઘણા બાળકોને ટાઈફોઈડ થઈ ગયો હોય અને એની સારવાર પૂર્ણ થયા બાદ પણ આ રસી આપી શકાય છે. સાલ્મોનેલાટાઈફી નામના બેક્ટેરિયામાંથી થતો આ રોગ ગંભીર હોય છે. આ રોગની યોગ્ય સમયે અને યોગ્ય સારવાર ના થાય તો સમય જતાં આંતરડામાં ચાંદા પડે છે. આ રોગ દરમ્યાન ૧૦૩ ફેરન્હાઈટથી ૧૦૫ ફેરન્હાઈટ જેટલો તાવ રહ્યા કરે છે.

**HPV – સર્વાઈકલ કેન્સરઃ** ભારતમાં ગર્ભાશયના કેન્સરના રોગી પૈકી ૭૭% દર્દી HPV ટાઈપ ૧૬ અથવા ૧૮ કારણે રોગી બને છે. જગતભરની મહિલાઓમાં થતાં કેન્સરમાં ગર્ભાશયના કેન્સરનો નંબર બીજો છે. આ રસી ગભર્શિયના કેન્સર સામે રક્ષણ આપે છે. ભારતીય મહિલાઓમાં આ પ્રકારનું કેન્સર સ્તનકેન્સરથી પણ વધુ સામાન્ય છે. દર વર્ષે જગતભરમાંથી નોંધાતા પાંચ લાખ દર્દીઓ પૈકી ૭૫ હજાર ભારતીય મહિલાઓ હોય છે. આ રસી દસ વર્ષની ઉંમરે આપી શકાય છે - જેના ત્રણ ડોઝ હોય છે.

**SYNFLURIX – સાઈન્ફ્લુરિક્ષઃ** આ રસી પણ બાળકોમાં થતાં સામાન્ય શરદી કફ અને એના કારણે થતાં ન્યુમોનિયા જેવા ગંભીર રોગ સામે રક્ષણ પૂરું પાડે છે.

**PENTAXIM – પેન્ટાક્ષિમઃ** આ રસી પેઈનલેસ રસી કહેવાય છે જેના ત્રણ ડોઝ હોય છે. આ રસી મૂક્યા બાદ બાળકને સામાન્ય તાવ આવી શકે છે. અને બાળક પ્રમાણમાં ઓછું હેરાન થાય છે. આ રસીમાં DPT, HIB, IPV આવી જાય છે. ખાનગી હોસ્પિટલમાં

આ રસી ઉપલબ્ધ હોય છે. આ બધી રસીઓ બાળકને ગંભીર રોગ સામે રક્ષણ આપે છે. રોગનાં જીવાણું સામે લડવા શરીરની રોગપ્રતિકારક શક્તિને સતેજ કરે છે. બાળકને અપાતી બધી જ રસીઓમાં તાવ આવવો કે સોજો આવી જાય એવું બનતું નથી. હા, જ્યારે ડી.પી.ટી. રસી મૂકવામાં આવે છે ત્યારે એકાદ બે દિવસ તાવ આવે છે. તે સિવાય બીજી અન્ય રસીઓમાં આ પ્રકારની ફરિયાદ ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

ઉપરની માહિતી વાંચ્યા બાદ એક વિચાર ચોક્કસ આવે કે “આટલી બધી રસી અને એનાય પાછા વધારાના ડોઝ અપાવીને બાળક વધુ માંદુ થઈ જાય.” એક રીતે આપની વાત સાચી છે ને વિચારવા યોગ્ય છે. અત્યારે જે પ્રકારની રસી બજારમાં ઉપલબ્ધ છે તેમાં મોટાભાગની રસી એક જ ઈન્જેક્શન દ્વારા આપી શકાય છે. આ રસીને કોમ્બીનેશન વેક્સીન કહેવાય છે. આ રસી પણ એટલી જ સુરક્ષિત છે. એક જ મુલાકાતમાં એકથી વધુ રસી આપવાથી ઓછા ઈન્જેક્શનો, ઓછા આંટાફેરા, માતાપિતાના સમયની બચત અને ખાસ તો નવજાત શિશુને અવારનવારની પીડામાંથી મુક્તિ, મળી શકે છે.

બાળકના જન્મ પછી બી.સી.જી. અને ઓરલ પોલિયો, ત્યાર બાદ દોઢ, અઢી અને સાડાત્રણ મહિને પેન્ટા રસી આપવાની હોય છે. પેન્ટામાં ડી.ટી.પી., હેપેટાઈટીસ બી.એચ.આઈ.બી. અને સાથે ઓરલ પોલિયો અથવા ઈન્જેક્શન પોલિયો હોય છે. દોઢ મહિને અને અઢી મહિને રોટા વાયરસ, નવ માસની ઉંમરે ઓરીની રસી, એક વર્ષની ઉંમરે હેપેટાઈટીસ એ અને ચિકનપોક્સ, પંદરમાં મહિને MMMR, દોઢ વર્ષે હેપેટાઈટીસ એ અને બૂસ્ટર, બે વર્ષની ઉંમરે ટાઈફોઈડ અને ચાર થી પાંચ વર્ષની ઉંમરે ટાઈફોઈડ અને બૂસ્ટર ડોઝ અપાવવાના હોય છે. માંદગી અથવા તો બીજા કોઈ અન્ય કારણથી બાળક આ બધી રસીથી વંચિત રહ્યું હોય તો ડોક્ટરની સલાહ લઈ બાળકને રસી શરૂ કરી શકાય.

ભારત સરકાર દ્વારા સરકારી દવાખાનાં અને હોસ્પિટલોમાં વિના મૂલ્યે આપવામાં આવતા વેક્સીનોમાં બી.સી.જી, ઓરલ પોલિયો, પેન્ટા, ઓરી, એમ.એમ.માર, બૂસ્ટર અને વિટામિન એ નો સમાવેશ થાય છે. તે સિવાયની બીજી બધી સ્વૈચ્છિક રસીઓ બાળકોના ડોક્ટર પાસેથી અપાવી શકાય. આમાંથી ઘણી બધી રસી કિંમતની દૃષ્ટિએ મોંઘી છે. એટલે એ અપાવવી કે નહીં એ બાળકના માતાપિતા એ નક્કી કરવાનું હોય છે. આર્થિક સ્થિતિ નબળી હોય તો સરકારી હોસ્પિટલમાં અપાતી બધી જ રસીઓ સમયસર મૂકાવવાનો આગ્રહ રાખવો. શિશુ સુરક્ષા દિને આપણે સૌ નક્કી કરીએ “નિમયિત રસીકરણ કરાવી. બાળક, ઘર, સમાજ અને દેશને વધુ મજબૂત બનાવીએ.” ‘શિશુ સુરક્ષા દિન’ ભલે ૭ નવેમ્બરે હોય પણ આપણા રતનનું જતન કરવા એની ઉજવણી આપણે આખું વર્ષ કરીએ. ●

Email: vikalp50@gmail.com
(M) 98989 99586


## લગ્ન વિષયક

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૨૮ વર્ષ, ૨૧-૧૨-૧૯૮૫ જન્મ. એજ્યુકેશન બી.એ., બીપીએડ, એમ.એ.બી.એડ. વજન ૬૫ કિ.ગ્રા., ઊંચાઈ ૫'૫'', હાલ પગાર રૂા. ૧૦,૫૦૦/- યુવતીની પાત્રતા બી.એ.બી.એડ., પી.ટી.સી., નર્સિંગ અથવા સરકારી જોબ વાળી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૯૨૫૨ ૭૦૫૫૯**

* * *

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર વર્ષ ૨૫, ઉંચાઈ ૫'૧૦'', રંગ ઘઉંવર્ણો, અભ્યાસ સાઉન્ડ એન્જિનિયર, હાલમાં સાઉન્ડ એન્જિનિયર તરીકે મુંબઈમાં ફરજ બજાવે છે. લાયકાત ધરાવતી યુવતીના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૯૮૭૯૦ ૦૩૯૩૪, ૯૯૨૫૦ ૩૧૧૭૫**

**Email: macsun@rediffmail.com**

* * *

*Gujarati Catholic boy, age 26 (1987), Hight 5'10", fit & handsome. CE completed, working in Mastek Pvt. Ltd. Navi Mumbai (Salary 35,000). Seeking catholic & cultured brides.

Kindly contact: **91730 45238**

* * *

*We are looking for a good and suitable match from a Gujarati Catholic family for our daughter (G.N.M. Nurse) having Govt. service, age 26, height 5'2", fair skin. Interested parents may please contact.

**M. 81540 73659**

* * *

*Gujarati Catholic parents looking for a suitable match for their son who has completed his Masters in Enginerring from USA. At present working in a reputed company at Dollas, Texas, USA. Height 5'11" and June 87' born.

Intersted parents may contact **73833 34960**
First preferance for girls residing in USA.


## પ્રથમ પુણ્યતિથિ



**સ્વ. મણીબેન દલાભાઈ ખ્રિસ્તી**
અવસાન: ૨૫-૧૧-૨૦૧૩

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.
પ્રભુ આપના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

**લિ. દલાભાઈ એમ. ખ્રિસ્તી તથા પરિવાર**
વણસર, તા. માતર

# એક સમર્પિત આયખું

✍ સિસ્ટર રેશ્મા મેન્યુઅલ મેકવાન



વીરેન તથા રીયાનું સફળ લગ્નજીવન, સફળ કારકિર્દી, ધંધે અને પૈસે ટકે ખૂબ સુખી હતું. આવા સફળ દાંમ્પત્યજીવનમાં સઘળું સુખ ધરાવતા હોવા છતાં વીરેન અને રીયા સંતાનસુખથી વંચિત હતાં. વર્ષોની માનતા બાધા-આખડી, પ્રાર્થના તથા શ્રદ્ધાના જોરે આખરે વીરેન તથા રીયાએ પ્રભુની કૃપા મેળવી લીધી. સાથે સાથે આવનાર પ્રથમ બાળકને પ્રભુને ચરણે અર્પણ કરવાનું વચન પણ આપી દીધું. આમ, વીરેન તથા રીયાએ આ આવનાર નવજાત શિશુને પ્રભુને ચરણે અર્પણ કર્યું. હવે રહી વાત આ સમર્પિત કરાયેલા નવજાત શિશુની, કે જે હજી નાદાન છે. હવે આ નાનું બાળક પ્રભુની મધ્યસ્થીમાં કેવી રીતે ઉછેર પામશે? કે જેથી કરીને આ બાળક પોતાની શેષ જીંદગી પ્રભુને સમર્પિત થઈને જ રહેશે? વીરેન તથા રીયાએ તો પોતાની માતા-પિતા તરીકેની ફરજ બજાવી દીધી. હવે સઘળુંયે આ નવા જન્મનાર બાળકના હાથમાં છે.

અહીં સંતાનવિહોણાં માતા-પિતા, આવનાર નવું બાળક તથા પ્રભુનો અહીં ત્રિભેટે સમન્વય થાય છે. પ્રભુની કૃપા, માતા-પિતા દ્વારા બાળકનો ધાર્મિક ઉછેર અને એથીયે વિશેષ, આ સઘળુંયે ગ્રહણ કરીને આ જન્મ લેનાર બાળક પ્રભુની સેવામાં જ આ આયખું પૂરું કરે તો જ પ્રભુ તરફથી મળેલા વરદાનનું વચન સાર્થક થયેલું ગણાય. પણ એ કૃપાઓને મેળવીને, મૃત્યુપર્યંત આપણે પ્રભુને આભારી રહીને, તેને સમર્પિત જીવન જીવવામાં સફળ રહીએ છીએ ખરા?

યહૂદી સમાજમાં પણ એક ખાસ પરંપરા આદિકાળથી ચાલી આવતી હતી કે તેઓ હંમેશાં પોતાના પ્રથમ સંતાનને પ્રભુના વરેલા પુરોહિતો દ્વારા પ્રભુપિતાને ચરણે અર્પણ કરી દેતાં હતાં. યોહાક્કીમ તથા આન્ના પણ યહુદી સમાજની સઘળી પરંપરાઓને અનુસરીને નમ્ર, સાદું તથા પવિત્ર જીવન જીવતા હતાં. યોહાક્કીમ, ઈસ્રાયલની બાર પેઢીઓમાંના ખૂબ ધનાઢ્ય હોવા છતાં પવિત્ર અને ધાર્મિક જીવન જીવતાં હતા. યોહાક્કીમનાં પત્ની આન્ના પણ પતિને પગલે હંમેશા પ્રભુની સેવામાં રચ્યાંપચ્યાં રહેતાં હતાં. તેમનું જીવન સત્યને માર્ગે ચાલનારું હતું. આમ, યહોવાહની સેવામાં રાત-દિવસ વિતાવતા અને ઘણા જ વૃદ્ધ થઈ ચૂક્યા હોવા છતાંયે તેઓ પૂરા તન અને મનથી પ્રભુ ઉપર વિશ્વાસ રાખી પ્રભુ પાસેથી સંતાન મેળવવાના વરદાનને ઝંખી રહ્યાં હતાં. તેમના એ પ્રેમાળ તથા નિરાળા જીવનને ધ્યાનમાં લેતાં પ્રભુએ તેમની પ્રાર્થના સાંભળી, અને તેમને ત્યાં એક દૈવી પુત્રીનો જન્મ થયો, તે આપણાં માતા-મરિયમ.

મરિયમના જન્મ બાદ, યોહાક્કીમ તથા આન્નાએ મરિયમના ખાસ અને પવિત્ર ઉછેર માટે પોતાના ઘરમાં જ એક પવિત્ર નિર્માણ કર્યું હતું, જેને નાનકડું મંદિર (Sanctuary) કહી શકાય અને આ જ પવિત્ર વાતાવરણનું મરિયમની પવિત્રતા જળવાઈ રહે. તેની તેઓએ ખૂબજ કાળજી લીધી હતી. સમય વીતતાં, ત્રણ વર્ષ બાદ યોહાક્કીમ તથા આન્ના પ્રભુને આપેલ વચન અનુસાર તથા યહૂદીઓની પરંપરાગત પ્રણાલિને અનુરૂપ, વાજતે ગાજતે પોતાની પુત્રીને પ્રભુને ચરણે સમર્પિત કરવા પ્રભુમંદિરમાં લઈ આવે છે. મરિયમને મંદિરમાં અર્પણ કર્યાં બાદ, મરિયમ પોતે બાર વર્ષની ઉંમર સુધી પ્રભુ મંદિરમાં જ પ્રભુની સેવામાં રહ્યાં. મરિયમની પવિત્રતા તથા તેમનું જીવન જેમ મંદિરમાં સમર્પિત થયું હતું, તે જ જીવન અને તે જ પવિત્રતા હરહંમેશ સચવાઈ રહી.

મંદિરમાં મરિયમના સમર્પણ વખતે તથા મંદિરના પ્રવેશ દ્વારે જ પુરોહિત, આન્ના તથા યોહાક્કીમ આ સંતાનને હાથમાં લઈને આશીર્વાદિત વાણી ઉચ્ચારે છે કે “હે અમારા પૂર્વજોના ઈશ્વર, આ બાળક ઉપર આર્શીવાદ ઉતારો તથા આવનારી દરેક પેઢીઓમાં આ બાળકનું નામ પાવન કરો.” અને એ જ ઘડીએ, યોહાક્કીમ તથા આન્ના પોતાનાં આ વ્હાલસોયાં સંતાનને હંમેશને માટે પ્રભુને ચરણે અર્પણ કરી દે છે. મરિયમે પણ પોતાના એ સમર્પણની પવિત્રતામાં લગારેય ઓછપ આવવા દીધી ન હતી. માતા મરિયમ પોતે જાણતા હતાં કે તેઓ તન અને મનથી પ્રભુને સમર્પિત છે, અને આ જ પવિત્ર જીવન તેમને પ્રભુની મહાન માતા બનવા માટે લાયક ઠેરવી જાય છે. બાળપણથી જ માતા મરિયમની સમર્પિત જિંદગી તેમને પોતાના જ દીકરા પ્રભુ ઈસુ સાથે ક્રૂસ નીચે ઊભા રહીને પોતાની જાતને સમર્પિત કરવા પ્રેરે છે. આમ, જીવનના દરેક પ્રસંગમાં માતા મારિયાએ પોતાનું સમર્પિત જીવન પચાવી જાણ્યું અને જીવી પણ જાણ્યું છે, જ્યારે તેમણે પ્રભુની માતા થવા માટે “હા” ભણી હતી. આમ, માતા મરિયમનું આયખું પ્રભુને સમર્પિત થઈને પ્રભુને ચરણે વિરમે છે, જ્યારે તેઓ શરીર સાથે સ્વર્ગે લેવાય છે.

માતા ધર્મસભા ‘માતા મરિયમનું મંદિરમાં સમર્પણ’નું પર્વ નવેમ્બર-૨૧ના દિવસે ઉજવી રહી છે ત્યારે આન્ના તથા યોહાક્કીમની જેમ દરેક માબાપ પોતાના સંતાનનો પવિત્ર ઉછેર કરી, તેમને પ્રભુમય માર્ગ પર ચાલવા માટે જરૂરી એવું પવિત્ર વાતાવરણ પૂરું પાડીને, તેમનામાં ધાર્મિક નીતિમૂલ્યોનું સિંચન કરે કે જેથી દરેક સંતાન પ્રભુમય પ્રભુસમર્પિત બની રહે.

માતા મરિયમને ખાસ વિનંતી કરીએ કે તેઓ દરેકને ખાસ કૃપાઓથી ભરપૂર કરે, જેથી દરેક પ્રભુની સેવામાં, પ્રભુને છાજે તેવું જીવન વ્યતીત કરે. અસ્તુ. ●

Email: reshmanuel@ymail.com

# ‘ઘેર ઘેર બાઈબલ સત્સંગ પરિવાર’



✍ ફાધર એન્ડ્રુ સિલ્વેરા એસ.જે.

*ધર્મગુરુ, લેખક, વિવિધ ક્ષેત્રીય તાલીમકાર, માર્ગદર્શક.*

ગાલીલ સરોવર થઈને ઈસુ જતા ત્યારે તેમણે સિમોન અને આંદ્રિયાને સરોવરમાં જાળ નાખતા જોયા. ઈસુએ તેમને કહ્યું, “તમે મારી પાછળ પાછળ આવો. હું તમને માછલાંને બદલે માણસો પકડતાં શીખવીશ.” તરત જ જાળ પડતી મૂકીને તેઓ ઈસુની પાછળ ચાલી નીકળ્યા. એ જ રીતે ઈસુએ હાકલ કરતાંની સાથે યાકોબ અને યોહાન, પોતાના બાપ ઝબદીને મજૂરો સાથે હોડીમાં છોડીને ઈસુની પાછળ ચાલવા લાગ્યા. ગૃહત્યાગ કરેલા ઈસુએ સુવાર્તા-પ્રચાર માટે અવારનવાર પોતાના શિષ્ય આંદ્રિયાનું ઘર અપનાવ્યું. ક્યારેક પોતાના મિત્ર લાઝરસના ઘરે પણ ઈસુ સુવાર્તા પ્રગટ કરતા. આમ ઘર એ જ એક સુવાર્તા-મંદિર બની જતું. કાના ગામે તો ઈસુ, મરિયમ, ઈસુના ભાઈઓ અને એમના શિષ્યો લગ્નમાં જાય છે અને મરિયમની મધ્યસ્થી વડે ઈસુ પાણીનું દ્રાક્ષારસમાં રૂપાંતર કરે છે. પ્રિસ્કા અને અક્વિલા જુવાન આગેવાનોને શિક્ષણ આપનાર એક પરિણીત દંપતી હતું. પાઉલને બચાવવા તેમણે પોતાનો જીવ હોડમાં મૂકેલા. રોમમાં એક નાની ધર્મમંડળી એમના ઘરે પ્રાર્થના અને શુભસંદેશના કાર્ય માટે નિયમિત મળતી. તેઓ એફેસસ રહેવા ગયા ત્યારે પણ એક મંડળી એમના ઘરે મળતી.

શુભસંદેશમાં એક વાત સ્પષ્ટ થાય છે ખુદ ઈસુના અને એમના કુટુંબમાંથી ધર્મસંઘો બનતા જાય છે અને એ બધાં કુટુંબો મળીને એક વિશાળ ધર્મસભારૂપી વટવૃક્ષ બને છે. ધર્મસભાના નાનકડા સંઘો ઈસુના નામે પ્રાર્થના અને સુવાર્તિક કાર્યો કરવા ભેગા મળે છે ત્યારે એ ઈશ્વરની સાક્ષીનું એ સૌથી પ્રભાવશાળી માધ્યમ બને છે. એટલું જ નહિ પણ એમાં માત્ર ગુરુઓ જ નહિ પણ ધર્મજનો સાથે મળીને સંયુક્ત રીતે કે એક કુટુંબ તરીકે ઈશ્વરની સાક્ષી આપે છે. તમારો એકબીજા ઉપરનો પ્રેમ જોઈને સાચે જ લોકોને ખાતરી થાય કે સાચે જ તમે મારા શિષ્ય છો. સંન્યસ્ત જીવન માટે તમારે ઈસુ માટે શિષ્ય મેળવવા હોય તો સક્રિય અને સહભાગી સંઘ જેવું બીજું અસરકારક સાધન ન મળે!

૮૦ના દાયકામાં હું વસઈમાં ઈસુની જાળ લઈને ઘરે ઘરે ફરતો. કોલેજ જતા છોકરાઓને ગુજરાત મિશનમાં જોડાવવાની હાકલ આપતો. એક ઘરે ગયો તો એ કુટુંબની ચારેય દીકરીઓ ગુજરાત મિશનમાં જોડાઈ ચૂકેલી અને બે ભાઈઓ પણ જવા તૈયાર જ હતા. હું મોટાને પસંદ કરીને અમદાવાદ લઈ આવ્યો. આ જોઈને મમ્મીએ ખાટલો પકડ્યો. એમણે સ્વજનોને ભેગા કરીને તરત જ મારા ઘેર મોકલ્યા અને તેમના દ્વારા સ્પષ્ટ સંદેશ મોકલાવ્યોઃ ફાધર એન્ડ્રુને કહો કે મોટા છોકરાને પાછા ઘરભેગો કરો અને નાનાને ફાધર થવા લઈ જાઓ અને મારી ચોથી દીકરીને ભાવનગર કોન્વેન્ટમાંથી પાછા મોકલાવો. આ ન થાય ત્યાં સુધી હું ખાટલો નહિ છોડું. મમ્મીના પડતા બોલ ઝીલવા પડ્યા. બેઉ ભાઈબેન ઘરભેગા કરવામાં આવ્યા અને તેઓ પાછા મઠભેગા ન થાય એની પૂરી ખાતરી કરાવવા માંએ લાગ જોઈએ બેઉને ઝટપટ પરણાવી પણ દીધાં.

જોતજોતામાં ગુજરાત મિશન માટેની જાળમાં સારા એવા યુવા-યુવતીઓ જોડાયા. મહિનામાં એક વખત શનિ-રવિ અમે મારી બહેનના ઘરે, ગોરાયના દરિયાકિનારે, વસઈ કિલ્લામાં અને અમારા ફાર્મ હાઉસમાં મળતાં. પ્રેમ, પ્રેરણા, પ્રોત્સાહન, માર્ગદર્શન, ગમ્મત-જમ્મત, જ્ઞાન, કૌશલ્ય-તાલીમ, ઉનાઈ-વ્યારાના નદીકાંઠે ગ્રામ્ય શિબિરો અને અને પ્રાર્થના સાથે શ્રમદાન જેવી વૈવિધ્યસભર સહભાગી પ્રવૃત્તિઓમાં અનેરો આનંદ છલકાતો. આ બધી પ્રવૃત્તિઓનું આયોજન, સંકલન, મૂલ્યાંકન મારી બહેનના ઘરે થતું. મારી બહેનનું ઘર વસઈના યુવા-યુવતીઓને ગુજરાત મિશનમાં જોડાવા માટેનું પ્રેરણા સ્થળ બની ગયું. આ બધી પ્રવૃત્તિઓથી એક બને એવા તો પ્રભાવિત થયા કે એમણે મને આ કાર્ય માટે જમીન આપવાનો પ્રસ્તાવ કર્યો પણ એમને સમજાવીને આ જમીન અમે એક સાધ્વીમંડળને વૃદ્ધાશ્રમ માટે અપાવી.

ગુજરાત મિશન માટેના ઉમેદવારો મને કુટુંબોની મુલાકાતોમાંથી મળતા. સેંટ માયકલ પેરીશ સિવાય વસઈના બધાં પેરીશ બોમ્બે ડાયોસિસના હતા. સ્થાનિક ફાધરો ગુજરાત-હાકલના કાર્યો માટે મારો સખત વિરોધ કરતા. એટલે જ મેં કૌટુંબિક મુલાકાતોનો અભિગમ અપનાવ્યો. ચમત્કાર એવો થયો કે મને યુથ ગ્રૂપ ચલાવતાં સ્થાનિક ફાધરો-સિસ્ટર્સ કરતાં વધારે યુવા-યુવતીઓ મળવા લાગ્યા. કારણ એક જ : કુટુંબની મુલાકાત લેવી, તેમની સાથે પ્રેમસભર સંબંધો બાંધવા, વિકાસાવવા, ઊંડી આત્મીયતા કેળવવી અને જરૂર પડે તો તેમને મદદરૂપ થવું અને અંતે તો વસઈકર ગુજરાત જેસુઈટ પરિવાર જેવું કાયમી પરિબળ ઊભું કરવું. શરૂઆતમાં પોતાના લાડકા છોકરાનો ત્યાગ ન કરવા માગતા અંતે મારી ખંત, ધીરજ અને ઊંડી આત્મીયતાથી માબાપ પીગળી જઈને છોકરાઓને સંન્યાસી થવા મોકલતાં. હું ક્યારેય વાણિયાવૃત્તિથી સંન્યાસ માટે છોકરા-છોકરીઓને પડાવવા જતો ન હતો. કુટુંબ પ્રત્યેના સાચા પ્રેમભાવથી એમને મળતો.

મારી દીક્ષાવિધિ અને દીક્ષાની મિજબાની માટે મારા લગભગ બધાં જ યુવા-યુવતીઓ સહભાગી થયાં. દીક્ષાના બીજા જ વર્ષે મેં

મારી બહેનના ઘરે ગુજરાત જેસુઈટ મિત્ર પરિવારનો ગેટ ટુ ગેધર આયોજિત કરીને ગુજરાત જેસુઈટ સંસ્થામાં જોડાવા ઇચ્છતા અને જોડાયેલા ઉમેદવારોનો પરિવાર સ્થાપિત કર્યો. આ વસઈ ગુજરાત જેસુઈટ પરિવાર ૧૯૮૨થી આજ સુધી દર વર્ષે કોઈ એક જેસુઈટના ઘરે મળે છે. મે મહિનાના લગભગ ત્રીજા શનિવારે સાંજે પાંચ વાગે વસઈકર જેસુઈટ કુટુંબો યજમાનના ઘરે આવે, એકબીજા સાથે હળે, મળે અને ભળે, પછી ખ્રિસ્તયજ્ઞ થાય, પછી દરેક આમંત્રિતનો પરિચય-વિધિ થાય, પછી મનોરંજનના કાર્યક્રમો અને છેલ્લે પ્રીતિભોજન. આ પ્રભુભોજન અને પ્રીતિભોજન માધ્યમથી વસઈકર જેસુઈટ પરિવાર શુભસંદેશના શબ્દોમાં દુનિયાના દીવો અને ધરતીનું લૂણ બની ગયો છે. વસઈમાં ગુજરાત જેસુઈટસ માટે વસઈના ઉમેદવારો લાવવા માટે આ પરિવારે આજ સુધી બહુ મોટું અને પવિત્ર કામ કર્યું છે અને કરી રહ્યો છે. ગુજરાત જેસુઈટમાં જોડાયેલ અનેકવિધ કુટુંબો મળીને આ વસઈકર જેસુઈટ પરિવારનો ઉદ્‌ગમ થયો છે અને એ આજે પણ અડીખમ રહીને ગુજરાત જેસુઈટને ઉમેદવારો આપે છે.

૧૯૫૬ની ક્રિસમસની એક સાંજ. રીઓ ડી જાનોરીના એક ચર્ચમાં ભક્તગણ ગમગીન હતા. પડોશના ત્રણેય પ્રોટેસ્ટંટ ચર્ચોમાં રોશનીની ઝગમગાટ અને શણગાર અને કેથોલિક ચર્ચમાં ઉદાસીનતા. એક ડોસીએ હૈયું ઠાલવતાં આક્રોશ કર્યો, ક્યાં સુધી આપણે ફાધરોનાં ઓશિયાળા થઈને રહીએ? કેમ ફાધરો વગર ક્રિસમસની ઉજવણી થઈ ન શકે? સદ્‌ગૃહસ્થ ડોમ આંજેલો રોસીએ પ્રતિભાવમાં ડોસીના પડકારને ઝીલીને બારાડો પારાય વિસ્તારમાં સામાજિક જાગૃતિ, સંગઠન, સક્ષમતા, સ્વમાન અને સ્વાવલંબનલક્ષી ક્રાંતિકારી ધર્મશિક્ષણની શરૂઆત કરી. બસ! એ નાનકડી ચિનાગારીની જ્યોત લેટીન અમેરિકાના દેશો બ્રાઝીલ, ચીલે, હોન્ડુરાસ, પનામા અને ફિલિપાઈન્સ જેવા દેશોમાં ફેલાઈ ગઈ. એટલું જ નહિ પણ આ ચળવળથી પ્રભાવિત અને પ્રકાશિત થયેલા સક્રિય લોકોએ પ્રચંડ લોકશક્તિ ઊભી કરીને લોક-આંદોલનથી ફિલિપાઈન્સમાં માર્કોસની ઠોકશાહીને ખસેડીને કોરી અકીનોના નેતૃત્ત્વ હેઠળ લોકશાહી લાવી દીધી. લેટીન અમેરિકન દેશોમાં અત્યાચારી અને શોષણખોર ગર્ભશ્રીમંતોને લોકશક્તિએ ઠેકાણે પાડીને એમને સમાનતા, ન્યાય, લોકશાહી અને માણસાઈના પાઠ શીખવ્યા.

આમ અચાનક સમાજની તળેટીમાંથી સમાજના નક્કર પ્રશ્નોને વણી લેતી ધર્મજનો સંચાલિત સ્વયંસ્ફૂર્ત, ક્રાંતિકારી અને નૂતન સ્વરૂપની શ્રદ્ધાસભર સ્થાનિક અને સહભાગી ધર્મસભાનો ઉદય થયો. એનો ઉદય ૧૯૬૭માં કગાયાન ડી ઓરો, ફિલિપાઈન્સ અને ૧૯૬૮માં મેડેલિન, અમેરિકામાં ધર્મગુરુઓની અછતના કારણે થયો. ગૃહસ્થ ધર્મજનોનું સ્વસંચાલિત અને લોકભાગીદારીનું નેતૃત્ત્વ એ જ એમની ખરી ખાસિયત કહેવાય. ધર્મસભામાં બીજી વેટિકન પરિષદના સંવાદ, સહભાગીતા, અને લોકભાગીદારી જેવા ક્રાંતિકારી વિચારો એના ઉદ્‌ભવ અને ઘડતર માટે પોષક નીવડ્યા. આવા ખ્રિસ્તી જનસંગઠનોમાં ધર્મગુરુ-ધર્મજન વચ્ચે સંવાદ, સહભાગીતા અને સહજવાબદારી માટે અવકાશ મળતો થયો અને પરિણામે સહભાગી, સક્રિય અને પરસ્પર સંવાદ સ્થાનિક જનસંગઠનો શરૂ થવા લાગ્યાં.

કોઈ શહેર કે ગ્રામીણ વિસ્તારમાં, દેવળ, સોસાયટી, ગામ કે મહોલ્લામાં રવિવાર કે બીજા કોઈ પણ દિવસે અધિકૃત રીતે નિયુક્ત અને તાલીમબદ્ધ ગૃહસ્થ આગેવાનના સંચાલન હેઠળ સ્થાનિક લોકો ભેગા મળીને સામૂહિક બાઇબલ આધારિત ઉપાસના વિધિ કરે છે અને સહભાગી ખ્રિસ્તી જનસંગઠન કહેવાય. આ સંગઠનની એક સવિશેષ બાબત એ છે કે અહીં પ્રાર્થનાવિધિ કે ઉપાસના ક્રિયાકાંડી કે કર્મકાંડી ન હોય પણ પ્રાર્થના સાથે સ્થાનિક જનસમાજના પ્રશ્નોનો સમાવેશ કરીને એના ઉપર ચર્ચા-વિચારણા કરીને એના નિવારણનું નક્કર કાર્ય-આયોજન તથા એનું ઠોસ અમલીકરણ થાય જ. એની વ્યાખ્યામાં નીચે મુજબની વિશેષતાઓનો સમાવેશ થઈ શકે છેઃ સ્થાનિક ખ્રિસ્તી જનસંગઠન એટલે શ્રદ્ધાળુ ખ્રિસ્તી જનસમાજ. સ્થાનિક એટલે કે સમાજની તળેટીનો સમાજ. એ નિયમિત અને સાતત્યપૂર્વક મળે છે. એ મળે છે અધિકૃત રીતે નિયુક્ત કરેલા અને સંચાલન માટે તાલીમબદ્ધ ગૃહસ્થ ધર્મજનની આગેવાની હેઠળ. શ્રદ્ધાની અભિવ્યક્તિ માટે બાઇબલ આધારિત સામૂહિક પ્રાર્થનાવિધિ કરે છે. પવિત્ર આત્માના માર્ગદર્શન હેઠળ સારાસાર પારખવાની સામૂહિક આંતરસૂઝની પ્રક્રિયા વડે સામૂહિક શ્રદ્ધેય અને સામાજિક જીવનશૈલીની મૂલવણી કરે છે. સ્થાનિક જનસમાજના શ્રદ્ધેય જીવનઘડતર અને વિકાસ માટે નક્કર નિર્ણયો, કાર્ય-આયોજન, કાર્યવહેંચણી, કાર્યમૂલ્યાંકન અને સત્સંગીઓના આંતરસંબંધોનું મૂલ્યાંકન કરે છે.

૧. શ્રદ્ધાળુ ખ્રિસ્તી જનસમાજઃ સ્થાનિક ખ્રિસ્તી જનસંગઠન ખ્રિસ્તી જ હોય. એમાં પૂરેપૂરું ખ્રિસ્તીપણું અનિવાર્ય હોય. સમગ્ર સ્થાનિક જનસમાજ બાઇબલ અને ધર્મસભાની શ્રદ્ધેય વિચારધારા પ્રત્યે સંપૂર્ણ રીતે સંનિષ્ઠ હોય. ખ્રિસ્તી શ્રદ્ધા બાબતે વ્યક્તિ કે સમૂહમાં સહેજ પણ તડજોડ ન હોય, આપણા એકમાત્ર ગુરુ અને પ્રભુ પ્રત્યેની સંપૂર્ણ શ્રદ્ધાને નામે જ સમગ્ર જનસમાજ સંગઠિત થતો હોય; નહિ કે કોઈ રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક કે તાત્ત્વિક કારણસર. એકતા, અખંડિતતા, ઈસુ અને પરસ્પર પ્રત્યે મેળસુમેળ આધારિત ખ્રિસ્તીત્વ એ જ એની ખરી અસ્મિતા અને ઓળખ ગણાય. તેઓ જાણીજોઈને, સમજીવિચારીને અને હેતુપૂર્વક એક આયોજનબદ્ધ કે સુસંગઠિત ખ્રિસ્તી જનસમાજ તરીકે ભેગા મળે છે. તેમને ટોળું કે હેતુવગરની ગીર્દી ન ગણાય. સજીવન થયેલા આપણા એકમાત્ર પ્રભુ ઈસુ પ્રત્યેની જીવંત શ્રદ્ધાને આધારે તેઓ ઈશ્વર અને પરસ્પર પ્રત્યે મેળ-સુમેળભર્યા નિરંતર અને સુબદ્ધ સંબંધ સાથે રહીને ધર્મસભારૂપ સાક્ષાત્ જીવંત ઈસુની સાક્ષી આપતા હોય છે.

૨. સ્થાનિક એટલે કે સમાજની તળેટીનો સમાજઃ કૌટુંબિક ધર્મસભા પછીનું સ્થાનિક ધર્મસભાનું સમાજ તળેટીનું નાનામાં નાનું એકમ. એટલું નાનું કે જૂથના સભ્યો એકબીજાને સારી રીતે ઓળખે અને એકબીજા સાથે આત્મીય સંબંધથી ખુલ્લા દિલે આપલે કરતા હોય.

૩. નિયમિત કે સાતત્યપૂર્વક મળે છેઃ દર અઠવાડિયે સર્વાનુમતે નક્કી કરેલા સમયે મિટીંગ કે બાઇબલ-સત્સંગ થાય. પરિણામે

સ્થાનિક લોકોને સમાજ તરીકે મળવાનો અને પ્રાર્થના કરવાનો લ્હાવો મળે અને સાથે સાથે સભ્યો વચ્ચેની આપલેના કારણે આત્મીયતા વધે. દરેક સભ્યને એવું લાગે કે હું આ સમાજનો સભ્ય છું અને આ સમાજ વિશે મને ગૌરવ છે.

૪. અધિકૃત રીતે નિયુક્ત અને સંચાલન માટે તાલીમબદ્ધ ગૃહસ્થ ધર્મજનની આગેવાની હેઠળઃ સવાલ પુરોહિતવર્ગને બાજુએ રાખવાનો નથી પણ ગૃહસ્થવર્ગની પણ ધર્મસભાના મધ્યપ્રવાહમાં પુરોહિતવર્ગથી અલગ એવી ચોક્કસ એન વિશેષ નેતૃત્ત્વની વિવિધ ભૂમિકાઓની જરૂર હોવી જોઈએ. ધર્મસભાના મધ્યપ્રવાહમાં સહભાગી અને સક્રિય એવા ગૃહસ્થ નેતાઓને ધર્મસભા તરફથી અધિકૃત માન્યતા મળવી જોઈએ અને એમની ધર્મસેવાની યોગ્ય કદરદાની પણ થવી જોઈએ. સ્થાનિક ધર્મસભાના સર્વાંગી અને સહભાગી ઘડતર અને વિકાસ માટે ધર્મસભાના મધ્યપ્રવાહમાં જેટલી પદાધિકારી પુરોહિત વર્ગના નેતૃત્ત્વની જરૂર છે એટલી જ ગૃહસ્થ ધર્મજનોના નિષ્ણાંત, પારદર્શક, પરિપક્વ અને સુજ્ઞ નેતૃત્ત્વની અનિવાર્ય જરૂર છે.

૫. બાઇબલ આધારિત સામૂહિક ઉપાસનાઃ સામૂહિક ખ્રિસ્તી જનસમાજનાં અગ્રસ્થાને પ્રભુવાણી આધારિત સામૂહિક ઉપાસના હોય. એ જ એમનું માધ્યમ અને એ જ એમનો સંદેશ છે. પ્રભુની વાણી એ જ એમનો આધાર, એમના આત્માનો ખોરાક અને એમની ખરી તાકાત છે. સજીવન થયેલા પ્રભુ ઈસુની વાણીનું સામર્થ્ય તેઓ જ જાણે. એ આત્મની અંતર્યામી તાકાતથી જ તેઓ એક વિચારના અને એક મનના થઈને એક નક્કર સ્થાનિક ખ્રિસ્તી જનસમાજ તરીકે ભેગા મળે છે. ભેગા મળીને તેઓ પોતાની ખ્રિસ્તી ધર્મસભાને સામૂહિક રીતે વ્યક્ત કરે છે. જરૂર પડે તો એ ઉપાસના-વિધિઓમાં અગાઉ આશીર્વાદિત કરેલ પરમપ્રસાદ પણ આપી શકાય.

૬. સારાસાર પારખવાની આત્મિક આંતરસૂઝની પ્રક્રિયા વડે સામૂહિક શ્રદ્ધેય જીવનની મૂલવણીઃ પ્રભુવાણીના માપદંડ વડે વાસ્તવમાં લોકજીવન કેવું છે? લોકો કઈ પરિસ્થિતિથિમાં જીવન જવી રહ્યા છે? જે રીતે તેઓ જીવન જીવ રહ્યા છે એ વિશે તેમને કઈ લાગણી થઈ રહી છે? જીવનની આવી પરિસ્થિતિ માટે કોણ કોણ, કઈ રીતે જવાબદાર છે? આવી પરિસ્થિતિ ઉદ્‌ભવનાના આંતરિક પરિબળો કયાં અને બાહ્ય પરિબળો કયાં? ઈશ્વરની વાણી અને શ્રદ્ધાના પ્રકાશમાં આ સમગ્ર પરિસ્થિતિને કઈ રીતે જોઈ શકાય? પ્રભુવાણી અને આપણી શ્રદ્ધાનો પ્રકાશ આ પરિસ્થિતિનું નિવારણ કરવા કયા કયા ઉકેલ આપણી સામે મૂકે છે? અને હવે હકીકતમાં આ પરિસ્થિતિમાંથી મુક્ત થવા આપણે બધા સાથે મળીને નક્કર શું કરીએ? સારાસાર પારખવાની આ આંતરપ્રક્રિયા સામૂહિક પ્રાર્થનાની પ્રક્રિયાથી જ થાય. બધા સાથે મળીને ધ્યાન, મનનચિંતન અને પ્રાર્થના કરે અને ઈશ્વર પોતાની વાણી દ્વારા આપણને મુક્તિનો કયો નક્કર રસ્તો બતાવે છે એ પારખીને ઝીલી લેવાનો છે. પ્રભુવાણીના પ્રકાશમાં જે જે અંગત અને સામૂહિક વિઘ્નો આપણી શ્રદ્ધાને માટે નડતરરૂપ છે અને કયા કયા અંગત અને સામૂહિક લાભ આપણી શ્રદ્ધાને માટે પોષક છે એય આપણને તટસ્થતાથી જોવાનું છે? આપણા ખ્રિસ્તી જનસંગઠનની શ્રદ્ધાના ઘડતર અને વિકાસની પ્રક્રિયામાં કયા કયા અનુકૂળ અને કયા કયા પ્રતિકૂળ પરિબળો હોઈ શકે એ આપણી ભીતરની સૂક્ષ્મ વિવેકબુદ્ધિ અને આત્મસૂઝથી પારખવાનું હોય. અંતરમાં ઉગતાં જંગલી ઘાસને ઉખેડવાનું હોય તો એ જ અંતરમાં ઉગતાં ઘઉંરૂપી આધ્યાત્મિક પાકને લણીને માણવાનું હોય.

૭. સ્થાનિક જનસમાજના શ્રદ્ધેય જીવનઘડતર અને વિકાસ માટે નક્કર નિર્ણયો, કાર્યઆયોજન, કાર્યવહેંચણી, કાર્યમૂલ્યાંકન અને કાર્યસંબંધોનું મૂલ્યાંકનઃ સારાસારની પ્રક્રિયા પછી સ્થાનિક જનસમાજના સર્વાંગી અને સહભાગી વિકાસ માટે નક્કર કાર્યઆયોજન કરવાનું હોય. કોઈ એક જણ નહિ પણ સંગઠનના બધા જ સભ્યો સાથે મળીને શું કરવું જ જોઈએ અને શું શું કરી શકાય એ બાબતે ચર્ચા-વિચારણા કરીને એક નક્કર એક્શન પ્લાન કે કાર્યઆયોજન ઘડી શકે છે. કોણ એક પગ વિધર્મમાં અને એક પગ ધર્મમાં રાખે છે? કોઈ કઈ રીતે ધર્મ પ્રત્યે સગવડિયું વલણ રાખે છે? કોણ કઈ રીતે ધર્મના નામે ચરી ખાય છે? કોણ કઈ રીતે ધર્મદ્રોહ કરે છે? કોણ શુદ્ધ ભાવથી ખ્રિસ્તી થાય છે અને કોણ લાલચથી? કોણ નિયમિત રીતે સંસ્કારો લે છે? કોનાથી ન લઈ શકાય? પહેલાં આવી બાબતો વિશે ચુસ્ત શિસ્ત રાખવામાં આવતી પણ હવે લોકો ઉપર ધર્મસભાની પકડ ઓછી થવાથી અમુક લોકો આવી બાબતે છૂટ લઈ રહ્યા છે.

સમગ્ર ધર્મપ્રાંતને જો સક્રિય અને સહભાગી કરવો હોય તો એ સ્થાનિક જનસંગઠનની ઝૂંબેશ ઉઠાવીને જ થાય. એ લોકઝૂંબેશમાં લોકજીવનના પ્રશ્નો અંગે લોકો જાગૃત થાય, એ અંગે એકબીજા સાથે સંગઠિત થઈને વાતો કરતા થાય, એકબીજાનું સાંભળવા લાગે, સાથે મળીને એમના નિવારણ માટે એકબીજાને પ્રેરિત કરીને સામૂહિક નિર્ણયો લે અને એમના અમલીકરણ માટે નક્કર આયોજન કરે. પરિણામે સર્વાંગી વિકાસ, સક્ષમતા અને સ્વાવલંબનની પ્રક્રિયા તરફ સમગ્ર જનસમાજ સાથે મળીને આગેકૂચ કરે. આમ સ્થાનિક ખ્રિસ્તી જનસંગઠનો લોકો સાથે, લોકો વડે અને લોકો માટે સતત કાર્યશીલ રહીને સ્થાનિક જનસમાજને બધી રીતે પગભરતા તરફ લઈ જવાની સામૂહિક કોશિશ કરતા હોય છે. ધર્મસભામાં જ્યારે સ્થાનિક જનસમાજ સાથે મળીને પરાવલંબીપણું છોડી દઈને સ્વમાન અને સ્વાવલંબનથી આવી પ્રક્રિયા સાતત્યપૂર્વક કરવા લાગે છે ત્યારે સમજી લેવું કે એ જનસમાજ બીજી વેટિકન પરિષદની અપેક્ષા મુજબ એક નમૂનેદાર, પરિપક્વ અને સાચો ખ્રિસ્તી જનસમાજ છે. આવી પ્રક્રિયામાં ધર્મગુરુઓ એક મિત્ર, સહમુસાફર કે ઉત્પ્રેરક તરીકેની જ ભૂમિકા ભજવે છે અને ગૃહસ્થ ધર્મજનો નેતૃત્ત્વની.

સહેજ તમારા પેરીશ કે મિશનનું અને ધર્મપ્રાંતનુ સંચાલન કયા મોડલના, કઈ વિચારધારાના આધારે ચાલે છે એ જોઈ લેજો. પેરીશમાં કઈ બાબતોને કે પ્રવૃત્તિઓને વધારે પ્રધાન્ય આપવામાં

આવે છે? તમારો ધર્મપરિવાર સંસ્થાગત માળખાને લઈને વહીવટીય બાબતોને વધારે મહત્ત્વ આપે છે? ગુરુઓ અને ધર્મનો વચ્ચે સ્વયંસ્ફૂર્ત, ખેલદિલી, હળવાશ-મોકળાશભર્યું, ઉમળકાસભર, લોકભાગીદારીયુક્ત, વિશ્વસનીય, સલામતીભર્યું વાતાવરણ છે કે ઉભય પક્ષે અક્કડ, બંધિયાર, સંકુચિત, ઠોકશાહીવાળું, અસલામતીભર્યું વાતાવરણ છે? પેરીશમાં પરંપરાગત ભક્તિવિધિઓ, કરિશ્માઈ, સાજા કરવાની પ્રાર્થનાઓ, જુદા જુદા મંડળોની કાર્યવાહી મિટીંગો, નોવેના-ભક્તિઓ જ ચાલે છે? તમારા પેરીશને કયા મોડલમાં મૂકશો? પરંપરાગત, ઉપાસના કે ક્રિયાકાંડીય, વિકાસલક્ષી, મેનેજમેન્ટ કે સંસ્થાકીય, વહીવટીય, મુક્તિવાદી, કેરિશમેટિક કે પ્રભુવાણી આધારિત બાઇબલ સત્સંગી? નાડનો પ્રશ્ન એ છે કે સમગ્ર ધર્મપ્રાંત, પેરીશ, ધર્મજનો ધર્માધ્યક્ષની દેખરેખ હેઠળ વાસ્તવલક્ષી સમાન વિચારધારાનું ચુસ્ત અમલીકરણ કરે છે કે દરેક પેરીશ, ગુરુ અને ધર્મજન 'ચલતા હૈ' નીતિથી મનફાવે તેમ કરે છે? આવી પ્રક્રિયા માટે બિશપ, ગુરુઓ, ધર્મસેવકો, અને ધર્મજનની કર્તવ્યદક્ષતા, સજાગતા અને ક્ષમતા બહુ જ અગત્યનાં છે. તમારા પેરીશને લોકભાગીદારીથી સહભાગી, સક્રિય અને સહજવાબદારીથી ધમધમતી કરવી હોય તો આટલું તો કરી જુઓ. પેરીશ લોકો સો, લોકો દ્વારા અને લોકો માટે ચાલે તો જીવંત ધર્મસભાની એના જેવી બીજી કોઈ સ્વયંસ્ફૂર્ત, સહજ અને પારદર્શક સાક્ષી ખરી? ●



ઓલીવીયા ક્રિએશન
લગ્નની મેક્ષી, કોમ્યુનિયન ફ્રોક, તથા
કોમ્યુનિયન સુટ (છોકરાઓ માટે) ફુલ સેટ.
રૂા.૩,૫૦૦/- થી શરૂઆત થાય છે.
અંજના શૈલેષ (૯૮૭૯૧ ૮૧૩૪૮)
૧૧, આશીર્વાદ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, પાધરીયા આણંદ


બ્રાઈડ એન્ડ બ્રાઈડલ્સ
લગ્ન માટે મેક્સી બનાવનાર
કમ્યુનિયન સેટ, બેપ્ટિસમ સેટ
પારૂલ જે. મેકવાન (ડિઝાઈનર)
ફોનઃ (૦૨૬૯૨) ૨૫૦૫૯૫, ૯૮૭૯૮ ૫૭૭૯૭, ૯૭૨૭૭ ૦૪૧૨૫
ચંદ્રનિલય, સૂર્યનગર સોસાયટી, પુષ્પવિહાર સામે, આણંદ - ૩૮૮ ૦૦૧


શેરોન વેડિંગ ડ્રેસ ડિઝાઈનર
ક્રિશ્ચિયન લગ્ન માટે બાર વસ્તુઓનું પેકેજ ફક્ત રૂા. ૩,૫૦૦/-માં.
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ ફક્ત રૂા.૧૨૦૦/-માં.
ફક્ત મેક્ષી ૨૫૦૦માં. ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.
શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ
પરવીન એસ.: 'ઈવાઝ'ના સ્પેશ્યલ કારીગર
મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩
બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે.
તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.

**ચાલો... ચાલો... ગોવા સંત ફ્રાન્સિસનાં દર્શન કરવા**
લક્ઝરી બસ દ્વારા ચાલો

**તા.૨૭-૧૨-૨૦૧૪ થી ૦૪-૦૧-૨૦૧૪ સુધી**
**દિવસ - ૯**
**ટિકીટ રૂા.૫,૫૦૦/- રહેવા-જમવા સાથે**

નડિયાદથી સાપુતારા - નાસિક - ત્રબંક - શિરડી - અંજતા - ઈલોરા - ધૂમેશ્વર - દોલતાબાદ - ઔરંગાબાદ - પંઢરપુર - ગોવા - મહાબળેશ્વર - લોનાવાલ - ખંડાલા પરત.
એડવાન્સ રૂા.૩,૦૦૦/-

**બસ ઉપડવાની તારીખઃ ૨૬-૧૨-૨૦૧૪ ની**
**રાત્રે ૧૦ વાગે નડિયાદથી.**


**:: વધુ વિગત માટે સંપર્ક કરો ::**
વિનુભાઈ એસ. મકવાણા — મો. ૯૮૨૪૩ ૧૫૯૫૭
ભૂપેન્દ્ર એસ. પરમાર — મો. ૯૭૨૩૭ ૫૮૬૦૮
ક્રાઈસ્ટ ધ કિંગ ચર્ચ, મીશન રોડ, નડીઆદ

પ્રવિણાબેન ટી. મેકવાન
ઝેવિયર નગર, આણંદ - ૩૮૮૦૦૧
મો. ૯૩૭૭૭ ૧૬૨૧૩


સુનિલ મેકવાનઃ ૯૪૨૮૬ ૫૭૦૧૦
૮૭૩૪૦ ૪૩૩૩૬
**"સ્ટુડિયો ફેનીલ"**
આપના ઘરે આવતા શુભપ્રસંગોએ HD વિડીયોગ્રાફી
તથા ફોટોગ્રાફી માટે મળો.
ખ્રિસ્તી કુટુંબો માટે ખાસ ઓફર.
**"સ્ટુડિયો ફેનીલ"** સરગમ પાર્ક સોસાયટી, તુલસી ગરનાળા રોડ, આણંદ


## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| જીગ્નેશ જે. મેકવાન | સાંગોડપુરા | ૫૦૦ |
| સ્વ. થોમાસભાઈ એસ. મેકવાન | અમદાવાદ | ૫૦૦ |
| સેબાસ્ટિયન સીમોનભાઈ પરમાર | વટવા | ૫૦૦ |
| સ્વ. શ્રી સાયમન પીટર મેકવાન | મણીનગર-અ'વાદ | ૨૦૦ |
| સ્વ. ફાબિયાન એ. પરમાર | પેટલાદ | ૧૦૧ |
| સ્વ. ભાનુમતી પી. સોલંકી | અમદાવાદ | ૧૦૦ |
| સ્વ. રૂથબેન સાયમનભાઈ પરમાર | અમદાવાદ | ૧૦૦ |
| સ્વ. સાયમન એલ. પરમાર | અમદાવાદ | ૧૦૦ |
| રાજુભાઈ આઈ. શાહ | ઉમરેઠ | ૧૦૦ |
| પાઉલભાઈ આઈ. શાહ | ઉમરેઠ | ૧૦૦ |
| સ્વ. મણીબેન દલાભાઈ ખ્રિસ્તી | વણસર | ૧૦૦ |
| સ્વ. તિમોથીભાઈ રામજીભાઈ ડાભી | મણીનગર-અ'વાદ | ૧૦૦ |
| નિર્મળાબેન પીટરભાઈ | અમદાવાદ | ૧૦૦ |
| કપિલાબેન રણજીતભાઈ | અમદાવાદ | ૧૦૦ |



# અંતર ઝૂરતું એવું...

✍ સ્વ. રમેશ વાઘેલા

*માનવ અધિકાર, વ્યક્તિ સ્વાતંત્ર્ય, મહિલા અધિકાર, દલિતો-પીડિતો-શોષિતોના અધિકાર માટે આજીવન ઝઝૂમનાર લખાણ દ્વારા વાચા આપનાર નિવૃત્ત ન્યાયાધીશનું દેહાંત પૂર્વેનું આત્મમંથન.*

સાવ કચ્ચરઘાણ નીકળી જાય એવી પળ મહીં
મોત આવ્યું, હાથ માથે મૂકીને ચાલ્યું ગયું.

આયખાના ૫૮ વરસ સુધી કોઈ ખાસ બીમારી વિના કાર્યરત રહેલા શરીરના યંત્રએ એપ્રિલ ૨૦૦૯ની એક મોડી રાત્રે બળવો પોકાર્યો. મોંમાંથી લોહીના ફુવારા ઉડ્યા. રાજકોટના નિષ્ણાત તબીબ વેકરિયાએ 'લીવર સિરહોસિસ' (Liver Cirrhosis)નું નિદાન કરી કહ્યું, 'તમારાં સગાંસંબંધી હોય ત્યાં જઈને સારવાર કરાવો'. જનમભોમકાએ જાણે સાદ દીધો અને મિત્રોના સહકારથી એક દિવસની મુલાકાતમાં જ આણંદમાં આશિયાનાની વ્યવસ્થા થઈ ગઈ. એન્ડોસ્કોપી, બેન્ડીગ પછીની સારવારથી સારું તો થવા લાગ્યું પણ કોઈ કારણસર ફરી તકલીફ શરૂ થઈ. માર્ચ ૨૦૧૧ની એક મોડી સાંજે મોંમાંથી લોહીની ધારા વહેવા માંડી. હોસ્પિટલમાં ડોક્ટરે પરિસ્થિતિ જોઈને બે વાત કહી: 'લોહી વહેવાનું બંધ ના થાય ત્યાં સુધી હું કશું જ કરી શકીશ નહીં.' બીજી વાત એમણે કહેલી: '૮૫ ટકા મારી કાબેલિયત અને ૧૫ ટકા ઉપરવાળાના.' સારવાર શરૂ થઈ. ક્યારેક તંદ્રામાં અને ક્યારેક ભાનમાં એવી મારી હાલત હતી. હું માનું છું કે એ પળે આણંદની દીપ હોસ્પિટલના ડોક્ટર પરિમલ સાલ્વીએ મારી જિંદગી બચાવી લીધેલી અને આગ્નેસની સારવાર-સુશ્રુષાએ જીવનદીપ લંબાવી દીધો. આવી ગંભીર બીમારીનો અનુભવ થયા પછી કોઈ પણ માણસ જીવન અને મૃત્યુ વિશે ચિંતન કરવા માંડે. વિતી ગયેલી જિંદગીના લેખાંજોખાં આપોઆપ થવા માંડે. 'પરમસખા મૃત્યુ'નો તો સહેજ પણ ડર નથી. એ તો નવા જીવનની શરૂઆત છે અને નિશ્ચિત છે એટલે એ જ્યારે પણ આવશે ત્યારે એનું સ્વાગત જ કરીશ. પરંતુ પૃથ્વી પરનું આ જીવન કેવી રીતે જીવ્યો, શું મેળવ્યું, શું ગુમાવ્યું એ બધાં વિશે વિચાર કર્યા છે. આ મનોમંથનમાંથી ઉદ્‌ભવેલ નિચોડ વાચકો સમક્ષ રજૂ કરવો છે.

રીચાર્ડ બાકની Jonathan Livingston Seagul નામની નાનકડી પણ અદ્‌ભુત, નોબેલ પ્રાઈઝથી નવાજાયેલ, નવલિકામાં દરિયાઈ સમડી (seagul )ના રૂપકથી માનવીની મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક ઉડાનની વાત કરાયેલ છે. દરિયાઈ સમડી (seagul) સમુદ્રની ઉપર અમુક જ ઊંચાઈ સુધી ઉડ્યા કરે; એ મર્યાદાથી વધુ ઊંચે ઉડી શકાય જ નહીં એવી સમજ એને ગળથુથીમાં જ આપવામાં આવે. કુદરતે બક્ષેલ પાંખોનો આ પક્ષી મર્યાદિત ઉપયોગ જ કરે. 'સી ગલ'ના આવા વલણને કથાવસ્તુ બનાવી વ્યવસાયે પાયલોટ એવા રીચાર્ડ બાકે આ પુસ્તક લખ્યું છે. જોનાથન નામનું 'સી ગલ' કુટુંબ અને સમાજે કંડારી આપેલ બંધનમાંથી મુક્ત થઈ અફાટ આકાશમાં ઉડાન કરવાની આકાંક્ષા સેવે છે. એ રોજ થોડું વધું ઊંચું ઉડીને મહાવરો મેળવે છે. સમાજના અને જોનાથનના વડીલો, કુટુંબીજનો સુદ્ધાં, એને આમ ન કરવાની સલાહ અને પછી ચીમકી આપે છે. જોનાથન એમના કહ્યા મુજબ વર્તન કરતો નથી એટલે સમાજ દ્વારા એનો બહિષ્કાર કરવામાં આવે છે. જોનાથનને આની પણ પરવા નથી. એને તો ઊંચે ઉડવું છે. ગગનવિહારી બનવાનું સપનું સાકાર કરવું છે. એ વધુ ને વધુ ઊંચે ઉડવાનું ચાલુ રાખે છે. આખરે એની મહેચ્છા ફળે છે; આસમાનની બુલંદીઓને એ પાર કરી શકે છે. પોતાનામાં સુષુપ્ત રહેલી આંતરિક શક્તિને પારખી એનો વિકાસ કરવાની દરેક વ્યકિતને તક હોય છે, પરંતુ એકાદ જોનાથન જ એ તક ઝડપીને સિદ્ધિ મેળવે છે.

છેક ૧૯૪૯માં મારા પિતા પી.એસ.આઈ. બનેલા. એ સમયગાળા માટે તો એ મહાન સિદ્ધિ ગણાય. એમના સમયના એ જોનાથન હતા. મારી યુવાનીના સમયગાળામાં આંગળીને વેઢે ગણી શકાય એટલી જ વ્યક્તિઓ જોનાથનની પંક્તિમાં મૂકી શકાય તે બરની હતી. ગુજરાતના કેથલિક સમાજમાં માંડ પાંચ-સાત વકીલો હતા ત્યારે ૧૯૯૩માં મેં જિલ્લા ન્યાયાધીશ (District Judge) નો હોદ્દો સ્વબળે પ્રાપ્ત કરેલો. સમાજની ભાવિ પેઢી માટે ન્યાયતંત્રમાં ઉચ્ચ હોદ્દાની સંભાવનાનો રાહ મેં કંડારી આપેલો.

વાંચવાનો મને ગાંડપણની કક્ષાનો શોખ. વ્યવસાય સિવાયના બીજા વિષયોના વાચનની ટેવમાંથી લખવાની રુચિ ઉદ્‌ભવી. કાયદાના રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના સામયિકોમાં મારાં લખાણ પ્રસિદ્ધ થયાં છે. ક્યારેક 'દૂત'માં પણ લખું છું. તબિયત લથડી તે અગાઉ 'નયા માર્ગ' જેવા સુપ્રસિદ્ધ પાક્ષિકમાં પણ મારા લેખ અને પત્રો પ્રસિદ્ધ થયેલાં. મારો પહેલો લેખ, ૧૯ વર્ષની ઉંમરે, ૧૯૬૯માં 'દૂત'માં પ્રસિદ્ધ થયેલો. જૂનાગઢની લેપ્રસી હોસ્પિટલમાં પંદર દિવસ બ્રધર (હવે ફાધર) ડેરલ સાથે મેં કામ કરેલું. પહેલા દિવસે સિસ્ટર ફેલીસીતા સાથે લેપ્રસીના દર્દીઓના ઘા જોયેલા. એમાં એક ભાઈનો હાથ સાવ સડી ગયેલો, પરુ નીકળે. જોઈને મને ઉબકા આવવા માંડ્યા, મગજ બહેર મારી ગયેલું. સિસ્ટરે મને બહાર જતા રહેવાની સુચના આપી. ખાસ્સી વારે સ્વસ્થતા પ્રાપ્ત થઈ. પરંતુ ત્યારપછી પંદર દિવસ સુધી ઘા સાફ કરીને પાટો બાંધવાના સિસ્ટરના કામમાં મદદ કરવામાં વાંધો આવ્યો નહીં. આ અનુભવની ઘેરી છાપ પડેલી મારી પર. આ અનુભવ અને સિસ્ટરોના આવા કામને વાચા આપતો લેખ મેં લખેલો. જાતઅનુભવને આધારે લખાયેલ આવું લખાણ અસરકર્તા બને જ.

લખાણને વાચકો બિરદાવે કે આલોચના કરે એ કોઈ પણ રચયિતાને ગમે જ. એટલે મને પણ વાચકોના પ્રતિભાવ જાણવા ગમે છે. અને પ્રતિભાવો મળે જ છે. કાયદાવિષયક મારાં લખાણને બિરદાવતા પત્રો — ગુજરાત બહારના વાચકોના પણ — મળતા રહે છે. તમારું લખાણ ક્યારે અને ક્યાં વંચાશે અને તેની કેવી અસર થશે તેની કલ્પના ના થઈ શકે. જોસેફ મેકવાનના સાહિત્યસંપૂટ 'ચાકડો'નું અમે (આગ્નેસજી અને મેં) સંપાદન કરેલું. ગ્રંથ પ્રસિદ્ધ થયા પછી લંડનથી એક વાચકનો ફોન આવેલોઃ ' 'ચાકડો'ના લખાણો ખૂબ ગમ્યાં અને સંકલન અદ્‌ભુત છે!' તે સમયના સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટીસ સી.કે. ઠક્કરસાહેબને પણ 'ચાકડો' ગમેલો. હાઈકોર્ટના જજ અને મારા મિત્ર જસ્ટીસ સી.કે. બૂચસાહેબે ૧૦ સેટ ખરીદી મિત્રોને મોકલેલા. ફોન ઉપર એમણે મને વાત કરેલી કે, એમના એક મિત્રે અમેરિકાની સુપ્રસિદ્ધ યુનિવર્સિટીના પુસ્તકાલયમાં 'ચાકડો' મૂકાવ્યો છે. પણ આ બધાને બાજુ પર મૂકી દેવાય એવી વાત તો એ બનેલી કે ભાગ્યે જ કશું વાંચતી અનેક ગૃહિણીઓએ રસપૂર્વક 'ચાકડો' વાંચેલો. 'દૂત'ના ભૂતપૂર્વ તંત્રી સાયમનભાઈનાં પત્ની કુસુમબહેને તો બંને ગ્રંથો (કુલ ૧,૦૦૦ પાનાં) વાંચી કાઢેલાં અને લખાણોને બિરદાવેલાં. પરંતુ હું લખું છું મારા પોતાના માટે. મારામાં રહેલ સર્જનાત્મકતાના પ્રચંડ ધોધને શબ્દદેહ આપવા માટે. એટલે જ મારાં લખાણથી મને પોતાને સંતોષ થાય એનું મારે મન અદકેરું મહત્ત્વ છે.

સર્જન અને સર્જનહાર અલગ નથી, એક જ છે. સર્જનાત્મકતાથી સર્જનની પ્રક્રિયા અવિરત ચાલતી રહે છે. આ પ્રક્રિયાને અલ્લાહ, ઈશ્વર, ભગવાન, પ્રકૃતિ કે અસ્તિત્ત્વ ચાહે તે નામ આપો, વાત એકની એક જ છે. બધા જ માર્ગ એ 'એક' તરફ જ વળે છે. એટલે ભીતરમાંથી ઉતરી આવેલ મનોભાવને વાચા આપતાં લખાણમાં સર્જનાત્મકતા અભિવ્યક્ત થતી હોય છે. આવાં લખાણ વાચકને સ્પર્શે જ. સંગીત અને સંગીતકાર એક બની જાય; નૃત્યકાર અને નૃત્ય એકરૂપ થઈ જાય એમ લેખક અને લખાણ એકબીજાથી અભિન્ન બને ત્યારે લખનારની સર્જનાત્મકતામાંથી અદ્‌ભુત સર્જન થાય છે. ક્યારેક પ્રાપ્ત થતી આવી પળોમાં નૃત્યકાર, સંગીતકાર અને લેખક પરમતત્વ સાથે એકાકાર બની જાય છે. એ અનુભવ પરમતત્વના - પરમાત્માના - સાક્ષાત્કારનો અનુભવ હોય છે. સામાન્ય માણસ માટે શુષ્ક એવા કાયદાના વિષય પર લખતી વખતે મને ક્વચિત્ આવા અનુભવ થયા છે. કોમ્પ્યુટરના કી-બોર્ડ પર આંગળીઓ મારી ચાલતી હોય અને અક્ષરો કોઈ 'બીજું' પાડતું હોય એ અનુભવ અવર્ણનીય છે.

આવા અનુભવને લીધે કે પછી કિશોરાવસ્થામાં ખ્રિસ્તી ધર્મ અને સમયાંતરે ઈસુમાં ઊંડી શ્રદ્ધાના બીજ રોપાયેલા તેને લીધે આધ્યાત્મિક બાબતોમાં ઉત્કંઠા જાગેલી. આ વિષયને લગતાં સંખ્યાબંધ પુસ્તકો વાંચ્યાં છે; 'ઓશો'ના અનુયાયીઓ દ્વારા સંચાલિત શિબિરોમાં ભાગ લીધો છે. ખ્રિસ્તી સિવાયની ધાર્મિક પરંપરાને અનુસરનાર આધ્યાત્મિક ખોજના રાહીઓએ ઈસુના જીવનસંદેશનું અધ્યયન કરી પોતાની અનુભૂતિને આધારે એ સંદેશ રજૂ કરેલ છે. ઈસુ વિશેના આવા પુસ્તકોનાં અધ્યયનમાં મારી વિશેષ રુચિ છે. સ્વામી ક્રિયાનંદ દ્વારા લખાયેલ Revelations of Christ નામના પુસ્તક વિશે મારો લેખ ડિસેમ્બર, ૨૦૦૮ના 'દૂત'માં પ્રસિદ્ધ થયેલો. જેની લાખો નકલો વેચાઈ છે એવા પરમહંસ યોગાનંદના Autobiography of a Yogi પુસ્તકમાં ઈસુ વિશે સંખ્યાબંધ ઉલ્લેખ છે. The Second Coming of Christ શીર્ષકવાળા બે ભાગના ગ્રંથમાં યોગાનંદજીએ શુભસંદેશના પ્રસંગોને ઈસુ સાથેના તાદાત્મ્યને આધારિત અનુભવસિદ્ધ વાણીમાં કંડાર્યા છે. ધર્મસભાના અધિકૃત સિદ્ધાંતો વિશેનાં લખાણ ઉપરાંત આવા વાંચનથી ઈસુ વિશે ગહન સમજ મેળવી શકાય છે. અન્ય ધાર્મિક પરંપરામાં વિહર્યા પછી આખરે તો ઈસુ પ્રતિ જ પાછા આવવું પડે એવી ઈસુની પ્રતિભા છેઃ એ 'ઈસુચેતના' જ માનવને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકે છે. વિશાળ વાંચનને આધારે ઈસુના વ્યક્તિત્ત્વ અને સંદેશને આવરી લેતું પુસ્તક લખવાની મહેચ્છા છે; જો કે 'આત્મા તો તૈયાર છે પણ દેહ દુર્બળ છે' એટલે મહેચ્છા ફળશે કે નહીં કોણ જાણે! આ કાર્ય પરમાત્માનું હશે તો દૈહિક-માનસિક શક્તિ પણ એજ આપશે.

જિંદગીમાં ઘણા ઘા વેઠ્યા છેઃ ''કેટલા ઝીલ્યા સમયના કોરડા, ના નવાઈ કોઈ વિઘ્નની નથી.'' યોસેફ મેકવાનને ટાંકુઃ

'જેમને અંગત ગણ્યા છે એમણે દઝાડી છે;
ખૂબ પાસેથી તને મેં જિંદગી નિહાળી છે'.

એની સામે મારા પણ સંખ્યાબંધ દોષ અને ઊણપો છે. ઘણાબધાંને મેં દુઃખી કર્યા જ છે, લાગણી દુભવી છે, અને એના ડંખ જિંદગીભર વેઠયા છે.

જન્મથી જ ઈશ્વરે મને ભરપૂર માત્રામાં આપેલી અને કાયદાના વ્યવસાયમાં ધારદાર બનેલી મારી બુદ્ધિનો મેં સારો એવો ઉપયોગ કર્યો છે. ઈશ્વરે આપેલાં અન્ય દાનને પણ મેં વિકસાવ્યાં છે. એટલું ચોક્કસ કહી શકું કે, ઈશ્વરે આપેલી પાંચ સોનામહોરોમાંથી બીજી ત્રણ હું કમાયો છું.

આધ્યાત્મિક વાંચન, મૌન સાધના કે ધ્યાનનો હેતુ આખરે તો ઈશ્વરની ઓળખ, ઈશ્વરપ્રાપ્તિ કે ઈશ્વરનો સાક્ષાત્કાર-અનુભવ મેળવવાનો હોય છે. 'ભવ ભવ રઝળી' થાક્યા પછી મારી ઝંખના તો પરમતત્વના અજવાળાં મેળવવાની છે. એ 'વિરાટ'માં ભળી જવા મારું 'અંતર ઝૂરતું એવું...' એ ભાવ સહજસ્વરૂપે ઉદ્‌ભવે છે.

'જિંદગી તો બેવફા હૈ, એક દિન ઠુકરાયેગી, મોત મહેબુબા હૈ અપને સાથ લેકર જાયેગી' એટલે મારો સમય આવશે ત્યારે હું પણ અસ્તિત્ત્વમાં વિલીન થઈ જઈશ. જોસેફ મેકવાને લખેલુંઃ 'મારા મર્યા પછી રાજ નથી રંડાઈ જવાનું એનું મને પૂરતું ભાન છે. ધમધોકાર સંસાર ચાલતો રહેવાનો છે.' હું કહીશ : 'કલ ખેલમેં હમ હો ન હો...' તો પણ The show must go on and the show will go on.

(૮ ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ શ્રી રમેશ વાઘેલાનું અવસાન થયું હતું. પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિર શાંતિ આપે.)

# મૃત્યુ એટલે મહોત્સવ

✍ ઈન્દુ રાવ

નેવું વર્ષની વયે પહોંચેલાં માજી બોખા મ્હોંએ ખડખડાટ હસતાં બોલ્યાં, 'બેટા, આજીવન ભરપટ્ટે માણી લીધું છે, હવે ભગવાનના તેડાની કાગડોળે રાહ જોઈ રહી છું.'

'પણ બા, તમને મૃત્યુનો ડર નથી લાગતો?!' મેં પૂછ્યું. થોડાંક ગંભીર થતાં તે બોલ્યાં, 'દીકરા, આટલા લાંબા આયુષ્યની સાથે તંદુરસ્ત શરીરે સારાં સારાં કામો કરવાની પ્રભુએ અથાગ શક્તિ આપ્યા પછી હવે મને દયાળુ પ્રભુને જોવાની - મળવાની તાલાવેલી હોય કે ન હોય?! પાછું પહેલાં કે મોડાં એની પાસે જ જવાનું છે ને? અત્યારે મીરાંબાઈની જેમ દિન-રાત ભજન-કીર્તન સિવાય બીજું કાંઈ કરી શકતી નથી. મારું જીવન બીજાને કે ખુદ મનેય બોજારૂપ લાગે એ પહેલાં પ્રભુ મને એની પાસે બોલાવી લે એનાથી રૂડું બીજું શું?' માજીની વાતે મને ઊંડા વિચારોમાં ગરકાવ કરી દીધી જન્મની સાથે જ મૃત્યુ અભિન્ન રીત જોડાયેલું હોવા છતાં મૃત્યુ આપણા માટે વરવી વાસ્તવિક્તા બની રહે છે. ઉપદેશમાળાના ગ્રંથમાં ગ્રંથકાર કહે છેઃ "મૃત્યુ તો નિશ્ચિત છે, એનાથી ડરીશ નહિ. તારી પહેલાંથી ગયેલા અને તારી પાછળ આવનારાનો વિચાર કર. સૌ જીવોને માટે પ્રભુનું એ નિર્માણ છે; તો પછી પરાત્પરની ઈચ્છાનો વિરોધ શા માટે કરવો?" એ જ પ્રમાણે તત્ત્વદર્શી (૮:૮) કહે છે : "કોઈ માણસને એવી સત્તા નથી કે તે પ્રાણને રોકી શકે, તેમ તેને મૃત્યુના દિવસ ઉપર પણ સત્તા હોતી નથી. આ યુદ્ધમાંથી કોઈને મુક્તિ મળતી નથી. દુષ્ટ માણસની દુષ્ટતા પણ તેને બચાવી શકતી નથી." સ્તોત્રસંહિતા (સ્તોત્રઃ ૪)

"ધનવૈભવમાં માનવ કદી નહિ ટકનાર,
અન્ય પશુઓ જેમ જ એ મરનાર."

તેમ છતાં આપણા સૌ માટે મૃત્યુ શબ્દની વાત કરતાં એક કવિએ કહ્યું છે :

"મૃત્યુ શબ્દ બિહામણો ભયભીત નર ને નાર,
મૃત્યુ પહેલાં ડરી રડી રડી મરતો આ સંસાર."

કવિની વાત સાચી જ છે, મનુષ્ય ગમે તેટલા માનસિક કે શારીરિક રોગોથી પીડાતો હોય, જીવન જ સાક્ષાત્ મૃત્યુ હોય તો પણ મૃત્યુનો સ્વીકાર કરવાની તૈયારી હોતી નથી. દુન્યવી જીવન પ્રત્યેનો મોહ, આસક્તિભાવ છોડવો મુશ્કેલ બની જાય છે. મૃત્યુનો ભય દૂર કરવો હોય તો દુન્યવી મોહમાયાના બંધનમાંથી છૂટકારો મેળવવા અનાસક્તિ-વૈરાગ્યભાવથી જીવન જીવવું પડે. આપણે જો આપણું મૃત્યુ સુધારવું હોય તો જીવન સુધારવું પડે. અન્યો માટે જીવન જીવી કાઢવા સ્વમાંથી વ્યાપ્ત થવું પડે.

સર્વ માટે સત્કાર્યોની લહાણી કરવા હરપળ તૈયાર રહેવું પડે. અહમાંથી વયમ્‌માં વ્યાપ્ત થવું પડે. પ્રભુ ઈસુ કહે છે :

"જ્યાં સુધી ઘઉંનો દાણો જમીનમાં પડીને મરી જતો નથી ત્યાં સુધી એકલો જ રહે છે; પણ જો તે મરી જાય છે તો મબલખ પાક પેદા થાય છે. જે પોતાના જીવનને વહાલું કરે છે તે તેને ખોઈ બેસે છે, અને જે પોતાના જીવનને આ દુનિયામાં અળખામણું કરે છે તે શાશ્વત જીવન માટે તેને સલામત રાખે છે." (યોહાન ૧૨:૨૪-૨૫)

મૃત્યુ એટલે જ સંસારના મોહ-મોયાનાં બંધનોમાંથી પૂર્ણ મુક્તિ. જિંદગીની સફરનું અંતિમ વિશ્રામસ્થાન એટલે કબ્રસ્તાન. જેમ સર્વ સંતોનું પર્વ આપણને સન્માર્ગે દોરે છે તેમ મૂએલા શ્રદ્ધાળુઓનું પર્વ જિંદગીનો આખરી પયગામ "તું માટી છે અને માટીમાં જ ભળી જવાનો" બની રહે છે. તાજેતરમાં એક સંબંધીની દફનવિધિમાં જવાનું થયું હતું. પરિવારજનોમાં મમ્મીના શુભ-મંગલ મૃત્યુની ખુશી હતી તે તેઓએ અભિવ્યક્ત કરતાં કહ્યું, "મમ્મીને અંત સમયે છેલ્લો સંસ્કાર અને ખ્રિસ્તપ્રસાદ મળ્યાં એથી એમનું જીવન ધન્ય થઈ ગયું. એમનું મૃત્યુ મંગળ બની ગયું."

મૃત્યુ મંગલકારી હોવા છતાં આપણે દુન્યવી પામરજનો માટે મૃત્યુ મહોત્સવ બની રહેવાને બદલે શોકજનક-પીડાકારક ઘટના બની રહે છે. વાસ્તવમાં જન્મ જેમ આનંદરૂપ છે તેમ મૃત્યુ પણ આનંદ સ્વરૂપ છે. ક્ષણભંગુર દેહનો નાશ થાય ત્યારે જ આત્મા પરમાત્મામાં વિલીન થાય છે. આત્મા પરમાત્માનો અંશ છે. જ્યાંથી આવ્યા છીએ ત્યાં પાછા જવાનું છે. કારણ દુનિયા આપણું કાયમી નિવાસસ્થાન નથી તેમ છતાં આપણા વાણી-વર્તન-વ્યવહારમાં આપણે દુન્યવી સ્થાયીપણું બતાવીએ છીએ. આપણે જાણે અમરપટ્ટો લખાવીને આવ્યાં હોઈએ! સંત કબીર કહે છે :

"મરને તે સબ જગ ડરે, મેરે મન આનન્દ,
મરને હી તે પાઈએ, પૂરન પરમાનન્દ."

મૃત્યુથી આખી દુનિયા ડરે છે. પરંતુ સંત કબીરના મનમાં મૃત્યુનો આનંદ છે. વળી આનંદ પણ એટલા માટે છે કે મૃત્યુ પામવાથી પૂર્ણ અને સાચા આનંદની પ્રાપ્તિ થાય છે. પરંતુ આપણે કાચી માટીના માનવીઓ છીએ. આપણા દિલમાં સ્વજન પ્રત્યે રહેલો ઊંડો પ્રેમ, આસક્તિભાવ, મૃત્યુનો સ્વીકાર કરતાં રોકી રાખે છે. સ્વજનના મૃત્યુનો સ્વીકાર કરતાં કરતાં આપણુંય એક દિવસ મૃત્યુ ચોક્કસપણે થવાનું એનું સ્મરણ આપણા મૃત્યુને શુભદાયી બનાવવા પ્રેરે છે. પરિણામે સદાચારી અને સંયમી જીવન જીવી મૃત્યુને મંગલકારી બનાવવા ઉત્સાહિત બનીએ. સદાચારી અને સંયમી જીવન જીવનારાઓને ક્યારેય મૃત્યુનો ડર લાગતો નથી.

આપણા ધર્મનું મહાસૂત્ર છે : "આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કંઈ કર્યું છે તે મારે માટે જ કર્યું છે." (માથ્થી ૨૫:૪૦) એટલે કે 'જનસેવા એ જ પ્રભુસેવા' મૃત્યુ સમયે જ જેમની ગણના સંત તરીકે થઈ હતી તેવાં દીન-દુઃખી પીડિતો અનાથોનાં મા બની રહેલાં મધર ટેરેસાએ આ સૂત્રને આજીવન મૂર્તિમંત કરી બતાવ્યું હતું, એવાં જનો માટે મૃત્યુ મહોત્સવ બની રહે એમાં કોઈ નવાઈ ખરી? વીર ભગતસિંહની જેમ જેણે દેશ માટે શાહિદી વહોરી લીધો હોય એવા વીરપુરુષો માટે મૃત્યુ મંગલદાયી મહોત્સવ બની રહે છે.

પ્રારંભમાં જેમની વાત કરી એ માજીને અંતકાળે ઈશ્વરને મળવાની ઉત્કટ તાલાવેલી લાગે તે સ્વાભાવિક છે. જેણે ભક્ત કવિ નરસિંહ મહેતાની જેમ વૈષ્ણવજનનાં લક્ષણોઃ પરોપરાકારીપણું, નિરાભિમાનીપણું, નમ્રતા, પરમાર્થી રહેવું એવાં સર્વે લક્ષણોને જીવનમાં સાકાર સાકાર કર્યા હોય એને મૃત્યુનો ડર ક્યાંથી હોય? એને તો સદેહે ઈશ્વરનાં સાક્ષાત દર્શન થાય, એમનું મૃત્યુ મહોત્સવ જ બની રહેને! કવિ બેફામ મૃત્યુ જેવી ગહન વાતને હસતાં હસતાં સરળતાથી કહી દે છે :

‘પરિવર્તન થયુ બસ, બેફામ જીવનમાં,
જન્મદિન આવતા’તા ત્યાં મરણની સાલ આવી ગઈ.’

સર્વ ખ્રિસ્તી શ્રદ્ધાળુઓ માટે પ્રભુ ઈસુનું ક્રૂસ ઉપરનું મૃત્યુ, આપણા તારણ માટે આપેલું બલિદાન મહોત્સવરૂપ બની રહ્યું છે. જેઓએ મૃત્યુ બાદ ત્રીજે દિવસ સજીવન ઊઠીને આપણા માટે, આપણા પુનરુત્થાન માટે નવજીવનનું પ્રભાત ઉઘાડ્યું છે. સંત પોલ કહે છેઃ “એવું જ મરેલાના પુર્નજીવનનું પણ છે. દેહ દટાય છે ત્યારે નશ્વર હોય છે, પણ અવિનશ્વર રૂપે પુનરુત્થાન પામે છે. દટાય છે ત્યારે દુર્બળ હોય છે, પણ સબળરૂપે પુનરુત્થાન પામે છે, ભૌતિક દેહરૂપે દટાય છે, પણ આધ્યાત્મિક દેહરૂપે પુનરુત્થાન પામે છે.” (૧ કરિંથ ૧૫:૫૪)

જીવન પ્રભુએ આપેલી અતિ અણમોલ ભેટ છે. આપણે જીવન માત્ર જીવી કાઢવાનું નથી, પણ જીવનને સાર્થક કરવાનું છે. દુનિયામાં જન્મ લેનાર સૌ કોઈનું મરણ થાય છે, પણ એમાંથી સ્મરણ કોકનું જ થતું હોય છે. તેઓ એવી વિરલ વ્યક્તિઓ હોય છે. જેમણે પોતાનું જીવન લોકકલ્યાણનાં કાર્યો કરવામાં ન્યોછાવર કરી દીધું હોય. ‘Charity begins at home’ દયાધર્મથી માનવતાભર્યા નાના-મોટા કાર્યો આપણા ઘરમાંથી જ શરૂ કરીને પડોશમાં પહોંચતાં - પહોંચતાં આગળને આગળ અન્યો માટે કરતાં રહીએ. મૃત્યુ આવે ત્યારે પેલી પાંચ મૂર્ખ કન્યાઓની જેમ દોડી શકાશે નહીં. મૃત્યુ ક્યારેય કોઈની રાહ જોતું નથી. મૃત્યુની તૈયારી રોજ બરોજના જીવનમાં કરતાં રહેવું પડે. પ્રભુ સર્વને જનસેવાની, પરોપકારની તક આપતા રહે છે. તકને ઓળખીએ અને સાવધાની રાખી મૃત્યુ પછીના શાશ્વતજીવન માટે-મોક્ષ પ્રાપ્તિ માટે સદા તૈયાર રહીએ તો મૃત્યુ મંગલદાયી મહોત્સવ બની રહેશે. કવિ ગઝલકાર અમૃત ‘ઘાયલ’ ખુમારીપૂર્વક કહે છે :

“રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મૂંઝાઈ મનમાં મરી જવાના?
નિજ મસ્ત થઈ જીવન આ પૂરું કરી જવાના,
બિન્દુ મહીં ડૂબીને સિન્ધુ તરી જવાના!
કોણે કહ્યું કે ખાલી હાથે મરી જવાના?
દુનિયાથી દિલના ચારે છેડા ભરી જવાના!”

પૂજ્ય મોરારિબાપુનાં વચનો પણ એ જ વાત કહે છેઃ

“હવે મૃત્યુને મહોત્સવ કોણ બનાવી શકે? જેનામાં નખશિખ માનવતાભરી હોય એ વ્યક્તિ મૃત્યુને મહોત્સવ બનાવી શકે છે.” ચાલો આપણે મૃત્યુને મહોત્સવ રૂપે મનાવીએ. ●


# Music Maniac Academy

હવે, મણીનગરમાં પ્રથમ વખત વેસ્ટર્ન મ્યુઝીક ઈન્સ્ટ્રુમેન્ટસ ખરીદો અને શીખો.
ગીટાર પીઅનો કી-બોર્ડ અને ડ્રમ્સ સસ્તા ભાવે શીખવાડવામાં આવશે.
બાળકો અને જુવાનો માટે મ્યુઝીકનો શોખ વરદાનદાયક નીવડી શકે છે.
સંગીતથી ઈશ્વરની આભારસ્તુતિ કરવામાં અલગ જ અનુભવ મળે છે.

રેગ્યુલર બેચના એડમીશન ચાલુ છે.
**સંપર્કઃ જોએલ મોગેરા - ૦૯૯૭૯૫ ૪૩૭૫૩**
સરનામુંઃ જી/૩, યશ કોમ્પલેક્ષ,
જૂના રેલ્વે ક્રોસિંગ પાસે,
મણીનગર (પૂર્વ) અમદાવાદ - ૩૮૦૦૦૮
વેબસાઈટઃ www.musicmaniac.in

“હે પૃથ્વીના સઘળા લોકો યહોવાની આગળ હર્ષનાદ કરો; ઉત્સાહથી હર્ષના ગીત ગાઓ, હા સ્તોત્રો ગાઓ.
વીણાસહિત, વીણા તથા ગાયનસહિત યહોવાનાં સ્તોત્રો ગાઓ.” (ગી.શા. ૯૮ઃ ૪,૫)

# જીવનનું પ્રવેશદ્વાર

✍ ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે.

જીવ હોય ત્યાં સુધી જીવન, જીવ જાય એટલે મૃત્યુ. જીવનું હોવું એ અનુભવની વાત છે, જીવનું જવું એ શ્રદ્ધાનો વિષય છે. જીવ સમાઈ જાય છે પ્રભુમાં, જેમ સરિતા સમાઈ જાય છે સાગરમાં. જીવ આવ્યો હતો પ્રભુમાંથી, જીવ પાછો જાય છે. પ્રભુમાં. જેમ જીવનું જવું પ્રભુ નક્કી કરે છે, તેમ જીવનું આવવું પણ પ્રભુ જ નક્કી કરે છે. સાદા શબ્દોમાં આ ગહન વાત રજૂ કરીએ : કઈ પળે માતાના ગર્ભમાં જીવની શરૂઆત થાય છે એ એકમાત્ર પ્રભુ જ જાણે છે; જીવને પૃથ્વી પર લાવવાની આ ઉમદા પ્રક્રિયામાં સામેલ થનારાં પ્રભુનાં સહકાર્યકરો એવાં માતાપિતાને પણ આ પળની ખબર નથી. તે જ મુજબ, જીવ ક્યારે પ્રભુ પાસે પાછો જશે એ પળ એકમાત્ર પ્રભુ જ જાણે છે; એ જીવને ધારણ કરનાર માનવ પણ એ પળથી અજાણ છે. હજી વધુ સરળ શબ્દોમાં કહીએ : જન્મ અને મરણ પ્રભુના અબાધિત અધિકાર છે. કારણ, જીવ પ્રભુમાંથી આવે છે અને પ્રભુમાં પાછો સમાઈ જાય છે. માનવનો અધિકાર માત્ર આશા અને શ્રદ્ધા છે; આશા કે મારાં લગ્ન થયા પછી મારે ઘેર પારણું બંધાશે, શ્રદ્ધા કે મારું મૃત્યુ થયે હું પ્રભુમાં ભળી જઈશ. પરંતુ મારા ઘેર ક્યારે પારણું બંધાશે અને મારા ઘરે ક્યારે મારી શબપેટી આવશે એ ઘડીઓથી પ્રભુ મને અજાણ રાખે છે.

જન્મ થયે માનવ એવા ક્ષેત્રમાં પ્રવેશે છે, જ્યાં એની પંચેન્દ્રિયો - આંખ, કાન, નાક, જીભ, અને સ્પર્શ - અન્યનો અનુભવ કરે છે અને અન્ય એ માનવનો અનુભવ કરે છે. આ ક્ષેત્ર એટલે આપણી દુનિયા. દુનિયામાં માત્ર પંચેન્દ્રિયોને આધારે જ માનવ જીવતો નથી; પંચેન્દ્રિયો તો પ્રાણીઓ અને પંખીઓ પણ ધરાવે છે. પરંતુ માનવ એક વિશિષ્ટ ઈન્દ્રિય ધરાવે છે. આ વિશિષ્ટ ઈન્દ્રિય, પંચેન્દ્રિયોની મર્યાદાઓને આંબી જાય છે. આંખ જે જોઈ શકતી નથી, નાક જે સૂંઘી શકતું નથી, જીભ જે ચાખી શકતી નથી, સ્પર્શ જે અનુભવી શકતો નથી તે જ આ વિશિષ્ટ ઈન્દ્રિય કરી શકે છે. આ વિશિષ્ટ ઈન્દ્રિયનું નામ છે શ્રદ્ધા. પ્રભુમાં વસતો જીવ ગર્ભાધાનની પ્રથમ પળથી જ માનવમાં પધારે છે એટલે જ માનવનો એ જીવ પ્રભુ સાથે અનુસંધાન સાધે છે. પ્રભુને માનવ પર ઠોકી બેસાડવાની જરૂર જ પડતી નથી, માનવ જ પ્રભુને શોધતો રહે છે અને પ્રભુમાં જ એને નિરાંત મળે છે.

આ સત્ય એક દાખલા દ્વારા સમજીએ: બાળકને માતા પોતાની ઓળખ કરાવે કે ન કરાવે, બાળક માતાને ઓળખી કાઢે છે. માતા બાળકને જે પુરુષની પિતા તરીકે ઓળખ કરાવે છે, તે જ પુરુષને બાળક શ્રદ્ધાથી પિતા તરીકે સ્વીકારે છે. ઉંમર વીત્યે, યુવાનવયે, કોઈ યુવકે પોતાનાં માતાપિતાને પોતાની પંચન્દ્રિયો કબૂલ કરી શકે એવો માતાપિતા હોવાનો પુરાવો આપવાનું કહ્યું હોય એવો કિસ્સો મારી જાણમાં આવ્યો નથી. જ્યાં પુરાવાની જ જરૂર ન પડે તેને શ્રદ્ધા કહેવાય. યુવકની નસોમાં વહેતું લોહી જ એને માતાપિતા સાથે બાંધી રાખે છે. માનવ પોતાની છ ઈન્દ્રિયો દ્વારા આ દુનિયામાં જીવે છે. પ્રભુની પોતા માટેની કઈ યોજનાઓ છે તે માનવ શોધતો જાય છે અને તેને અમલમાં મૂકતો જાય છે. માનવનો જીવ પ્રભુમાંથી આવ્યો હોઈ પ્રભુની યોજના અથવા પ્રભુની ઈચ્છા જાણવાનું માનવ માટે શક્ય બને છે. યુવક પ્રભુની યોજના મુજબ પોતાની કારકિર્દી શોધી કાઢે છે અને તેને અમલમાં મૂકે છે. ત્રિભેટે આવી પહોંચે ત્યારે પ્રભુની યોજના મુજબ ગૃહસ્થમાર્ગ અથવા સંન્યસ્તમાર્ગ સ્વીકારે છે. પ્રભુ સાથેના સાયુજ્યથી જ અને પ્રભુ સાથેની એકાત્મતાથી જ આ સઘળું શક્ય બને છે. પ્રભુની માનવ માટેની નક્કી કરેલી આ દુનિયા પરની યોજનાઓનો એક દિવસ અંત આવે છે, એ અંત તે મૃત્યુ.

મૃત્યુ પછી જીવ પાછો પ્રભુમાં ભળી જાય છે. જેમ પ્રભુને સ્થળ અને કાળનું બંધન નથી, તેમ આ જીવને પણ હવે કોઈ બંધન નથી. કોઈપણ પ્રકારની મર્યાદાવિહોણા આ ક્ષેત્રમાં માનવ મૃત્યુ પછી પ્રવેશે છે. મર્યાદારહિત આ ક્ષેત્રનું નામ છે અનંત જીવન. અનંત જીવનમાં આનંદ છે, શાંતિ છે, અને પ્રેમ છે. અનંત જીવન એ પ્રભુમાં જીવન છે. જેમ દુનિયામાં પ્રવેશતા માટે જન્મ બારણું છે, તેમ અનંત જીવનમાં પ્રવેશવા માટે મૃત્યુ બારણું છે. જન્મદ્વાર વટાવતું નવજાત શિશુ જોરશોરથી રુએ છે, પણ બાકીનાં બધાં જ હરખભેર હસે છે. મૃત્યુદ્વાર વટાવતો સદ્‌ગત માનવ અનંત પરમ શાંતિ ઓઢી લે છે, પણ બાકીનાં બધાં જ શોકના માર્યા આક્રંદ કરે છે.

અનંત જીવનમાં પ્રવેશનાર આ સદ્‌ગત એટલો તો પ્રેમ પીવડાવતા ગયા, એટલું તો વહાલ વરસાવતા ગયા, એટલી તો માયા લગાવતા ગયા કે એમનું જવું આંખો ચૂવી નાંખે એ વાજબી. પતિ માટે પત્ની પાંખો હતી; પત્ની માટે પતિ જીવન હતો; પપ્પા માટે દીકરો ઘડપણની લાકડી હતો; મમ્મી માટે દીકરી કાળજાનો ટૂકડો હતી; વીરા માટે બહેનડી ટહૂકો હતી; બહેનડી માટે વીરો અરમાન હતો; બાળક માટે માબાપ સર્વસ્વ હતાં. પાંખો કપાઈ જાય, જીવન ઝૂંટવાઈ જાય, લાકડી ભાંગી જાય, કાળજું કપાઈ જાય, ટહૂકો શાંત થઈ જાય, અરમાન ઓલવાઈ જાય, સર્વસ્વ લૂંટાઈ જાય તો કયું હૈયું આક્રંદ ન કરે? આ આક્રંદ, આ આંસુ, આ રુદન તો અનંત જીવનમાં પ્રવેશતા સદ્‌ગતનું બહુમાન કહેવાય. એક ઉપમા આપીએ: પરદેશમાં અત્યંત સુખસાહ્યબીમાં સ્થાયી થવા જઈ રહેલા સંતાનને એરપોર્ટ પર વિદાય આપતાં મમ્મી પપ્પાનાં આંસુ આ સંતાનની મહાનતાની યશગાથા છે. સંતાન એટલું તો વહાલું છે કે વિયોગ વસમો છે; છતાં હૈયે હરખ છે કે મારું સંતાન શાંતિમાં, સુખમાં, સમૃદ્ધિમાં જીવશે. હવે જો મૃત્યુ વખતનો શોક નિરાશાનો હોય, ગુજરાતી કહેવત 'બળી ગયું ઢળી ગયું અને મરી ગયું'ના પડઘાનો હોય, પુનરુત્થાનની અજ્ઞાનતાનો હોય તો તો આપણી શ્રદ્ધાને લાંછન કહેવાય. મૃત્યુ અનંતજીવનનું પ્રવેશદ્વાર છે, તે સદૈવ યાદ રાખવું જોઈએ. ●

# કિશોરમિત્ર

**નવેમ્બર, ૨૦૧૪**

"માર્ગ, સત્ય તથા જીવન હું જ છું." — પ્રભુ ઈસુ. (યોહાન ૧૪: ૬)

સાચો આગેવાન એ જ કે જે રાહ જાણે છે; આપણને તે રાહ પર દોરે છે અને સદા આપણી સાથે રહે છે.

## સફળતા

મિશનરી શાળામાં ઊનાળાની શિબિર યોજાઈ હતી. શિબિરમાં એક રમતનું આયોજન થયું હતું. એક મોટા વાડકામાં અલગ અલગ ચિઠ્ઠીઓ મૂકેલી હતી. એક એક ચિઠ્ઠી ઉપાડી તેમાં લખેલ આદેશ પ્રમાણે પ્રવૃત્તિ કરવાની હતી. શિબિરના આયોજકે એક ચિઠ્ઠી ઉપાડી. ચિઠ્ઠીમાં આદેશ હતો — સ્ટેજ પર જઈ ગીત ગાવ અને નાચ કરો. આયોજક યુવાન દોડીને સ્ટેજ પર ચઢી ગયો. બધાં બાળકો ઉત્સાહથી બૂમો પાડવા લાગ્યાં. પરંતુ ત્યાં જ પેલા આયોજકે સ્ટેજ પરથી કહ્યું, "હું જરૂરથી ગીત ગાઈશ અને ડાન્સ પણ કરીશ. પરંતુ એગ્નેલોએ મને સાથ આપવો પડશે."

એગ્નેલો તો એકદમ શરમાળ બાળક હતો. સ્ટેજ પર જવામાં તેને ગભરામણ થવા લાગી. પરંતુ બીજા બાળકોએ તેને ઊંચકીને સ્ટેજ પર ધકેલી દીધો. સ્ટેજ પરના યુવાને તેને હિંમત આપી. અને બંનેએ સાથે મળીને સુંદર ગીત ગાયું. હવે એગ્નેલોની શરમ છૂટી ગઈ. તેનો ડર ભાગી ગયો. શિબિરના બાકીના દિવસોમાં પણ તેણે સુંદર કાર્યક્રમ પ્રસ્તુત કર્યા.

વ્હાલાં કિશોરમિત્રો, તમને બધાંને પણ ઈશ્વર તરફથી જુદી જુદી કલાની ભેટ મળેલી છે. કોઈ ખાલી હાથે આ દુનિયામાં આવ્યું નથી. તમારાં માતા-પિતા, શિક્ષકો, વડીલો, તમારી પ્રગતિ અને વિકાસ ઈચ્છે છે. તમને મળેલી તકને જો તમે સમયસર ઝડપી લો અને તમારી ભીતરની શક્તિને બહાર લાવવા પ્રયત્ન કરો તો સફળતા જરૂર તમારાં કદમ ચૂમશે....

## પરંપરાગત જ્ઞાન

વર્ષો પહેલાં એક ગામમાં એક કલાકાર રહેતો હતો. નામ એનું દેવદાસ. માટીનાં વાસણો પર સુંદર કલાકારી માટે તે વિખ્યાત હતો. માટીના ઘડા, કુંડા, ફૂલદાની વગેરે ઉપર તે સુંદર નકશીકામ અને ચિત્રકામ કરતો. તેણે બનાવેલી કૃતિઓ ખૂબ પ્રખ્યાત હતી અને કલાના ચાહકો તેને ઊંચી કિંમતે ખરીદી લેતા. વિદેશમાં પણ આ કલાકૃતિઓની ખૂબ માંગ રહેતી.

દેવદાસને એક યુવાન પુત્ર હતો. પુત્ર પિતાના કામમાં મદદ પણ કરતો. પિતાની કલા શીખવાની તેને ખૂબ ઈચ્છા હતી. તેણે પિતાને તેમની કલાનું રહસ્ય શીખવવા વિનંતી કરી. દેવદાસે પુત્રને તેમની પાસે રહેલી એક ખૂબ જુની પુસ્તિકા બતાવી. પુસ્તકમાં ચિત્રકામ અને નકશીકામને લગતી ઘણી સંજ્ઞાઓ છાપેલી હતી. બધી વિગતો ક્રૂસ સંજ્ઞા મારફતે દર્શાવેલ હોવાથી પુત્ર કાંઈ સમજી શક્યો નહીં. તેણે સંજ્ઞાઓનો અર્થ સમજાવવા પિતાને વિનંતી કરી. પરંતુ ફરી કોઈ દિવસે યોગ્ય સમયે તે શીખવશે એમ કહી દેવદાસે વાત ટાળી દીધી.



થોડા દિવસ પછી વૃદ્ધ દેવદાસ બીમાર પડ્યો ઘણી સારવાર કરાવવા છતાં તેની તબિયતમાં કોઈ સુધાર થયો નહીં. દિવસે ને દિવસે દેવદાસની તબિયત લથડતી ચાલી. પિતાનું મૃત્યુ થાય તે પહેલાં તેમની કલાનું રહસ્ય જાણવા ઈચ્છતા પુત્રે પિતાને આજીજી કરી. દેવદાસે પેલી પુસ્તિકા લાવવા કહ્યું. પુત્રે તુરંત જ પુસ્તિકા લાવી પિતાના હાથમાં મૂકી.

વૃદ્ધ અશક્ત દેવદાસ પુસ્તિકા ખોલવા જતો હતો ત્યાં જ તેને હૃદય રોગનો હૂમલો આવ્યો. અને સદાને માટે તેની આંખો ઢળી પડી. દેવદાસની સાથે જ પુસ્તકમાંની સંજ્ઞાઓનું રહસ્ય હંમેશને માટે દટાઈ ગયું.

સાર : તમારી કલા-કૌશલ્યને બીજાને શીખવશો નહીં તો તેનો કોઈ જ અર્થ સરસે નહીં.

વિદ્યા વાપરતાં વધે...


## માતા મરિયમનું સમર્પણ

આપણને જન્મ આપ્યો છે તે આપણી દુન્યવી માતા ગણાય. આપણી જનેતા આપણા માટે સર્વસ્વ હોય છે. જ્યારે સમગ્ર માનવજાતને પ્રભુ ઈસુએ માતા મરિયમની ભેટ આપી છે. માતા મરિયમના માતા-પિતા આન્ના અને જોહાકીમ તેમની વૃદ્ધાવસ્થામાં પણ એક સંતાન ઈચ્છતાં હતાં. પોતાના સંતાનને ઈશ્વરની સેવામાં સમર્પિત કરવા તેમણે નક્કી કર્યું હતું. પરમેશ્વરે મરિયમને પોતાના એક માત્ર પુત્ર પ્રભુ ઈસુની માતા બનાવવા ધાર્યું હતું. મરિયમે માતા આન્નાના ગર્ભમાં નિષ્કલંક જીવધારણ કર્યો હતો. કિશોરી અવસ્થામાં મરિયમે પોતાની જાતને ઈશ્વરની સેવા માટે સોંપી દીધી હતી. આપણી કેથલિક ધર્મસભા નવેમ્બર માસમાં કુમારી મરિયમનું મંદિરમાં સમર્પણનું પર્વ ઉજવે છે.

માતા મરિયમ હમેશાં પ્રભુની યોજના પ્રમાણે જીવન જીવ્યાં. અને હમેશાં પ્રભુને આધીન રહ્યાં. તેથી જ ઈશ્વરે તેમના ઉપર અઢળક કૃપાઓ વરસાવી. અને માતા મરિયમ તેમની કૃપાઓ તેમનાં દુન્યવી સંતાનો એટલે કે આપણા ઉપર સતત વરસાવતાં રહે છે.

સાર : નિ:સ્વાર્થ સેવા કરનારને અઢળક આશિષો મળે છે.

## ભલો ગોવાળ



પોતે ઈશ્વરપુત્ર હોવા છતાં પ્રભુ ઈસુએ પોતાની જાતને આપણાં જેવી બનાવી માનવ દેહ ધારણ કર્યો. અત્યંત સાદગીભર્યું જીવન જીવ્યાં. ગરીબ, નિર્ધન, માંદા, અપંગ, લાચાર, નિરાધાર એવાં સમાજનાં તરછોડાયેલાં લોકોની સેવા કરી. આથી જ આવાં લોકોને ઈસુમાં એક આદર્શ નેતાનાં દર્શન થયાં; જે તેમની સંભાળ રાખે, અને તેમનું તારણ કરે. ઈસુએ પણ મુશ્કેલીમાં જીવન જીવતા લોકોને હૂંફ અને હિંમત બક્ષી. કચડાયેલા લોકોના ઉત્થાન માટે ઈસુએ સમાજના કહેવાતા આગેવાનોનો હિંમતપૂર્વક સામનો કર્યો.

ભરવાડ જેમ તેનાં ઘેટાની સંભાળ રાખે છે તેમ ઈસુએ નિરાધારોની સંભાળ લીધી.
ઈસુ પોતે કહેતા - “હું સાચો ગોવાળ છું.” (યોહાન : ૧૦-૧૧)

ભલો ગોવાળ સાદગી, નમ્રતા, સેવાભાવ, કાળજી, ત્યાગ જેવા ગુણો ધરાવે છે. ઈસુમાં પણ આવા જ સદ્‌ગુણો જોવા મળે છે. તેથી જ તેમના સાનિધ્યમાં શાંતિ અને સહારો પ્રાપ્ત થાય છે.

ભલા ગોવાળ ઈસુના સાનિધ્યમાં આપણે પણ તેમનાં ઘેટાં બનીએ. અને તેમની છત્રછાયામાં જીવન વ્યતીત કરીએ. (વાંચન પ્રવૃત્તિ : ઈસુ સાચો ગોવાળ - યોહાન ૧૦:૧-૧૮)

## માતૃપ્રેમદિન

ગ્લોરિયાબેન પ્રેમાળ માતા હતાં. પતિ સાથે ખભેખભો મિલાવી તેમણે પોતાનાં ત્રણ સંતાનોને ઉછેર્યાં હતાં. ત્રણે બાળકો જીવનમાં પ્રગતિ સાધે તે માટે તેમણે કુટુંબની સામાન્ય આવકમાં પણ ખૂબ મહેનત કરી હતી. ત્યાગ, સેવા અને સમર્પણની ભાવનાથી તેમણે પોતાના પતિ અને બાળકોની સુખ-સગવડનું ધ્યાન રાખ્યું હતું.

આથી જ તેમના પતિ અને બાળકોને ગ્લોરિયાબહેન પ્રત્યે અપાર સ્નેહ આદર અને માયા હતાં. અથાક મહેનતને પરિણામે ગ્લોરિયાબેન માંદગીનો શિકાર બન્યાં. અને અંતે મોતને ભેટ્યાં. તેમની પ્રથમ પુણ્યતિથિના દિવસથી દર વર્ષે તેમનો મૃત્યુદિન તેમનાં પરિવારજનો માતૃપ્રેમદિન તરીકે મનાવે છે. હવે તો ત્રણે બાળકો મોટાં થઈ ગયાં છે અને જુદા જુદા શહેરોમાં નોકરી-ધંધામાં ગોઠવાઈ ગયાં છે. છતાં તેઓ બધાં આ દિવસે ગ્લોરિયાબેનની કબરે ભેગાં મળે છે. અને કુટુંબ માટે ગ્લોરિયાબેને આપેલ ત્યાગ અને બલિદાનને યાદ કરે છે; અને આભાર પ્રગટ કરે છે. ગ્લોરિયાબેનની પુણ્યતિથિ સમગ્ર કુટુંબને એક તાંતણે બાંધી રાખે છે.

વ્હાલાં કિશોરમિત્રો, આપણી ધર્મસભા નવેમ્બરની બીજી તારીખે સર્વ સદ્‌ગત ભક્તોની સ્મૃતિદિન તરીકે મનાવે છે. આપણે પણ આ દિવસે આપણાં સ્વર્ગસ્થ કુટુંબીજનો, મિત્રોને યાદ કરીએ. અને પ્રાર્થના કરીએ. આપણી શ્રદ્ધા છે કે આપણે પણ આપણાં મૃત સ્વજનો સાથે પ્રભુ ઈસુના પુનરુત્થાનમાં સહભાગી બનીશું.

બાઈબલ ક્વિઝ : (મહાપ્રસ્થાનનો ગ્રંથ - અધ્યાય ૧૧ થી ૨૦)

## ખાલી જગ્યા પૂરો :

૧) ઈસ્રાયલીઓ ——— વર્ષ મિસર દેશમાં રહ્યા હતા.

૨) અને ક્રોધથી રાતોચોળ બનીને ——— રાજા આગળથી ચાલ્યો ગયો.

૩) પછી મોશેએ સમુદ્ર ઉપર ——— લંબાવ્યો.

૪) પછી મોશેએ ———ને કહ્યું, : “તું ઈસ્રાયલીઓના આખા સમાજને કહે કે પ્રભુની પાસે આવો.”

૫) ઈસ્રાયલી લોકોએ એ અન્નનું નામ ——— રાખ્યું.

૬) ———ના સરદારો કંપે, મોઆબના શૂરવીરોને ભય ભીંસે.

૭) “હું, તારો સસરો ——— તારી વહુને અને બે દીકરાને લઈને તારી પાસે આવું છું.”

૮) ——— આગળ અમાલેકીઓએ આવીને ઈસ્રાયલીઓ ઉપર હુમલો કર્યો.

૯) પણ સાતમો દિવસ તો ——— છે, તમારા પરમેશ્વર પ્રભુનો દિવસ છે.

૧૦) પ્રભુ ——— પર્વત ઉપર અગ્નિરૂપે ઊતર્યો.

(**નોંધ :** જવાબ માટે ‘દૂત’ અંકમાં ‘પંખીના પાંખે’ વિભાગમાં શોધો.)

## બેની લડાઈમાં ત્રીજો ફાવે

બે છોકરાઓ રસ્તેથી પસાર થઈ રહ્યા હતા. અચાનક એક ઝાડ નીચે તેમણે એક બદામ પડેલી જોઈ. પાકી સરસ બદામ જોઈ બંને તે લેવા દોડ્યા. એક બોલ્યો, “મેં પહેલાં જોઈ એટલે આ બદામ મારી” ત્યારે બીજો છોકરો બોલી ઊઠ્યો, “પણ મેં પહેલાં ઉપાડી લીધી એટલે આ બદામ મારી કહેવાય.” આમ બંને વચ્ચે વિવાદ થયો. અને બંને ઝગડવા લાગ્યા.

તે સમયે એક ત્રીજો છોકરો ત્યાંથી પસાર થતો હતો. પેલા બે છોકરાને ઝગડતા જોઈ તેણે તેમની વચ્ચે ન્યાય કરાવી આપવા વિચાર્યું. અને બંને છોકરાઓને એક એક ભાગ આપ્યો. જ્યારે અંદરની બદામ તે પોતે ખાઈ ગયો. પેલા બંને જણ તેને જોતાં જ રહી ગયા. જતાં જતાં આ છોકરો બોલ્યો, “આ તો તમારા ઝગડાના સમાધાન માટેની મારી ફી હતી.”

**સાર :** બે જણની લડાઈમાં હંમેશાં ત્રીજી વ્યક્તિ ફાવી જતી હોય છે.

## નવેમ્બર માસના મહત્ત્વના દિવસો

૦૭ નવેમ્બર : વિશ્વ સુરક્ષા દિન/શિશુ સુરક્ષા દિન

૧૨ નવેમ્બર : રાષ્ટ્રીય પક્ષી દિન

૧૪ નવેમ્બર : બાળદિન - ચાચા નહેરુ જયંતી

૧૬ નવેમ્બર : રાષ્ટ્રીય પત્રકારદિન

૧૮ નવેમ્બર : એ.સી.સી. ડે

૨૦ નવેમ્બર : બાળ અધિકારદિન

૨૪ નવેમ્બર : આંતરરાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાનદિન

૨૬ નવેમ્બર : રાષ્ટ્રીય બંધારણદિન

## ધર્મસભાના મહત્ત્વના દિવસો

૦૧ નવેમ્બર : સર્વ સંતોનું પર્વ

૦૨ નવેમ્બર : સર્વ સદ્‌ગત ભક્તોની સ્મૃતિ

૧૬ નવેમ્બર : કમ્યુનિકેશન સન્ડે

૧૮ નવેમ્બર : સંત પીટર અને પાઉલના મહામંદિરનું પ્રતિષ્ઠાપન

૨૧ નવેમ્બર : કુમારી મરિયમનું મંદિરમાં સમર્પણ

૨૩ નવેમ્બર : રાજ રાજેશ્વરનું પર્વ

૩૦ નવેમ્બર : આગમન ઋતુનો પહેલો રવિવાર/ 'દૂત' સન્ડે

### ચિંતન પુષ્પ

સારા પુસ્તકો વાંચવાનો અર્થ છે કે - તમે દુનિયાના સૌથી જ્ઞાની લોકો વચ્ચે છો અને તેમની સાથે વાતચીત કરી રહ્યા છો!

— રેને દે કાર્ટ (ફ્રાંસના ગણિતશાસ્ત્રી અને વિજ્ઞાની)

— રાજેશ ક્રિશ્ચિયન
rajesh.christian@yahoo.co.in
(94265 84028)

**અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના રંગ પૂરો :**





# SOLDIERS OF GOD

**November, 2014**

"I AM THE WAY!"- JESUS WHO Knows, Shows, Goes.

ACHIEVE

We have a students' Movement, called LASAC in our schools. We used to conduct summer camps for selected members of this movement. In one such camp we had arranged a game in which all, including the organizers, should participate. It was based on performing cultural items, chosen by lot. One of the organizers picked a slip and it read, "Sing and dance." He got up on the stage immediately. The boys roared and cheered. He said he was ready and willing to act as per the slip, provided Agnello, one of the participants, accompanied him in this. Now Agnello was a shy and withdrawn boy. Sitting in a corner, he would never go onstage. But the boys simply lifted him and put him on the stage. Agnello could not but sing and dance with the organizer. It was really a superb performance. From then on Agnello took part in all the cultural competitions and came out with flying colours. Though he was eager to be in the LASAC Movement, he was not aware of his talents until the organizer found them out and made him realize his potential.

Dear loving kids, all of you are gifted in some way or another. None of you came into the world empty handed. Moreover your home and school are genuinelyconcerned about your progress andachievement. If only you accept the challenge and activate your potential YOU CAN BE AN ACHIEVER.

ALL THE BEST AND BLESSINGS!



BOOK OF SECRETS


There lived an elderly man in a village. His name was Devadas.

He was a skilled artisan. He used to make jars in various sizes with a lot of art work. That made him very popular in that area. His son was helping him for

quite a few years. But he did not know the tricks of the trade, although he had been almost pestering his father to teach him that beautiful art. Mr. Devadas showed him a small book which had been well bound. He used to refer to it quite often. Since there were only symbols the son could not make out anything. But Mr. Devadas told him that he would explain them to him clearly at the opportune time. Meanwhile the son would grow rich by selling those valuable art-crafts. One day unexpectedly and unfortunately the old man fell ill. Though he got the best treatment with his lifetime earnings he could not get better. Thinking that would be an ideal occasion to get the professional secrets of His father, the son approached him eagerly. His father asked him to bring the small book. He brought it. The father looked at it but he could not make out anything. He started sweating, swooning; he closed his eyes, never again to open them. The professional secrets were interred with the bones of that old man.

L E S S O N : Unless you share your unique talents with others today, they will become futile tomorrow.

## OFFERING ALL



Each one has his/her mother. Our mother means everything to us. In a very similar way the whole human race has a MOTHER, given by God, through Jesus Our Lord. She is MARY of Nazareth. Her parents Joachim and Anna, according to Christian tradition, were rather old, but, hopeful of getting an offspring. They too vowed to offer that child to God.

As God had the plan to make Mary the Mother of His Son Jesus, Mary was conceived immaculate (without original sin) from the very womb of her mother. As she grew up, Mary offered herself totally to God even at a very early age. That event has been commemorated by the Church as the feast of the PRESENTATION OF MARY, her pure gift. Since Mary lived that dedication to the full, from the first moment till the last, she has been exalted by God and He showers His abundant graces on us her children, through her intercession. Let’s pray to Mary, to make us sinless like Herself.

LESSON: SELFLESS GIVING GETS BACK A HUNDREDFOLD

SHEPHERD - LEADER

Jesus, though Son of God, EMPTIED Himself to become a human being. He started His life in simplicity and continued it in the same way till His death on the cross. He mingled with the poor, the simple, the sick, and the downtrodden. Naturally, powerless people find a leader in Him. He stands by their side. He boldly opposes their oppressors. He withstands all opposition in the help of the weak and the meek. He identifies Himself with the lowest and the lowliest. This led him to say, "I AM

THE GOOD SHEPHERD" (Jn 10:16).

This concept implies simplicity, meekness, ordinariness, concern, selflessness and sacrifice. Jesus chose this type of leadership so that even the weakest can feel safe and secure in His company. Anyone in any trouble can pray, "Jesus, be with me." BE A LAMB in the hands of JESUS THE SHEPHERD – LEADER.

LOVE BEYOND THE GRAVE

Gloria was an affectionate mother of 3 children. She slogged along with her husband for nearly 20 years to bring her children up in the best possible way. She made every effort to make her children shine in life. As a mother, she made a lot of sacrifices and mortification to provide some reasonable comforts and conveniences to her husband and children. Naturally her children and her husband were very much attached to her. Since she was selflessly working, and in fact over-working for her Family, she developed serious illness that proved fatal. Ever since her first Death Anniversary her family members were observing that day as the MOTHER'S LOVE DAY. Wherever the children were they would come home that day. They would visit the cemetery and renew their love and affection for one another. The death annniversary of their mother became a reunion day for the family. Christians have a meaningful tradition of remembering the dead on 2nd November as the 'All Souls Day.' This is based on the faith that the body dies, but the person lives, and will rise again as Jesus did.

LESSON: LIFE IS FOR EVER, IT NEVER ENDS.

BIBLE QUIZ ts
will be chosen by lot, for prize.
Book of Exodus
Chapters :11-20

Mail your Answers on a post - card to reach our office on/before 15.12.2014. Best 3 respondents will be chosen by lot, for the prize.

1. Israelites lived in Egypt .......... years.
2. And in hot anger he left ..........
3. Moses stretched out .......... over the sea !
4. The Lord killed ..........
5. The house of Israel called it ..........
6. The chiefs of .......... were dismayed.
7. “I, your father-in-law .......... am coming!”
8. Ama’akek fought with Israel at ..........
9. The seventh day is a ..........
10. .......... was wrapped in smoke bible quiz.

FEE FOR JUDGMENT

Two boys found an almond on the road. Both rushed to pick it up. “It is mine, because I saw it first” claimed one boy. “But, I picked it up. So, it is mine!” countered the other boy. A passer-by saw the two boys engaged in a heated discussion. He offered to mediate between them. He cracked the shell of the almond into two parts. “Each of you take your one half share of the shell” he decided. As the two boys received their share, the passer-by popped the kernel into his mouth, “This is my fee for my mediation”, he declared as he walked away, satisfied with his smart performance.

Moral – When two fight, a third one wins!.

*Colour the deside given picture elegantly and appropriately.*





# નવેમ્બર–ડિસેમ્બર મહિનાના શાસ્ત્રપાઠો

✍ ગુજરાત વિદ્યાદીપ, સેવાસી

### સામાન્યકાળનો ૩૩મો રવિવાર (૧૬-૧૧-૨૦૧૪)
### સુભાષિતો ૩૧:૧૦-૧૩, ૧૯-૨૦, ૩૦-૩૧; સ્તોત્ર ૧૨૮; ૧ થેસ્સલો ૫:૧-૬; માથ્થી ૨૫:૧૪-૩૦
### અતિ અમૂલ્ય ભેટ

ઉપાસના વર્ષના આ છેલ્લા રવિવારોમાં આપણે સૌ પ્રભુના મહિમાવાન પુનરાગમન ભણી આપણી નજર વાળીએ છીએ. આ સમયે આપણને જાગતા રહેવા અને તેમના આગમન માટે તૈયાર થવા શાસ્ત્રપાઠો આપણું ધ્યાન ખેંચે છે. આજના બધા શાસ્ત્રપાઠો આપણને પ્રભુએ આપેલી આવડતોને કેવી રીતે વાપરીએ અને તેના દ્વારા પ્રભુના આગમનની તૈયારી કેવી રીતે કરીએ તેના વિષે વાત કરે છે.

મહાન લેખક ટોલ્સટોય એકવાર પોતાના ઘરના આંગણે બેઠા હતા ત્યારે એક યુવાને કહ્યું : મહાશય, મને થોડા પૈસાની મદદ કરશો? ટોલ્સટોયે કહ્યું : કેમ? શું સમસ્યા છે? યુવાને કહ્યું : મારાં મા-બાપ વૃદ્ધ થઈ ગયાં છે અને મારી પાસે કોઈ કામ નથી. અમે ગરીબ છીએ. ટોલ્સટોયે કહ્યું, તારે એક દિવસની મદદ જોઈએ કે કાયમી? તેણે કહ્યું, કાયમી મદદ મળે તો સારું. હું તમારો ઉપકાર કદી નહીં ભૂલું. ટોલ્સટોયે કહ્યું, ભાઈ, મારા એક મિત્ર છે એમને એક હાથની જરૂર છે. તું તારો એક હાથ એમને આપે તો એ તને દસ હજાર રૂપિયા આપશે. તેણે કહ્યું, એ કેવી રીતે બને? ટોલ્સટોયે કહ્યું, સારું તું તારો એક પગ આપીશ તો પણ હું તને દસ હજાર રૂપિયા અપાવીશ. તેણે કહ્યું, આ તો વિચિત્ર માંગણી છે, મને જવા દો. ટોલ્સટોયે કહ્યું, વીસ હજાર રૂપિયામાં શરીર આપવું છે? યુવાનને હવે કાંઈક સમજ પડવા લાગી, શરીર અમૂલ્ય છે. કેવી રીતે અપાય? ટોલ્સટોયે કહ્યું, આપણે આપણી જ કિંમત કરતા નથી અને મદદ માટે બીજા પાસે પહોંચી જઈએ છીએ.

આ સંવાદ પરથી આપણને જાણવા મળે છે કે આપણાં બધાં જ અંગો બહુ મૂલ્યવાન છે અને એમાં પણ ઈશ્વરે આપેલ જીવન એક અતિ અમૂલ્ય ભેટ છે. આપણા દરેકમાં ઘણી આવડત અને શક્તિ છે. આપણે તેને કેવી રીતે વાપરીએ છીએ? પ્રભુએ આપેલી ભેટને પોતાના સ્વાર્થ ખાતર વાપરીએ છીએ કે પેલા યુવાનની જેમ કરીએ છીએ?

આજના બધા શાસ્ત્રપાઠો આપણી આવડત, આપણા અંગત અને કૌટુંબિક જીવનમાં કેવી રીતે વાપરીએ છીએ તેની ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. પહેલા વાંચનમાં ગૃહ-લક્ષ્મીના લક્ષણો ક્યાં ક્યાં છે તે વર્ણવે છે - વફાદાર, ઈશ્વરથી ડરીને ચાલનાર, પ્રેમાળ, મહેનતુ, સમયનો સદુપયોગ કરનાર, માનમર્યાદા જાળવનાર વગેરે. આ પાઠ અનુસંધાનિત સ્તોત્ર તેની વધુ સમજણ આપે છે - "જે કોઈ ઈશ્વરથી ડરીને ચાલે, તે ધન્ય છે, ઈશ્વરનો ડર તે જ્ઞાન અથવા ડહાપણની શરૂઆત છે. બીજા શાસ્ત્રપાઠમાં સંત પાઉલ થેસ્સલોનિકાના સંઘને ચેતવે છે અને સતત જાગૃત અને સૌમ્ય રહેવા સલાહ આપે છે. વફાદાર અનુયાયીઓને પ્રકાશનાં સંતાનો તરીકે માલિકના આગમન માટે સદા તૈયાર રહેવા અરજ કરે છે.

આજના શુભસંદેશમાં પ્રભુ ઈસુ ઈશ્વરના રાજ્યની વાત કરતા એક પ્રવાસી અને એના નોકરોની ઉપમા આપે છે. આ દૃષ્ટાંતમાં માલિકના વફાદાર સેવકો સભાન રહી તેમને આપેલી સોનામહોરનો ઉપયોગ પોતાની આવડતોને વાપરીને બમણી કરે છે. માલિક તેઓના વખાણ કરી બક્ષિસ આપે છે. જે મુર્ખ કે આળસુ નોકર પોતાની સોનામહોરને જમીનમાં દાટી મૂકી માલિક ઉપર દોષારોપણ કરે છે તેને સજા થાય છે. ભગવાને આપણને જુદી જુદી આવડત આપી છે. દા.ત. પવિત્ર આત્માનાં વરદાનો. જેવી રીતે સંપૂર્ણ ગૃહલક્ષ્મી હમેશા તેના ઘરની સેવામાં વફાદાર રહે છે, અને જેવી રીતે માલિકના વફાદાર સેવકો જાગ્રત રહી સંપત્તિનું રોકાણ કરી તેને બમણી કરે છે, તેવી જ રીતે શ્રદ્ધાળુઓએ ઈશ્વરે આપેલા મૂલ્યોને જીવનમાં વફાદારીપૂર્વક અમલમાં મૂકી ઈશ્વરનો મહિમા વધારવાનો છે.

— બ્રધર સુશીલ

### સામાન્યકાળનો ૩૪મો રવિવાર (૨૩-૧૧-૨૦૧૪)
### હઝકીયેલ ૩૪:૧૧-૧૨, ૧૫-૧૭; સ્તોત્ર ૨૩, ૧ કરિંથ ૧૫:૨૦-૨૬, ૨૮; માથ્થી ૨૫:૩૧-૪૬
### રાજાઓના રાજા આદિરાજા ઈસુ

આજે માતા ધર્મસભા રાજરાજેશ્વરનું પર્વ ઉજવે છે. ઉપર પસંદ કરેલ શીર્ષક અસામાન્ય હોવાથી એને સમજાવવું પડે. આગળ વધતાં પહેલાં ઈસુ અને બીજા રાજાઓ વચ્ચેનો ભેદ સમજવો આવશ્યક છે. જૂના કરારમાં રાજા એટલે અભિષિક્ત રાજકુંવર. "હું તેને વંશજો આપીશ, જે કાયમ માટે મારા અભિષિક્ત રાજાની સમક્ષ સેવા કરશે" (૧ શમુએલ ૨:૩૫).

ઈજિપ્ત અને મેસોપેથોમિયા જેવા દેશોમાં રાજાની સેવા કરવી એક ઈશ્વર્ય નિયમ તરીકે મનાતો હતો. પણ ઈસ્રાયેલમાં ઈશ્વર પોતે રાજા હતા કાજીઓ અને પયગંબરો દ્વારા ઈશ્વર લોકોને દોરવણી આપતા હતા. પણ પયગંબર શમુએલના સમયમાં લોકો ઈશ્વરની શક્તિ ઉપર શંકા કરે છે અને પોતાને માટે માનવ રાજાની માંગણી કરે છે. "બીજી પ્રજાઓમાં છે તેમ અમારા ઉપર શાસન કરવાને એક રાજાની નિમણૂંક કરો." (શમુએલ ૮:૫). તેથી તેઓને રાજા મળે

છે. પણ શમુએલ લોકોને રાજા વિષે ચેતવણી પણ આપે છે. (જુઓ શમુએલ : ૮:૧૧-૧૮ સુધી).

ભારતમાં રાજાઓમાં રાજા ગણાતાં ચન્દ્રગુપ્ત, સમુદ્રગુપ્ત, કનિષ્ક, શિવાજી, અશોક અને અકબર દરેકે ઘણા દેશો જીત્યા પણ તેઓ બધા જ મરણ આગળ હારી ગયા. જ્યારે ઈસુ પોતે આદિરાજા એટલે કે મૂળરાજા હોવાથી તેઓને કોઈ પ્રદેશ માટે લડવાની કે કોઈ પ્રદેશ જીતવાની જરૂર જ નહોતી. આખી સૃષ્ટિ એમની જ હતી. પણ માનવે પાપ કરીને આ આદિરાજાથી દૂર જઈને મૃત્યુને વહોરી લીધું. આ વિષે સંત પાઉલ સુંદર રીતે કહે છેઃ 'પરમેશ્વર સૌ શત્રુઓને તેમને ચરણે નમાવે ત્યાં સુધી ખ્રિસ્તે રાજ્ય કરવાનું છે. અને છેવટે નાશ પામનાર શત્રુનું મૃત્યુ હશે, કારણ, "પરમેશ્વરે સર્વ કાંઈ તેને ચરણે નમાવ્યું છે." (૧ કરિંથ ૧૫:૨૫-૨૬).

મૃત્યુને જીતવું એ કામ કાંઈ સહેલું નથી. પણ આદિરાજા ઈસુ પોતાના લોકો પ્રત્યેના પ્રેમને ખાતર દુઃખ વેઠીને ક્રૂસ ઉપર મરણ પામી મૃત્યુ ઉપર વિજય મેળવે છે. અને એમના શિષ્યો તરીકે સૌને પ્રેમ કરી આપણને એકબીજા ઉપર પ્રેમ રાખવાની શિખામણ આપે છે. એટલું જ નહિ, તે પોતાના પિતા આદિરાજાને (સૃષ્ટિની રચના કરનાર પિતા-પરમેશ્વરને) પિતા કહેવાને આપણને અધિકાર આપે છે. તેનો અર્થ એ છે કે આદિરાજા ઈસુ આપણા સૌને પોતાનાં ભાઈ-બહેનો તરીકે સ્વીકારે છે. એટલે જ ઉપર ઉલ્લેખ કર્યા પ્રમાણે આપણે સૌ રાજકુમાર ને રાજકુમારી બની જઈએ છીએ. હવે, આદિરાજા ઈસુને જે જવાબદારી માથે હતી તે જ જવાબદારી આપણને સોંપેલ છે. તેમની જેમ આપણને પણ એકબીજાને પ્રેમ કરવાનો ઈસુનો આદેશ છે. અને આ પ્રેમ કરવાની રીત આજના શુભસંદેશમાં સ્પષ્ટ રીતે આપણને સમજાવવામાં આવી છેઃ સાચો પ્રેમ એટલે નબળાનો પક્ષ લેવો અને દુઃખીને દિલાસો આપવો. આ પર્વનો સંદેશ આ છે કે આ આદિરાજાનું રાજ્ય એટલે પ્રેમનું રાજ્ય. તો આજે આપણે નિશ્ચય કરીએ કે આપણા પ્રેમભર્યા વર્તન દ્વારા આદિરાજાનું રાજ્ય ફેલાવી. આપણા આદિરાજાના રાજ્યનો મહિમા કરતા રહીએ.

— બ્રધર દોમિનિક સાવિયો

## આગમનઋતુનો ૧લો રવિવાર, 'દૂત' રવિવાર (૩૦-૧૧-૧૪)
## યશાયા ૬૩ઃ૧૬-૧૭; ૬૪ઃ૧-૮; સ્તોત્ર ૮૦;
## ૧ કરિંથ ૧ઃ૩-૯; માર્ક ૧૩ઃ૩૩-૩૭
## ઊંઘમાંથી જાગો

એક કોયડો છે. તમે રાત્રે ઊંઘમાં સ્વપ્ન જોઈ રહ્યા છો. એક મોટો વાઘ તમારી પાછળ પડે છે. તમે એનાથી પીછો છોડાવવા માંગો છો. પરંતુ તે તમારી સામે જ આવીને ઊભો રહે છે. આવી વિકટ પરિસ્થિતિમાં આ વાઘથી કેમ કરીને પીછો છોડાવાય? જવાબ સહેલો છે. "ઊંઘમાંથી જાગો."

ઊંઘમાંથી જાગવાથી આપણે એક નવી દુનિયામાં પ્રવેશીએ છીએ અને આ દુનિયા સ્વપ્નથી અલગ જ હોય છે. ઊંઘમાં જે એક વિકટ પ્રશ્ન હતો તે જાગવાથી ઉકેલાઈ ગયો. જાગવાથી હવે વાઘને ભગાડવાના પ્રશ્નની જગ્યાએ વાસ્તવિક પ્રશ્નો ઉભા થશે, જેવા કે કેવી રીતે ઓફિસમાં સમયસર પહોંચું કે સ્કૂલમાં સમયસર બાળકોને મૂકવા જવું. આ ફક્ત શારીરિક રીતે જાગવાની વાત હતી. પરંતુ આપણે આધ્યાત્મિક રીતે પણ જાગવાનું છે, જે વાત આજના શાસ્ત્રપાઠો કહે છે.

આજે આપણે આગમનઋતુમાં પ્રવેશ કરીએ છીએ, એક એવો ખાસ સમયગાળો જ્યાં ઈશ્વરની પધરામણીની આપણે ચોક્કસ રીતે તૈયારી કરીએ છીએ.

આજના શુભસંદેશમાં ઈસુ પોતાના શિષ્યોને જાગતા રહેવાની વાત કરે છે. આ શિષ્યોએ ઈસુમાંથી શ્રદ્ધા દ્વારા અને પોતાના સમર્પિત જીવન દ્વારા આધ્યાત્મિક ઊંઘને ભગાડેલી છે. પરંતુ હવે એવો સમય આવશે કે જ્યારે ઈસુ પોતે હાજર નહિ હોય. કસોટીના સમયે તેમની શ્રદ્ધાની ચકાસણી થશે. તે સમયે તેઓ ઊંઘમાં સપડાશે એટલે કે અશ્રદ્ધા તરફ વળશે. એટલે ઈસુ શિખામણના બે શબ્દો દ્વારા કહી રહ્યા છે કે ઈશ્વરનું રાજ્ય આવી રહ્યું છે. આપણી તેમની ધારણા મુજબ જીવી તેમના સ્વાગતમાં તૈયાર રહેવાનું છે. બેદરકાર અને ગાફેલ રહેવું આપણને પોસાય તેમ નથી.

આજનો પ્રથમ શાસ્ત્રપાઠ યશાયાના ગ્રંથમાંથી લેવામાં આવ્યો છે. યહૂદી પ્રજા ઈશ્વર સાથેના કરારને વળગી રહી નથી. તેમણે ઈશ્વર સાથેનો કરાર તોડી નાખ્યો. પરિણામે તેમને દેશવટો અને રિબામણી વેઠવાં પડ્યાં. હવે યશાયા કહે છે 'જાગો અને ઊંઘમાંથી ઊઠો'. વળી તે મોટે સાદે ઈશ્વરને પ્રજા વચ્ચે આવી વાસ કરવા આમંત્રિત કરે છે. આજના સ્તોત્રમાં સાચા ગોવાળની વાત છે. અને એ સાચો ગોવાળ એટલે ઈશ્વર. સ્તોત્રકાર ઈશ્વરને કહે છે કે અમે ગોવાળ વિનાનાં ઘેટાં છીએ. અમને તું બચાવ. કારણ આ ઘેટાઓની પસંદગી કરનાર અને તેમને શક્તિ બક્ષનાર ઈશ્વર તમે જ છો. સંત પાઉલની આજની વાણીને બીજી રીતે કહીએ તો 'તમારી શ્રદ્ધાની આંખો ખોલો અને તમારા જીવનમાં તમે ઈશ્વરને કાર્યરત જોશો. તમારા દિલને અને તમારા ઘરના દરવાજાને ખોલો જ્યાં ઈશ્વર એક જરૂરિયાતમંદ વ્યક્તિ તરીકે તમારે ત્યાં આવતા હશે.'

દિલને ખુલ્લું રાખી જાગતા રહીએ એ જ ઈશ્વરની પધરામણી માટેની શ્રેષ્ઠ તૈયારી છે.

— બ્રધર સંદેશ

## આગમનઋતુનો બીજો રવિવાર (૦૭-૧૨-૨૦૧૪)
## યશાયા ૪૦ઃ૧-૫, ૯-૧૧; સ્તોત્ર ૨૫; ૨ પિતર ૩ઃ૮-૧૪;
## માર્ક ૧ઃ૧-૮
## જગતારક ઈશ્વરના આગમનની તૈયારી

આજના ત્રણેય શાસ્ત્રપાઠોમાં જગતારક ઈશ્વરના આગમનનો અણસાર આપતી ઘટનાઓનો ઉલ્લેખ છે. યશાયાના ગ્રંથમાં, પયગંબર યરુશાલેમને ઉદ્દેશીને જણાવે છે કે હવે કેવી રીતે તેના કપરા દિવસોનો અંત નજીકમાં છે. હવે તેણે દેવના આગમનની તૈયારી કરવાની છે. ૨ પિતરમાં વર્ણન છે ઈશ્વરના આગમનની - અણચિંતવ્યા આગમનની અને એના આગમન સાથે જ દુન્યવી બાબતોનો અલોપ

થઈ જવા વિષેની એંધાણીઓની. માર્કના શુભસંદેશમાં છડીદાર તરીકે યોહાન જગતારકના આગમનની છડી પોકારે છે.

આપણે આગમનઋતુમાં પ્રવેશી ચૂક્યા છીએ અને જગતારક માનવપુત્રની જન્મજયંતીની પ્રતીક્ષામાં છીએ. સામાજિક જીવનમાં આપણે મહેમાનના દરજ્જા, આપણો તેમની સાથેનો સંબંધ અને ઘનિષ્ટતા અને ઘણીવાર આપણા જીવનમાં એમની જરૂરિયાત વગેરે ધ્યાનમાં રાખીને તેમના સ્વાગતની તૈયારી કરતાં હોઈએ છીએ. પણ જ્યારે રાજાઓનો રાજા માનવદેહ ધારણ કરીને માનવજાતના તારણ માટે આગમન કરે છે ત્યારે તેમનું આગમન દુન્યવી તૈયારી ઉપરાંત એક અન્ય પ્રકારની વિશિષ્ટ તૈયારી માગી લે છે. એ સાચું છે કે ભૌતિક પારંપારિક ઉત્સવ માનવ જીવનનું મહત્ત્વનું અંગ છે. પણ ઈશ્વરપુત્રના આગમન સાથે સાથે એથી પણ અલગ પ્રકારની તૈયારીની અપેક્ષા - આધ્યાત્મિક તૈયારીની - ઈસુપંથીઓ પાસેથી રાખે છે.

આ વિશિષ્ટ તૈયારી કદાચ આ પ્રકારની હોય શકે :

૧) ઘરની સાફ સફાઈ કરતી વખતે આપણે જુનો ભંગાર વિદાય કરી દઈએ છીએ. સાથે સાથે મનની સફાઈ પણ હાથમાં લઈએ. મનમાંથી વિદાય કરવા લાયક, પરિવારનાં સભ્યો સાથેના આપણા પૂર્વગ્રહો, નાના મોટા મનભેદો, ઈર્ષા વગેરેને પણ ભૌતિક ભંગારની જેમ જ કાયમ માટે તિલાંજલિ આપી દઈએ. પોતાના જેટલો જ પ્રેમ પાડોશી પર રાખવાની ઈસુની આજ્ઞા બાબતમાં આપણો અભિગમ ચકાસી લેવાનો આ પ્રસંગ છે.

૨) ઘરના રંગરોગાન સાથે મનને પણ ઉદારતા અને ક્ષમાના પ્રાયમરથી રંગી દઈએ અને પછી તેને પ્રેમ, કરુણા અને સહાનુભૂતિના રંગોથી સજાવીએ.

૩) પરિવાર માટે મીઠાઈઓ અને ફરસાણની તૈયારીની સાથે ધ્યાનમાં રાખીએ એકાદ કમનસીબ પરિવારને એક ટંક જેટલું ય ભોજન એમની સાથે વહેંચી શકીએ તો આપણા પરિવાર માટે બનાવેલી મીઠાઈઓ અને ફરસાણ આપણા આનંદને બમણો કરી દેશે.

વ્યક્તિને એ સહાયરૂપ થશે. આ રીતે બાળકોમાં નવીન સંસ્કારોનું સિંચન પણ થશે.

અત્રે એ યાદ રાખવું એટલું જ જરૂરી છે કે નાતાલની ઉજવણી એક સાંકેતિક ઉજવણી છે. ૨ પિતરના પત્ર પ્રમાણે આપણે ઈસુપંથી તરીકે માનવપુત્રના પુનરાગમનની રાહ જોઈએ છીએ. પણ આપણે નથી જાણતા દિવસ કે નથી જાણતા ઘડી. એટલે જ આપણે સદાય તેના આગમનની તૈયારીમાં રહેવું ઘટે. માનવજીવન પાણીના પરપોટાની જેમ ક્ષણભંગુર છે. અને તેથી જ કોઈ જ્ઞાની પુરુષે સાચે જ કહ્યું છે કે જ્ઞાન એ રીતે મેળવતા રહો કે જાણે જીવન અનંત છે પણ જીવન એ રીતે જીવો કે પ્રત્યેક દિવસ જાણે જીવનનો છેલ્લો દિવસ છે.

— સાયમન ફિલિપ


જાહેરાત

"માણસ એકલો રહે તે સારું નથી." (ઉત્પત્તિ ૨:૧૮)

દેશ વિદેશમાં ઘેર બેઠાં પ્રત્યક્ષ માહિતી આપતું

**ખ્રિસ્તી સમાજના દરેક મિશનો માટે**

**ઈન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

**સમયઃ (સોમવાર થી રવિવાર) સવારના ૯.૩૦ થી સાંજના ૬.૩૦**

(એપોઈન્ટમેન્ટ લઈને મળવું.)

૧. ઉચ્ચ અભ્યાસ ધરાવતા લગ્ન ઈચ્છીત યુવક-યુવતીઓને યોગ્યતાના ધોરણે વિનામૂલ્યે વિદેશ જવાની સુવિધા.
૨. રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે લગ્ન પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.
૩. આર્થિક રીતે નબળા, વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી. તેમજ પસંદગી કેન્દ્રમાં આવનારને વધુમાં વધુ રૂા. ૩૦/- ભાડું એક વખતનું આપવામાં આવશે તથા સમૂહલગ્નની સુવિધા મળશે.
૪. કુંવારા, વિધવા, વિધુર, હેન્ડીકેપ, ૪૦ વર્ષની ઉપરના તથા પેન્શનર સીનિયર સીટીઝન પાત્ર મળશે.
૫. તમારો અને તમારી સાથેના પાત્રનો બાયોડેટા બે સાપ્તાહિક પેપર મારફતે જાહેરાતમાં તથા વેબસાઈટ અને ફેસબુક ઉપર મૂકવામાં આવે છે.
૬. ખ્રિસ્તી સમાજના મેગેઝીન તથા સાપ્તાહિક નવક્રાંતિ તથા ગરવી નવક્રાંતિ પેપર પસંદગી કેન્દ્રમાં આવનારને વિના મૂલ્યે મળશે.

**ડાયરેક્ટરઃ ભાઈલાલભાઈ એસ. ટેલર**

પાર્ક સ્ટ્રીટ, મેથોડિસ્ટ નર્સીંગ સ્કૂલ સામે, મિશન રોડ, નડીઆદ - ૦૨ જિ. ખેડા (ગુજરાત)

**મો. ૯૮૯૮૩ ૧૮૬૮૫, ૯૭૧૪૫ ૧૮૩૬૭**



## ગોવા પ્રવાસ - ૭ દિવસ

**તા. ૨૯-૧૨-૨૦૧૪ થી ૦૫-૦૧-૨૦૧૫ સુધી**

સાપુતારા, નાશીક, ગોવા - ૩ દિવસ, મહાબળેશ્વર આણંદ.

પ્રવાસ ફી **૬૧૦૦/-** = બસભાડુ + ભોજન + રહેવાનું + શ્રેષ્ઠ સગવડ

## કેરાલા પોટ્ટા રિટ્રીટ પ્રવાસ, વેલાંકની માતાના દર્શને

**(ટ્રેન તથા લક્ઝરી બસ દ્વારા)**

**પ્રવાસ ફીઃ રૂા. ૭૦૦૦/-   પ્રવાસ દિવસઃ ૧૬,**

**પ્રવાસની શરૂઆતઃ ૧૩-૦૨-૨૦૧૫, શુક્રવાર**

**પ્રવાસની પૂર્ણાહુતિઃ ૦૧-૦૩-૨૦૧૫ રવિવાર**

**નોંધઃ** (૧) પ્રવાસ ફીમાં માત્ર ટ્રેન - લક્ઝરી બસ ભાડું, રાત્રિરોકાણ અને રિટ્રીટ રજીસ્ટ્રેશન ફી નો સમાવેશ થાય છે. (૨) પ્રવેશ ફી તથા ભોજન વ્યવસ્થા પોતાના શિરે રહેશે. (૩) રીઝર્વેશન થયા બાદ કોઈપણ સંજોગોમાં ટિકિટ કેન્સલ કરવામાં આવશે નહિ અને એડવાન્સ ફી પરત આપવામાં આવશે નહિ. (૪) ઓળખપત્ર અવશ્ય આપવાનું રહેશે.

**—: આજે જ રીઝર્વેશન કરાવો : —**

**રૂા.૪૦૦૦/-** એડવાન્સ ફી આપીને આપની ટિકિટનું રીઝર્વેશન કરાવવા માટે **તારીખ ૧૨-૧૨-૨૦૧૪ શુક્રવાર** સુધીમાં અચૂક અવશ્ય નામ નોંધાવશો.

**જોવાલાયક સ્થળોઃ** (૧) ચેન્નઈ દર્શનઃ સંત થોમાસની કબર (૨) સંત થોમાસ લીટલ માઉન્ટ (૩) સંત થોમાસ બીગ માઉન્ટ (૪) મીની વેલાંકની (૫) પોંડેચરી દર્શનઃ અરવિંદ આશ્રમ (૬) ચર્ચ (૭) બીચ (૮) વેલાંકની માતાનાં દર્શન બે દિવસ (૯) લાલ માટીની ભૂમિ સંત જોન દે બ્રીટો, ઓરીયૂર (૧૦) મીનાક્ષી મંદિર-મદુરાઈ (૧૧) આરોગ્ય માતાનું મંદિર, વાડીપટ્ટી (૧૨) કન્યાકુમારી દર્શનઃ સ્વામી વિવેકાનંદ રોંક (૧૩) ગાંધી બીચ (૧૪) ચર્ચ (૧૫) સંત દેવસહાયમ્ ચર્ચ. (૧૬) સનસેટ પોઈન્ટ (૧૭) કેરાલા દર્શનઃ કોરેટી ચર્ચ (૧૮) પોટ્ટા આશ્રમ (૧૯) હોલી લેન્ડ (પવિત્ર ભૂમિ) (૨૦) સંત આલ્ફોન્સાની સમાધિ (૨૧) વલ્લારપડા માતાનું ધામ (૨૨) સંત થોમાસના પવિત્ર જમણા હાથના અસ્થિ (૨૩) પ્રથમ સ્નાન સંસ્કાર આપ્યો તે સંત થોમાસ (૨૪) પલકના માતા મરિયમ, ત્રિચૂર (૨૫) ડિવાઈન રિટ્રીટ સેન્ટર, છ દિવસ (૨૬) આપના ઘરના દર્શનઃ "ઈમાનુએલ".

**આયોજકઃ કેરેસ્મેટીક બંધુઃ હેમંતભાઈ એમ. મેકવાન**

**"અનંત" બી/૧૦ વૈભવ સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮ ૦૦૧**

**ફોન નં. ૦૨૬૯૨-૨૬૬૦૭૧   મોઃ ૯૪૨૭૬ ૩૫૮૯૫**

# સંત કુરિયાકોસ ચાવરા

✍ દક્ષા સંઘવી (અમદાવાદ)




બે દિવસથી સંત કુરિયાકોસ ચાવડા સતત મારા માનસપટ પર આવે છે અને આજે જાણે કલમ એમનું અભિવાદન કરવા દોડી. આમ તો એમના વિશે કંઇ પણ કહેવું એ એમનું અપમાન કરવા જેવું લાગે, કારણ આપણે એમને શબ્દોમાં બાંધવાની કોશિશ કરીએ પણ એમની દૃષ્ટિ ઓળખવા તો જાણે હિમાલય પાર કરવો પડે. સાગરના અપાર જળને અંજલિથી માપી શકાય ખરું? સંતની અપાર મહિમાને શબ્દોથી વર્ણવી શકાય ખરી? એમનું આલેખન કરવામાં ઉણી ઉતરું પણ તોય કલમ આજે કંઇક કીધા વગર રહી શકે તેમ નથી.

શ્રી કુરિયાકોસ ચાવરા એટલે એક ક્રાંતિકારી સંત, એક સમાજસુધારક, એક દીર્ઘદૃષ્ટા. એમનું હૃદય કરુણાસભર. એમના દિલમાં પ્રેમની પ્રજ્વલિત જ્યોત. એમનું સ્થાન પ્રભુની નિશ્રામાં.

આજથી બસો વર્ષ પહેલાં એમનો જન્મ થયો. લગભગ ૬૩ વર્ષના તેમના જીવનકાળ દરમ્યાન તેમણે અનેક કાર્યો કર્યાં. પણ આશ્ચર્ય! તેમનાં કાર્યો, તેમનું જીવન, તેમની વિચારધારા આજેપણ પ્રેરણાસ્રોત બની રહ્યાં છે. એટલે જાણવાનું મન તો થાય જ કે એમનામાં એવું તે શું હતું જે આજે પણ એમનું જીવન કાર્યકારી બની રહ્યું છે!

શૈક્ષણિક ક્ષેત્રે એમનું આગવું પ્રદાન રહ્યું. કેરળમાં આજે જે ૧૦૦% સાક્ષરતા છે તો તેનો પાયો નાખવાનો યશ કુરિયાકોસ ચાવરાને જ જાય છે. પાઠ્યશાળાની એટલે વ્યવસ્થિત સ્કૂલની પહેલ કરનારા પણ એ જ. તેમણે તે જમાનામાં છાપખાનું શરૂ કરવાનું સાહસ કર્યું. એની પાછળનો હેતુ લોકોને જ્ઞાનમાર્ગે આગળ વધારવાનો હતો.

દલિતોને ઈશ્વરનાં સંતાન કહી બિરદાવનારા પણ એ જ. તેમના ઉત્કર્ષ માટે તેઓ ખૂબ જ પ્રયત્નશીલ રહ્યા. તેમનો ફાળો અનેરો રહ્યો. ગરીબ બાળકોને મધ્યાહ્ન ભોજનની યોજના પણ એમના જ દિમાગની ઉપજ, જે તેમણે ચરિતાર્થ પણ કરી બતાવી.

ભારતના ભાઈઓ અને બહેનો માટે દેશી સન્યસ્ત સંઘની સ્થાપનાના તેઓ પ્રણેતા રહ્યા.

સ્ત્રી ઉત્કર્ષના તેઓ પ્રખર હિમાયતી રહ્યા. તો વળી પાખંડતા વિરુદ્ધ તેમણે આદરેલી લડત વિશેષ ધ્યાન ખેંચે તેવી છે.

ભારતના કદાચ પ્રથમ અનાથાશ્રમની સ્થાપના પણ તેમના થકી જ થઈ. એમાં તરછોડાયેલા રોગીઓ અને વૃદ્ધાઓને આશ્રય મળ્યો. સાહિત્ય ક્ષેત્રે પણ તેમનો નોંધનીય ફાળો રહ્યો. તેઓ પોતે જ કવિ અને લેખક હતા.

કોઈ એક જ વ્યક્તિમાં આટલી બધી વિશેષતા! આશ્ચર્ય પણ થાય ને જાણવાનું મન પણ થાય.

પ્રાર્થના તેમની નસેનસમાં હતી. પ્રાર્થનાની અપાર શક્તિ જાણવી હોય તો તેમને મળવું જ પડે. સદેહે તો તેઓ અત્યારે નથી જ પણ અક્ષરદેહે તો તેમને જરૂર મળી શકીએ.

નમ્રતા, પ્રામાણિક્તા, સાદગી, આધ્યાત્મિકતા, પ્રેમ જેવા ગુણો તેમને વરેલા હતા. કહેવાય છે કે સમાજસેવકોની વચ્ચે તે એક સમર્પિત સન્યાસી હતા અને સન્યાસીઓની વચ્ચે એક કર્મયોગી સમાજસેવક હતા.

આજ્ઞાપાલન તેમના દિલ, દિમાગમાં વણાયેલું હતું. તેઓ લોકો માટે દૃષ્ટાંતરૂપ હતા. પણ સાથે જ તેમની દીર્ઘદૃષ્ટિ કહેતી હતી કે અધિકારીઓને સચ્ચાઈથી વાકેફ કરવા તે આજ્ઞાપાલનનો અનાદર નથી, પણ સમર્થન જ છે. કારણ, અધિકારીઓનો નિર્ણય અપૂરતી જાણકારી પણ આધારિત હોય તો તેનાં ખરાબ પરિણામો દૂર સુધી ફેલાઈ શકે છે.

વિરોધીઓને પણ તે પ્રેમથી મહાત કરતા. દુશ્મનોને પણ પ્રેમ કરતા ને માફી બક્ષતા. તે કહેતા નિયમો માણસો માટે છે, માણસો નિયમો માટે નથી. તેમણે જણાવેલ પારિવારિક નિયમો તેમની વિશેષ દૃષ્ટિનો ખ્યાલ આપે છે. જે આજના સમયમાં પણ અત્યંત જરૂરી લાગે છે. તેમણે લખેલા પત્રો પણ પ્રચલિત બની ચૂક્યા છે.

સ્વાભાવિક છે કે આટલી વિશેષતા ધરાવતી વ્યક્તિ ઉચ્ચ સન્માનપત્રોથી નવાજિત હોય જ. ભારત સરકારે તેમની સેવાની કદરરૂપે તેમના માનમાં ટપાલ ટિકીટ બહાર પાડેલી.

ઈતિહાસમાં શ્રી કુરિયાકોસ ચાવરાના સમયને ‘વસંતકાળ’ તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે.

તેમણે કેવી રીતે શિક્ષણપ્રથાની શરૂઆત કરી; કેવી રીતે છાપવાનું ખોલી સંચારમાધ્યમની સ્થાપના કરી, પરિવારોનું આધ્યાત્મિક જીવન સુદૃઢ બનાવવા કેવી મહેનત ઉઠાવી; વિભાજિત થયેલા સમાજને કેવી રીતે સંગઠિત કર્યો. તેમનાં કાર્યો પાછળનું પ્રેરકબળ શું હતું, તેમનું આધ્યાત્મિક જીવન, તેમની આધ્યાત્મિક સંપદા જાણવા ‘તેમની જીવન-ઝરમર’ને લગતા તેમના પુસ્તકો વાંચવા જ પડે.

આજે જ્યારે કુટુંબ-કુટુંબ વચ્ચે, અરે, એક જ કુટુંબના સભ્યો વચ્ચે પણ સંવાદિતતાનો અભાવ વધતો થઈ રહ્યો છે ત્યારે એ જાણવાનું કુતૂહલ તો થાય જ કે આ સંતે સમાજના પ્રશ્નોનું નિરૂપણ, તેમનો ઉત્કર્ષ કેવી રીતે કર્યો હશે?

અંતમાં તેમની જ એક રચના,
“જે દિન કોઈનું કર્યું ભલું નહીં
તે દિન વ્યર્થ ગયો જગમાં હી.
...મળે પ્રભુ તને સૌ ચહેરામાં.” ●

# સંત સિસ્ટર યુફ્રેસિયા

✍ રાજેશ ક્રિશ્ચિયન

*'દૂત' તંત્રીમંડળ સભ્ય*

આપણી ધર્મસભાને ઈશ્વર તરફથી અનેકાનેક મહાન સંતોની ભેટ પ્રાપ્ત થઈ છે. બે હજાર વર્ષ જૂની ભારતની ખ્રિસ્તી ધર્મસભામાં સંતોની સંખ્યા પ્રમાણમાં ખૂબ ઓછી; આંગળીને વેઢે ગણી શકાય એટલી જ છે. પરંતુ છેલ્લાં થોડા વર્ષોમાં આપણને આપણી ધરાનાં સંતો પ્રાપ્ત થઈ રહ્યા છે. એ સોનેરી નામાવલિમાં એક વધુ નામ જોડાવા જઈ રહ્યું છે એક ભારતીય સંત – સંત સિસ્ટર યુફ્રેસિયા. (મલયાલમ ભાષામાં ઉચ્ચાર સંત એઉપ્રાસિયા)

દક્ષિણ ભારતમાં કેરલ રાજ્યમાં સીરો-મલબાર પંથના ઈસુના પૂજ્ય હૃદય સાધ્વી સંઘ (Sacred Heart of Jesus - CMC)માં પુનિત સિસ્ટર યુફ્રેસિયા ઈલુવત્થંગલ સાધ્વી હતાં. ૩જી એપ્રિલ ૨૦૧૪ના દિવસે તેમના નામને સંત તરીકે અનુમોદન મળ્યું અને ૨૩ નવેમ્બર, ૨૦૧૪ના રોજ તેમને વિધિવત્ સંત જાહેર કરવામાં આવશે.



ST. EUPHRASIA ELUVATHINGAL
1877 - 1952

ત્રિચુર જિલ્લાના કાતુર ગામે ૭ ઓક્ટોબર, ૧૮૭૭ના દિવસે સિસ્ટર યુફ્રેસિયાનો જન્મ થયો હતો. પિતા એન્થની અત્યંત ધનવાન જમીનદાર અને માતા કુંજત્તિ ઈલુવત્થંગલ ઈશ્વરપરાયણ ધાર્મિક સિરિયન કેથલિક મહિલા હતાં. એડુતસ્તી ખાતે મધર ઓફ કાર્મેલ ચર્ચમાં ૨૫ ઓક્ટોબર ૧૮૭૭ના દિવસે સ્નાનસંસ્કારના સમયે સિસ્ટર યુફ્રેસિયાનું રોસા નામ પાડવામાં આવ્યું હતું. ઈશ્વરમાં અપાર શ્રદ્ધા રાખનારાં માતા કુંજત્તિએ નાનકડી રોસાને ગુલાબમાળાની ભક્તિ કરવા અને દરરોજ ખ્રિસ્તયજ્ઞમાં ભાગ લેતાં શીખવ્યું હતું. નાનપણમાં માતા તેમને સંતોના જીવનચરિત્રો સંભળાવતાં. તેમાં લીમાના સંત રોઝના જીવનથી કિશોરી રોસા ઘણી પ્રભાવિત હતી. અને તેમની જેમ પોતે પણ પ્રભુ ઈસુ માટે સાદગીભર્યું જીવન જીવવા ઈચ્છતી હતી. નવ વર્ષની ઉંમરે રોસાને માતા મરિયમનાં દર્શનનો અનુભવ થયો. ત્યારબાદ આજીવન કુંવારા રહી પોતાનું સમગ્ર જીવન ઈસુને ચરણે ધરવા મક્કમ નિશ્ચય કર્યો.

રોસાએ કિશોરી અવસ્થાએ જ મધર ઓફ કાર્મેલ સંઘમાં જોડાઈ સાધ્વી બનવાની ઈચ્છા પ્રગટ કરી. પિતા એન્થની પોતાની સમકક્ષ ધનાઢ્ય પરિવારમાં રોસાને પરણાવવા ઈચ્છતા હતા. આથી તેમણે રોસાની માંગણીનો તીવ્ર વિરોધ કર્યો. પરંતુ રોસા તો મનથી પ્રભુ ઈસુને વરી ચૂકી હતી. સતત પ્રાર્થના, ગુલાબમાળાની ભક્તિ, ઉપવાસ અને તપ દ્વારા પિતાના વિચારમાં પરિવર્તન આવે તે માટે રોસા પ્રયત્નશીલ રહેતી. દરમિયાન અચાનક તેમની નાની બહેનનું અવસાન થતાં પિતાનું વલણ કૂણું પડ્યું. અને તેમણે રોસાને સાધ્વીસંઘમાં જોડાવા મંજૂરી આપી. અને કુણમાઉ સ્થિત સીરો-મલબાર પંથના પ્રથમ સ્થાનિક સાધ્વીસંઘ મધર ઓફ કાર્મેલ મંડળમાં સ્વયં રોસાને લઈને ગયા.

૧૮૯૭માં સીરો-મલબાર પંથના પ્રથમ ધરતીપુત્ર એવા ત્રિચુર મહાધર્મપ્રાંતના ધર્માધ્યક્ષ માર જોન મેનાચેરીએ અંબાઝાકડ ખાતે કાર્મેલ કોન્વેન્ટની સ્થાપના કરી. અને ૯ મે, ૧૮૯૭ના દિવસે કુણમાઉ ખાતેના બધા ધાર્મિક ઉમેદવારોને આ નવી કોન્વેન્ટમાં લઈ આવ્યા, જેમાં રોસાનો પણ સમાવેશ થતો હતો. ૧૦ જાન્યુઆરી ૧૮૯૮ના દિવસે રોસાએ સંઘમાં ઉમેદવારીનું વ્રત સ્વીકાર્યું અને સિસ્ટર યુફ્રેસિયા નામ ધારણ કર્યું.

સમગ્ર જીવન દરમિયાન સિસ્ટર યુફ્રેસિયાને તેમની તંદુરસ્તી સાથ આપતી નહતી. વારેવારે તેઓ ગંભીર માંદગીમાં પટકાતાં રહેતાં. તેમની સતત ગંભીર માંદગીને લીધે એક વખત સંઘના ઉપરીઓએ તેમને કુટુંબમાં ઘેર પરત મોકલી દેવા નક્કી કરી લીધું હતું. પરંતુ આ દરમિયાન એક દિવસ સિસ્ટર યુફ્રેસિયાને પવિત્ર કુટુંબનાં દર્શનનો આધ્યાત્મિક અનુભવ થયો, અને એ જ ઘડીએ તેમની બધી બીમારી ગાયબ થઈ ગઈ. ઓલુર ખાતે ૨૪ મે, ૧૯૦૦ના શુભ દિવસે સિસ્ટર યુફ્રેસિયાએ પોતાનાં અંતિમ વ્રત ધારણ કર્યાં. દીક્ષા પછી તેમણે ઉમેદવારોના સહઉપરી અને ત્યારબાદ ઉપરી તરીકે સેવાઓ બજાવી. ૧૯૧૩માં તેમને ઓલુર ખાતે સેંટ મેરીઝ કોન્વેન્ટમાં મધર સુપિરિયર બનાવવામાં આવ્યાં.

સતત નાદુરસ્ત તબિયત વચ્ચે પણ સિસ્ટર યુફ્રેસિયાએ પૂરી નિષ્ઠાથી પોતાની ફરજ અદા કરી. ઈસુના પૂજ્ય હૃદયની ભક્તિ પ્રત્યે અપાર આસ્થા અને સતત પ્રાર્થનામય નમૂનેદાર જીવનને લીધે સ્થાનિક લોકોમાં તેઓ 'પ્રાર્થનામય મધર' તરીકે જાણીતા બન્યાં, તેમનાં મંડળનાં બીજાં સાધ્વી બહેનો તેમને 'જીવંત પ્રીતસંસ્કાર' તરીકે માન આપતાં. તેઓ પોતાનો મોટા ભાગનો સમય પવિત્ર ખ્રિસ્તપ્રસાદ સંસ્કાર સમક્ષ તથા માતા મરિયમની પ્રતિમા સમક્ષ પ્રાર્થનામાં ગાળતા. તેમના હાથ નીચેના ઉમેદવાર બહેનોને મધર યુફ્રેસિયામાં એક પ્રેમાળ, સેવાભાવી, નિષ્ઠાવાન અને આજ્ઞાકારી ઉપરીનાં દર્શન થતાં, લાંબી માંદગી અને નાજુક તંદુરસ્તી બાદ પંચોતેર વર્ષની જૈફ વયે ૨૯ ઓગષ્ટ ૧૯૫૨ના રોજ ઓલુર કોન્વેન્ટ ખાતે સિસ્ટર યુફ્રેસિયાએ અંતિમ શ્વાસ લીધા. તેમના અવસાન બાદ કોન્વેન્ટના પટાંગણમાં આવેલી તેમની કબર શ્રદ્ધાનું ધામ બની, અને અસંખ્ય ભક્તો તેનાં દર્શને તથા પોતાની માંગણીઓ રજૂ કરવા

આવતાં રહ્યાં. ઘણાં શ્રદ્ધાળુઓને પોતાની માંગણીઓ પૂરી થવાની અનુભૂતિ થવા લાગી.

૧૯૮૭માં મહાધર્મધ્યક્ષ માર જોસફ કુંડકુલમે ત્રિચુર ખાતે સિસ્ટર યુફ્રેસિયાને સંત તરીકે જાહેર કરવાની વિધિ માટે સ્થાનિક સમિતિની નિમણૂંક કરી. ૫ જુલાઇ, ૨૦૦૨ના દિવસે પોપ જોન પોલ દ્વિતીયે તેમને 'પૂજનીય' ઘોષિત કર્યા. આ સમયગાળા દરમિયાન ૧૯૯૦માં તેમની કબર ખોલવામાં આવી અને તેમનાં પાવન અવશેષો કોન્વેન્ટના દેવળમાં સુરક્ષિત સાચવવામાં આવ્યાં છે. ૨૦૦૬માં એક સ્થાનિક સુથારનું બોનમેરોનું કેન્સર સિસ્ટર યુફ્રેસિયાની મધ્યસ્થીથી મટી ગયું અને ચમત્કાર નોંધાયો. ધર્મસભાની સમિતિ દ્વારા આ ચમત્કારની પુષ્ટિ થતાં, ૩ ડિસેમ્બર, ૨૦૦૬ના રોજ તેમને 'પુનિત' જાહેર કરવામાં આવ્યા. અને તેની ઘોષણા પોપ બેનેદિક્ત સોળમાની અનુમતિ સાથે સંત એન્થની દેવાલય, ઓલુર ખાતે મહાધર્મધ્યક્ષ વર્કી વિઘયત્તિલે જાહેર કરી.

૩ એપ્રિલ, ૨૦૧૪ના શુભદિને પોપ ફ્રાન્સિસે સિસ્ટર યુફ્રેસિયાને સંત જાહેર કરવા અનુમતિ આપી. અને હવે ૨૩ નવેમ્બર, ૨૦૧૪ના રોજ તેમને વિધિવત્ સંત ઘોષિત કરવામાં આવશે. દર વર્ષે ૨૯ ઓગસ્ટનો દિવસ તેમના પર્વદિન તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

ચાલો, આપણે પણ ભારતની ધર્મસભાને મળેલ સંત સિસ્ટર યુફ્રેસિયાની ભેટ બદલ ઈશ્વરપિતાનો આભાર માનીએ. ●

## શ્રદ્ધાંજલિ




**સ્વ. લિજ્યનરી જેમ્સ સોલંકી**
અવસાનઃ ૦૫-૧૦-૧૯૮૬

**સ્વ. કાન્તાબેન જેમ્સ સોલંકી**
અવસાનઃ ૨૯-૧૧-૨૦૦૭

**"અમોને ખાતરી છે કે, પ્રભુના સાંનિધ્યમાં તમો આનંદમાં હશો જ..."**

પવિત્ર મારિયાની કૃપાથી ભરપૂર અમારા "માતાપિતા" પૂરા ઘરને સંસ્કારથી, દયા પ્રેમથી ભરતું અમારું મન... આજ કેમ કરીને કર્યું સૂનું અમારું ઘર? જ્યાં હવે તો સૂનો પડ્યો તમે આનંદ-હસીનો ગુંજાવ. રહી યાદ ભૂતકાળની જે બની અમ આંખો ભીની. રડી પડે છે હૃદય સર્વના, સ્મરણ થકી આપની "મા" મરિયમમાં મગ્ન થયેલ "પપ્પા-મમ્મી" જ્યાં બેઠા છો. સનાતન ઈશ ત્યાં છે જરૂર. "પપ્પા-મમ્મી" આપ...

પ્રભુ બક્ષે આપને શાશ્વત શાંતિ એજ આપના બાળકોની આશ.

**લિ. દિલીપભાઈ તથા ઉષા અને બાળકો (બોરીવલી-મુંબઈ)**

| | | |
|---|---|---|
| **શેલેષભાઈ સોલંકી** | **પરેશભાઈ સોલંકી** | **ગીતાબેન તથા રૉની** |
| **જ્યોતિબેન સોલંકી** | **સ્તુતિ પરેશ** | **જ્યોત્સના-વિનોદભાઈ** |
| **પાલન...દીકરી તાસા** | **નેન્સી સોલંકી** | **તથા બાળકો** |
| **ઓસ્ટ્રેલિયા** | **બેલબોન-ઓસ્ટ્રેલિયા** | **કોકીબેન સોલંકી** |


**સુંદર મજાનું સપનાનું ઘર**
**ખાસ ખુશ ખબર... તદ્દન વાજબી ભાવે**
**મિલ્ક સીટી આણંદના સાનિધ્યમાં આકાર**
**લઈ રહેલ નયનરમ્ય ટાઉનશીપ એટલે...**




**(ખાસ ખુશખબર ઈઝરાયેલ પરિવાર માટે હપ્તેથી મકાન આપવામાં આવશે.)**

શહેરના ઘોંઘાટ અને પ્રદૂષણથી દૂર, ખુલ્લી જગ્યામાં, કુદરતના સાનિધ્યમાં બાગ-બગીચા સહિતનું આયોજન. કુલ ૪૧ બંગલોઝ જેમાં ૩ બેડરૂમ રેસીડન્સ, લેન્ડસ્કેપ ગાર્ડન્સ, સિનિયર સિટિઝન સીટીંગ, પેવર પાથવેઝ, વોકવેઝ વગેરે જીવનજરૂરી સુવિધાઓ સાથે સુંદર રીતે વણી લેવામાં આવેલ છે. "સમર્પણ પાર્ક" સૌથી ઝડપથી વિકસી રહેલ જિંટોડીયા રોડ પર કોઈપણ હાઈરાઈઝ બિલ્ડીંગ સિવાયના વિસ્તારમાં અને આપની રોજિંદી જરૂરિયાતોની તદ્દન નજીક.

**સુવિધાઓઃ-** (૧) સોસાયટીની ફરતે કંમ્પાઉન્ડ વોલ (૨) બે કોમન પ્લોટ (૩) દરેક મકાનને અલાયદી ૧૦૦૦ લીટરની સિન્ટેક્ષ-રેનો પાણીની ટાંકી (૪) કોમન બોરવેલ (૫) દરેક મકાનને ડ્રેનેજ ખાળકૂવો (૬) ગેસ લાઈનની સુવિધા (૭) લોન પેપર ઉપલબ્ધ (૮) દરેક મકાનને કમ્પાઉન્ડ વોલ (૯) સોસાયટીના અંદરના રોડ પેવર બ્લોક ફીટીંગ સાથે (૧૦) સોસાયટીનો આકર્ષણ મેઈન ગેટ

**—: બુકીંગ સંપર્ક :—**

| | | |
|---|---|---|
| **રવીન્દ્ર એસ. પરમાર** | **કમલેશ જાદવ** | **રશ્મિનભાઈ** |
| **૯૩૭૫૦ ૧૨૧૪૮** | **૭૩૫૯૬ ૬૪૧૪૨** | **૮૧૪૧૨ ૫૮૪૪૩** |

**સ્થળઃ- આધસક્રાંત સોસાયટી સામે, પ્રકૃતિપાર્કની બાજુમાં, ચાવડાપુરા, આણંદ**



# દીવાથી દીવો પ્રગટે

✍ શૈલેષ ક્રિસ્ટી (સહતંત્રી)

'એટલે તમે જાઓ, અને બધી પ્રજાના લોકોને મારા શિષ્ય બનાવો, અને તેમને પિતા અને પુત્ર અને પવિત્ર આત્માને નામે સ્નાનસંસ્કાર કરાવો. તમને મેં જે જે આજ્ઞાઓ આપી છે, તેનું પાલન કરવાનો ઉપદેશ આપો, અને ખાતરી રાખજો કે, હું યુગના અંત સુધી તમારી સાથે છું.' (માથ્થી ૨૮:૧૯-૨૦) ભગવાન ઈસુના આ આદેશને માથે ચડાવી ઈસુના પ્રારંભના બાર શિષ્યો ઈસુની પ્રથમ સદીમાં જ દેશવિદેશ નીકળી પડ્યા હતા અને મહિનાઓની ખેપ કરીને શુભસંદેશની ઘોષણા કરી હતી. બારમાંનો એક શિષ્ય સંત થોમાસ, જેમને ભારતના પ્રેષિત તરીકે ઓળખવામાં આવે છે તેઓ, ઈ.સ. ૫૨માં ભારત આવ્યા હતા અને દક્ષિણ ભારતમાં પ્રૈષિતિક કાર્યના શ્રીગણેશ કર્યા હતા. સમયાંતરે યુરોપિયન પુરોહિતો સમગ્ર દક્ષિણ એશિયા-ભારતમાં પધાર્યા હતા, જેમાં મે-૧૫૪૨થી ભારતના દરિયાકાંઠામાં ઈસુની વાત જનગણ વચ્ચે માંડનાર સંત ફ્રાન્સિસ ઝેવિયર જાણીતા છે. એજ ક્રમમાં અનેક મિશનરીઓએ ભારત-ગુજરાતમાં-ઉત્તર ગુજરાતમાં શુભસંદેશનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. તેમાંના ઘણાએ ખ્રિસ્તીધર્મના ફેલાવા માટે પોતાની જાતને અનામ ખર્ચી નાખી.

સાંપ્રત કાળને પણ ઈશ્વરના સામર્થ્યથી તથા ઈતિહાસમાં પલટી નાખનાર સંન્યસ્તો આજે પણ પ્રારંભના શિષ્યો જેટલા જ ઉત્સાહથી, ઈસુના આદેશને માથે ચડાવવા અથાક મહેનત કરી રહ્યા છે, અને છેલ્લા પાંચેક દાયકામાં જ ઉત્તર ગુજરાત મિશન કાર્યનો અવિરત વિકાસ થઈ રહ્યો છે, ત્યારે ઘડીભર ઉભા રહી તેના પાયાના પથ્થરો તરફ નજર ઠેરવીએ એ જ સમયનો તકાજો હોય શકે. ઉત્તર ગુજરાત મિશનની સુવર્ણજયંતીની ઉજવણી બીજી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ ઊંટેશ્વરી(કલોલ) ખાતે કરવમાં આવી, તેના અનુસંધાનમાં ફાધર માનુએલ ડાયઝ ગારીઝ એસ.જે. - ગારીઝ બાપુની તંત્રી-સહતંત્રીએ લીધેલી મુલાકાત રજૂ કરીએ તે અસ્થાને તો નહીં ગણાય.

આઠેક દાયકાનું સાર્થક આયુષ્ય પૂર્ણ કરનાર ફાધર ગારીઝના ચહેરા પરનું સ્મિત પહેલી જ નજરમાં સ્પર્શી જાય એવું હતું. ચાલમાં-વાતમાં વૃદ્ધાવસ્થાની અસર વર્તાતી હતી પણ પૂછવામાં આવેલા પ્રશ્નના ઉત્તર આપવામાં, 'સેવા એજ કર્તવ્ય'નો જીવનમંત્ર જીવનમાં ચરિતાર્થ કરનાર ફાધર જાણે મનોમન કહી રહ્યા હતા, 'અમે તો નકામા નોકરો છીએ. અમે કેવળ અમારું કર્તવ્ય જ બજાવ્યું છે.' (લૂક ૧૭:૧૦)

તંત્રી/સહતંત્રીઃ જય ઈસુ ફાધર. મુલાકાત માટે આપે મોટી તસ્દી ઉઠાવી છે. આભાર. ફાધર : ભગવાન ઈસુનો જય.

---

**સહતંત્રીઃ ઉત્તર ગુજરાત મિશનના આરંભને બરાબર પચાસ વર્ષ પૂરા થયાં છે. હાલમાં અમદાવાદ અને ગાંધીનગર મહાધર્મપ્રાંતમાં કુલ ૧૧ મિશન કેન્દ્ર છે. મિશન કેન્દ્રના વિકાસને જોતાં આપ કેવી લાગણી અનુભવો છો?**

કરચલીવાળા ચહેરા પર નૂર પ્રકાશ્યું. તેમના હોઠે માતા મરિયમનું ગાન મંદ મંદ પણ મક્કમ સ્વરમાં સંભળાયું. 'મારું અંતર પ્રભુનો મહિમા ગાય છે, અને મારો આત્મા મારા ઉદ્ધારક પરમેશ્વરમાં રાચે છે...'

**ફાધર ગારીઝ :** મિશન એટલે સ્થૂળ અર્થમાં 'મિશન કેન્દ્ર' જ નહીં, પણ મિશન એટલે પડકાર, નિશ્ચિત ધ્યેય... ઉપરી અધિકારી તરફથી સોંપેલી જવાબદારી.

'છેલ્લી સદી એટલે મિશનની સદી,' એમ કોઈકે યથાર્થ કહ્યું છે. ગુજરાતમાં વિશેષમાં ઉત્તર ગુજરાતમાં વિસ્તરણ-પ્રૈષિતિક કાર્યના કેટલાક સાક્ષીઓ હજુ હયાત છે તો વળી કેટલાકે ઈતિહાસ રચી દીધો! મધ્ય ગુજરાતમાં સ્થિર થયેલ સેવાકાર્ય હવે ગુજરાતમાં ચોમેર ફેલાવા લાગ્યું. પૂર્વનો આદિવાસી વિસ્તાર અને ઉત્તરના વિસ્તારમાં હવે ઈસુની ઓળખ, બિનખ્રિસ્તીઓમાં થવા માંડી હતી.

છેલ્લાં પચાસ વર્ષમાં ઉત્તર ગુજરાતમાં જે પ્રૈષિતિક કાર્ય થયું તેના મને ઊંડો સંતોષ છે. એ સમયે અમદાવાદ છોડ્યા બાદ, છેક આબુ રોડ સુધીના ઉભા અને આડા ૨૦૦ કિ.મી.ના પટ્ટામાં. કેટલાક પરપ્રાંતીય કેથલિકો સિવાય, ભગવાન ઈસુજીને સ્વીકારનાર કોઈ ન હતું, જ્યારે આજે પચાસ વર્ષ ઉજવીએ ત્યારે પરિસ્થિતિ આનંદપ્રદ છે. ભૂતકાળ યાદ કરીએ તો... ડીસેમ્બર, ૧૯૪૯માં અમદાવાદ મિશનની મળેલ સભામાં, જેમાં માનનીય ધર્માધ્યક્ષ એડવીન પિન્ટો પણ હાજર હતા, - બિનખ્રિસ્તીઓ વચ્ચે શુભસંદેશની ઘોષણા, ધર્મપ્રચારકોની તાલીમની આવશ્યકતા અને સાધ્વીસંઘના સહયોગની વાત સ્પષ્ટ રીતે ચર્ચા-નિર્ણયમાં આવી હતી. ફાધર ગોમ્સે (બાદમાં ધર્માધ્યક્ષ) નડીઆદની આજુબાજુના ગામડાંના બિનખ્રિસ્તીઓમાં, ફાધર સૂર્યાએ આંકલાવ અને ફાધર માર્ટિનેઝ બોચાસણનાં તેમજ ફાધર ઓરોઝે ઉમરેઠમાં સેવાકાર્યનો આરંભ કર્યો હતો. આજ પગલે ૧૯૬૪માં ટર્શનશીપ પૂર્ણ કરતાં જ મને, મોખાસણમાં પટેલો મધ્યે ઈસુની ઓળખ કરવાનો આદેશપત્ર ફાધર બ્રાગાન્ઝાએ મારા હાથમાં મૂક્યો, જે ગામનું નામ મેં ક્યારેય સાંભળ્યું ન હતું, ત્યાં જવા, ઈસુસંઘની આજ્ઞાધીનતાના જોરે મેં પગ ઉપાડ્યા. ફાધર જાન્સન્સ અને ફાધર અરૂપેએ પણ આ કામને ધપાવવા પ્રેરકપત્ર મને પાઠવ્યા હતા.

સુવર્ણજયંતી ટાણે મારે પ્રભુનો આભાર માનવો છે. 'હે મન મારા ગાને, પ્રભુજી કેરો જયજયકાર'

**પ્ર.૨ ઉત્તર ગુજરાતના મિશનના આરંભ કેવા સંજોગોમાં અને ક્યાં થયો હતો? આપને કોનો અને કેવો સહકાર મળ્યો હતો?**

આરંભના છ મહિના સ્વામીનારાયણ મંદિરની ધર્મશાળામાં મેં ગાળ્યા. ક્યારેક મંદિરના સ્વામીજી સાથે ભોજન લેતો, પ્રાર્થનામાં સમય આપતો, ઘેરઘેર મુલાકાત કરતો, કલાકો સુધી તેમના ઘરમાં બેસતો અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ટ્યુશન આપતો. કેટલાક લોકોના વિરોધને ધ્યાનમાં લઈ, ગામમાં શાંતિ બની રહે તેવા આશયથી ધર્મશાળા છોડી એક પટેલ પરિવારમાં સાડા ત્રણ વર્ષ ગાળ્યાં. એકાદ વર્ષ ફાધર હેરેરો પણ મારી સાથે હતા.

ગામ લોકોની ઈચ્છા, ગામમાં શાળા શરૂ કરવાની હતી, એટલે અમે સહકાર આપ્યો. કેળવણી મંડળની સ્થાપના, સરકારની માન્યતા વગેરે પ્રાથમિક વિધિ પૂર્ણ કરી ગામમાં ગુજરાતી માધ્યમની હાઈસ્કૂલ શરૂ કરી અને બે વર્ષ સુધી એક સામાન્ય શિક્ષક તરીકે મેં સેવા આપી, મોખાસણ છોડી કલોલમાં સ્થાળાંતર કર્યું. આ સમયગાળા દરમિયાન પટેલ વિદ્યાર્થીઓ માટે અમદાવાદમાં અલગ હોસ્ટેલનો આરંભ કર્યો. જેમાં ફાધર ઈસુદાસ ક્વેલીનો સહકાર સાંપડ્યો હતો.

**પ્ર.૩ ઉત્તર ગુજરાતના મિશન કેન્દ્રોમાં આપને તથા આપના ઈસુસંઘી સાથીદારોને, જ્ઞાતિપ્રથાને કારણે કઠીનાઈનો મુકાબલો કરવો પડ્યો હતો?**

કેટલાક પટેલ અને ઠાકોર વિદ્યાર્થીઓને આણંદ છાત્રાલયમાં રાખ્યા જ્યાં ખ્રિસ્તી વિદ્યાર્થીઓ સાથે કેટલાકને શરૂઆતમાં ભોજન બાબતે ચણભણાટ થયો હતો પણ પરિણામ સુખરૂપ નીવડ્યું. હોસ્ટેલ નિવાસે મળેલ જીવનભાથું, આજે ઘણા ઋણાનુભાવે યાદ કરે છે. તેમાંના ઘણાએ ઈસુનો સ્વીકાર-અંગીકાર કર્યો છે. જોકે મારા મોખાસણ નિવાસ વખતે પણ આગેવાનો આગળ છડેચોક જાહેર કર્યું હતું: 'ખ્રિસ્તની ઘોષણા કરવા માટે જ હું તમારી વચ્ચે છું.'

ઈસુની વાત સાંભળવામાં શરૂઆતમાં લોકોના દિલમાં ડર જોવા મળ્યો હતો પણ એક પછી એક લોકો આવવા લાગ્યા. દીવાથી દીવો પ્રગટે તેમ શ્રદ્ધાની જ્યોત પ્રગટતી રહી. નિકોદેમસની જમ કેટલાક આગેવાનો મળવા આવ્યા અને પોતાના બાળકોના શિક્ષણ માટેની સુવિધાની માંગણી કરી. કાળક્રમે 'બીજાઓ શું કહેશે?'નો ડર અદૃશ્ય થઈ ગયો અને તમામ કોમનાં બાળકો છાત્રાલયમાં અભ્યાસ અર્થે આવવા લાગ્યા.

**પ્ર.૪ આરંભથી આજદિન સુધી આપને તેમજ ઈસુસંઘીને કોઈ જાહેર કટોકટીમાંથી પસાર થવું પડ્યું હતું?**

પ્રારંભના છ વર્ષમાં મિશનરીઓ વિરુદ્ધ છાપાઓમાં લેખ અને પત્રિકાઓ અવારનવાર પ્રકાશિત થતી હતી. 'આ પરદેશી મિશનરીઓ... માંસાહારીઓ...' જેવા આરોપી મથાળાવાળા પત્રિકાઓ કલોલ અને મહેસાણાના નગરજનો મારફતે કેટલાક કટ્ટરવાદીઓ છાશવારે પ્રગટ કરતા. મારા હાથમાં આવે એટલે વાંચી, રાખી મૂકતો. સમય જતાં બધું થાળે પડતું ગયું. ભગવાનનો આભાર.

આ વિસ્તારની જનતાને ત્રણ ભાગમાં જોઈ શકાય. જમીનદારોનો ધનિકવર્ગ-મોટાભાગે પટેલ, ગરીબ ખેડૂતવર્ગ અને ત્રીજો જમીનવિહોણો કચડાયેલો વર્ગ. એજ પ્રમાણે ધાર્મિક રીતે રામદેવ પીર, કબીરપંથી, કેવલપંથ સાથે નિરાંતપંથમાં માનનારી આ પ્રજા છે, જેમાંથી બીજા અને ત્રીજા વર્ગમાં વહેંચાયેલા નિરાંતપંથના લોકોએ ઈસુ સ્વીકાર્યા છે. રાતોની રાત તેમની ભજનમંડળીઓની સંગત મારા જીવનના યાદગાર સંભારણા જેવી બની ગઈ છે! વળી મોટાભાગના ઈસુપંથી રાવળ, પૈતૃક વ્યવસાય-ઊંટલારી ચલાવવાનો કરતા આવ્યા છે. વરસાદ માફકસર હોય તો ફાવ્યા નહીં તો તેમનું જીવન ડામડોળ. આ સંજોગોમાં ફાધર પોલ ઈરિગ્રે તેમની વહારે દોડી ગયા અને વિકાસમાં અગણિત કામ કર્યાં.

જ્યારે મિશનના પરિપાકરૂપે કેટલાક પરિવાર સમૂહમાં સ્નાનસંસ્કાર ગ્રહણ કરવા આગળ આવ્યાં ત્યારે ધર્મઝનૂની કટ્ટરવાદીઓની ઊંઘ હરામ થઈ ગઈ. ૧૯૭૪માં ગુજરાતી ધર્મસભાએ ક્યારેય ન અનુભવ્યો હોય તેવો આઘાત સહન કરવો પડ્યો. કેટલાક સાધુઓ અને જુવાનિયાએ કલોલમાં મહેસાણા અને સાણંદમાં જાહેર સભાઓનું આયોજન કર્યું, જેમાં ખ્રિસ્તીઓ વિરોધી આગ ઓકતાં ભાષણો થયાં. 'ખ્રિસ્તીઓનો નાશ કરો' જેવાં સૂત્રો સાથેનાં પોસ્ટરો આ વિસ્તારમાં દોડતી બસ પર જોવા મળ્યાં.

સાણંદમાં ફાધર એલેક્ષે અસહ્ય અપમાન સહન કરવાં પડ્યાં. કલોલમાં કેટલેક ઠેકાણે ખ્રિસ્તીઓ એટલે ચારિત્ર્યહીન-દારૂડિયાના ચિત્રણવાળાં ફિલ્મ પ્રદર્શિત થયાં. ગામડાંઓમાં ઈસુપંથીઓની પરેશાની એવી બદતર હતી. મારી ઉપર અને મારા સાથીદારો પર હુમલો થયા હતો. જોકે કલોલ કેન્દ્રમાં પોલીસ દ્વારા પ્રસંગોપાત રક્ષણ મળતું રહ્યું.

૧૯૯૯માં ઉપરોક્ત ઘટનાના ૨૫ વર્ષ બાદ ફાધર ગિરીશ અને તેમના કાર્યકર્તાઓને બદનામ કરતી પત્રિકાઓ કડી તાલુકામાં વહેંચવામાં આવી હતી.

**પ્ર.૫ આરંભના એ દિવસોનાં કોઈ સુખદ કે દુ:ખદ સ્મરણો હજુ આપના સ્મરણમાં છે?**

આનંદ અને દુ:ખના પ્રસંગો જોડાજોડ આવતા. ત્રણેક હજારના શ્રદ્ધાળુ સમુદાયમાં શ્રદ્ધા પાંગરી છે. વર્ષોથી કામ કરવા છતાંયે એક પણ અંજીર જોવા ન મળે અને રાતોરાત સાઠગણો પાક પાક્યો હોય એવા અસંખ્ય દાખલાઓ છે. દર વર્ષે શ્રદ્ધામતના આગ્રહની અવમાનના સહી છે તો સામેથી વણપ્રયાસે શ્રદ્ધાના અંગીકારે આનંદવિભોર પણ મને કર્યો છે. રખડુ ગણાતો છોકરો એક સર્વોત્તમ કેટેકિસ્ટોમાંનો એક છે. સમગ્ર ગામને સ્નાનસંસ્કાર માટે તૈયાર કરનાર કેટેકિસ્ટનો છોકરો મરણતોલ બની જાય તો ઘણીવાર પ્રાર્થનાઓ થાય અને પ્રાર્થનાનું તત્કાળ ફળ પણ જોવા મળે એવાં

આનંદનાં આંસું પણ ઉમટ્યાં છે! કેટલીક વાર ભૂલ પણ થઈ છે, સમયની એરણ તે અચૂક સુધારશે. અડચણો હતી અને રહેવાની, પણ પવિત્ર આત્માના પ્રભાવમાં બધું જ હેમખેમ પાર ઉતરે છે, ઉતરશે એવો શ્રદ્ધા ઉત્તરોત્તર વધતી રહે છે. જાન્યુઆરી, ૨૦૦૪માં આ વિસ્તારના ઈસુપંથીઓના સમાજમાંથી પ્રથમ તેડુ સિસ્ટર વિમલા બાબુલાલ એ.સી.ના પ્રથમ વ્રત અંગીકાર પછી શ્રદ્ધા બળવત્તર બની છે.

**પ્ર.૬ ઉત્તર ગુજરાતમાં મિશનકાર્યનો વિકાસ કેવો રહ્યો છે?**

૧૯૬૯ પછી ઊંટેશ્વરી તીર્થધામનો આરંભ, વિકાસ અને મેળાનો આરંભ, મંડાલી, રાધનપુર, ડીસા મિશનકેન્દ્રનો વ્યાપ વધતો ગયો.

સિસ્ટર દીપિકા રાવલ, સિ. વિમલા રાવલ, સિ. સૂર્યા સોલંકી અને ફાધર કમલેશ રાવલ એસ.જે. જેવાં સ્થાનિક તેડાંથી ઉત્તર ગુજરાતની ધર્મસભા વધારે દૃઢ બનશે.

ઉત્તર ગુજરાતમાં મિશનના સમાંતર અમદાવાદ જિલ્લાના પશ્ચિમ ભાગમાં સ્થિત આણંદ કેન્દ્ર, ધંધુકા, કોઠ અને વટામણ કરતાં જૂનું છે. અહીં કોળી પટેલ અને અન્ય વંચિત વચ્ચે શુભસંદેશના પ્રચારનું કામ થયું છે.

શિક્ષણ, આરોગ્ય અને સામાજિક કલ્યાણની સેવાઓમાં સાધ્વીબહેનોનો પણ અવિરત સહકાર મળતો રહ્યો. આજે જે કંઈ છે તે પ્રભુની કૃપા જ છે.

**પ્ર.૭ ઉત્તર ગુજરાતની ધર્મસભાની તમારી દૃષ્ટિએ વિશેષતાઓ અને મર્યાદાઓ કઈ?**

ઉત્તર ગુજરાતથી ધર્મસભાના આરંભે, 'કેટેકિસ્ટ' તરીકે કોને પસંદ કરવા, એક પ્રાણપ્રશ્ન બની ગયો હતો. મધ્ય ગુજરાતમાં કેટેકિસ્ટ કોઈ એક ગામમાં સ્થાયી હોય અને આજુબાજુનાં ગામડાંઓમાં ધર્મપ્રચારનું કામ કરે જ્યારે અહીં એવું નથી, આ કેટેકિસ્ટો 'યાત્રી કેટિકિસ્ટ' છે. જેઓ હંમેશાં ભ્રમણ કરતા રહે છે. આ કેટેકિસ્ટ એકલા ધોરણે કામ કરતા નથી તેઓ હંમેશાં બેત્રણની ટૂકડીમાં કોઈપણ ગામ-વિસ્તારમાં જતા હોય છે. ખેતીકામ, ઉંટલારી હંકારવી કે શાકભાજીનો ધંધો કરનાર માજી કીર્તનકારો વર્તમાન કેટેકિસ્ટ છે. તેમાંના કેટલાક સારા ભજનિકો છે, વક્તાઓ છે, સમસ્યાઓના ઉકેલ કરનારા અનુભવીઓ છે. રવિવારે સાંજે મિશન કેન્દ્રમાં તેઓ મળે, અનુભવની આપલે કરે, ગુરુ પાસેથી માર્ગદર્શન મેળવે અને ત્યાર પછી નિશ્ચિત ગામ/વિસ્તારમાં ટૂકડીમાં પ્રયાણ કરે, વળી આ સમાજ જુવાન કેટેકિસ્ટને સ્વીકારતો નથી. અંદાજે ૩૫ની વય વટાવી ચૂકલાને સ્વીકારે છે, એટલે હાલના કેટેકિસ્ટો પચાસી વટાવી ચૂકેલા છે. કેટલાકનું ઔપચારિક શિક્ષણ પણ નહિવત્ છે, છતાંયે આત્મસૂઝ ને અનુભવ-શાણપણથી તેઓ સફળ કેટેકિસ્ટ બન્યા છે. હા, કેટેકિસ્ટને પણ તેઓ ઈશ્વરીય હાકલ માને છે, તેને કમાણીનું સ્થૂળ સાધન મળતા નથી. વળી તેમાંના કેટલાક અંશકાલીન (પાર્ટટાઈમ)તો કેટલાક વિના વેતનના સ્વયંસેવકો છે.

સાધ્વીબેનોનો પણ એટલો જ સહયોગ છે. સ્થાનિક આગેવાનો સાથે તેઓ મોટાભાગનો સમય નવોદિત ઈસુપંથીઓ અથવા ઉમેદવાર ઈસુપંથીઓને ધર્મશિક્ષણ આપે છે.

**પ્ર.૮ ઉત્તર ગુજરાત મિશનની સુવર્ણજયંતી પ્રસંગે આપ યુવાન ઈસુસંઘીઓને તેમજ ગુજરાતના યુવાનોને કોઈ સંદેશ આપશો?**

'સંપૂર્ણ શાકાહારી છું.' એવું જાણ્યા પછી કેટલાકને સપ્રશ્ન આશ્ચર્ય થાય છે, ત્યારે નિખાલસભાવે જણાવું છુંઃ શાકાહારી બનવું મને વાજબી લાગ્યું. ભારતની પરંપરામાં ભગવાનની પ્રાપ્તિમાં ગુરુ સબળ માધ્યમ ગણવામાં આવે છે. ગુરુ-શિષ્ય પરંપરામાં માંસાહારી અને ધુમ્રપાનની લત્તવાળા ગુરુનો જાહેર અસ્વીકાર જાણ્યો છે એટલે જ આ સંકલ્પ કર્યો.

લાંબાકાળથી તપશ્ચર્યા પછી આજે ઉત્તર ગુજરાતમાં ઈસુપંથીઓનો સર્વત્ર સ્વીકાર થાય છે. આજે હું માનું છું કે ઈસુપંથી બનવા માટે કોઈ એક વ્યક્તિએ પોતાના સમાજથી અલગ થવાની જરૂર ભાગ્યે જ રહે. ભગવાન ઈસુનો અંગીકાર કર્યા પછી પણ એક પટેલ, રાવલ કે ઠાકોર પોતાના સમાજનું અભિન્ન અંગ બની રહે છે. નામ, વારતહેવાર, અંત્યોષ્ઠિ, પારિવારિક-સામાજિક પરંપરાઓ-રીવાજોના આચરણને જાળવી રાખે તો એથી રૂડું શું હોઈ શકે? ઈસુપંથ અને ઈસુપંથીઓ શબ્દો અપનાવ્યા છે. પ્રાર્થના અને પવિત્ર આત્માનો પ્રભાવ રોજબરોજના જીવનને અજવાળતો રહે છે, એવો માટે અતૂટ ભરોસો છે, અપનાવી જુઓ.

**પ્ર.૯ 'દૂત' માટે આપ કેવી લાગણી અનુભવો છો? દૂત દ્વારા થતા પ્રૈષિતિક કાર્ય માટે કોઈ સૂચન હોય તો જણાવશો.**

'દૂત' માટે મને અમાપ લાગણી છે. ૧૯૧૧ થી 'દૂત' દ્વારા પ્રૈષિતિક કાર્ય થતું રહ્યું છે, તેનો કોઈ ઈન્કાર કરી શકે એમ નથી. જોકે ઉત્તર ગુજરાતમાં 'દૂત'થી લોકો એટલા પરિચિત નથી. લોકો 'દૂત' વાંચતા થાય તે માટે કંઈક કરીએ.

ઉત્તર ગુજરાતના ઈસુપંથીઓ માટે 'પંથ' એક ચોપાનિયાઓનો પ્રયોગ કર્યો હતો, પણ એકાદ વર્ષમાં જ તે બંધ કરવું પડ્યું. હવે મુખ્યધારામાં 'દૂત'થી માહિતગાર થાય એ સૌના હિતમાં હશે.

**પ્ર. ૧૦ ગારીઝબાપુ, કોઈ પ્રેરણાદાયક કથન આપશો**

આ વિધાન મને ખૂબ ગમે છે, તમને પણ ગમશે.
We don't love people, because they are beautiful,
They are beautiful, because are love them.

અર્થાત્

લોકો સુંદર છે, એટલા માટે આપણે તેમને ચાહતા નથી,
પરંતુ આપણે તેમને ચાહીએ છીએ એટલા માટે તેઓ સુંદર છે!

પ્રાર્થના અને આભાર સાથે મુલાકાત પૂર્ણ થઈ.
શ્રદ્ધાદીપથી દીવાળી પ્રગટી છે ઉત્તર ગુજરાતમાં. ●

# રાજાધિરાજ – ઈસુ ખ્રિસ્ત

✍ અનિલ વાઘેલા

*કર્મશીલ, લેખક (નડીઆદ)*

પ્રભુ ઈસુ માનવદેહ ધારણ કરીને આ પૃથ્વી પર માનવકોટિના રહ્યા ખરા, પણ શું એ માનવીય કક્ષાના હતા? એમનું આંતર કલેવર, એમનું અંતરસ્ત્વ, એમનું બૃહદ વ્યક્તિત્વ શું માનવીય કક્ષાનું હતું? તે વખતે પણ કસોટીકારો પડ્યા હતા કે શબ્દનો તરોડમરોડ કરી તેમને શબ્દજાળમાં ફસાવી દે. પણ ઈસુ એ પ્રકાંડ પંડિતોથી તો ક્યાંય ઉંચે હતા. દંભીઓની વાણીવિલાસીતા તથા તેમાં રહેલી કુટિલતા પળમાં પારખી જતા હતા. માનવીમાં રહેલા મહત્તમ સદ્‌ગુણો ઉપરાંત એમનામાં પરમતત્ત્વ બિરાજતું હતું. ઈશ્વરબક્ષ્યો અધિકાર, જે માનવ પરિમાણોથી પર હતો. સ્વયં શક્તિસ્વરૂપ હતા. માણસનાં આંતરવલણો પારખી લેનાર પ્રખર માનસશાસ્ત્રી હતા.



તેમનામાં અલૌકિક પ્રકાશ ઝળહળી રહ્યો હતો, જેના દર્શનમાત્રથી સાઉલ અંજાઈને ઘોડા પરથી પડી ગયો હતો, જેના પ્રતાપે તેમને પકડવા આવનાર સૈનિકો ભોંયે ઢળી પડ્યા હતા. પર્વત પર તેમનું તેજસ્વી સ્વરૂપ પીતરે જોયું હતું. ઝળગળતો પ્રકાશ જે એમના ભીતરમાંથી પ્રગટતો હતો. તેની તો તેમના શિષ્યોને પણ ખબર ન પડતી. તેઓ મુંઝાઈ ગયા હતાઃ આતે કોણ એલિયા છે કે મુસા? સૂર્યના પ્રકાશની જેમ તેમનો ચહેશે ચળકતો હતો. (માથ્થી ૧૭:૧) તે અપૂર્વ દૃશ્ય જ એમને સમગ્ર સૃષ્ટિના રાજાના સ્થાને બેસાડવા પૂરતું હતું.

લોહીના પરપોટા જેવું શિશુ હજુ તો હમણાં જ જન્મ પામ્યું હતું. હજુ તો તેની નાજુક આંખોએ પૃથ્વીનું ઝાડવું જોયુ નથી ને ત્યાં તો હેરોદનો બુલંદ અવાજ હવામાં ગાજી ઉઠ્યો. 'મારો પ્રતિસ્પર્ધી પૃથ્વી પર આવી પૂગ્યો છે.' એ સમાચારથી જ તે કંપી ઉઠ્યો! કેટલી જબરદસ્ત ઉર્જા હતી એ કુમળા બાળમાં! જાહેર જીવનના આરંભમાં જ કાના ગામમાં પાણીમાંથી દ્રાક્ષાસવ બનાવ્યો! કોને ખબર હતી કે તેમને સાંભળવા આવેલી હજારોની મેદનીને ભોજનથી પરિતૃપ્ત કરશે! એ નિર્જન પહાડી પ્રદેશમાં અન્નનો દાણો પણ મળી શકે એમ ન હતો છતાં દૂર દૂરથી તેમને સાંભળવા આવેલી જનતાએ ધરાઈને ખાધું. કોઈ પણ દુન્યવી રાજા શૂન્યમાંથી સર્જન કરી આટલી મોટી સંખ્યાને જમાડી ન શકે. ભર્યા ભંડાર હોય છતાં.

આ બાદશાહ સત્તાવગરનો નિઃશસ્ત્ર રાજા રોમનસામ્રાજ્યના તુમાખી સુબા પિલાતુસની આગળ નિર્ભયપણે ઉભો રહે છે કે જે પિલાતુસ ઈસુને મરણદંડ ફરમાવવાતી સત્તા ધરાવતો હતો તેણે ઈસુને કહ્યું, 'તને ખબર તો છે ને કે તને છોડી મુકવાની ને ક્રૂસે ચડાવવાની મને સત્તા છે.'

સામે ઈસુએ એવો જ સણસણતો જવાબ આપ્યો, 'તમને ઈશ્વર તરફથી મળી છે એ સિવાયની કોઈ સત્તા મારા ઉપર છે જ નહિ' (યો. ૧૯:૧૧) વળી એ પોતાને અત્યંત શક્તિશાળી ને મહાપ્રતાપી હોવાનો સંકેત આ શબ્દોથી કરે છે. 'મારું રાજ્ય આ દુનિયાનું નથી, તેમ જો હોત તો મારા સેવકો મને યહુદીઓના હાથમાં પડતો અટકાવવા લડ્યા હોત.'

પોતાનું મિશનકાર્ય પૂરું થયેલું સમજીને ઈસુ જ્યારે પોતાના વ્હાલા વતન યેરૂસાલેમમાં પ્રવેશ કરે છે ત્યારે લોકો આપમેળે નાળિયેરી ને ખજૂરની ડાળીઓથી વધાવતા ને પોતાનાં વસ્ત્રો રસ્તામાં બિછાવતા ને ગીતો ગાતા ગાતા તેમનું સ્વાગત કરે છે. પયગંબરે ભાખ્યું હતું. 'યેરૂસાલેમને ખબર કરો, જો તારો રાજા તારી પાસે આવે છે, એ નમ્ર વેશે, ગધેડા ઉપર... બેસીને આવે છે' (માથ્થી ૨૧:૧-૫).

આવું ભવ્ય ને શાનદાર સ્વાગત બતાવે છે કે ઈસુ લોકહૃદયમાં વસી ગયેલા રાજાધિરાજ છે. ટોળામાંથી કેટલાક ફરોશીઓએ ઈસુને કહ્યું, 'ગુરુદેવ, તમારા શિષ્યોને રોકો.' ઈસુએ તેમને જવાબ દીધો, 'હું તમને કહું છું કે એ લોકો શાંત થઈ જશે તો પથ્થરો પુકારી ઉઠશે' (લૂક ૧૯:૩૯-૪૦) લોકોનો ઉન્માદ સમુદ્રમાં ચઢેલી ભરતી જેવો હતો.

કોઈ અહીં ફરોશીની જેમ કહેશે કે આટલી મહાન ને અલૌકિક વ્યક્તિ તે હતા તો દુન્યવી માણસોના હાથે માર કેમ ખાઈ શક્યા? કેમ દિવ્યશક્તિથી આ બધું રોકી ના શક્યા? 'જતા આવતા લોકો પણ મહેણાં ટોણાં મારતા હતા, '... ક્રૂસ ઉપરથી હેઠો ઉતરી તારી જાતને જ બચાવને! (માર્ક ૧૫:૩૦) ઈસુ વિશ્વમાં દયા અને ઉદારતાના ગુણોને લીધે લોકહૃદયોમાં સ્થાન પામ્યા. ઈસુએ શાસ્ત્રવચન પ્રમાણે એ સજા ભોગવવાની હતી. લોકોનાં પાપો પોતાને માથે લઈ લીધાની સજા ભોગવવાની હતી. સ્વરક્ષણ માટે તેમણે સામનો કર્યો હોત તો સામાન્ય માણસ કરતાં તેમનો દરજ્જો વધ્યો ન હોત. તેમણે તો શિષ્યોને જ શીખવ્યું હતું કે, 'જો તને કોઈ જમણા ગાલ પર તમાચો મારે તો ડાબો ગાલ ધરજે.' પોતાના ઉપદેશ પ્રમાણે તેમણે આચરી પણ બતાવ્યું.

કોઈ રાજામહારાજાનું મૃત્યુ થાય છે ત્યારપછી લોકોની યાદદાસ્તમાંથી પણ તે ભૂલાઈ જાય છે, પણ સ્વર્ગ ને પૃથ્વીના રાજા ઈસુ ક્રૂસની અસહ્ય યાતના વેઠીને મરણ પર પણ વિજય મેળવે છે. ને ફરી સજીવન થાય છે પછી તેમનું શિષ્યોના દેખતાં સ્વર્ગારોહણ થાય છે. તેમનું પેલુ રોમન સુબા આગળનું વાક્ય અહીં ખરું પડે છે કે, 'મારું રાજ્ય આ દુનિયાનું છે જ નહિ.' (યો. ૧૮:૩૬)

કોઈ સમર્થ રાજામાં પણ કુદરતનાં વિનાશક બળોને નાથી શકવાની તાકાત છે? સરોવરમાં તોફાને ચડેલા પવનને તે આજ્ઞા કરીને રોકે છે. (માર્ક ૪:૩૯). દુન્યવી રાજા આજ્ઞાથી સેવકો પાસે સેવા કરાવે છે. સ્વર્ગીય રાજા ઈસુ પોતે સેવક બની નમ્રતાનો પાઠ શીખવે છે. શેઠ કે રાજા પોતાના નોકરોના ધૂળથી રજોટાયેલા પગ ધૂએ ખરા? પણ ઈસુ તેમના પગ ધૂએ છે ને અંગૂછા વડે લૂછે પણ છે.

અને આ રાજાની વિચિત્રતા તો જુઓ! છે ઢાલ તલવાર, બખ્તર કે માથા પર શાહી ટોપો? તેમ છતાં સદા નિર્ભય ને નિઃશસ્ત્ર. તેમની ધરપકડ કરવા સૈનિકોની ટુકડી ટોળામાં ઈસુને શોધતી હતી, ઈસુએ કહ્યું, 'તમે કોને શોધો છો? તેમની નિર્ભયતા તો જુઓ સામે ચાલીને કોણ પોતાને મોતના મુખમાં ધકેલે? તેમણે કહ્યું, 'હું જ ઈસુ' પણ આ શબ્દો નીકળતાં જ એક ભારે બનાવ બની ગયો. ધરપકડ કરવા આવેલા સૈનિકો પાછા હટી ગયા ને ભોંય પર ઢળી પડ્યા. (યો. ૧૮: ૭-૧૧) ત્યાં જ ઈસુની ઉદારતાનો આશ્ચાર્યજનક બનાવ બને છે. આકરા સ્વભાવના પીતરથી આ સહન થયું નહિ, તેણે તલવાર કાઢી સૈનિકનો કાન કાપી નાખ્યો. પોતાના ગુરુનું અપમાન? વાચકને તો અહીં પીતર તરફ માન જ ઉત્પન્ન થાય, પણ ઈસુ પીતરના આ વર્તનથી છેડાઈ જાય છે, 'તારી તલવાર પાછી મ્યાન કર.' વાચક પણ છોભીલો પડી જાય છે, ઈસુનું આ નર્મ વચનથી આવું કોણ બોલી શકે? આવી કટોકટી વેળાએ પણ ધૈર્ય ગુમાવ્યા સિવાય ઈસુ આપણને નમ્રતાનો અજબનો પાઠ હૃદયસ્થ કરાવે છે. ઈસુને માટે પ્રાણ આપી દેનાર પીતર કેવો છોભીલો ને અપમાનિત થયો હશે, પણ ઈસુના રાજ્યની વિભાવના કોઈ જુદી જ પિઠીકા પર રચાયેલી હતી, જે માનવીની સમજ બહારની બાબત છે.

હિંસકવૃત્તિથી ઈશ્વરનું રાજ્ય ચાલે ખરું? પણ કરુણતા એ કે આ ક્ષમાભાવનાથી નથી યહૂદાનું હૃદય પરિવર્તન થતું કે નથી પકડવા આવનારા આગેવાનોનું. આવા વર્તનથી તો ખૂનખાર બહારવટિયાઓનાં પણ હૃદય પરિવર્તનો થયાં છે ને સંતો આગળ હથિયારો મૂકી દીધાં છે પણ જડસુ હૃદયના આગેવાનોના હૃદયમાં એક અંશમાત્ર ફેરફાર થતો નથી. પણ દુનિયા આજે એજ દયા, ક્ષમા અને ઉદારતાના ગુણોથી ઓપ પામેલા ઈસુને વંદે છે.

પણ ઈશ્વરના રાજ્યના આગમનની છડી પોકારનાર યોહાન આખુ અરણ્ય ગજવી મૂકે છે, 'હૃદયપલટો કરો, કારણ ઈશ્વરનું રાજ્ય આવી પહોંચ્યું છે.' (માથ્થી ૩:૧-૨) અર્થાત્ ઈસુ રાજાનું આગમન થઈ ચૂક્યું છે.

ઈસુના આગમન અગાઉ રાજકીય, સામાજિક અંધાધૂધી, અરાજકતા અને હિંસાના વાતાવરણમાંથી છૂટવા સૌ કોઈ એવા પુરુષની ઝંખના રાખતા હતા. જે એમનામાં નવા વિચારો પેદા કરે, કોઈ નવો સુકાની ગરીબોનો મિત્ર હશે, દલિત પિડિતોનો ભેરૂ હશે માનવજાતનો ઉદ્ધારક હશે, તેમણે મુક્તિદાતાના આગમન માટે પ્રાર્થનાઓ કરી હતી ને એ ફળી પણ ખરી. દેવદૂત મરિયમને દર્શન આપીને કહે છે, 'જો તને ગર્ભ રહેશે અને એક પુત્ર અવતરશે, તેનું નામ તું ઈસુ રાખજે, એ મહાન હશે અને પરાત્પરનો પુત્ર કહેવાશે, પ્રભુ પરમેશ્વર તેને તેના પૂર્વજ દાઉદનું રાજસિંહાસન આપશે અને તે યુગોના યુગો સુધી ઈસ્રાયેલની પ્રજા ઉપર રાજ્ય કરશે, તેના રાજ્યનો અંત આવશે નહિ.' (લુક ૧:૩૨-૩૩)

તેમનું સ્વર્ગગમન થયું ત્યારના શબ્દો યાદ રાખવા જેવા છે. જેઓ ભેગા થયા હતા તેઓ ઈસુને પૂછવા લાગ્યા, 'પ્રભુ આપ આ સમયે ઈસ્રાયેલનું રાજ્ય ફરી સ્થાપવાના છો!' તેમણે કહ્યું, '... પણ પવિત્ર આત્મા જ્યારે તમારા પર ઉતરશે ત્યારે તમને શક્તિ પ્રાપ્ત થશે અને તમે યેરુસાલેમમા, સમસ્ત યહૂદિયામાં, શમરૂનમાં અને ઠેઠ ધરતીના છેડા સુધી મારે વિશે સાક્ષી પૂરશો.' (પ્રે.ચ. ૧:૬-૮). ●

(ધર્મસભા આ વર્ષે ૨૩ નવેમ્બરના રોજ રાજરાજેશ્વરનું પર્વ ઉજવે છે ત્યારે ઈસુખ્રિસ્ત - રાજાધિરાજને ઓળખીએ.)


**Since 1992**

# CREATION

✡ મેરેજ માટે ગાઉન (મેક્સી), નેટ, ક્રાઉન, બુકે, ગ્લોવ્ઝ, સૂટ બ્રોચ, પર્સ, વગેરે ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.

✡ ફલાવરગર્લ માટે ફ્રોક, ગાઉન, ક્રાઉન વગેરે મળશે.

**સ્નેહલત્તા પી. કાન્ત**

૫-બ, રીપબ્લિક ક્રિશ્ચિયન સોસાયટી,
મણિનગર (પૂર્વ), અમદાવાદ - ૩૮૦૦૦૮
ફોનઃ ૦૭૯-૨૨૭૭૪૧૯૧
મો. ૯૮૨૫૬ ૨૭૯૪૯
***Email: creationbridal@yahoo.com***

# આહ્‌વાન : પરંપરાઓ અને શ્રદ્ધા

✍ સંકલન : સહતંત્રી

*સપ્ટેમ્બર, ૨૦૧૪ના 'દૂત' અંકમાં આહ્‌વાન 'શું આપણી સામાજિક પરંપરાઓ, વિધિઓ અને રિવાજો આપણી કેથોલિક શ્રદ્ધાને સુસંગત છે?'ના અનુસંધાનમાં અપેક્ષિત પ્રત્યુત્તર મળ્યો છે. આહ્‌વાનનો પ્રતિસાદ આપનાર સૌનો આભાર. સ્થળસંકોચને કારણે તમામને પ્રકાશિત કરી શકતા નથી તેનો ખેદ છે. 'આહ્‌વાન'નો સ્વીકાર, આચરણ-પરિવર્તનમાં પરિણામે એ જ અભ્યર્થના.*

**સદ્‌ગતોની સ્મૃતિઃ** 'જિંદગીમાં મૃત્યુ એટલે શું?' ગત ચાર વર્ષો દરમ્યાન બે કૌટુંબિક મરણને લીધે તેને નજીકથી નિહાળવાની - સમજવાની તક મળી. જ્યારથી સમજણ પ્રાપ્ત થઈ ત્યારથી અત્યાર સુધીમાં ઘણી બધી દફનક્રિયા અને પ્રાર્થનાસભામાં અચૂક હાજર રહ્યો. પરંતુ, મૃત્યુને નજીકથી નિહાળવાની તક તો આ કૌટુંબિક મરણો દરમ્યાન જ સાંપડી. આપણે ઘણાબધા લોકોના દુઃખમાં સહભાગી થઈએ છીએ, પરંતુ દુઃખની અનુભૂતિ તો સ્વજનના મરણ વખતે જ અનુભવાય છે. જે મેં અનુભવ્યું.

સ્વજનના મરણ બાદ દફનવિધિ, જારત, પ્રાર્થનાસભા અને કબર ઉપર ક્રોસ મૂકવાની વિધિ સુધી સામાન્ય રીતે આપણી કૌટુંબિક શોક પાળવાની પરંપરા રહેલી છે. તા. ૨જી નવેમ્બર 'સર્વ સદ્‌ગત ભક્તોનું પર્વ' નિમિત્તે આપણે આપણા સ્વજનની કબરે જઈ તેને શણગારી, સદ્‌ગતનું સ્મરણ કરીએ છીએ અને પરમપૂજા અર્પણ કરાવીએ છીએ. જે ખૂબજ સુંદર અને અવર્ણનીય છે. 'મૃત્યુનો આવો સુંદર મહિમા બીજા કોઈપણ ધર્મમાં જવલ્લે જ જોવા મળે છે.' મૃત્યુ સમયે આપણે દરેક ધાર્મિકવિધિ ખૂબજ ગંભીરતાથી તથા સમયાનુસાર સાચવીએ છીએ. જે નિર્વિવાદ બાબત ગણાવી શકાય. પરંતુ, અમુક જગ્યાએ મૃત્યુબાદ રખાતી પ્રાર્થનાસભા સમયે બિનજરૂરી સમયનો વ્યય થતો જણાય છે. સ્વજનની પ્રાર્થનાસભા ૩૦ મિનિટ સુધીમાં આટોપી લેવામાં આવે તો ઉત્તમ. બાકી નિરર્થક - બિનજરૂરી લાંબી-લાંબી પ્રાર્થનાઓ અને મૃતક સાથે સ્નાન-સૂતકનો પણ સંબંધ ન હોય તેવાં ભાષણો - નિવેદનોથી ઉપસ્થિત ધર્મજનો પણ કંટાળે છે. પ્રાર્થનાસભા માટેના આયોજનમાં મૃતક-સ્વજન સાથે સૂમેળ સંધાતો હોય તેવી જ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવે તો, મૃતકને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી ગણાશે. કૌટુંબિક મૃત્યુબાદના સમયે કેવી રીતે વર્તવું તે બાઈબલ આપણને સ્પષ્ટ રીતે જણાવે છે.

"મારા બેટા, મરેલા પાછળ આંસુ સારવાં, તને ગયેલી ભારે ખોટ માટે વિલાપ કરવો, વિધિપૂર્વક તેના શબને કફન ઓઢાડવું, અને તેને દફનાવવું ચૂકવું નહિં. મન મૂકીને રડવું, છાતી ફાટ વિલાપ કરવો, મરેલાને ઘટે એ પ્રમાણે એક કે બે દિવસ શોક પાળવો, જેથી કોઈ ટીકા ન કરે, અને ત્યાર પછી શોક મૂકવો. કારણ, શોક મૃત્યુમાં પરિણમે છે; હૃદયનો શોક શક્તિને શોષી લે છે. અંત્યેષ્ટિ પતી એટલે શોક પૂરો થયો; દુઃખમય જીવન હૃદયને બોજારૂપ થઈ પડે છે. આખો દિવસ શોક કર્યા ન કરવો; પોતાના અંતનો વિચાર કરી શોક દૂર કરવો. એટલું ન ભૂલવું કે ગયું પાછું આવતું નથી; શોક કરવાથી મરનારને કશો લાભ નથી ને તને એથી નુકસાન છે. એટલું યાદ રાખવું કે એનું ભાગ્ય એજ તારું ભાગ્ય છે; "આજે મારો વારો તો આવતી કાલે તારો". મરેલાને દાટી દીધા પછી તેની સ્મૃતિને પણ દાટી દેવી; તેના પ્રાણ ઊડી ગયા પછી મનને શાંત પાડવું. (ઉપદેશમાળા : ૩૮:૧૬-૨૩)

હમણાંજ એક કેરાલિયન વડીલે પોતાની પત્નીના મૃત્યુને સર્વ સ્વજનો સાથે આનંદપૂર્વક વિધિવત્ રીતે ઉજવ્યું. હું તો સમગ્ર પ્રસંગને જોઈને (દિગ્મૂઢ) આભો જ થઈ ગયો. આ વડીલ પોતાની પત્નીના મૃત્યુ બાદ દર વર્ષે સર્વ સગાં-સ્નેહીઓને બોલાવી તેમના માનમાં ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરાવી સૌની સાથે પ્રેમભોજનનું આયોજન કરે છે. મૃત્યુને પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં સહજ રીતે દુઃખ દરેકને હોય. પરંતુ, લાગણીને કંઈ દેખાડો કરવાનો ન હોય. તે તો અંતરમાંથી પ્રગટતી એક અદ્‌ભૂત અનુભૂતિ હોય છે. તેને વ્યક્ત કરવા માટે કોઈજ જરૂર માધ્યમની જરૂર પડતી નથી. એટલે સંત પાઉલના શબ્દો હમેશાં યાદ રાખીએ. 'બંધુઓ, જેઓ મૃત્યુની નિદ્રામાં પોઢેલા છે, તેમને વિશે તમે અજ્ઞાનમાં રહો, એવું અને ઈચ્છતા નથી, જેમને આશા નથી એવો બીજા માણસોની પેઠે તમારે શોક કરવાનો ન હોય.' (૧ થેસ્સ. ૪:૧૩-૧૮)

— સંજય વાઘેલા (નડીઆદ)

— — — — —

**દફનઃ** શું આપણી મરણોત્તર સામાજિક પરંપરાઓ, વિધિઓ, અને રિવાજો આપણી કેથોલિક ધર્મસભાને સુસંગત છે તેના માટે મારો જવાબ છે, બેશક! હા. પૃથ્વીની ઉત્પત્તિ થઈ ત્યારથી મૂળભૂત રીતે મૃતદેહના દફનની ક્રિયા અસ્તિત્ત્વમાન હશે એવું અનુમાન હરગીજ વ્યર્થ નથી. કારણમાં એટલું જ કે અગ્નિની શોધ તો બહું મોડે થયેલી છે, ખ્રિસ્તીઓને લાગે વળગે છે ત્યાં સુધી પેલેસ્ટાઈનમાં ખ્રિસ્તીઓ જ્યાં વસે છે ત્યાંજ ઈસુ મોટા થયા ને પ્રચાર પસાર કર્યો. જ્યાં ઈસુના સમયની પરંપરાગત મૃતદેહના દફનની ક્રિયા આજે પણ અકબંધ છે. બાઈબલ પણ આ અંગે પ્રકાશ પાડે છે જેમાં ઉલ્લેખ છે. "દેહ દટાય છે. ત્યારે તુચ્છ હોય છે. પણ" (૧ કરિંથ ૧૫:૪૨-૪૪)

પેલેસ્ટાઈનમાં આજે પણ શ્રદ્ધાળુઓ મૃતકના સ્વજનોને આશ્વાસન આપવા ભેગા થાય છે. અને સાથે પુનરુત્થાનની ભાવનાને ઉજાગર કરે છે. મૃતકના ઘરે મૃતકના સ્વજનોને ભોજન (ફુડ ઓફ મર્સી) આપવામાં આવે છે. તથા મૃતકનું ઘર ત્રણ દિવસ માટે આશ્વાસન આપનારા તથા દુઃખમાં સહભાગી થનારાઓ માટે ખુલ્લુ રાખવામાં આવે છે. જેથી દુઃખી કુટુંબ એકાકી ન બની જાય અને મૃત વ્યક્તિના ક્રિયાકાંડ બાદ ત્રીજા દિવસે પ્રાર્થનાસભા દ્વારા

આશ્વાસન દિવસ રાખવામાં આવે છે. જુના કરારમાં પ્રભુનો સેવક મોશે મોઆબની ભૂમિમાં મૃત્યુ પામ્યો, તેને એજ મોઆબની ભૂમિમાં બેથ-પાચોરની સામેની કોઈ ખીણમાં દફનાવવામાં આવ્યો હતો. અનુસંહિતા ૩૪:૫-૬. યહુદીઓના નવા કરારમાં પણ જોબ કહે છે, "હું નગ્ન જન્મ્યો હતો અને નગ્નાવસ્થાએ જ ધરતીમાં દફન થઈશ." જુના ગ્રીકો અને રોમનોમાં મૃતદેહનું દફન તથા અગ્નિદાહ બંને સામાન્ય બાબતો જોવા મળે છે. આમ છતાં યહુદીઓ મૃતદેહનું જમીનમાં દફન કરે છે. "ટોરાહ"માં ઈશ્વર પોતે પણ વર્ણવે છે કે, 'અને તેનું (માંસ) દફન કર્યું' માઓરીઓ પણ દેહનું કરે છે. યહોવાહના સાક્ષીઓમાં પણ દફનની ક્રિયા હાલ પણ ચાલુ છે. અને અંત્યેષ્ટિ પછી કબરની મુલાકાત લે છે.

મૃતદેહના દફનની ક્રિયા સાથે જ બધી ક્રિયાઓ વણાએલી છે. આમ, કેથોલિક ધર્મની મરણોત્તર ક્રિયાઓને ચાર ભાગમાં વહેંચી શકાય. ૧) મૃતહેહને સફેદ કલરના કોફીનમાં શબવાહીની દ્વારા સમુહમાં ચર્ચમાં લાવવું. ૨) ચર્ચમાં ક્ષમા-યાચના વિધિ-પ્રાર્થના-ખ્રિસ્તપ્રસાદ વિધિ ૩) મૃતહેદને સમુહમાં કબર આગળ લાવવો. અહીં ધર્મગુરુ ટૂંકી પ્રાર્થના, આશીર્વાદ વિધિ, પવિત્ર પાણીનો છંટકાવ તથા મૃતાત્માની દયાની યાચના કરે છે. ૪) થોડા દિવસબાદ મૃતાત્માના સ્વજનોને સામુહિક રીતે લોકો આશ્વાસન આપવા ભેગા થાય છે તથા મરણ જનાર માટે શ્રદ્ધાંજલિ અપાય છે અને આશ્વાસન આ દિવસથી સમગ્ર એપિસોડની પૂર્ણાહુતિ થાય છે.

કેથોલિક સંપ્રદાય અને ખાસ કરીને ગુજરાતી વિધિ - વિધાનને લાગે વળગે છે ત્યાં સુધી આવી પરંપરા અને વિધિઓ નિતાંત કેનન લોને અનુરૂપ છે. કેનન લો ૧૧૭૬માં મૃહદેહની દફન કરવાની પૂણ્યવિધિનું પાલન કરવાનું ફરમાન છે. જો કે મૃતહેદના અગ્નિદાહ અંગે મનાઈ ફરમાન નથી સિવાય કે અગ્નિદાહ કેથલિક ધર્મના સિદ્ધાંત વિરુદ્ધ થાય. કેનન લો ૧૧૭૭ તથા ૧૧૮૦ પ્રમાણે મૃતદેહનું તાબાના કબ્રસ્તાનમાં દફન કરવાનું કહેવામાં આવે છે. અને આ દફનવિધિ પરાપૂર્વથી ગુજરાતી કેથલિક કરતા આવ્યા છે જે યોગ્ય છે. કેથોલિક ધર્મ ૧૮૬૬માં અગ્નિદાહનો વિરોધ કરેલ પરંતુ ૧૯૧૭માં કોડ ઓફ કેનન લો એ આ પ્રતિબંધ હટાવી દીધો. અને ૧૯૬૩માં અગ્નિદાહને વ્યાવહારિક દૃષ્ટિએ અપનાવ્યો. ૧૯૮૩નો કોડ ઓફ કેનન લો કહે છે. "The church earnestly recommends the pious custom of burial be retained but it doesn't forbid cremation" પરિણામે અમુક ખાસ સંજોગોમાં અગ્નિદાહને અપનાવી શકાય અન્યથા નહીં.

બાઈબલ મૃત્યુ પર શોક ન કરવા કહે છે જે આપણી સામાજિક પરંપરા બનતી જાય છે જે સ્તુત્ય છે. ઓશો રજનીશ પણ મોતને એક ઉત્સવ માને છે. રામનારાયણ વિશ્વનાથ પાઠક કહે છે "મારા મૃત્યુબાદ મારો કોઈ શોક ન કરશો." "નર્મદે કહ્યું કે નવ કરશો કોઈ શોક" રવીન્દ્રનાથ ટાગોરે પણ લખ્યું છે 'મે આ જીવનને પ્રેમ કર્યો છે અને મૃત્યુને પણ હું એ જ રીતે પ્રેમ કરીશ.' આમ શોક સર્વથા વર્જ્ય છે અને મૃતહેહની દફનવિધિએ આપણા સમાજનું દર્પણ છે અંત્યેષ્ટિ બાદની પરંપરાઓ સ્તુત્ય છે. કમશે કમ સ્મશાન યાત્રામાં નહીં આવેલ કોઈ સ્વજન કબ્રસ્તાનમાં જઈ મૃતાત્માની કબર પર બે ફુલ ચડાવી શકે ને બે બુંદ આંસુ ના સારી શકે અથવા મુએલાના તહેવારના દિવસે કબ્રસ્તાનમાં પ્રાર્થનાવિધિમાં ભાગ લે તે શું સૌથી મોટી શ્રદ્ધાંજલિ નથી? વિનુભાઈ એસ. શાહ (નડીઆદ)

— — — — —

**શાશ્વત મુકામઃ** અનંતયાત્રામાં નીકળેલો ઈશ્વરસર્જિત માણસ આલમ પરના એના આયુષ્યના અંતિમ સમયે પોતાના શાશ્વત મુકામ તરફ જવા પ્રયાણ કરે છે. એના પૃથ્વી પરના પ્રવાસ પર પૂર્ણવિરામ મુકાય છે. આ પ્રક્રિયાને 'મૃત્યુ'નું મધુર નામ અપાયેલું છે. પ્રત્યેક સજીવનું મૃત્યુ નિશ્ચિત છે.

જીવંત અવસ્થા દરમ્યાન માણસને વસવા માટે ઈશ્વરે પોતે સર્જેલી સૃષ્ટિ તેને બક્ષેલી છે. આકાશો પણ ઈશ્વરનું સર્જન છે. સૂરજ અને શશી માણસને અજવાળું આપે છે. તેમજ પર્વતો અને ખીણો, સરિતા અને સિંધુ, કોતરો અને કંદરા, વૃક્ષો અને વેલા, ફૂલો અને ફળ પ્રભુની સર્જનકલાનાં અજોડ સંસાધન છે આવી મઝાની પૃથ્વી માણસને માટે સેવા અને લીલાલહેર કરવાની જગ્યા છે. એ પૃથ્વી પ્રભુની છે. તેમાં માનવસમુદાયને સારું ઉત્તમોત્તમ સુવિધાઓ અને કૃપાદાનોનું પણ નિર્માણ કરાયેલું છે. અહીં ઘડી બે ઘડી નહિ પણ કાયમી વસવાટ કરવાનું મન થઈ જાય એવો માહોલ સર્જાયેલો છે.

આ બધું હોવા છતાં સમજવાનું છે કે માણસનો પૃથ્વી પરનો નિવાસ એ કાચી માટીના મંડપમાંના વસવાટ જેવો ક્ષણિક છે. તેમાં માણસે વસવાના દિવસો મર્યાદિત નિયત કરાયેલા છે. પૃથ્વી માણસનું સદાકાળનું વિશ્રામસ્થાન નથી. જો કે એ બાબત અભિશાપ નહિ પણ આશીર્વાદ સમાન છે. અહીંની જિંદગી એ તો સાર્વકાલિક વિસામામાં અનુકૂલન સધાય તે માટેની અધ્યયન શિબિર છે અહીં સર્જનહારનાં સ્મરણો અને ભક્તિ સહિત માનવબંધુઓ સાથે ભ્રાતૃભાવથી ખરો પાડોશીધર્મ બજાવવાનો છે.

કેટલાંકની મુસાફરી શિશુવયમાં સમાપ્ત થાય છે. કોઈ એક યા બે દસકા સુધી જીવે છે. કેટલાક ખીલતી વસંત જેવા યૌવનમાં વિદાય થઈ જાય છે. અંદાજે ૩૫ ટકા જેટલા માણસો વયસ્ક વયમાં વિલીન થઈ જાય છે. આયખાનો સમય અનિર્ણિત છે. વિદાય નિશ્ચિત છે.

સન્માર્ગમાંથી અને શ્રદ્ધામાંથી ડગી જવાય એવાં પ્રલોભનો ડગલે અને પગલે ખડાં થાય છે. ત્યારે માણસે સાવધ રહેવા જેવું છે. કારણ કે, ઈશ્વરે બક્ષેલી અણમોલ જિંદગીના પ્રવાસનો માર્ગ શૂરવીરોનો છે. એમાં કાયરનું કામ નથી. મહાસાગર રૂપી આ અનંત પ્રવાસની મંજિલે મરજીવા જેવા માણસોને પરમપિતા મુક્તિરૂપી મોતી આપવા તત્પર હોય છે. દેવવિદ્યા અનુસાર ઈસુજનોને માટે તો મૃત્યુ એક મંગલપર્વ છે. ફરી પાછા તત્ત્વદર્શીને વાંચીએ. તેમની ચિંતનકણિકા આ પ્રમાણે છે : 'કીમતી અત્તર કરતાં નામના સારી છે. જન્મદિન કરતાં મૃત્યુદિન સારો છે.... કારણ કે સર્વ માનવનો એજ અંત છે.'

વિશેષમાં ખ્રિસ્તી માણસે તો તેમના મહાન ઉધ્ધારક પ્રભુ ઈસુમાં દૃઢતાપૂર્વક ધર્મશ્રદ્ધા ધરાવવાની છે. મસીહા ઈસુ તો મરણમાંથી ઉત્થાન પામેલા છે. તેમણે અદ્‌ભુત વચન આપેલું છે કે 'હું જ

પુનરુત્થાન છું અને હું જ જીવન છું. જેને મારામાં શ્રદ્ધા છે. તેનું મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે; મારામાં શ્રદ્ધા રાખનાર કોઈપણ વિદ્યમાન માણસ મૃત્યુ નહિ પામે.'

ઈસુની એ અભય વાણીમાં શાશ્વત મુકામે જનારા માણસને માટે ખરેખરી ખાતરી સમાયેલી છે. મૃત્યુ તો જીવનના ઝોલાંનું અટકસ્થાન છે. મૃત્યુમાંથી ઉત્થાન પામેલા પ્રભુ ઈસુએ મરણના ડંખ અને બંધનને તોડી નાખેલાં છે. અને તેમના પર વિશ્વાસ રાખનારાઓને તેમણે ઉત્થાનના આ ભવ્ય વિજયના ભાગીદાર બનાવ્યા છે. એટલે હવે મૃત્યુ રોક્કળ કરવાનો સમય નથી. એ તો શાશ્વત જીવનમાં પ્રવેશવાનો અવસર છે.

મૃત્યુનું આ મૂલ્ય અને માતમ સમજીને માણસો પોતાના સહિત અન્યના મોતનો મલાજો જાળવે અને શાશ્વત મુકામની સફરે જનારા સૌ જન પ્રત્યે સૌજન્ય દાખવીને તેઓને સલામ કરે એમાં સાચી માનવતા અને શોભા રહેલાં છે.

રાજા સોલોમન તત્ત્વદર્શી હતા. મહાપ્રસ્થાનના મૃત્યુના પ્રસંગને સમજાવતાં તેઓ જણાવે છે કે 'માણસ એના શાશ્વત મુકામે ચાલ્યો જશે. અને શોક કરનારઓ રસ્તે રસ્તે ફરતા રહેશે. રૂપાની દોરી તૂટી જશે અને સોનાનો દીવો ભાંગી જશે, ગરેડી કૂવા ઉપર જ ભાંગી પડશે અને ઘડો કૂવામાં ફૂટી જશે, માટી માટીમાં મળી જશે... અને જીવ (આત્મા) તેના દાતા ઈશ્વર પાસે ચાલ્યો જશે.' (તત્ત્વદર્શી ૧૨ : ૫-૭). — ડો. સુરેન્દ્ર આસ્થાવાદી (નડીઆદ)

— — — — —

**મૃત્યુ : બાઈબલ અને ધર્મસભાના સિદ્ધાંતોઃ** વ્યક્તિનું મૃત્યુ થાય એટલે બાઈબલ પ્રમાણે એ વ્યક્તિ ગાઢ નિંદ્રામાં પોઢી જાય છે. માથ્થી ૯:૨૪ પ્રમાણે, "... ત્યારે તેણે (ઈસુએ) કહ્યું કે, આઘા ખસો; કેમ કે છોકરી મરી નથી ગઈ, પણ ઊંઘે છે." પુનરુત્થાન કે ન્યાયને દિવસે, પરમેશ્વર બધાં જ મૃત સ્વજનોને ઉઠાડશે. કેટલાક અપવાદ સિવાય. પ્રકટીકરણ ૭:૪ તથા ૧૪:૧-૩ પ્રમાણે "૧,૪૪,૦૦૦ લોકો, જેમને પૃથ્વી ઉપરથી ખરીદવામાં આવ્યા છે" જેઓને મોતની નીંદરમાંથી ઉઠાડીને સ્વર્ગમાં તેડી લેવામાં આવ્યા છે.

ઘણીવાર પુરોહિતની ગેરહાજરીમાં પણ, મૃતહેદને દફનાવવામાં આવે છે; અને ઘણીવાર મૃતદેહને ચર્ચમાં લઈ જઈને ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવે છે. કેથોલિક ધર્મસભા પ્રમાણે મૃતદેહને ચર્ચમાં લઈ જઈ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવાથી થતા ફાયદા અને ના લઈ જવાથી થતા નુકસાન બાબતે ધર્માધિકારીઓ ચર્ચનો સિદ્ધાંત સ્પષ્ટ કરે તે જરૂરી છે. દફનવિધિના ત્રીજા દિવસે મૃતકના નિકટના સ્વજનો, કબરે જઈ; ફૂલ, મીણબત્તી અને અગરબત્તી ચઢાવે છે. એ વિશે ચર્ચનો સિદ્ધાંત સ્પષ્ટ કરવામાં આવે તે જરૂરી છે.

દફનવિધિથી પ્રાર્થનાસભાના દિવસ સુધી, પડોશીઓ મૃતકના પરિવારને ચા-નાસ્તો અને બપોર-સાંજનું ભોજન આપે છે. જેની પાછળ મદદરૂપ બનવાની અને લાગણી દર્શાવવાની ઉમદા ભાવના જણાઈ આવે છે. જો કોઈ યુવાન કે વડીલ, આગેવાની લઈને, થોડું આયોજન કરે તો, ખોરાકનો બગાડ થતો અટકાવી શકાય. કેમકે ભોજન આપનારા ઘણા કુટુંબો હોય છે. બધાંને તક મળે અને વ્યવસ્થા જળવાય તે જરૂરી છે. પ્રસંગની ગંભીરતાને ધ્યાનમાં રાખી પ્રાર્થનાસભાને દિવસે જાહેરમાં થતી પ્રાર્થના અને વક્તવ્યો ટુંકાવવામાં આવે અને મૃતકના નિકટના સ્વજનોને રૂબરૂ મળીને દિલાસો પાડવાની તક મળી રહે તે જરૂરી છે. આ પ્રસંગે ક્યારેક દેખાદેખીને કારણે, બીજાઓ કરતાં કંઈક વિશેષ અને વધારે દાન-ધર્માદા આપવાની હરિફાઈ સમાજમાં જોવા મળે છે. દાનની જાહેરાતો કરવાને બદલે ઈસુએ સમજાવેલા ગુપ્તદાનના સિદ્ધાંતને અમલમાં મૂકવો જરૂરી છે.

પ્રથમ માસિક અને વાર્ષિક પુણ્યતિથિ અને તે પછી દર વર્ષ... શ્રદ્ધાંજલિઓ છપાવવી અને સ્કોલરશીપો જાહેર કરવા બાબત ચર્ચનો સિદ્ધાંત જાહેર કરવા વિનંતી. મૃતકના આત્માની શાંતિ માટે પરિવારજનો દ્વારા એક કે વધારે વાર ખ્રિસ્તયજ્ઞો અર્પણ કરવામાં આવે છે. એ વિશે ધર્મજનોને માર્ગદર્શન આપવામાં આવે તે જરૂરી છે. મૃત્યુ પછી કેટલાક વિશેષ પવિત્ર ધર્મજનો, કેથોલિક ધર્મસભા 'સંત' જાહેર કરે છે. ફાધર સૂર્યા જેવા પવિત્ર પુરોહિતના અસ્થિને વર્ષો પછી સ્થળાંતર કરીને આંકલાવમાં સ્થાપીત કરી વિશેષ માન આપવામાં આવ્યું છે. આ બાબતે ધર્મસભાના સિદ્ધાંતો, નિયમો અને દૃષ્ટિકોણ જાહેર થાય તે જરૂરી છે.

બાઈબલ પ્રમાણે ધાર્મિક સિદ્ધાંતો, ધર્મસભાના નિયમો અને પરંપરાગત સામાજિક રૂઢિ-રિવાજો જ્યારે ભેગા થાય છે, ત્યારે ઘણી બધી વિધિઓ અને કર્મ-કાંડો, વ્યવહારિક જીવનમાં જોવા મળે છે. નવી પેઢીને આ બાબતે વખતો-વખત યોગ્ય સમજણ અને જ્ઞાન મળતું રહે તે ઈચ્છનીય છે. વ્યક્તિગત રીતે ધર્મજનની લાગણી ન દુભાય બલ્કે, ખુલ્લા મનથી, મુક્ત રીતે ધર્મસભાનો અભિગમ સમજીને સ્વીકારવામાં આવે તથા યોગ્ય સમયે તેનું તટસ્થ રીતે મૂલ્યાંકન થતું રહે તે ધર્મજનો અને ધર્મસભાના હિતમાં છે.

અત્યંત સંવેદનશીલ હોવા છતાં ધર્મજનોને સ્પર્શતો વિષય પસંદ કરીને સહતંત્રીશ્રીએ એક જરૂરી અને આવકારદાયક પગલું ભરવાની હિંમત કરી છે માટે મારા ખાસ અભિનંદન અને શુભેચ્છા.

— વિક્ટર મેકવાન (અમેરિકા)

— — — — —

**પ્રાર્થનાસભાઃ** સૌ પ્રથમ તો એ કહેવાનું કે, (રોમન કેથોલિક ધર્મમાં) મરણોત્તર કઈ ક્રિયાઓ કરવી કે ક્યા રિવાજો પાળવા એવું કશું અધિકૃત રીતે નામદાર પોપ કે. કેથલિક ધર્મસભા દ્વારા નક્કી કરવામાં આવ્યું નથી યા જાહેર કરવામાં આવ્યું નથી. જેમ આહાર, પોષાક ને બોલી અંગે સ્થાનિક (પ્રાદેશિક) પ્રથા કે રિવાજ અપનાવીએ છીએ તેમ મરણોત્તર ક્રિયાઓ ને રિવાજો બાબતે પણ છે.

હવે, મધ્ય ગુજરાતના કેથોલિક સમૂહો (વણકર કોમમાંથી ધર્માંતરિતો)માં મરણોત્તર જે રિવાજ રાખવામાં આવે છે તેની વાત : આ રિવાજને પહેલાં 'કાણ' કે 'બેસણું' કહેતા ને હવે ધર્માંતર બાદ તેને 'શોક/પ્રાર્થનાસભા' કહેવાની પ્રથા શરૂ થઈ છે. શોકસભામાં

શક્ય હોય ત્યાં પુરોહિતને હાજર રાખવામાં આવે છે. ભજનો ગાય છે ને પુરોહિત બાઈબલ વાંચન કરી ટૂંકો બોધ કરીને પ્રાર્થના વાંચે છે. ત્યારબાદ કેટલાક સ્વજનો/વડીલો મૃત્યુ પામેલ વ્યક્તિને શ્રદ્ધાંજલિ અર્પતાં તેમના વિશે બે બોલ કહેતા હોય છે. અંતે દાનવિધિ કરવામાં આવે છે. આવી રીતે હાલ અસલ સામાજિક રિવાજ 'કાણ', 'બેસણું'નું પ્રિસ્તી/કેથોલિકકરણ કરવામાં આવ્યું છે!

ઉક્ત 'પ્રાર્થનાસભા'માં ઘણી વાર ભાગ લેવાની મને તક મળી છે. પ્રાર્થનાસભાની વિધિ ઘણી વ્યવસ્થિત અને ભક્તિ ઉપજાવે તેવી હોય છે. પરંતુ, તે ઘણીવાર વહુ લાંબી બની જતી હોય છે. ક્યારેક ક્યારેક તો એ એક 'શો' બની જાય છે ને એ પૂરી થતાં આવનારા એકબીજાને મળતા હોય ત્યારે જાણે કે પરસ્પરને 'હેપી ક્રિસમસ' કહેતા હોય તેવો ને તેટલો શોરબકોર/ઘોંઘાટ થતો હોય છે જેને કારણે પ્રસંગોચિત શોકનું વાતાવરણ જળવાતું નથી. મોટે ભાગે રવિવારે પ્રાર્થનાસભા રાખવામાં આવે છે ને લોકો રવિવારના પ્રિસ્તયજ્ઞમાં ભાગ લીધા પછી આવતા હોઈ, પ્રાર્થનાસભા બહુ લાંબી થાય ત્યારે લોકોને ઘેર જઈ રસોઈ પાણી કે બીજા કામ કરવાની ઉતાવળ હોવાથી તેઓ થાકે/કંટાળે છે. આને કારણે મૌન જળવાતું નથી ને કેટલાકને મૃતકના પરિવારજનોને મળ્યા વિના ઊભા થઈને જતા રહેવાની ફરજ પડે છે. દાનવિધિ પણ ક્યાંક ક્યાંક બહુ લાંબી થતી હોય છે.

આ બધું ધ્યાનમાં લેતાં અંગત રીતે મન 'પ્રાર્થનાસભા' કરતાં 'બેસણું' પ્રથા વધુ ગમે છે. બેસણાનો હેતુ મૃતકનાં પરિવારજનોને દિલસોજી પાઠવવી એવો હોઈ બેસવા વખતે તેઓ આગળ બેસે છે. આવનાર સહુ તેમને મળીને બે હાથ જોડી દિલસોજી પાઠવી વિદાય લે છે. ક્યાં ક્યાંક હળવું સંગીત વાગતું હોય છે ને મૌન જળવાતું હોઈ પ્રસંગોચિત્ત શોકનું વાતાવરણ પણ સચવાય છે. આ પ્રથા ટૂંકી છે ને તેમાં દિલશોજી પાઠવવાનો હેતુ સારી રીતે જળવાતો હોય છે.

હવે કેટલીક કેથોલિક ધાર્મિક માન્યતાઓ વિશે ટૂંકમાં :

વિવિધ ધર્મોમાં માણસના મૃત્યુ બાદ શું થાય છે તેની માન્યતાઓ અસ્તિત્વમાં છે. દા.ત. હિંદુ ધર્મમાં પુનર્જન્મની માન્યતા છે જેના દ્વારા મૃતકને મોક્ષ મળે ત્યાં સુધી વિવિધ પ્રકારના જન્મ દ્વાર અગણિત (ચોર્યાસી લાખ જેટલી) તકો આપવામાં આવે છે. પ્રોટેસ્ટંટ સંપ્રદાયોમાં એવી માન્યતા છે કે બાપ્તિસ્મા લીધેલ સહુ કોઈ (બીલીવર) મૃત્યુ બાદ સ્વર્ગમાં જાય છે. અલ્પપાપની સ્થિતિમાં મૃત્યુ પામતાં માણસ 'શોધનાગ્નિ'માં ને ઘાતક પાપની સ્થિતિમાં મરી જતાં સદાકાળ માટે 'નર્ક'માં જાય છે. મૃતક માટે કેથોલિક ધર્મસભામાં પ્રાર્થના કરવાનો, પ્રિસ્તયજ્ઞ અર્પણ કરવાનો... વગેરે રિવાજ અને હેતુ એ છે કે જો તે શોધનાગ્નિમાં હોય તો તેમાંથી તેને મુક્તિ મળે ને સ્વર્ગમાં જાય. હવે કેથોલિક ધર્મસભાએ આવી માન્યતાઓ બદલી છે, જેના કારણે હવે મૃતકો માટે પ્રાર્થના કરવાનો કોઈ અર્થ કે હેતુ રહેતો નથી. એટલે મૃતક માટે દફનક્રિયા પૂર્વે પ્રિસ્તયજ્ઞ અર્પણ કરવાની વિધિ કે જે લાંબી પણ છે તેની જરૂર નથી. વળી, કેટલાક લોકો એવું માને છે કે મૃતક માટે પ્રાર્થના કરી એટલે બસ પછી સ્મશાનમાં જવાની જરૂર નથી. પરંતુ હકીકતે તો આપણા રિવાજ કે પ્રણાલિકા મુજબ સ્મશાનમાં જઈ તેની કબરમાં મુઠ્ઠી માટી નાખવી તેને આપણે મૃતકને આપેલી સાચી અંજલી માનીએ છીએ ને તે જળવાવી જોઈએ. પ્રિસ્તયજ્ઞ પતે એટલે ઘેર પાછા જતા રહેવું અને કબ્રસ્તાનમાં ના જવું એ બરાબર નથી. ફાધરો, સિસ્ટરોએ તો આ બાબતે ખાસ સારો દાખલો આપવો જોઈએ છે.

— ફાધર વિલિયમ રિશ્તા

— — — — —

**પુનરુત્થાનની પ્રભાતે પુનઃ મળવાની ખાતરીનોય શોક!!!:** વહાલાં વાચકો! ઉત્પત્તિ ગ્રંથાનુસાર પરમેશ્વરે પ્રતિમૂર્તિ આદમનાં નસ્કોરામાં ફૂક મારીને પ્રાણ સંચાર કર્યો થયો. શરીર અવનિનું અને આત્મા સર્જકની શક્તિ!

સર્જકની ફૂંક! આજે પણ દૂરદરાજનાં ગ્રામીણ પ્રદેશોમાં 'મૃત્યુ થવા'ના સંદર્ભમાં 'ફૂંક નીકળી ગયો' શબ્દપ્રયોગ રૂઢ થયેલો જોવા સાંભળવા મળે છે. આમ મરણોપરાંત વ્યક્તિનું શરીર અવનિને હવાલે એટલે કે પંચમહાભૂતને હવાલે-પરત-કરાય છે, જ્યારે પ્રાણ-જીવ એટલે કે ફૂંક શરીરમાંથી નીકળી પરમેશ્વર પાસે પાછો જાય છે, અર્થાત જીવન એટલે પ્રાણ (વાયું) એટલે ફૂંકનું શરીરમાં રોકાણાવિધિ!

જન્મ એટલે ફૂંકનો શરીર પ્રવેશ!
મૃત્યુ એટલે ફૂંકનો શરીરવટો!

જ્યારે ધર્મસભાએ સ્થાનિક - સંસ્કૃતિકરણ સ્વીકાર્યું છે ત્યારે મૃત્યુ વિષયક પરંપરાઓ - વિચારો લક્ષમાં લેવા જ રહ્યું. તો મૃત્યુ એટલે શું??? મૃત્યુ એટલે ભવસાગરની ભવાઈ, મૃત્યુ એટલે નિર્દય કસાઈ! મૃત્યુ બધી જ ફિલોસોફીને ધૂળમાં મેળવીને ચૂપ કરી દેતી નિષ્ઠુર નવાઈ! ને... આ નવાઈ પણ કેવી!

'મહાભારત'ના 'યક્ષ પ્રશ્ન'માં જ્યારે યક્ષે યુધિષ્ઠિરને પૂછ્યું, "આ અવનિની સૌથી મોટી નવાઈ શું છે" ત્યારે યુધિષ્ઠિરે કહ્યું, "બધાં જ જાણે છે કે ' 'બધાએ એક દિવસ મરવાનું છે, ને છતાંય સૌ એમ સમજે છે જાણે જીવન અમર છે!" બસ, બસ આ જ જગતની સૌથી મોટી નવાઈ છે. આ નવાઈ, એટલે જીવન અમર છે જ નહીં.

કારણ પ્રિસ્તી કેથલિક શ્રદ્ધા 'પુનરુત્થાનને પુનઃ મળવાની ખાતરી આપે છે.' વહાલાં વાચકો! ઈસુના મરણદિનને - શુભ શુક્રવાર કહીએ છીએ કારણ તે મરણ પામીને પુનરુત્થાન પામ્યા હતા. પ્રિસ્તી-કેથલિક શ્રદ્ધાનુસાર મૃતક પુનરુત્થાન પામવાનો છે! હવે જો ઈસુનો મરણદિન શુભદિન છે; તો પ્રત્યેક મૃતકનો-વ્યક્તિનો-મરણદિન પણ શુભદિન!!! પુનરુત્થાનની પ્રભાતે પુનઃ મળવાનું જો છે. ઈસુ પણ પુનરુત્થાન પછી શિષ્યોને મળ્યા જ હતાને?

શુભદિને હર્ષોલ્લાસ, કલ્લોલાનંદ જ હોય, રોક્કળ-વિલાપ નહીં. મૃત્યુ ટાણે રોક્કળ એટલે તો — આપણી શ્રદ્ધામાં ઊણપ, આપણી અલ્પ શ્રદ્ધા, અરે આપણી અશ્રદ્ધા! શાસ્ત્ર કહે છે - 'આ શરીરરૂપી ઝૂંપડું તૂટી પડે તો જ સ્વર્ગધામ મળે.' આમ મૃત્યુ સ્વર્ગ પ્રવેશની પ્રાથમિક શર્ત છે ને મૃત્યુ થકી સ્વર્ગ પ્રાપ્ત થતું હોય એટલે તો — કેમકે સ્વર્ગ સુખનો પર્યાય છે!

ને એટલે જ કોઈ એક પ્રજાતિમાં મૈયતને-મૃતકને અબિલ-ગુલાલ ઊડાડીને, ઢોલત્રાસાં વગાડીને આનંદ-ઉલ્લાસથી વિદાય આપવાની પરંપરા છે. (આ પરંપરા-રિવાજ ખરેખર તો ખ્રિસ્તીઓમાં હોવા જોઈએ, પણ અફ્સોસ નથી!) મરણના પર્યાય તરીકે 'સ્વર્ગવાસ' શબ્દ અમસ્તો જ નહીં પ્રયોજાયો હોય! આપણી શ્રદ્ધા : મરણોપરાંત મળેલા જીવનમાં ન આધિ, ન વ્યાધિ ને ઉપાધિ છે ને આધિ, વ્યાધિ ને ઉપાધિથી મુક્તિનું નામ જ સ્વર્ગ! જન્મની ખુશી અને મરણનો શોક આપણી શ્રદ્ધાની અપરિપકવતાની સૂચક છે. જન્મ, જીવન અને મરણ પ્રાકૃતિક ઘટનાઓ છે. ઈશ્વરી યોજના છે, જેનો નિરપેક્ષ સ્વીકાર એટલે જ ખરું ખ્રિસ્તીપણું! જન્મનો સહર્ષ સ્વીકાર અને મરણનો અસ્વીકાર - કમને સશોક સ્વીકાર; આ આપણી કેવી સમજ???

વહાલાં વાચકો! માણસ માત્ર મૃત્યુને પાત્ર છે. અરે ખૂદ ઈશ્વર પુત્ર ઈસુ માણસ થયો તો એણેય મરવું પડ્યું!!! મૃત્યુ કોઈને છોડતું નથી. ઈશ્વર પુત્રનેય!!! ભારતીય પરંપરામાં રાજપૂતાણીઓ એમના પતિને સહર્ષ મરણના મુખમાં-યુદ્ધમાં મોકલતી. અને રાજપૂતો યુદ્ધમાં કેસરિયાં કરતા.

પ્રાર્થનાસભા? ના. પ્રસંશાસભા! 'મરી ભેંસનાં મોટા ડોળા' કરાય છે. તેને ધર્મસભા(ધર્મશ્રદ્ધા)ને શો સંબંધ? મરણોપરાંત થતા 'વ્યવહાર'ને ધર્મસભાને કોઈ સંબંધ ખરો? મરણોપરાંત 'શોક ભાગવા' જવામાં કઈ કેથલિક શ્રદ્ધા? દાનાપર્ણનાં પરબિડિયાંના થપ્પાને ધર્મસભાને કયા સંબંધ? 'તેલ નાખવા'માં કઈ પ્રકારની ધાર્મિકતા અભિવ્યક્ત થાય છે? ભરથારના મૃત્યુ બાદ પત્નીએ નવું વસ્ત્ર શા માટે ધારણ કરવું? બંગડી ફોડવાનો શો મતલબ? સામાજિક પરંપરાઓ, વિધિઓ અને રિવાજોને કેથલિક ધર્મસભા સાથે સુસંગતતા નથી.

— પિટરભાઈ મેકવાન "દ્વિતારક" (આણંદ)

— — — — —

**આહ્‌વાનને અંતેઃ** 'આહ્‌વાન' વાંચી ગયો. ગુણવત્તાસભર વ્યક્ત વિચારોથી હું ખરેખર પ્રભાવિત થયો છું. હું માનું છું કે, જાહેર ચર્ચા-વિચારણાના વાંચનથી વાચકવર્ગને લાભ થશે જ. મૃત્યુ પછીના રિવાજો અંગેની ખરાઈ અંગે લેખકોએ રજૂ કરેલા પ્રશ્નો શ્રદ્ધાળુઓને વિચાર કરતા કરી મૂકે એવા છે.

બે અગત્યની બાબતો અંગે આપણે હમેશાં ધ્યાન રાખવું જરૂરી છે. પહેલું, મૃત્યુ, પુનરુત્થાન અને શાશ્વત જીવન અંગેની આપણી કેથોલિક શ્રદ્ધા. આ અંગે (માથ્થી ૨૨:૨૩-૩૩) અને ૧ કરિંથ : ૧૫માં તેમજ દર્શનના ગ્રંથમાં સ્પષ્ટ વાત જાણવા મળે છે. મૃત્યુ પછીના જીવન અંગેની ઘણી માન્યતાઓ હાલમાં પ્રવર્તે છે. દા.ત. મૃત્યુ પછીના જીવનની વાત કરતાં કેટલાક સ્વર્ગ, નરક, શોધનાગ્નિ જેવા શબ્દો સાંભળીએ છીએ. હાલમાં કેટલાક તેનો વાચ્યાર્થ તો કેટલાક તેનો રૂપક તરીકે અર્થ કરતા હોય છે. સૌથી મહત્ત્વપૂર્ણ બાબત છે કે **'મૃત્યુ એ જીવનનો અંત નથી, પરંતુ મૃત્યુ પછી પણ જીવન છે એ શ્રદ્ધાપૂર્વક માનીએ.'** 'બાઈબલ'ના 'દર્શન' જેવા ગ્રંથને સામાન્ય વાચકને સમજવો કઠિન છે, એમ ધર્મસભા પણ જાણે છે.

બીજી બાબત મૃત્યુ પછીના રિવાજો-પરંપરાઓ છે. તેમાંની કેટલીક પરંપરાઓ ખૂબ જ મહત્ત્વની છે. કારણ કે ૧) જે લોકોએ પોતાના પ્રિયજનને ગુમાવ્યાં છે, તેમને સતત ખાતરી કરાવીએ આપણે હમેશાં તેમની સાથે છીએ. ૨) આપણી મધ્યેથી વિદાય થયેલ વ્યક્તિના જીવનમાંથી પ્રેરણા મેળવવા, તેમનું સ્મરણ કરીએ. ૩) સ્વર્ગસ્થ પ્રત્યે આપણે આદર વ્યક્ત કરીએ અને તેમના નામે કોઈ સતકૃત્ય કરીએ. ૪) સ્વર્ગસ્થ વ્યક્તિ સાથે આધ્યાત્મિક અનુસંધાન સાધીએ. ૫) પુનરુત્થાન અને શાશ્વત જીવન અંગેની આપણી શ્રદ્ધા બળવત્તર બનાવીએ. ૬) આપણા મૃત્યુ અંગે તૈયારી કરીએ.

તેમ છતાં દેશકાળ પ્રત્યે આ પરંપરાઓમાં વૈવિધ્ય રહેવાનું જ. આપણી પોતાની જ સંસ્કૃતિનો આદર અને કદર કરવાનું હજુ ઘણાએ શીખવું જોઈએ એમ હું માનું છું. ઉપર દર્શાવેલ છ મુદ્દાઓની પ્રાપ્તિના સંદર્ભમાં આપણી પરંપરાઓ આપણને કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તે અંગે આપણે વિચારવું જોઈએ. ચિંતન કરવું જઈએ અને મૂલ્યાંકન પણ કરવું જોઈએ. મારી જાણ પ્રમાણે આપણી કેટલીક સ્થાનિક પરંપરાઓમાંને પ્રોત્સાહન આપવું જોઈએ, કેટલાક સદંતર રદ કરવી જોઈએ અને કેટલાકમાં સુધારાવધારાની આવશ્યકતા છે.

— ફાધર અરસકુમાર

પ્રાધ્યાપક, ગુજરાત વિદ્યાદીપ સેવાસી, સભાયાજ્ઞિક, બોચાસણ


**બ્રેનુન બુક્સ**

★ બ્રાઈડલ-ગાઉન ★
વર્ક અને ફુલ એસેસરીઝ સાથે

હેડપીસ - વેલ - બુકે - ગ્લોઝ - પર્સ - જ્વેલરી

પાર્ટી વેર ઈવનીંગ - ગાઉન ★ ટ્યુનીકસ ★ બર્થ-ડે ફ્રોક
★ કોમ્યુનિયન ફ્રોક ★ ફ્લાવર-ગર્લ ફ્રોક

લગ્ન-રિસેપ્શન-ગરબાની ડિઝાઈનર ચણીયા-ચોલી

હવે અમારે ત્યાંથી બ્રાઈડલ - ગાઉન માટે ખાસ વ્હાઈટ / સીલ્વર સેન્ડલની વિશાળ રેન્જ મળશે


● બ્યુટી પાર્લરનાં બ્રાઈડલ પેકેજ ●

ભાઈઓ માટે સુટ ★ બ્લેઝર ★ ઈન્ડો-વેસ્ટર્ન ★ શેરવાની પણ તૈયાર કરી આપવામાં આવશે.

પીના ક્રિશ્ચિયન (ફેશન ડીઝાઈનર)
ડૉ. લોરેન્સ એવન્યુ, મેથોડિસ્ટ ચર્ચ પાસે,
મણિનગર (પૂર્વ), અમદાવાદ.

**Mobile No. : 99134 94340, 98257 01610**
(ફોન કરીને મળવા આવવા વિનંતી)

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સોમાભાઈ દેસાઈભાઈ પરમાર**

જન્મઃ ૦૧-૦૩-૧૯૪૪ ★ અવસાનઃ ૨૧-૧૧-૨૦૧૩

'પપ્પા' તમારો સદાય હસતો ચહેરો
અમારી આંખો સામે હંમેશાં તરવરે છે.
આંખો હજી નિહાળે છે તમને
હૈયું હજી પુકારે છે તમને
જ્યારે જ્યારે તમારું સ્મરણ થાય છે
ત્યારે ત્યારે મન મૂકીને રડાવે છે અમને
મન હજી માનતું નથી, તમે અમારી વચ્ચે નથી
ક્ષણે ક્ષણે યાદ તમારી સતાવે છે અમને.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે,
એ જ અમારી પ્રાર્થના.

**લિ. વાલીબહેન (પત્ની)**
**(પુત્ર) દેવેન્દ્રભાઈ - અરુણાબેન**
**આપના બાળકો (પુત્રીઓ)**
**ધર્મિષ્ઠા-પાઉલભાઈ ક્રિશ્ચિયન**
**રમીલા-વિઠ્ઠલભાઈ પરમાર**
**લલિતા-પિયુષભાઈ મેકવાન**
**પુષ્પા-સુદિપકુમાર કાપડિયા**
**તેમજ આપના પૌત્રો અને પૌત્રીઓ**
ખ્રિસ્તી ફળિયું, ગામ-જલાલપુરા, તા. પાદરા

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. પેટ્રીક દિનેશ ક્રિશ્ચિયન**

જન્મઃ ૦૭-૧૦-૧૯૮૩ ★ અવસાનઃ ૨૧-૧૧-૨૦૧૩

જીવનભર જિંદગીનો અર્થ ન સમજ્યા અમે,
મોતનો અર્થ આટલો દુઃખમય નિવડશે,
તેનાથી અજાણ અમે...
તારા પ્રેમમય, ખુદ્દાર અને દરિયાદિલ સાગરમાં
તરતા રહ્યા અમે... અને તું તો છોડીને ચાલ્યો ગયો અમને.
સંઘર્ષમય જીવન વિતાવતો, વિતાવતો,
ઈશ્વર તરફથી મળેલા 'ક્રોસ'ને ભેટતો રહ્યો
સ્નેહ નિતરતી તારી આંખો અને હૃદયસ્પર્શી તારા હાસ્યને
કેમેય ભૂલી શકતા નથી...
યાદોને તારી વાગોળતા વાગોળતા
મનમનાવી રહ્યા છે અમે કે તું ''મુન્ના''
હજુ પણ છેજ અમારી આસપાસ...
રાતોની નીંદર સાથે અનેક સપનાઓ
તૂટતા જ રહ્યા અમારા...
તેં તો તરછોડ્યા અમોને શી રીતે ભૂલીશું તને
જ્યાં લગી જીવીશું અમો...
પ્રભુ તારા આત્માને ચિર શાંતિ અર્પે એજ અમારા
''ભગ્ન હૃદય''ની શ્રદ્ધાંજલિ તને...
હવે અમે રોજ વિશ્વાસે જીવીએ છીએ કે
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું આપણે!

**બસ એજ**
**દિનેશ રાજદીપ (પપ્પા), લતા રાજદીપ (મમ્મી)**
**સર્વ સ્નેહીજન - કુટુંબીજન**
૧૧, જયશ્રી એપાર્ટમેન્ટ, કેથલિક ચર્ચની બાજુમાં,
મણિનગર (પૂર્વ), અમદાવાદ - ૮

# ૨૫મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. આગ્નેસ જોન ડાભી**

જન્મ: ૩૧-૦૮-૧૯૩૯

અવસાન: ૦૪-૧૧-૧૯૮૯

વ્હાલી આગી,

દુનિયાને અલવિદા કહી ઈશ્વર ધામે પહોંચ્યાને આજે પચ્ચીસ વર્ષ વહી ગયાં. તારી ગેરહાજરીનું દુ:ખ છે પણ અમને આનંદ છે કે પપ્પા સાથે સ્વર્ગમાં, ઈશ્વરના સાનિધ્યમાં તું સુખ-શાંતિમાં છે. તારી યાદ અમને હૂંફ અને હિંમત આપે છે. અમારે માટે ઈશ્વર પિતાને પ્રાર્થના કરતી રહેજે અને તારી આશિષો વરસાવજે.

**તારાં બાળકો**

'પ્લેટો સદન', નવજીવન કોલોની, આણંદ

# દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જોસેફ ગ્રેગોર ડાભી**

જન્મ: ૦૭-૦૫-૧૯૪૦

અવસાન: ૦૬-૧૧-૨૦૧૨

**"હું જ પુનરુત્થાન અને હું જ જીવન છું,**
**જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે."**

વ્હાલા બાપુ,

માટીમાં મળી ગયો દેહ, પરંતુ યાદો તમારી જીવે છે.
સતત જીવનભર સંઘર્ષભર્યું જીવન જીવી
શૂન્યમાંથી સર્જન કરી કુટુંબ માટે ફૂલો પાથર્યાં.
સદા તમારી યાદો અમારા હૈયે છે.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે.
એ જ પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના.
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું,
બસ એજ વિશ્વાસના શ્વાસ સાથે.

**લિ. રૂથબેન જે. ડાભી તથા સમગ્ર પરિવાર**

ક્રિશ્ચિયન સ્ટ્રીટ, વડતાલ

# શ્રદ્ધાંજલિ





**સ્વ. થેરેસ્યાબેન કોલુમ્બાન ડાભી**

જન્મ: ૩૧-૧૨-૧૯૧૧ ★ અવસાન: ૨૫-૧૦-૨૦13

**સ્વ. કોલુમ્બાન ડાભી**

અવસાન: ૨૪-૦૫-૧૯૮૭

પૂજ્ય મા-બાપુજી,

તમે બંને એક વૃક્ષ સમાન શીતળ છાંયડો આપીને જીવન જીવી ગયાં. તમારા નિત્ય કર્મો અમારા સૌના હૈયાને સ્પર્શી ગયાં તેમજ જીવન દરમ્યાન ધર્મ કે વ્યવહારને કદી ભૂલ્યાં નથી. જીવનની તડકી-છાંયડીમાં સ્મિત સાથે સર્વના જીવનમાં પ્રસરી ગયાં. આજે તમારી ગેરહાજરીમાં અમારાં દિલ માનતાં નથી.

પ્રભુ આપ બંનેના દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રાર્થના.

**લિ. સમસ્ત ડાભી પરિવારનાં સંતાનો (વડતાલ)**

## હાર્દિક હૃદયાંજલિ



**સ્વ. અમીત અંતોન પરમાર** (ચક્ષુદાતા)

જન્મ: ૧૮-૧૨-૧૯૬૨

અવસાન: ૦૪-૧૦-૨૦૧૪

"ક્રમશ:"

... સાહિત્યની ભાષામાં કહું તો એક જ શબ્દ જીવનની ગતિવિધિ સમજવા માટે પર્યાપ્ત છે. "ક્રમશ:"! કંઈ જ ટકવાનું નથી, કંઈક જ ટકતું નથી ...બધું જ સમયની ગર્તામાં ગર્ક થઈ જવાનું છે... જીવન સમયના ક્રમશઃ ની એક કડી માત્ર છે." (બક્ષીનામા પૃ.૧૨૨)

ઋણાનુબંધ પૂરો થયો જ્યોતિ બુઝાઈ ગઈ અને તમે પરમધામનો પંથ પકડી લીધો. પ્રભુ તારા આત્માને પરમ શાંતિ બક્ષે એજ અભ્યર્થના.

**તારાં ઈંદીરા, આકાંક્ષા અને અક્ષેસ**
**તેમજ અંતોન આપીઆન પરમાર અને પરિવારજનો**
"સ્તુતિ", કેથલિક કોલોની, દેવિના પાર્ક પાસે, ગણદેવી રોડ, નવસારી - ૩૯૬ ૪૪૫
મો. ૮૮૬૬૧ ૮૬૨૩૦

**આભાર:** અમારા જમાઈ અમીતકુમારના દુ:ખદ અવસાન પ્રસંગે અમારા સમગ્ર પરિવારના સભ્યો, સોસાયટીના રહીશો તથા અન્ય આપ્તજનોએ આ પ્રસંગે અમીતની દફનક્રિયામાં નવસારી સુધી આવી તેમજ આણંદ ખાતે યોજાએલ પ્રાર્થનાસભામાં વિશાળ સંખ્યામાં હાજર રહી અમોને આશ્વાસન અને શાંત્વન આપેલ છે તે સૌનો અંતઃકરણપૂર્વક આભાર.

૪૩, ઈશ્વરકૃપા સોસાયટી,
મણીનગર (પૂર્વ), અમદાવાદ - ૮

મગનભાઈ ડી. પરમાર
પરિવાર

## પાંચમી પુણ્યતિથિ



**સ્વ. ફિલીપભાઈ એ. મેકવાન**

જન્મ: ૮-૩-૧૯૩૭ ★ અવસાન: ૨૧-૧૦-૨૦૦૯

"હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું."

**લિ. સુશીલાબેન - દેવિદાસભાઈ**
**હેતલ - કેવેન - મયુર**

## આઠમી પુણ્યતિથિ



**સ્વ. કાન્તીભાઈ લલ્લુભાઈ મેકવાન**

જન્મ: ૨૮-૨-૧૯૪૫ ★ અવસાન: ૧૫-૧૧-૨૦૦૬

"પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું."

**લિ. રેગીનાબેન તથા પરિવાર**
ક્રિશ્ચિયન સ્ટ્રીટ, ઉત્તરસંડા

## નવમી પુણ્યતિથિ



**સ્વ. કનુભાઈ ભવાનભાઈ**

જન્મ: ૨૧-૮-૧૯૪૯ ★ અવસાન: ૫-૧૧-૨૦૦૬

પરમપવિત્ર પરમાત્મા તમારા આત્માને શાશ્વત શાંતિ આપે. પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. તમારી પત્ની કોકીલાબેન**
**સમગ્ર દુઃખી પરિવાર**

## બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. રજનીકાન્ત પાઉલભાઈ પરમાર**

જન્મ: ૧૨-૦૧-૧૯૬૯

અવસાન: ૧૫-૧૧-૨૦૧૨

પ્રભુ પાસેનો જવાનો સમય એક સત્ય છે. આટલી વહેલી વિદાય અમો અપાર દુઃખમાં સરી પડ્યા. આખું જીવન હસતો રહ્યો, અન્યોને હસાવતો રહ્યો પરંતુ શરીરે તું દુઃખી ને દુઃખી. જ્યાં ગયો ત્યાં તારા પ્રેમની સુવાસ ફેલાવતો રહ્યો. જેમ તે લોકોની સેવા માટે તારા દિલના દ્વાર હંમેશાં ખુલ્લાં રહેતા એવી રીતે તારા માટે પણ લોકોએ બનતી બધી જ સેવા આપી, સહકાર આપ્યો. કદાચ તારા જેવું જીવન અમો જીવીએ એજ પ્રભુને પ્રાર્થના.

સમય જિંદગીનો ઓછો હશે, એ ક્યાં ખબર હતી.
વિદાય તમારી અણધારી હશે, એ ક્યાં ખબર હતી.

પ્રભુ આપના આત્માને ચિર શાંતિ આપે.

લાંભવેલ **લિ. પુષ્પાબેન પાઉલભાઈ પરમાર તથા પરિવાર**

## શ્રદ્ધાંજલિ



**સ્વ. જયેશકુમાર જોસેફભાઈ મેકવાન**

જન્મ: ૧૫-૧૨-૧૯૮૫

અવસાન: ૧૧-૦૯-૨૦૧૪

સમય પહેલા જાણે સૂર્યાસ્ત થઈ ગયો.
ખીલી હતી વસંત ત્યાં પાનખર આવી ગઈ.
વિચારી ન શકાય તેવી અણધારી વિદાય
અમારા હૃદયને ધ્રુજાવી ગઈ.
થઈ ગયા ઘરના સૂના આંગણા
સ્વપ્નો થઈ ગયા ચકનાચૂર
તારા વિના થઈ ગયું સૂનું ઘર
ને કંઈક પ્રકરણ અધૂરા રહી ગયા.
તું 'બાપુ' નો જ હતો. તેઓએ તને પાળ્યો
પોષ્યો, મોટો કર્યો, ભણાવ્યો, ગણાવ્યો, લગ્ન કર્યું.
અંતે તું એમની પાસે જ ચાલ્યો ગયો.
"પુનરુત્થાનની પ્રભાતે તમને બંન્નેને મળીશું."

**જાગૃતિબેન જયેશભાઈ મેકવાન**
**તથા રેગીનાબેન આઈ. મેકવાન**
**તથા સહપરિવાર**
ખ્રિસ્તી મહોલ્લો,
બોચાસણ, તા. બરોસદ
જિ. આણંદ

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. રાવજીભાઈ જે. પરમાર**

જન્મ: ૨૭-૦૭-૧૯૪૭


અવસાન: ૧૨-૧૧-૨૦૧૩

વંદનીય બાપુ,

જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે
કર્મ સદા એવાં કર્યા સૌના હૃદયમાં ગુંજ્યા કરે
દુઃખથી કદી ડર્યા નહીં સુખમાં કદી છલકાયા નહીં
વ્યવહાર કદી ચૂક્યા નહિ, ધરમ કદી ભૂલ્યા નહીં
સુખ દુઃખ વણી જીવનમાં સદા હસતા રહ્યા તમે
અણધારી વિદાય આપની હચમચાવી ગઈ એમને
પ્રભુબાપની ઈચ્છા પૂર્ણ થઈ માની મન મનાવી લીધું અમે
ઈશ્વરપિતા આપના અમર આત્માને ચિર શાંતિ અર્પે
એજ અમારાં અંતઃકરણની પ્રાર્થના.

**આપની યાદમાં દુઃખી મરીયામબેન તથા દુઃખી પરિવાર**
રાવળાપુરા

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ ૩૦-૦૮-૧૯૩૬ અવસાન ૧૨-૧૧-૨૦૧૩

**સ્વ. રાયમુન્દ ફિલીપભાઈ મેકવાન**

જીવન છે અનમોલ જીવી તમે જાણ્યું,
વેઠ્યાં દુઃખડા બેવડા સહન તમે કરી જાણ્યાં,
પણ કર્યા અમને મોટા ઠેકાણે તમે કરી જાણ્યાં,
પડ્યા તમ વિના અમો એકલા

**આપના દુઃખી બહેન તેમજ દીકરીઓ**
**મેકવાન પરિવાર**
જીજસ નગર, લોટીયાભાગોળ, આણંદ

## ધર્મવસુધા

### વડાધર્મગુરુશ્રી... આલબેનિયામાં...

તારીખ ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ વડાધર્મગુરુશ્રીએ આલબેનિયાની પ્રૈષિતિક મુલાકાત લીધી હતી. યુરોપિયન દેશોમાં પોતાનો સંદેશ પ્રસારિત કરવા વડાધર્મગુરુશ્રીએ આલબેનિયા દેશની પ્રસંદગી કરી છે. જ્યાં નાસ્તિકતાવાદી, સામ્યવાદી સરકારનાં શાસનમાં કેથલિક અનુયાયીઓ દમન તો શિકાર બન્યા હતા. કેથલિક ધર્મના આ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પવા તથા યુરોપિયન દેશોને ખ્રિસ્તીધર્મના મૂળિયાં કેટલાં ઊંડા છે તેની જાણ કરી શકાય, તેમજ ઉપભોક્તાવાદ, ભૌતિકવાદના ઉન્માદમાં ડૂબેલા યુરોપિયન સમાજ સમાન બનાવી શકાય. યુરોપિયન સભાન, આર્થિક કટોકટી, બેરોજગારી, ભાવિની ચિંતા અને ડર જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. તેના મૂળમાં માનવીય મૂલ્યોનો હ્રાસ જવાબદાર છે.

આલબેનિયાના મહાધર્માધ્યક્ષશ્રી રામીરો મોલીનેર, પ્રધાનમંત્રી એડીરામા વિદેશ એવમ્ સંસ્કૃતિ મંત્રી સહિત અનેક મહાનુભવોએ ધર્મગુરુશ્રીનું સ્વાગત કર્યું હતું. સામાન્યત્ત્વે વડાધર્મગુરુશ્રીના પ્રવાસવેળા રાજમાર્ગ ઉપર જે તે દેશના અને વેટિકન દેશના રાષ્ટ્રીય ધ્વજ ફરકાવીને સ્વાગત કરવાનો રિવાજ છે. પરંતુ રાજમાર્ગ ઉપર આવા ધ્વજને બદલે ૪૦ શહીદોની તસ્વીર મૂકવામાં આવી હતી. સને ૧૯૪૪માં નેશનલ લિબરેશન પાર્ટીના નેતા અલવર હાકેસાના શાસનમાં ઈસુમાં વિશ્વાસ ધરાવતા આ અનુયાયીઓને ભયજનક પીડા અને યાતના આપીને તેમને મારી નાંખવામાં આવ્યા હતા.

લાંબા સમયના સામ્યવાદી શાસન બાદ ૧૯૯૨માં ધર્મ પાલન અંગેના બધાં પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યા હતા. જેના દસ વર્ષ બાદ ૨૦૦૨માં આ ૪૦ શહીદોને સંતની પદવી આપવાની કાર્યવાહી શરૂ થઈ હતી. તેમજ સને ૧૯૯૧માં પુન. વેટિકન સાથે આલબેનિયાના રાજનૈતિક સંબંધો શરૂ થયા હતા. અલબેનિયાની કુલ વસ્તી સવા બત્રીસ લાખની છે, જેમાં ૫૬% ઈસ્લામ, ૧૬% કેથલિક, ૦૭% ઓથોર્ડક્સ ખ્રિસ્તી ૦૨% અન્ય મુસલમાને ૫.૭% અન્ય ધર્મના તથા ૧૬% નાસ્તિક લોકોની વસ્તી છે.

(વેટિકન રેડિયો તારીખ. ૨૧ : ૨૦૧૪)

### ત્રીજી વિશ્વ અખિલ ધર્માધ્યક્ષ પરિષદ

૦૫-૧૦-૨૦૧૪ના રોજ વડાધર્મગુરુશ્રીએ ત્રીજી વિશ્વ ધર્માધ્યશ્રીઓની ધર્મસભાનું ઉદ્‌ઘાટન કર્યું. આ ધર્મસભાનો હેતુ શુભસંદેશના ફેલાવામાં પરિવાર સામેના પડકારો છે. ભવ્ય ખ્રિસ્તયજ્ઞ સાથે પરિષદનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

કાર્ડિનલ લોરન્સોએ જણાવ્યું હતું કે વડાધર્મગુરુ ફ્રાન્સિસે મુખ્ય રૂપથી ત્રણ ક્રિયાઓ કરવા જણાવ્યું હતું. આગળ વધવું, સર્જન કરવું અને સ્વીકાર કરવો.

પરિષદનો હેતુ ધર્માધ્યશ્રીઓને પ્રૈષિતિક મદદ કરવાનો છે. વિશ્વમાં ધર્મસભા વધારે ઉદાર અને કાર્યશીલ રહે. સિનડનો અર્થ જણાવતા તેમણે કહ્યું કે સિનડ એ ગ્રીક ભાષાનો શબ્દ છે, જેનો અર્થ થાય છે એક સાથે ચાલવું અર્થાત ભેગા મળીને ચાલવું. વિશ્વ ધર્માધ્યક્ષશ્રી ધર્મસભા એક અસાધારણ ધર્મસભા છે, જે ધર્મસભાના હેતુઓ અને ભલા માટે ખાસ મુદ્દાઓ પરત્ત્વે વિચાર-વિમર્શ માટે મળે છે. તેમણે જણાવ્યું હતું કે, સિનડના અંતિમ દિવસે વડાધર્મગુરુ સંત પોલને “ધન્ય” તરીકે જાહેર કરવામાં આવશે, કારણ, તેમણે ૨૦મી સદીમાં બીજી વેટિકન ધર્મસભાની આગેવાની લીધી હતી તેમજ ધર્માધ્યક્ષોની મહાસભાનું સંગઠન તેમણે રચ્યું હતું, જેની સુવર્ણ જયંતી ૨૦૧૫માં ઉજવવામાં આવશે. સિનડનો મુખ્ય હેતુ સમાજ, પરિવાર તથા વ્યક્તિગત જીવન ઉપર કેન્દ્રિત છે. — વેટિકન રેડિયો

### પ્રથમ સંત માટે આતુરતા

ગોવા દેવાલય દ્વારા આંતરરાષ્ટ્રીય મીડીયાને જણાવવામાં આવેલ છે કે આર્શીવાદિત જોસેફ વેઝ એ મૂળ ગોવાના અને શ્રીલંકાના કેથલિક પુરોહિત છે.

કોલંબા ખાતેથી પ્રસારિત એક સમાચાર-અહેવાલમાં એવું દર્શાવવામાં આવેલ છે કે, વડાધર્મગુરુશ્રીની આગામી મુલાકાત દરમ્યાન જોસેફ વેઝને સંત તરીકે જાહેર કરવામાં આવે. શ્રીલંકા તેમજ ગોવાના કેથલિક એવી આશા રાખી રહ્યા છે કે આર્શીવાદિત જોસેફ વેઝની સર્વોપરિતા સ્વીકારવામાં આવે. આ અમે ઘણા લાંબા સમયથી આશા રાખી રહ્યાં છીએ એમ ગોવાના આર્ચબિશપે IANSને જણાવ્યું હતું. આર્ચબિશપે જણાવ્યું હતું કે ચમત્કારની અંતિમ મજૂરી જરૂરી છે, જે આશીર્વાદિત જોસેફ વેઝ માટે સંતત્વનો દરવાજો ખોલશે. આર્ચબિશપે જણાવ્યું હતું કે અમારી પાસે એવી કોઈ ખાત્રી નથી કે વડાધર્મગુરુશ્રીની શ્રીલંકાની મુલાકાત દરમ્યાન આશીર્વાદિત જોસેફ વેઝને સંત જાહેર કરવામાં આવે અને અમે એવું અનુમાન પણ કરી શકતા નથી. કારણ, તે અમારા હાથમાં નથી.

### શ્રીલંકાના પ્રથમ સંત

આગામી જાન્યુઆરી, ૨૦૧૫માં વડાધર્મગુરુશ્રી શ્રીલંકાની સત્તાવાર મુલાકાતે આવનાર છે ત્યારે ૧૬મી સદીના સંનિષ્ઠ ધર્મગુરુને સંત તરીકે જાહેર કરે તેવી આશા રાખવામાં આવી રહી છે. આમ, જોસેફ વેઝ એ અત્યંત નજીકના સમયમાં શ્રીલંકા દેશના પ્રથમ સંત બને એવી શક્યતાઓ ઉજળી બની છે.

કોઈપણ આશીર્વાદિતને સંત તરીકે જાહેર કરવા માટે સત્તાવાર રીતે બે ચમત્કારો થયેલા હોવા જરૂરી અને અનિવાર્ય છે. જેક્સનવીલા સ્ટેટ યુનિવર્સિટીના ડોન્લાડ પોરડલો એસોસિએટ પ્રોફેસરે C.N.Aને જણાવ્યું હતું કે વડાધર્મગુરુની સત્તા હેઠળ બીજા ચમત્કારની જાહેરાત સંભવી શકે છે. તેમણે ભાર મુકતાં કહ્યું હતું કે છતાંપણ ઓછામાં ઓછા એક ચમત્કારની હાજરી જરૂરી છે. તેના વગર સંત તરીકે જાહેરાત કરવી ખૂબજ અઘરું છે.

આ વર્ષની શરૂઆતમાં વડાધર્મગુરુ ફ્રાન્સિસે બીજા ચમત્કારની હાજરી વગર (કુલ એકજ ચમત્કારે) જોનને XXIII સંત જાહેર કરેલ છે. વધુમાં પ્રોફેસર જણાવ્યું કે વડાધર્મગુરુશ્રી સ્પષ્ટપણે ઈચ્છે છે કે એક પવિત્રતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવે કે, જે શ્રીલંકાના લોકો સાથે સંકળાયેલ હોય.

## નોબેલ પુરસ્કાર

ભારતીય સામાજિક કાર્યકતાશ્રી કૈલાશ સત્યાર્થી તથા પાકિસ્તાનની નાગરિક મલાલા યુસફ્ને સને ૨૦૧૪નો નોબેલ પુરસ્કાર સંયુક્ત રીતે આપવામાં આવનાર છે. શ્રી કૈલાશ સત્યાર્થી 'બચપણ બચાવો' નામનું એક બિન સરકારી સંગઠન ચલાવે છે. આ સંગઠન બાળમજૂરી સામે લડત આપવાનું કાર્ય કરે છે. આ સન્માન મળ્યા બાદ સત્યાર્થીએ તેમના પ્રતિભાવમાં જણાવ્યું કે, નોબેલ પુરસ્કાર એ બધાંજ ભારતીયો માટે ગૌરવની વાત છે. આ એ બાળકો માટે ગૌરવની વાત છે જે ઔદ્યોગિક અને નાણાંકીય પ્રગતિ હોવા છતાંય બાળ મજૂરી કરે છે. શ્રી સત્યાર્થીને બાળમજૂરી વિરુદ્ધ જાગૃતિ માટે આ નોબેલ પુરસ્કાર આપવામાં આવેલ છે.

તા. ૧૧ જાન્યુઆરી, ૧૯૫૪માં મધ્યપ્રદેશના નિદીશામાં તેઓશ્રીનો જન્મ થયેલ છે. તેઓશ્રી વ્યવસાયે ઈલેક્ટ્રિકલ એન્જિનિયર છે. પણ ૨૬ વર્ષની ઉંમરે જ તેમણે કારકિર્દી છોડીને બાળકો માટે કામ કરવાનું શરૂ કર્યું હતું. તેમણે બાળમજૂરી વિરુદ્ધ ચળવળ ચલાવીને હજારો બાળકોની જિંદગી બચાવી છે. બાળ મજૂરી વિરુદ્ધ વિશ્વ અભિયાન સંસ્થાના તેઓ અધ્યક્ષ છે. વેબસાઈટ મુજબ, બાળ મજૂરોને છોડવતી વેળા ઘણી વખતે તેમની ઉપર જીવલેણ હુમલાઓ થયેલ છે, અને ૨૦૦૪માં ગ્રેટ રોમન સર્કસમાં બાળ કલાકારોને છોડાવતી વેળા તેમની ઉપર હુમલો થયેલ. તા. ૧૭ માર્ચ ૨૦૧૧માં દિલ્હીમાં કાપડની એક ફેક્ટરીમાં બાળ મજૂરોને છોડાવતી વેળા તેમની ઉપર હુમલો થયેલ.

વધુમાં નોબેલ પુરસ્કાર ઉપરાંત સને ૧૯૯૪માં જર્મનની દ્વારા "ઈન્ટરનેશન પીસ એવોર્ડ" ૧૯૦૫માં અમેરિકા દ્વારા રોબર્ટ એફ કેનેડી હ્યુમન રાઈટ્સ એવોર્ડ, સને ૨૦૦૭માં મેડલ ઓફ ઈટાલીયન સીનેટ તથા ૨૦૦૯માં અમેરિકામાં ડિફેન્સ ઓફ ડેમોડેસી સહિત અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળેલ છે. નોબેલ પુરસ્કાર સમિતિએ તેમના નિવેદનમાં જણાવ્યું છે કે આ પુરસ્કાર, બાળ મજૂર વિરુદ્ધ જાગૃતિ અભિયાન ચલાવવા માટે આપવામાં આવે છે. કોઈપણ બાળકનું આર્થિક શોષણ થવું જોઈએ નહીં તેમજ દરેક બાળકને શાળાએ જવાનો હક્ક છે. — ઈન્ટરનેટ

## સિનડમાં ભારતીય પ્રતિનિધિત્વ

વેટિકન મુકામે તા. ૫ થી ૧૯ ઓક્ટોબરમાં યોજાયેલ સિનડ - પરિષદમાં કુલ ૨૫૩ પ્રતિનિધિઓ ભાગ લેનાર છે, જેમાં ભારત ખાતેથી ૬ પ્રતિનિધિઓએ ભાગ લીધેલ છે. સદર પરિષદનો હેતુ શુભસંદેશના પ્રચારમાં પરિવાર સામેના પડકારો છે. કાર્ડિનલ જ્યોર્જ - આર્ચબિશપ સીલોમલબાર ચર્ચ કાર્ડિનલ બેસલીસ - આર્ચબિશપ ત્રિવેન્દ્રમ, કાર્ડિનલ ઓસ્વાલ્ડ આર્ચબિશપ - મુંબઈ, અનિલ જોસેફ, આર્ચબિશપ દિલ્હી, ફાધર અરૂલ રાજ. અધ્યક્ષ - રાષ્ટ્રીય પરિવાર પરિષદ અને ફાધર સજેતન ડીરેક્ટર - એસ્ટોલેટ (મુંબઈ) ભાગ લીધેલ છે. "સદર હું પરિષદનો હેતુ આ જગતના કુટુમ્બની સુંદરતા અને મૂલ્યો દર્શાવવાનો છે, જે પ્રભુ ઈસુના શુભસંદેશ દ્વારા ઉદ્‌ભવે છે. પ્રભુ ઈસુ દુન્યવી બીક અને ડરને દૂર કરીને આપણામાં આશા સિંચે છે." એમ ધર્મસભાના જનરલ સેક્રેટરી કાર્ડિનલ બ્લેડસરીએ જણાવ્યું છે.

(The Examiner)

## તૃત્તીય પુણ્યતિથિએ પુષ્પાંજલિ



**સ્વ. સુમિત (B2) અનિલ મેકવાન**

જન્મ: ૦૬-૦૯-૧૯૯૪

અવસાન: ૧૫-૧૧-૨૦૧૧

હૃદયનો ઘા ક્યારેય રૂઝાશે નહિ,<br>
આંખના અશ્રુ ક્યારેય સુકાશે નહિ,<br>
સદાય માયાળુ આપતો ચહેરો ભુલાશે નહિ,<br>
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને<br>
શાંતિ અર્પે એજ અમારી હૃદયપૂર્વક પ્રાર્થના.

**લિ. મમ્મી, પપ્પા**<br>
**સોનિયા અનિલ મેકવાન**<br>
**તથા**<br>
**દુ:ખી કુટુંબીજનો**

૧૩, સફલકુંજ સોસાયટી<br>
હાર્ટ હોસ્પિટલ પાછળ<br>
પવનચક્કી રોડ, નડીઆદ<br>
જિ. ખેડા ૩૮૭૦૦૨<br>
મો. ૯૪૨૬૭ ૩૮૩૧૭<br>
email: anil.macwan@LICindia.com

### કિશોરમિત્ર ક્વિઝના સાચા જવાબ :

૧. ચાર સો ને ત્રીસ (મહાપ્રસ્થાન ૧૨:૪૦)<br>
૨. મોશે (મહા. ૧૧:૮)<br>
૩. હાથ (મહા. ૧૪:૨૧)<br>
૪. અહરોન (મહા. ૧૬:૯)<br>
૫. માન્ના (મહા. ૧૬:૩૧)<br>
૬. અદોમ (મહા. ૧૫:૧૫)<br>
૭. ઈથ્રો (મહા. ૧૮:૭)<br>
૮. રફીદીમ (મહા. ૧૭:૮)<br>
૯. વિશ્રામવાર (મહા. ૨૦:૯)<br>
૧૦. સિનાઈ (મહા. ૧૯:૧૮)

# ધર્મગુર્જરી

## સેંટ વિન્સેન્ટ દે પોલની ઉજવણી

**નડીઆદઃ** અત્રેના ક્રાઈસ્ટ ધ કિંગ ચર્ચ, મિશન રોડ, નડીઆદ ખાતે તા. ૨૮મી સપ્ટેમ્બરના રોજ 'સેંટ વિન્સેન્ટ-દે-પોલ'ના તહેવારની સુંદર ઉજવણી કરવામાં આવી.

પરમયજ્ઞ દરમ્યાન ફ્રા. સિરિલ ડાયસ દ્વારા સેંટ વિન્સેન્ટની જીવન ઝરમર રજૂ કરવામાં આવી. ઈસુનાં જીવન મૂલ્યોમાં પણ અદનામાં અદના માનવી માટે સવિશેષ ભાર મૂકવામાં આવેલ છે. સામાન્ય, કચડાયેલ, નિરાધાર લોકોની સેવા એ જ સાચી માનવસેવા, સાચી શ્રદ્ધા અને સાચો જીવનપંથ છે. ખુદ પ્રભુ ઈસુએ પણ પોતાના જાહેર જીવનમાં આજ સેવામાર્ગનું આચરણ કરી બતાવ્યું. તેમણે લૂલાંને ચાલતાં કર્યાં, આંધળાને દેખતા કર્યા, રોગીના રોગ મટાડ્યા, મરેલાંને જીવિત કર્યાં, શેતાની શક્તિથી પીડાતા લોકોને શાંતિ બક્ષી. સેંટ વિન્સેન્ટને પણ પ્રભુના આ સેવાકાર્યોમાં જ સાચું જીવન દેખાયું. તેમણે પોતાના જીવનનાં ૮૦ વર્ષો ગરીબોની સેવામાં વિતાવ્યાં.

મંડળની ઉજવણી દ્વારા સાર્થક થયું કે, હજુ પણ સેંટ વિન્સેન્ટ-દે-પોલ ગરીબોની મધ્યે જીવંત છે. ઈશ્વર મંડળના સર્વ સભ્યોને વધુ કાર્ય કરવાની ધગશ પૂરી પાડે તેવી અભ્યર્થના. — સંજય વાઘેલા દ્વારા

## સંત ફોસ્તીના પર્વની ઉજવણી

**સલુણઃ** અત્રેના 'દિવ્યદયા તીર્થધામ - સલુણ)' ખાતે તા. ૩જી ઓક્ટોબરના રોજ સંત ફોસ્તીનાના પાવનપર્વની ભારે હર્ષોલ્લાસ સહ ઉજવણી કરવામાં આવી.

ઉજવણીના આરંભે 'ભક્તિ આરાધના'નું આયોજન કરવામાં આવ્યું. આરાધના દરમ્યાન 'દિવ્યદયા'ની ભક્તિ કરાવવામાં આવી. સંત ફોસ્તીનાના માનાર્થે ચર્ચ પટાંગણમાં એક સરઘસનું આયોજન કરવામાં આવ્યું. અત્રે ઉલ્લેખનીય છે કે, સલુણ દિવ્યદયા તીર્થધામ ખાતે સંત ફોસ્તીનાનાં પાવન અવશેષો મોજૂદ છે.

પરમયજ્ઞમાં બિશપ શ્રી થોમસ મેકવાનની આગેવાનીમાં ૧૦ ધર્મગુરુઓ જોડાયા. આ પ્રસંગે બિશપશ્રીએ સૌ શ્રદ્ધાળુઓને 'ઈશ્વરની દિવ્યદયા'નો અનુભવ થાય તે હેતુસર પરમયજ્ઞ અર્પણ કર્યો. બિશપશ્રીએ પોતાના ધર્મોપદેશમાં જણાવ્યું કે, ઈશ્વરે કેવા પાપી લોકો પ્રત્યે પોતાની દયા બતાવી છે. પાપીઓમાં સૌ પ્રથમ હું છું. ઈશ્વરની આગળ નમ્રભાવે આપણાં પાપોનો પ્રાયશ્ચિત સંસ્કારમાં એકરાર કરી, ઈશ્વરની દયાનો અનુભવ કરી ધન્યતા અનુભવીએ. પ્રભુ ઈસુએ જણાવ્યું કે, 'હું તો પુણ્યશાળીઓને નહીં, પરંતુ પાપીઓને માટે જ આવ્યો છું.'

દિવ્યદયા તીર્થધામે એટલી બધી માનવમેદની ઉપસ્થિત હતી કે, હાલનો રોડ નાનો પડી રહેલો જણાતો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, બિશપશ્રી તરફથી નવો રોડ બનાવવાની મંજૂરી મળી ગયેલ હોવાથી હાલ તેનું કાર્ય પ્રગતિના પંથે છે, જે ટૂંક સમયમાં જ પરિપૂર્ણતાને આરે પહોંચશે. સભાપુરોહિત ફ્રા ફ્રાન્સિસ દ્વારા આ પ્રસંગે ઉપસ્થિત સર્વ ફાધરો, સિસ્ટરો અને ધર્મજનોનો પાલૈયા ધર્મવિભાગ તરફથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

— સંજય વાઘેલા દ્વારા

## સીનીયર સીટીઝન ડેની ઉજવણી

**જીસસનગરઃ** તા. ૫મી ઓક્ટોબરના રોજ ઈસુના પૂજ્ય હૃદયનું દેવાલય, જીસસનગર પેરિસમાં સીનીયર સીટીઝન ડેની ઉજવણી કરવામાં આવી હતી. પેરિસના સર્વ વડીલો માટે ભવ્ય ખ્રિસ્તયજ્ઞ ફ્રા. જગદીશ મેકવાન દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો. આ ખ્રિસ્તયજ્ઞની ઉપાસનાવિધિનું આયોજન સીનિયર સીટીઝન દ્વારા કરવામાં આવ્યું હતું. આ ખ્રિસ્તયજ્ઞમાં યુથ ડાયરેક્ટર ફ્રા. સંદિપ, સેંટ ઝેવિયર્સ ચાવડાપુરાના પ્રિન્સીપાલ ફ્રા. અરૂલાનંદમ્ પણ હાજર રહ્યા હતા.

ખ્રિસ્તયજ્ઞમાં તાબાના યુવાન-યુવતિઓ દ્વારા દરેક વડીલ ભાઈ-બહેને ગુલાબનું ફૂલ આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમયે જાણે જુના અને નવા યુગનું મિલન ન થયુ હોય? ત્યારબાદ વડીલોની તંદુરસ્તી માટે અને તેમના હવે પછીના જીવન માટે તાબાના સભાપુરોહિત ફ્રા. ડેવીડ ડાભી દ્વારા વિશેષ પ્રાર્થના કરવામાં આવી હતી.

ખ્રિસ્તયજ્ઞ પૂરો થયા બાદ સેંટ જોસેફ સ્કૂલના હોલમાં વડીલો માટે ફ્રા. જગદીશ મેકવાન દ્વારા એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વડીલોને પ્રોજેક્ટર દ્વારા એક નાટક "સુખને સેવે કરો અને દુઃખને ડીલીટ કરો" બતાવવામાં આવ્યું હતું.

આ સમગ્ર ઉજવણીનું આયોજન સભાપુરોહિત ફ્રા. ડેવીડ ડાભીના માર્ગદર્શન હેઠળ પેરિસ કાઉન્સિલ દ્વારા કરવામાં આવ્યું હતું. — મહેશ પરમાર દ્વારા

## વિન્સેન્ટ ડેની ઉજવણી

તા. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના શુભદિને અંકલેશ્વર આદિવાસી ધર્મવિભાગની "નિત્ય સહાયક માતા" કોન્ફરન્સ એ સેન્ટ વિન્સેન્ટ ડી પોલના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી.

ભરૂચ જીલ્લાની પ્રસિદ્ધ રેડક્રોસ બ્લડ બેંકના ચેરમેનશ્રી ડો. જે. જે. ખીલવાની સાહેબ અને કેથોલિક ચર્ચ અંકલેશ્વરના પરિવારના સહયોગથી અંકલેશ્વર ધર્મવિભાગના પેરીશ ખાતે 'રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સે પ્રથમ પ્રયત્ને એક અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી બ્લડ દાતાઓ તરફથી એકસો પચ્ચીસ બોટલ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ભરૂચવાલા ભાજપાના મહામંત્રી અને અંકલેશ્વર નગર સેવા સદનના ચેરમેનશ્રી જનકભાઈ તેમજ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસોશીયેશનના ચેરમેનશ્રી ચંન્દ્રેશ દેવાણી તેમજ અંકલેશ્વર પેરીશના સ્થાપક પરમપૂજ્ય રેવ. ફ્રા. લુઈસ મોરેટા, ફ્રા. જોકીન કાસ્તેલીયા, ફ્રા. વર્ગીસ, સિ. રેખા એફ.સી, વિન્સેન્ટ ડી પોલ સોસાયટી એરીયા કાઉન્સીલ ઓફ આણંદના પ્રમુખશ્રી બ્રધર જોન મેકવાન, સેન્ટ ઝેવિયર્સ કોન્ફરન્સ ઓફ (ગામડી) આણંદના પ્રમુખશ્રી બ્રધર રાફાયેલ, બ્રધર માયકલ સાયમનસન, માત્રુસંગમ સંસ્થાના પ્રમુખશ્રી ટેસી જોસફ અને અન્ય મહાનુભાવોએ અતિથી વિશેષ તરીકે હાજર રહ્યા હતા.

"નિત્ય સહાયક માતા" કોન્ફરન્સ તરફથી સર્વ મહાનુભવોનું ભાવભર્યું સ્વાગત

કરવામાં આવ્યું હતું. આ મહાનુભવોએ દિપ પ્રગટાવી રક્તદાનની શુભારંભ કરાવ્યો હતો.

આ સર્વ કાર્યનો દોરી સંચાર "નિત્ય સહાયક માતા" કોન્ફરન્સના ઉપપ્રમુખશ્રી બ્રધર રાજેશ મકવાણા અને પ્રમુખશ્રી બ્રધર જોન્સન કે જ્યોર્જે સંભાળ્યો હતો. છેલ્લે દરેક બ્લડદાતા અને મહાનુભવો તેમજ સહાયક સદસ્યોનો આભાર માનવામાં આવ્યો હતો.

— બ્ર. રાજેશ એમ. માકવાણા દ્વારા

## શિક્ષક સન્માન સમારંભ

તા. ૨૦ સપ્ટેમ્બર સિનિયર સિટીઝન ફોરમ ગામડી આણંદના નેજા હેઠળ ચર્ચના સહયોગથી પેરિશના પ્રાથમિકથી માંડી યુનિ. કક્ષા સુધી સેવા આપતા ૩૮૦ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે પૂજનીય બિશપ થોમસ મેકવાન, અધ્યક્ષસ્થાને સભાપુરોહિત ફ્રા. આલ્બર્ટ અતિથિ વિશેષ પદે પૂજ્ય બ્રધર એબ્રિલ, ફ્રા. જેરી સિક્વેરા પેરિશની બે દીકરીઓ ડો. અલકા મેકવાન, ડો. ઈલા મેકવાન તથા શ્રી બિપિન પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા, મુખ્ય વક્તા તરીકે ફ્રા. હેનરી ડીસોઝા (ભીલોડા) તથા ફ્રા. રીચર્ડ લોપીસ હતા.

પ્રારંભે ઈશ્વર સ્તુતિ શાસ્ત્રપઠન તથા દીપપ્રાગટ્ય વિધિ બાદ મહાનુભાવોનો પરિચય કેળવી તેમનું પુષ્પમાળાથી સન્માન કરવામાં આવ્યું. "ઈસુપંતી શિક્ષક તરીકે મારા શિક્ષણ કાર્યમાં ઈસુ મૂલ્યોનું જતન" વિષય પર ફ્રા. હેનરીએ પવિત્ર શાસ્ત્રનાં વચનો ટાંકીને મનનીય વ્યાખ્યાન આપ્યું ફ્રા. રીચર્ડ "શિક્ષણક્ષેત્રમાં ઈસુસંઘીઓનું યોગદાન" વિષય પર ૧૫મી સદીમાં યુરોપથી માંડી સવાસો વર્ષ પહેલાંના ગુજરાતમાં કરેલ શિક્ષણકાર્ય બિરદાવ્યું. આપણા સમાજ શિક્ષિત બન્યો તેમાં ઈસુસંઘીઓની સેવાને નજરઅંદાજ કરી ન શકાય.

પુષ્પગુચ્છ તથા બુક માર્ક (શિક્ષક સંદેશ)નું પુજ્ય બિશપના હસ્તે આશીર્વાદ અપાયો તથા ધર્મગુરુઓના હસ્તે શિક્ષકોને આપવામાં આવ્યો. ડો. ઈલાબેન તથા ડો. અલકાબેને પણ પ્રસંગોચિત્ત ઉદ્‌બોધન કરી ફોરમની પ્રવૃત્તિને બિરદાવી, શ્રી પંડ્યા સાહેબે શિક્ષકોને ચારિત્ર્યવાન તથા પ્રેમાળ હોવા જોઈએ તેમ જણાવી. શિક્ષકોને અભિનંદન આપ્યા તથા આટલી વિશાળ સંખ્યામાં શિક્ષકોનું સન્માન થતાં ખુશી અનુભવી.

પેરિશના સર્વેક્ષણમાં જે માહિતી મળી તે ગૌરવ લેવા જેવી વાત છે. અમારા પેરિશમાં પ્રાથમિક કક્ષાના ૩૬૧ શિક્ષકો, માધ્યમિક વિભાગ-૧૨૧ શિક્ષકો ઉચ્ચ-માધ્યમિકના ૨૭ શિક્ષકો તથા યુનિ. કક્ષાએ ૧૨ શિક્ષકો, કુલ ૫૧૧ શિક્ષકો પેરિશમાં શિક્ષણકાર્યમાં ૨૦ છે.

અધ્યક્ષ સ્થાનેથી ફ્રા. આલ્બર્ટે ફોરમને અભિનંદન પાઠવ્યા હતા. તથા જણાવ્યું કે શિક્ષક સત્ય પ્રિય અને ન્યાયી હોવો જોઈએ. પોતાની ફરજ પ્રત્યે નિષ્ઠાવાન તથા ગરીબ બાળકો પ્રત્યે સહાનુભૂતિ ધરાવતાં હોવો જોઈએ. શિક્ષણ એ વ્યવસાય નથી ધર્મ છે. એ વાત સૌ શિક્ષકોએ યાદ રાખવી રહી.

પૂજ્ય બિશપે ફ્રા. આલ્બર્ટ તથા ફોરમને અભિનંદન આપ્યા હતા. શિક્ષકદિન નિમિત્તે શિક્ષકોનું સન્માન થયું. દરેક શિક્ષકે પોતાની ફરજ પ્રત્યે સભાન રહેવા જણાવ્યું.

અંતે આભારવિધિ શ્રી જેરામભાઈએ કરી શિક્ષકો, આમંત્રિત મહેમાનો, દાતાઓનો સર્વ મહાનુભાવોનો આભાર માનવામાં આવ્યો. કાર્યક્રમનું સુચારુ સંચાલન શ્રી અનિલભાઈ રોઝા (વિમલ મિરિયમ)એ બેખબી નિભાવ્યું.

— કુમુદબેન પીયૂષભાઈ દ્વારા

## સુવર્ણજયંતીની ઉજવણી

તા. ૨જી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ ઊંટેશ્વરી ખાતે ઉત્તર ગુજરાત ધર્મસભાની ઉજવણી રંગેચંગે ઉજવવામાં આવી હતી. શ્રદ્ધાળુઓ ગરબાની રમઝટ સાથે પોતાનો આનંદ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા.

ઉત્તર ગુજરાતની ધર્મસભાના સુકાની રેવ. ફાધર ગારીઝ એસ.જે. આ પ્રસંગે હાજર રહ્યા હતા જેમના ચહેરા ઉપર વાવેલા ધર્મસભાના બીજ જે પચાસ વરસના દાયકા પછી વટવૃક્ષ બન્યાં તેનો અનહદ આનંદ પ્રતીત થયો હતો.

આ શુભ પ્રસંગે માનનીય આર્ચબિશપ સ્ટેની-ગાંધીનગર તથા રેવ. ફાધર ફ્રાન્સિસ પરમાર (ગુજરાત ઈસુસંઘના પ્રાંતપતિ)નું ઉત્તર ગુજરાતની સંસ્કૃતિ પ્રમાણે સામૈયું કરવામાં આવ્યું હતું. આ મંગલ ટાણે પ્રથમ સ્નાન સંસ્કાર લીધેલ કુટુંબીજનોના વડીલોનું આર્ચ બિશપ સ્ટેની દ્વારા સન્માન કરી વધાવી લેવામાં આવ્યા હતા.

અહીં ભક્તોએ મહાખ્રિસ્તયજ્ઞ બાદ રાસ-ગરબા અને સમૂહ ભોજન સૌ સાથે માણી આનંદની લાગણી સાથે પ્રાર્થનામય વાતાવરણમાં છૂટાં પડ્યાં હતાં.

— સૌજન્યઃ વિજય બી.બી.એન. દ્વારા

## જીવન સાધના - 'વૃદ્ધાશ્રમ'

**અમદાવાદ :** કેથોલિક એસોસિયેશન ઓફ અમદાવાદ સંચાલિત 'જીવનસાધના' વૃદ્ધાશ્રમનો ઉદ્‌ઘાટનવિધિ ૨૨ જૂન, ૨૦૧૪ના રોજ થયો હતો. એજ દિવસે ઓલ ઈન્ડિયા કેથોલિક યુનિયન (AICU) ની સભા પણ યોજાઈ હતી. સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાન, ઓલ ઈન્ડિયા કેથોલિક યુનિયનના પ્રમુખ શ્રીમાન ઈગ્ને ગોન્સાલવિસ, ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચી તેમજ દિલ્હી, ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, કર્ણાટકા, ગોવા, તમિલનાડુ, કેરાલા, મહારાષ્ટ્ર તેમજ વડોદરા, ભાવનગર, રાજકોટ, ગોધરા અને ગાંધીનગરના એસોશિયેશનના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

'વૃદ્ધાશ્રમ'માં આશરો લેનાર વૃદ્ધજનો, મકાનનું દાન કરનાર શ્રીમાન અને શ્રીમતી ફ્રેન, સમય, નાણાં, ચીજવસ્તુઓનું દાન કરનાર દાતાઓ માટે બિશપશ્રીએ વિશેષ પ્રાર્થના કરી હતી. વિશેષ દાતાઓનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી તેમજ અન્ય મહાનુભવોએ ધર્મજનો દ્વારા કરવામાં આવેલ આ પહેલ ઉમદાકાર્યના આરંભ માટે અભિનંદન પાઠવ્યા હતાં અને મદદરૂપ બનવા અનુરોધ કર્યો હતો.

સૌજન્ય : Tam Aug, 2014

# ✝ N.A. ટાઈટલ કલીયર પ્લોટોનું વેચાણ ચાલુ છે.

ફ્લેટના ભાવે મકાન. ✝ ૧૦૦% લોન પેપર્સ ઉપલબ્ધ તથા અન્ય સુવિધા સાથે.

ખ્રિસ્તી કુટુંબીજનોને હાર્દિક શુભેચ્છા સહ...
ઈસુનું હૃદય એટલે બેથલેહેમ...



ત્રણ રૂમ રસોડું, ચાર રૂમ રસોડું, વિશાળ પાર્કિંગ અને અન્ય સુવિધાઓ સાથે...

## BETHLEHAM Park




**બુકિંગ ચાલુ છે.**

**બુકિંગ સંપર્ક**

નવિન ગણાત્રા - ૯૮૨૪૪ ૧૧૦૬૮
રમેશભાઈ પટેલ - ૯૮૨૪૪ ૯૧૭૨૯
અશોકભાઈ પટેલ - ૮૭૩૩૯૭૫૭૫૬

**સાઈટ**

સેંટ.ઝેવિયર્સ હાઈસ્કુલની પાછળ,
પ્રાર્થના વિહાર સોસાયટીની બાજુમાં,
ચાવડાપુરા, જીટોડીયા
તા. જી. આણંદ.

BETHLEHAM Park
Behind St. Xavier's School,
Chavdapura, JITODIA.
Tal./Dist. Anand.

NAVIN CONSULTANCY
98244 11068
NAVIN GANATRA (B.E.Civil)




Suman Graphics, Anand. 98790 04520

# શ્રદ્ધાસુમન

## સ્વ. ફાધર અમલરાજ સેબાસ્ટિયન ઈ.સં.



| | |
|---|---|
| જન્મ: | ૧૩-૧૨-૧૯૪૯ |
| અવસાન: | ૧૩-૦૯-૨૦૧૪ |
| ઈસુસંઘમાં પ્રવેશ: | ૧૫-૦૬-૧૯૭૨ |
| દીક્ષાગ્રહણ: | ૦૨-૦૫-૧૯૮૨ |

### સેવાઓ

| | |
|---|---|
| વિદ્યાનગર | ૧૯૮૨-૧૯૮૩ |
| સુરત | ૧૯૮૩-૧૯૯૮ |
| વિદ્યાનગર | ૧૯૯૯-૨૦૦૩ |
| અમદાવાદ | ૨૦૦૩-૨૦૧૦ |
| વિદ્યાનગર | ૨૦૧૧-૨૦૧૪ |



## સ્વ. ફાધર કોરલ ઈ.સં.

| | |
|---|---|
| જન્મ: | ૧૬-૦૪-૧૯૩૯ |
| અવસાન: | ૧૩-૧૦-૨૦૧૪ |
| ઈસુસંઘમાં પ્રવેશ: | ૧૪-૦૯-૧૯૫૫ |
| દીક્ષાગ્રહણ: | ૨૫-૧૨-૧૯૬૯ |

### સેવાઓ

| | |
|---|---|
| વ્યારા | ૧૯૭૨-૧૯૭૫ |
| ઉમરપાડા | ૧૯૭૬-૧૯૮૪ |
| વ્યારા | ૧૯૮૫-૧૯૮૯ |
| માંડલ | ૧૯૯૭-૨૦૦૬ |
| વ્યારા | ૨૦૦૬-૨૦૧૪ |



**ઈસુસંઘ પરિવાર**
**ગુજરાત પ્રાંત**

ઈસુએ કહ્યું, "હું જ પુનરુત્થાન અને હું જ જીવન છું જેને મારામાં શ્રદ્ધા છે, તેનું મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે."
(યોહાન ૧૧:૨૫)

# ૧૧મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ડો. કેશવલાલ એસ. પરમાર**

**જન્મ : ૨૬-૦૧-૧૯૩૦**

**મરણ : ૦૭-૧૧-૨૦૦૪**



વ્હાલા પપ્પા,

આપની આ અવિસ્મરણીય વિદાયને આજે એક દાયકો પૂરો થયો. પણ આપ અમારા અંતરમાં-ઘરમાં હજુયે જીવતા છો. સર્વે વાત સુખ હોવા છતાં અમારી મમ્મીની ઉદાસીનતા હજુ અકબંધ છે!

પપ્પા, આપ આ ઘરના ઘેઘૂર વડલા અને આ બાળકો તમારી વડવાઈઓ છતાં પણ પપ્પા પૂજા તો 'વડ'ની જ થાય છે. તમારા વગર બધું જ અધૂરું છે. પપ્પા આપ આ ઘરના 'મોભ' આપના સંતાનો ખાસ 'દીકરાઓ' નામાંકિત છે. સમાજમાં, ચર્ચમાં, ઘરમાં અને ભરી સભાઓમાં જાહેર સ્થળોમાં તેઓ બધા જ આપના થકી નામાંકિત થઈને આપનું નામ રોશન કરી રહ્યા છે.

પપ્પા સ્વર્ગેથી પણ અમ સૌ માટે આશીર્વાદ આપતા રહેજો. પ્રાર્થતા કરતા રહેજો. ખાસ મમ્મીને માટે... પપ્પા આપના વગર તે સાવ જ એકલી ને અધુરી છે. પુનરુત્થાનની પ્રભાતે આપણે સૌ ફરી મળીશું. પપ્પા આવજો... અમારા વ્હાલા પપ્પા...

**લિ. આપનાં બાળકો**

**"શાંતા"**

**પરમાર પરિવાર**

**મો. ૭૬૯૮૪ ૯૨૦૦૫**

**ડો. રાજ : ૯૪૨૯૬ ૫૮૧૭૧**

PAVAN HRUDAYA DOOT, November, 2014 No. of Pages 60 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2012-16 and LWPP-02. Licensed to post without Prepayment Up to 31.12.2016
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

# ધર્મસભામાં બે નવા ભારતીય સંતની ઘોષણા

## અભિનંદન અને આભાર




**સંતપદ ઘોષણા :** ૨૩ નવેમ્બર, ૨૦૧૪ સવારે ૯.૦૦ કલાકે વેટિકન, રોમ

**ભારતમાં રાષ્ટ્રીય સ્તરે ઊજવણી :** આભારયજ્ઞ અને જાહેર સંમેલન

૨૯ નવેમ્બર, ૨૦૧૪ શનિવાર, બપોરે ૨.૦૦ કલાકે

સ્થળ : કાકકનાડ, કેરાલા

**સંત કુરિયાકોસ ચાવરા**
(૧૮૦૫ – ૧૮૭૧)
તહેવાર : ૩ જાન્યુઆરી

**સંત એઉપ્રાસિયા**
(૧૮૭૭ – ૧૯૫૨)
તહેવાર : ૨૯ ઓગસ્ટ

**“જે દિવસે તમે બીજાઓનું જરા પણ ભલુ કર્યું ન હોય તે દિવસ તમારા જીવનગ્રંથમાંથી બાકાત કરવામાં આવશે.”**

- સંત કુરિયાકોસ ચાવરા

સી.એમ.આઇ સભ્યગણ ગુજરાત, સેંટ ઝેવિયર્સ પ્રોવિન્સિયલ હાઉસ, રાજકોટ
ફોન નં. (૦૨૮૧) ૨૫૬૩૦૬૯, ઈ-મેઈલ : contact@cmirajkot.com
વેબસાઇટ : www. blessedchavara.org, www.cmi.in, www.youtube.com

Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001 and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan